નિરૂપમાદેવી કૃત

નિરંજના

અનુવાદક :

જેઠાલાલ નારાયણ ત્રિવેદી B. A

કિંમત રૂા. ત્રણ

[illegible]

[illegible]

વૃંદાવન (શરદબાબુ)	૨—૦
સુવાસચંદ્ર (શરદબાબુ)	૩—૦
બિન્દુ ,,	૧—૦
તક્ષશિલાની રાજમાતા	૪—૮
લોપામુદ્રા ભા. ૧-૪ (મુનશી)	૪—૮
ગુજરાતનો નાથ (મુનશી)	૫—૦
કોનો વાંક? (,,)	૩—૦
રશ્મિ	૨—૮
ઉષા (ન્હા. દ. કવિ)	૨—૦
શરતચંદ્ર (બળવાનું છાયાચિત્ર)	૩—૦
તરલા (દીવેટીઆ)	૩—૦
જ્યોત્સ્ના (,,)	૨—૮
સુરેખા (રાષ્ટ્રીય નવલકથા)	૩—૦
રાધારાણી (બંકીમચંદ્ર)	૧—૦
કાઠીયાવાડી રાજરમત	૨—૮
લક્ષ્મીનાં બંધન	૧—૮
દિનેશ : ગ્રામ્યસેવક	૩—૦
હષીકેશચંદ્ર ભા. ૧ થી ૪	૧૪-૮
સમ્રાટ વિક્રમ (ઐતિહાસિક)	૩
ઇલા અને રાધારાણી	૨ ૮
સહચરીની શોધમાં (હાસ્યરસ)	૨—૮
અચલા (શરદશૈલી)	૩—૮
દિલના ડંખ [સામાજીક નવલકથા]	૩—૦

[illegible]

રાઈનો પર્વત (રમણભાઈ)	૨—૮
મેવાડ પતન (દ્વિજેન્દ્રરાય)	૨—૦
મૃચ્છકટીક	૦—૮
ભવભુતિ ને હર્ષદેવ(નાટયકથાઓ)	૧—૮
રત્નાવલિ નાટિકા	૧—૪

[illegible]

[illegible]

શ્રીબોધની ૧૯૪૪ ની ભેટ

શ્રી. નિરુપમાદેવી કૃત

નિરંજના

[ભાઈ]

અનુવાદક:

શ્રી. જેઠાલાલ નારાયણ ત્રિવેદી

બી. એ.

શ્રીબોધ કાર્યાલય

પીરમશા રોડ; અમદાવાદ.

કિંમત રૂ. ત્રણ

: પ્રકાશક :
ચંદ્રકાન્ત જીવનલાલ મહેતા
પીરમશા રોડ, અમદાવાદ.

આવૃત્તિ પહેલી   સને ૧૯૪૪

નિવેદન

"જ્ઞાનવર્ધક" પુસ્તકમાળામાં આ એક સુંદર પુસ્તકનો ઉમેરો થાય છે. અત્યારના કપરા સંજોગોમાં માળાના પુસ્તકો વખતસર બહાર પાડવામાં કાગળો, છાપકામ વગેરેના ખૂબ હાડમારી વધી ગઈ છે. છતાં પણ જેમજેમ સગવડ થાય તેમતેમ અમો માળાનાં પુસ્તકો એક પછી એક બહાર પાડતા રહીશું.

અમે આશા રાખીએ છીએ કે ગ્રાહકો અમારી આ નમ્ર વિનંતિ ધ્યાનમાં રાખી પૂર્ણ સહકારથી અમને પ્રોત્સાહન આપતાં રહેશે.

—વ્યવસ્થાપક

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
શ્રી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ : : અમદાવાદ

પ્રસ્તાવના

આ પુસ્તક "બન્ધુ" નામની બંગાળી નવલકથાનો સીધો અનુવાદ છે. શ્રી. નિરૂપમાદેવીની અન્ય નવલકથાઓએ ગુજરાતી વાર્તા રસિકોને ઠીક પ્રમાણમાં આકર્ષ્યા છે; એટલે પ્રેમ તથા મૈત્રીના ઉદાત્ત ભાવો રજૂ કરતી તેમની આ નવલકથા પણ રસપ્રદ નીવડશે એમ આશા રાખી શકાય.

આ નવલકથાની નાયિકા 'નિરંજના' તેની આર્યતાથી આપણને મુગ્ધ કરી મૂકે છે. આર્યનારીને સુલભ એવો એનો અદ્ભૂત આત્મસંયમ તથા રમેનનું આત્મસમર્પણ આ નાનકડી નવલકથાનું મૂલ્ય અનેકગણું વધારી મૂકે છે. પ્રેમત્રિકોણના પોપટ ભાવોથી ભરેલી વાર્તાઓ તો અનેક લખાય છે, પણ રમેન અને નિરંજનાની તપશ્ચર્યાનું વિરલ તેજ તો આ લેખિકાએજ પ્રગટ કર્યું છે. કાલીસાગરને કાંઠેથી શરૂ થયેલી આ વાતાનો ગંગાને કાંઠડે મંડાયેલા નાનકડા પ્રેમમંદિરનું ગગનચુંબી ભવ્ય શિખર ગંગાકાંઠે ખડું થાય છે. આ વાર્તામાં કાલીસાગર એ જાણે ઉગતા પ્રેમનું, આકાંક્ષાનું, સુખોપભોગનું પ્રતીક છે, જ્યારે ગંગાતટ એ પ્રેમની પૂર્ણતાનું—પ્રેમમાં રહેલા મહાત્યાગનું પ્રતીક હોય એમ જણાય છે.

આમ, આ સાદી છતાં સુંદર ભાવયુક્ત નવલકથા વાંચકોના આદરને પાત્ર બનવા પૂરતો સંભવ છે.

નવસારી. }
તા. ૭ જુન, ૧૯૪૪ }

જેઠાલાલ ત્રિવેદી

.... અનુક્રમ ....

પ્રકરણ ૧લું

કાલીસાગરને કાંઠે

તે ગામમાં કાલીસાગર સરોવર પોતાના નામને સાર્થક કરતું હીલોળા લઈ રહ્યું હતું. તેના દીર્ઘકાય કિનારા, તથા સ્વચ્છ સુનીલ જલરાશિ એવાં અતલ હતાં કે ઘોર અનાવૃષ્ટિ વખતે પણ તે તળાવનું પાણી જરાય ઓછું થાય નહિ, એમ ગામ–લોકો ચોક્કસ માનતા હતા. ગ્રામ્યદેવી કાલિકાની વેદી પીઠ અને અધિષ્ઠાનવાળા વૃક્ષની પાસે હોવાથી જ કદાચ તેનું નામ કાલીસાગર પડ્યું હતું.

આવા સરોવરને કાંઠે તપોવન હોવાની વાત તો દૂર રહી પણ તેને બદલે પ્રાણીસંહારક જીવોએ ત્યાં પોતાનો અડ્ડો જમાવ્યો હતો. તેના જળમાં તથા કિનારે મત્સ્યરાગી બગલા, હંસ વગેરેની દોડધામ થઈ રહેતી. કિનારા ઉપર તેવી જ રીતે મત્સ્યલોભી બાળકો અને જુવાનોનાં ટોળેટોળાં હમેશાં પડ્યાં પાથર્યાં રહેતાં. ગ્રીષ્મનો તાપ ચારે તરફ ધગધગી રહ્યો હતો. પરંતુ કાલીસાગરને કાંઠે ઝાડની છાયામાં બેસીને બે યુવાનો પાણીમાં દોરી તથા ફાંસલો નાંખી આશાભરી આંખે બગલાની પેઠે અસાધારણ ધિરજ દાખવી રહ્યા હતા. આ દ્રશ્ય કંઈ

વિરલ ન હતું. તળાવની પાર પાસે જેમનાં ઘર હતાં તે બધા ગૃહસ્થોની વહુ દીકરીઓ પોતાનું તમામ કામકાજ કાલીસાગરને ખોળે જ સમાપ્ત કરતી. તેઓનું ઘસવું, માંજવું, ધોવું, જળ ભરવું વગેરેથી થતા ટન્ ટન્ ઘસ્ ઘસ્ કલ્ કલ્ છલ્ છલ્ વગેરે મૃદુ શબ્દોથી તેનો કાંઠો સર્વદા ગાજી રહેતો.

તે દિવસે પણ બધું દરરોજની પેઠે ચાલતું હતું. વહુઓ તે દિવસનું ઘસવા માંજવાનું કાર્ય સમાપ્ત કરી પાણી ભરી ઘર તરફ ચાલી જતી હતી. ગૃહિણીઓ નાહીધોઈને ઘેર જઈ રહી હતી. તેઓની વાર્તાલાપની છટાથી વિરક્ત થઈને અગર તો મત્સ્યલોભ પૂરો થવાથી માછલાં પકડનાર યુવકોનાં ટોળાં પણ ચાલ્યાં ગયાં હતાં. માત્ર એક બે હઠીલા સ્વભાવના છોકરાઓ હજી થોડીવાર બેસવાથી મત્સ્યલાભ થશે એ આશાએ બેસી રહ્યા હતા. બપોર વીતી અને લગભગ સંધ્યાકાળ થવા આવ્યો હતો. છેવટ કંટાળીને એક યુવક ઉભો થયો અને બૂમ મારીને બોલ્યો—

"અરે, રમેન, હવે ક્યાં સુધી બેસી રહેવું છે? ચાલ ઘેર જઈએ હવે."

થોડે દૂર એક ટેકરી પાસે રમેન પાણીમાં ફાંસલો લટકાવી આકાશ સામે તાકીને ગૂપચૂપ બેસી રહ્યો હતો. સોબતીના આવ્હાનથી ચમકી ઊઠીને ફાંસલાને સમાલતો રમેન બોલી ઊઠ્યો: "હા, હવે જરા થોડીવાર જોઉં, પછી જઈએ."

"અરે, હજીય થોડીવાર બેસવું છે? જોઉં કેટલી પકડી છે વારુ?"

સોબતીને નજીક આવેલો જોતાં જ સલજ્જભાવે રમેને જાળ જળમાંથી ખેંચી લીધી અને ટોપ ચઢાવતાં ચઢાવતાં

તે કહેવા લાગ્યોઃ "તદ્દન નકામો વખત ગયો. માંછલીઓ બહુ જ ચાલાક બની ગઈ હોય એમ લાગે છે દોસ્ત!"

"અરે, આ શું કરે છે તું? એક પણ માછલી નથી પકડાઈ? મારે તો ઠીક ઠીક એકઠી થઈ ગઈ છે. આજ તો વળી બે મોટી માછલીઓ પણ મળી ગઈ છે – અરે, પણ હજી તું ફરી ફાંસલો પાણીમાં નાંખે છે?"

"તો તદ્દન ખાલી હાથે ઘેર જાઉં એમ!"

"સંધ્યાના ઉજાસમાં ઠીક ફાવશે એમ? મને તો હવે અંધારે નહિ ફાવે ભાઈ! ઠીક ત્યારે હું તો હવે ઘેર જાઉં છું."

સોબતીના ચાલ્યા ગયા પછી રમેન ફાંસલો છોડી દઈ સામેના એક ઘાટ તરફ જોઈ રહ્યો. તેણે જોયું કે ઘરકામ માટે વારંવાર આવતી નારીમંડળીમાંથી કોઈ જ ત્યાં જણાતું ન હતું. ઘાટ શૂન્ય જણાતો હતો. રમેન જ્યારે આકાશ સામે તાકી તાકીને પોતાના મનના પ્રશ્નની ઊંડી મીમાંસામાં વ્યસ્ત બની ગયો હતો ત્યારે તે પોતાનું કાર્ય પતાવીને ક્યારે ચાલી ગઈ તેની તને કંઈજ ખબર પડી નહિ.

ધીમે ધીમે દોરી, ફાંસલો, ટોપ વગેરે એકઠું કરી લઈને રમેન ઉભો થયો. અન્યમનસ્ક ભાવે કાંઠે કાંઠે ચાલતો રમેન ક્યારે પેલા ઘાટ ઉપર આવી પહોંચ્યો તેની તેને પોતાને પણ ખબર પડી નહિ. પરંતુ પાણી તરફ નજર જતાં કંઈક ચકૂ ચકૂ કરતું દેખાયું અને તુરત તે ચમકીને ઉભો રહ્યો. તેણે ધાર્યું કે કોઈ માણસ કાંઈક ચીજ નાંખી ગયું છે. દોરી તથા ટોપ એક હાથમાં પકડી બીજા હાથમાં પેલી ચીજ ઉપાડી લઈને પાછળ જોતાં જ તેનું મુખ અકલ્પ્ય આનંદની આભાથી ઉજ્વળ બની ગયું. જેની ચીજ તે શોધવા આવ્યો હતો તેને જોઈને તે અચકાઈને ઉભો રહ્યો.

તે કંઈજ વાત કરતી નથી એ જોઈને રમેને ઘડો પૂર્વવત જળની ધાર પર મૂકી દીધો અને પછી તે મૃદુ સ્વરે બોલ્યો: "કેંકીને આવી ગઈ હતી ખરું?"

તો પણ જવાબ મલ્યો નહિ. માત્ર ગૂપચૂપ તેણે ઘડો ઉપાડી લીધો. રમેન તે સંધ્યાના આછા પ્રકાશમાં તીક્ષ્ણ દ્રષ્ટિએ તેના મુખ તરફ તાકીને જોવા લાગ્યો અને પછી એકદમ વિરક્ત બની ગયો.

તે ગૂપચૂપ ચાલવા લાગી. રમેનના ગળામાંથી આપોઆપ અવાજ નીકળી પડયો—

"નીરંજના?"

"શું છે?"

"તને આજે શું થયું છે વારુ?"

"કશું થયું નથી વળી."

"ના, જરૂર કંઈક થયું છે. આમ સૂનમૂન બનીને કેમ ફરે છે ત્યારે? કોઈની સાથે બોલતી ચાલતી નથી, હસતી નથી કે એકવાર નજર સરખી પણ કરતી નથી એનું શું કારણ છે? તને શું થયું છે નીરંજના? કોઈએ તને કાંઈ કહ્યું છે વારું?"

"ના" નીરંજનાએ સંક્ષેપમાં જવાબ આપ્યો.

"તો પછી આમ કેમ? તને શું થયું છે તે મને કહે."

હવે બાલિકા વધુ વખત આત્મસંયમ રાખી શકી નહિ. આ જગતમાં પોતાના માટે આટલો બધો સ્નેહ અને આટલી બધી લાગણી તે બીજે કયાંય પણ મેળવી શકે તેમ ન હતી. રમેનનો અવાજ સાંભળતાં સાંભળતાં તેની આંખમાંથી આંસુ

ટપકવા લાગ્યાં. છતાં પણ હજી તે ઉત્તર આપી શકતી નથી. તેની આજની વાત તે બીજાને શી રીતે કરી શકે? તે વાત ખરેખર જ મર્મવેધી અને વિચિત્ર હતી.

યુવકે ફરી નીરંજનાને પૂછ્યું: "કાકા કાકી કાંઈક બોલ્યાં હશે?"

"ના."

"તો પછી?"

"કાકીની મા જાત્રા કરી પાછાં આવ્યાં છે, તે ખબર છે ને?"

"હા, પણ તેનું શું છે! તે તને કાંઈ બોલ્યાં છે?"

"હા." ક્રોધથી હોઠ દાંતમાં દબાવતો રોષાકુળ યુવક બોલ્યો: "શું બોલી એ ડોસલી તને?"

"તમારી બા પાસેથી જ એ વાત સાંભળજો." એટલું કહીને નીરંજના ફરી ચાલવા લાગી. રમેન વ્યગ્ર બનીને તેની આગળ ઉભો રહીને કહેવા લાગ્યો:

"બોલ, જતા પહેલાં તારે એ વાત મને કહેવી જ પડશે."

બાલિકા અણુગમો બતાવતી બોલી ઊઠી: "અરે, આ શું! કોઈ જોઈ જશે તો નિંદા કરશે. માર્ગ છોડો, મને જવા દો!"

રમેન તેથી ડર્યા વગર હસીને બોલ્યો: "બસ થઈ રહ્યું? પેલા દિવસે માછલાં પકડવા માટે તું મારી સાથે કેટકેટલી વાતો કરતી હતી? તારી પૂજા તથા વ્રતને માટે કેટકેટલાં ફુલ, ફળ હું તને પાડી આપતો હતો? એ વાત બધી જૂની થઈ ગઈ ખરું! આવતો * અગ્રહાયન માસ આવે તે પહેલાં તારી મારી વચ્ચેની એ બધી વાતો બસ બંધ થઈ જવાની છે?"

---

* અગ્રહાયન એટલે માગશર માસ

આ વખતે બાલિકાએ માથુ ઉચકી રમેન તરફ નજર કરી. સંધ્યાનો અંધકાર ઉતરી ચૂક્યો હતો છતાં રમેશ બાલિકાનાં સુંદર છતાં ડરડાયેલાં નેત્રોમાં એક નવી વસ્તુ દેખીને ચમકી ઊઠ્યો. તે બમણી વ્યગ્રતાથી બોલી ઊઠ્યો: "તને પગે પડું છું નીરુ! તને મારા સોગન છે, જલદી કહી દે કે શી વાત બની છે?"

"મારી હાંસી મશ્કરીની જે વાતો આજ સુધી કરી તેવી હવેથી બીલકુલ મારી સામે કરવી નહિ."

"કઈ વાતો? અગ્રહાયન માસની? કેમ વારું નીરુ? તો પછી... તો શું તારા કાકાકાકીએ માને બધી વાત કરી નક્કી કરી નાંખ્યું છે અને હવે...

રમેનનું ગળું જાણે રૂંધાઈ જવા લાગ્યું. માથુ નીચે નમાવી બાલિકા ઘેરા અવાજે બોલી: "તેમનો દોષ નથી. પણ હવે તે વાત બની શકે તેમ નથી."

"કેમ?" રમેનની વધુ પૂછવાની શક્તિ જ જાણે હણાઈ ગઈ.

"કાશીમાં મારા બાપુજીની જે પિસિ રહે છે તેમની પાસેથી કાકીજી બા ખબર લાવ્યાં છે કે નાનપણમાં મારો... મારો..."

"શું તારો... નીરંજના? તો શું તારો વિવાહ બીજા કોઈની સાથે..."

"નાનપણમાંથી જ થઈ ગયો છે. હું ત્યારે ચાર પાંચ વરસની હતી."

વિસ્મિત રમેનને એકલો છોડી નીરંજના ચાલી ગઈ. પણ તેની ગતિ બહુ ધીમી હતી. માર્ગ ભૂલી ન જવાય તે માટે તે વારંવાર ઉભી રહીને જોતી હતી.

પરંતુ પોતે ઉભો હતો ત્યાંથી ખસવાની શક્તિ રમેનમાં ન રહી. જોતજોતામાં અંધકારના શ્યામ પડદામાં કાલીસાગરનું જળ અને સ્થળ બધું એક થઈ ગયું. પથ્થરની ઘડેલી પ્રતિમા હોય તેમ સ્થળ, કાલ અને સ્થિતિનું ભાન ભૂલીને રમેન ક્યાંય સુધી ત્યાં જ ઉભો રહ્યો. થોડીવારે તેણે ઉંડો નિશ્વાસ મૂક્યો અને શૂન્ય દ્રષ્ટિએ આકાશ તરફ તાકી રહ્યો.

નીરંજનાએ કહેલી વાર્તા રમેનને ગળે ઉતરતી ન હતી. શું નીરંજના તેની પોતાની ન હતી ? તે બીજાની થઈ ચૂકેલી હતી ? અશક્ય, તેમ હોયજ નહિ. આમ તર્કવિતર્કમાં ડૂબેલો રમેન અંધકારમાં જ લમણે હાથ દઈને એક પથ્થરની શીલા ઉપર બેસી ગયો.

●

પ્રકરણ ૨ જું

માતા તથા પુત્ર

સુંદર સુશોભિત, સાદાં માટીનાં મકાનોની હાર હતી. ઘરના ઓરડામાં એક ખૂણામાં અનાજની ભરેલી કોઠીઓ હતી તથા પાસેજ જાનવરોની કોડ હતી. ગામડાના ઘરોમાં શી સામગ્રી છે તે ઘરમાં પ્રવેશ કરતાં જ માલુમ પડી આવે છે. રમેનની માતા પુત્રનું ખાવાનું એક બાજુએ ઢાંકી રાખીને એક આસન પાથરીને દીવાલને અઢેલી બેઠી બેઠી હરિનામનો જાપ જપતી હતી. બીજી રીતે કહીએ તો માતા પુત્રની રાહ જોતી બેઠી હતી.

નજીકમાં જ એક બિલાડો સૂતો સૂતો નસકોરાં બોલાવી રહ્યો હતો. ઘરના આંગણામાં એક કુતરૂં સૂતુ હતું અને તે પણ જાણે માલીકની પ્રતીક્ષા કરવા ખાતર કાન સરવા રાખી સચેત પડયું હતું. પરસાળમાં બે ત્રણ પાળેલાં પક્ષીનાં પાંજરાંઓ લટકી રહ્યાં હતાં. એ પક્ષીઓ પણ ચૂપ બેસી રહ્યાં હતાં. માતા ઘડી ઘડીવારે અકળાતી હતી અને સાડીનો છેડો આમતેમ કરતી બોલતી હતી : “ આ છોકરો તે કેવો છે ? જાણે ઘેર આવવાની વાત જ નહિ ?”

હાથમાં છટક તથા દોરી લઈને પુત્ર ચૂપચૂપ ઓટલે ચઢ્યો. કુતરૂં ચમકી ઊઠ્યું અને ભસવાની શરૂઆત કરતાં કરતાં જ ક્ષોભથી અટકી ગયું. માતા નિર્વાક ભાવે પુત્ર તરફ જોઈ રહી. પણ આ અવરજવરથી બીલાડાની સુખનિદ્રામાં ભંગ પડ્યો. તેને ઉપાડી લઈને તે ત્યાં જ બેસી ગયો. પુત્રને જોઈને માતા ધીમે ધીમે બોલી: "જા, હાથ મોં ધોઈ લે હવે!"

"ધોઉં છું થોડીવાર પછી."

"તળાવડી ઉપરથી યતીશની સાથે તેના ઘેર ગયો હઈશ વારું? જોને એ કેવો ડાહ્યો છોકરો છે!–ઘેર બેસીને ભણે લખે છે અને પોતાની જમીન જાગીર, ઘરબાર વગેરેની વ્યવસ્થા પણ શીખે છે. એ પછી જ રમે ખેલે છે. તારા જેવું તો કાંઈ જ ન જોયું. ભણવાનું તો જે થવાનું હશે તે થશે. એકાદ પરીક્ષા પાસ થવાનું સરસ્વતી માએ ભાગ્યમાં નહિ લખ્યું હોય બીજું શું? હવે આ ખેતર પાદર સંભાળ–હવે તું મોટો થયો અને મારે પાંચ માણસની ખુશામત કરવી પડે તે કંઈ ઠીક......?"

"મા!..."

પુત્રનો અવાજ સાંભળતાં જ તેને શિખામણ આપવાની માતાની ઈચ્છા અલોપ થઈ ગઈ. એ અવાજ એવો કરુણ, ઘેરો હતો કે માતા સ્તંભિત બની ગઈ. શંકાશીલ બની માતાએ પૂછ્યું: "કેમ, શું કહે છે? શરીર તો સારું છે ને?"

"તે તો છે. મા, રતન ઓઝના ત્યાંના શું ખબર છે? એમને ત્યાં કોક બુઢ્ઢી આવી છે તે કોણ છે?"

માતા થોડીવાર ચૂપ રહી. પુત્રના કાને એટલી જ વારમાં આ વાત પહોંચી ગઈ છે, એ તેને ખબર ન હતી. તેણે ધારેલું કે પોતે જ ધીરે ધીરે બધી વાત પુત્રને કરશે. છોકરાને આ વાતથી એકાએક કેવો આઘાત થાય તેની તેને ખબર હતી. આથી તે અસ્થિર બની ગઈ. વ્યગ્રતાપૂર્વક તે બોલી: "કહું છું બૂઢ્ઢી કોણ છે તે — રતન બોઝની સાસુ છે. જાત્રા–તીરથ કરીને પાછી ફરી જમાઈ દિકરીને આશીર્વાદ આપવા આવી છે. લે હાથ પગ ધોઈને ચાલ હવે! ખાવાનું યે ઠરીને ઠીકરા જેવું થઈ ગયું છે. એકલા મનુષ્યો ખાવાપીવાનું વહેલા-વહેલા પતાવી લે છે. પણ તું તો બહું મોડું કરે છે. ગામના લોક તો સૌ ખાઈને સૂઈ પણ ગયા."

"ભલે સૂઈ ગયા. તું પહેલાં મને બધી ખબર કહે. તે પછી જ હું ખાઈશ." પુત્રે આગ્રહ કર્યો.

"તે તો કહીશ જ તો! હઠ કરે છે તો સાંભળ. આવી વાત તો કોઈએ કદી સાંભળી ન હતી. ૭ વર્ષની માબાપ વગરની થયેલી છોકરીને રતન બોઝ લઈ આવ્યો હતો. તે વાતને આજે લગભગ આઠ વર્ષ થયાં. મારી નજર આગળ જ છોડી મોટી થઈ છે. કેવું રમતી ખેલતી નાનપણથી! કુંવારી છોકરી જ હતી. બાર વર્ષની થતાં જ એ લોકો વિવાહ વિવાહ જંખવા લાગ્યા. પણ ઘરમાં પૈસો ટકો નથી અને સાત પેઢીનું કોઈ સગુવહાલું પણ નથી. માબાપ વગરની પારકી દયા ઉપર જીવતી છોકરી મારા એકના એક છોકરા માટે લેવા હું તો રાજી પણ ન હતી. છોકરી તો આમ ખોટી નથી, પણ તેનું નશીબ સારું નથી, એ હું તો પહેલેથી જ જાણતી હતી. શું કરીએ તારું નશીબ —"

માને બોલતી અટકાવી પુત્ર વચ્ચે જ અધિરાઈથી બોલી ઊઠયો : "મૂળ વાત શું છે તે આગળ કહે ને બા!"

"મૂળ વાત જ કહું છું ભાઈ! એ છોકરીનો તેની ચાર પાંચ વર્ષની ઉંમરે જ તેના બાપે કયાંક પશ્ચિમમાં વિવાહ કરી દીધો હતો."

"ખોટી વાત! એમ હોય તો રતન ડોસા આટલા દહાડા એ વાત જાણ્યા વગર રહે? બીજું પણ કોઈ ન જાણે એ બને?"

"શી રીતે જાણે બેટા? એ કંઈ સગો કાકો નથી. એ તો એના બાપનો દૂરનો ભાઈ થાય છે. તીર્થાટન કરવા ગયો ત્યાં જ બાપ મરી ગયો. છોકરી અનાથ થવાથી તેને જઈને રતન બોઝ પોતાને તે વખતે સંતાન ન હોવાથી લઈ આવ્યા. વિવાહની વાત બાપે ન કહી હોય એટલે તે શી રીતે જાણી શકે?"

"શું બાપ એ વિષે વાત પણ ન કરે? અને જેની સાથે વિવાહ થયો હશે–તે વર–તે પણ કયાં ગયો વારું? તે લોકોનો પણ આટલા દિવસ કેમ કાંઈ પત્તો ન પડયો? પાડ પાડોશી કોઈ પણ આ વાત ન જાણે એવું તે બને બા? એ ડોસલી કયાંથી એકાએક આવી વાત......"

માતા વિષાદભર્યા સ્વરે પુત્રને બોલતો અટકાવી બોલી: "તું આટલું ખણી ખોતરીને પૂછે છે તો સાંભળ! પણ ખાવાનું સમુળગુ ઠરી જશે. વર કોઈ મોટા શ્રીમંત માણસોનો પુત્ર હતો. દાદાએ તપાસ કરી વિવાહ કર્યો હતો. પણ તે પછી કોણ જાણે શું થયું કે નીરુનો બાપ તે દેશમાંથી દીકરીને લઈ વૃન્દાવન ચાલ્યો ગયો અને છોકરી કુંવારી છે એમ કહેવા

લાગ્યો. ડોસો રોગથી મરવા પડ્યો હતો તેથી એટલી નાની ઉંમરે છોકરીનો વિવાહ તેણે કરી દીધો હતો. રતન બોઝ તે વખતે તીર્થાટન માટે ગયેલા. ભાઈને વૃન્દાવન પ્રાપ્તિ કરાવી છોકરીને તે ઘેર લઈ આવ્યા."

"ઠીક, નીરુના બાપનું ગામ ક્યાં આવ્યું તે ખબર છે? ત્યાં તપાસ કરવાથી બધી વાતની ખબર પડશે."

"એનો કાંઈ ઉપાય નથી બેટા! એમનું ગામ તો એના બાપે બહુ કાલ પહેલાં છોડેલું. પશ્ચિમમાં રહેતા—છેવટે પૈરાગમાં રહેતા હતા. ક્યાંકના કોઈ શ્રીમંત માણસ સાથે ઓળખાણ થઈ. તે પણ તીર્થટન માટે આવ્યા હતા. છોકરી જોઈને પસંદ પડવાથી કદાચ વિવાહ કરવા પોતાના દેશમાં લઈ ગયા હશે. એ બધું પિસિ (ફોઈ) બરાબર જાણતી નહોતી. માત્ર 'બહુ સારો સંબંધ મલી ગયો છે પિસિ, છોકરીની ચિંતામાંથી હવે મૂક્ત થયો' એમ પિસિને લખી જણાવ્યું હશે. પિસિ તે વખતે પોતાના જ ગામમાં રહેતી હતી તેણે કાશીવાસ કર્યો નહોતો. પછી એકાએક ફરી લખેલું "ના, મારાથી આ બધું સહેવાતું નથી. હું અજાણ્યા સ્થળે ચાલ્યો જાઉં છું. છોકરીના ભાગ્યમાં જે લખ્યું હશે તે થશે. માનો કે તેનો વિવાહ નથી જ કર્યો." આ પ્રમાણે લખેલું અને પછી પિસિને કાંઈ ખબર આપેલી નહિ."

"તો પછી? છેવટે કોઈ કારણે વિવાહ નહિ જ થયો હોય. તેમ નહોય તો બાપ એવી વાત લખે?"

"નારે બાપું એ તો ગુસ્સામાં લખેલી વાત કહેવાય. પિસિ પણ સમજી હતી કે ડોસાએ રીસમાં લખેલું છે."

"તો પછી એ છોકરાનો દેશ કયો તેનો પરિચય શું એ

બધું કહે, નહિ તો તે વાત હું માનીશ નહિ. આટલા બધા દિવસ પછી આવી ઉડતી ગપ લાવવાથી કોંઈ વળે નહિ."

"માતા વિષાદપૂર્વક બોલી: "આપણે નહિ માનીએ તેથી શું થશે બેટા, તેઓ શું વિવાહ થઈ ગયેલી છોકરીનો વિવાહ ફરી કરશે? ગામમાં કોઈપણ હવે એ વાત જાણ્યા વિના બાકી રહેવાનું છે? એટલામાં તો કેટલાય લોકો આ વાત ઉપર ભારે ચર્ચા કરવા બેસી ગયા છે. ગમે તેમ થાય તો પણ પિસિ પોતાની માન્યતામાંથી ડગે તેમ નથી. વરની કાંઈ પણ ઓળખાણ કે ખબર કોઈને પણ નથી. છોકરો છે કે નહિ, ક્યા દેશમાં તેનું ઘર છે, સાસરો અગર વડ સાસરો શું કરે છે. તેની કોઈને કાંઈ જ ખબર નથી. લોકો કેવલ કહે છે. "આ છોકરીનો વિવાહ તેનાં કાકા કાકીએ કરવો ન જોઈએ. બચપણમાં તેનો વિવાહ કોઈની સાથે થઈ ગયો છે."

"લોકોને આટલી બધી ચિંતા કરવાની શી જરૂર છે? અને બુઢ્ઢીને પણ આટલી બધી માથાફોડ શામાટે કરવી પડે છે કે તિર્થ કરવા ગઈ હતી ત્યાંથી આ ખબર લઈને કહેવા આવી?"

"પોતાની દિકરી અને જમાઈને માથે એક તેર ચૌદ વરસની છોકરીનો વિષમ ભાર રહેલો છે. હવે તેઓને પોતાનાં સંતાન થવાથી આ છોકરી ભારરૂપ લાગે એ બુઢ્ઢી સમજે છે. તેથી સાત પેઢીની બેનની સાથે વાતચિત કરવા જતાં કાશીમાંથી તે આ ખબર લઈ આવી છે. ખરું કહીએ તો ભાઈ, આ કર્મનો જ સંજોગ છે નહિ તો આ પિસિ માસીની કથા એ તો જાણતાં જ નહોતાં. દૈવયોગે આ બુઢ્ઢી યાત્રાએ ગઈ

કાશીમાં પિસિનો પરિચય થયો અને પરિચયમાંથી આ કાન્ડ ઉપસ્થિતિ થયું."

કર્મનો સંયોગ શું ? આ તો બધી ઉપજાવી કાઢેલી વાત છે. વિવાહ થયો હોત તો બાપે ક્યારનુંયે રતન કાકાને કહ્યું હોત નહિ ? નક્કી વિવાહ થયો નથી. બે બુઢ્ઢીઓએ થઈ ભારે કાન્ડ ઉપસ્થિત કર્યું લાગે છે."

માતા નિશ્વાસ નાખીને બોલી "બાપુ, ડોસાને પણ કદાચ મતિભ્રમ થયો હશે, નહિ તો ભવિષ્યમાં આ છોકરીનો વિવાહ થઈ શકે એવી ભ્રમ જાળ શામાટે ઉભી કરે ? જવા દે બેટા, સૌનો ધર્મ ઇશ્વિરે સાચવ્યો. અને તું હવે બે કોળીઆ ખાઈ..."

"હું અત્યારે જ રતન બોઝને ત્યાં જાઉં છું: જોઉં છું કે કયા પુરાવાના આધારે તે......"

"જે કરવું હોય તે કાલ કરજે બેટા, આજ જો તું આ રીતે રાંધેલું ધાન પડતું મુકીને જઈશ તો હું માથું કૂટીને મરીશ. હવે ચૂપ થઈને શું બેઠો છે ? ખાવું છે કે નહિ ?"

માનો કંઠ આંસુથી રૂંધાઈ ગયેલો જોઈને પુત્ર ઊઠ્યો અને ગળું જેમ તેમ સાફ કરીને તેણે બે ચાર કોળીઆ પરાણે ખાઈ લીધું અને ઊઠી ગયો. હાથ મુખ ધોઈને ફરી તે એક થાંભલાને અઢેલીને બેસી ગયો. માતા ધીમે ધીમે પાસે આવીને બોલી: "મેં રતન બોઝની સાસુને ફરીને પૂછવામાં કાંઈ જ બાકી રાખ્યું નથી. તે ખરેખરી વાત સંપૂર્ણ રીતે જાણતી નથી. પણ નીરંજનાનો વિવાહ થઈ જ ગયો છે એ વાત જોરશોરથી કહ્યા કરે છે. તે વાતનો ઇનકાર કરવા જતાં આખા ગામનો વિરોધ થાય; તું એ બદલ વધુ વિચાર કરીશ

તો પણ કાંઈ વળે તેમ નથી. કેવળ એથી લોકો તારી નિંદા જ કરશે."

પુત્ર આ વખતે બહુ ઉત્તેજિત થઈને બોલ્યો : "લોક ભલે મારી નિંદા કરે. તેની મને પરવા નથી. સમાજને મારો બહિષ્કાર કરવો હોય તો ભલે કરે, પણ હું એ વાત માની શકતો નથી."

"ન માનીને શું કરીશ? તેમની છોકરીનો તેઓ વિવાહ ન કરે તેમાં આપણું જોર શું ચાલે? અને સમાજ આપણો દીવોદેવતા બંધ કરે, કોઈ બોલાવે પણ નહિ એવી સ્થિતિ શું તને ગમે છે? એ તો લોકો શું કરે તેની વાત થઈ, પણ છોકરીનાં કાકો કાકી જોયાં છે? વિવાહ નહિ કરે અને ઉપરથી અપવાદ આપશે." માતાએ ધીમે ધીમે પુત્રને ગળે પોતાની દલીલો ઉતારવા પ્રયાસ કર્યો.

રમેન ફરીને ખૂંભીને અટકણુ દેતો ધબ દઈને બેસી ગયો. તે ઉંડા વિચારમાં ઉતરી ગયો. વિષાદભરી આંખે માતા પુત્ર તરફ તાકી રહી. આખું વિશ્વ જાણે શમશમાકાર બની ગયું હોય એવી કારમી શાંતિ પથરાઈ રહી હતી.

પ્રકરણ ૩ જું

મિત્ર

ચાર વર્ષ વીતી ગયાં છે. એ ચાર વર્ષ દરમ્યાન આપણાં પરિચિત નટ નારીઓમાં કાંઈ ઉલ્લેખ યોગ્ય ફેરફાર થયો નથી. રમેન હવે બરોબર બલીષ્ટ યુવાન ગણાવા લાગ્યો છે. ગ્રામ્યશાળાનો તેનો અભ્યાસ ઘણા દિવસથી પૂરો થઈ ગયો છે. હવે તે પોતાની ખેતીવાડીની વ્યવસ્થાનું કામકાજ કરતો હતો. પણ ગામમાં જે કંઈ ભાંજગડ ઉભી થઈ હોય તેમાં પોતે સામેલ થઈ લોકોનાં કાર્ય કરી આપવાની તેને ટેવ હતી. તેથી પોતાના ધંધામાં તે બરોબર ફાવી શકતો નહિ. અનેક સ્ત્રીઓ રમેનની બાને ઠપકો પણ આપતી: "આવી જંજાળોમાં પડવાથી કાંઈ છોકરાનો ભવ સુખમાં જવાનો છે? કોઈ મરી જાય, કોઈ માંદુ હોય કે કોઈને ગંગાતીરે લઈ જવું હોય તે બધા જ કામમાં તમારો રમેન તૈયાર હોય છે. આ બધી ધાંધલ શા માટે જોઈએ? લગ્ન કરી બે પૈસા કમાઈ ખા પીને સુખી થા! એને લગ્નની વાત કરીએ છીએ એટલે કહે છે કે, લગ્ન કરીને ખાવું શું? પણ રમેન કરતાંય ખરાબ સ્થિતિવાળા પણ પરણે છે અને ઘર સંસાર રૂપાળો ચલાવે છે." રમેન માટે આ પ્રમાણે ગામ લોકો ટીકા

કરતા ત્યારે રમેનની માને મનમાં થતું કે, હવે પોતે ગમે તે ઉપાયે રમેનનું લગ્ન કરી જ નાંખશે. પણ પુત્રની સાથે તે વિષે વાતચીત થતાં જ માતાનો સંકલ્પ ચલિત થઈ જતો. પુત્ર કોઈક મંત્રના બળે જાણે માતાને તે વાત ભુલાવી દેતો હતો.

અંદરખાને તેનું એક કારણ પણ હતું. પુત્ર બે ત્રણ વર્ષ પહેલાં તીર્થાટન કરવા માટે માતાને લઈને પશ્ચિમમાં ગયો હતો. કોઈ તીર્થમાં કોઈ એક સાધુએ રમેનનો હાથ જોઈ કહ્યું હતું: “લગ્ન કરવાથી મંગળ થશે નહિ.” આ ભવિષ્યકથન સાચું માનતી વિધવા માતા પોતાના એકના એક પુત્રને ભાવિ અમંગળના ભયથી લગ્નની બાબતમાં વધુ આગ્રહ કરી શકતી નહિ. બીજા લોકોને આ વાત કહેવાની સાધુએ તથા પુત્રે બંનેએ મના કરી હતી અને તેની પોતાની ઇચ્છા પણ તે વાત લોકોને કહેવાની ન હતી. પણ વખતોવખત પાડોશીઓના ઠપકા સાંભળીને તે સાધુની વાત ભૂલી જઈને પુત્રને પરણાવવા માતા ઉત્સુક બની જતી. પણ પુત્ર તે વાત યાદ કરાવતો એટલે માતા પુનઃ નિરુત્તર બની જતી હતી.

બાલિકા નિરંજના પણ હવે બાલિકા રહી ન હતી. તે ન સધવા કે વિધવા, કે ન કુંવારી, એ અવસ્થામાં કાકા કાકીની સાથે દિવસો ગાળતી હતી. પેલી વાત જાહેર થયા પછી તેના વિવાહ માટે કોઈ તૈયાર હતું નહિ અને કાકાકાકી પણ તેવું સાહસ કરવા ઇચ્છતાં ન હતાં. એક ભાતીગર સાડી અને હાથે કાચની બંગડીઓ હોવા છતાંય એ છોકરી વિધવાઓના દળમાં ભળી ગઈ છે એમ સૌ કોઈ માનતું હતું.

તે સમયે ગામમાં ભીષણ મહામારીનો ભય ઉપસ્થિત થયો

હતો. ઘેરઘેર કેટલાય દીપક અકાળે હોલવાઈ જવાથી હાહાકાર મચી રહ્યો હતો. એક દિવસ પ્રભાતમાં ગામના બીજા લોકો સાથે રમેન એક હતભાગી જીવને અગ્નિદાહ દેવા શ્મશાનમાં ગયો હતો. મનુષ્યને હાથે મનુષ્યની છેવટની વીધી પતી જવા આવે છે તે વખતે શ્મશાનમાંજ ચિતાથી દૂર બેસીને તમાકુ, ગાંજાથી શ્રાદ્ધ સારવા સિવાય બીજું જાણે કાંઈ કરવાનું હોતું નથી. (ગામડા ગામમાં દારૂ મળતો નથી. તાડી મળે પણ તે સારા લોકો પીતા નથી. એટલે ગાંજા શિવાય શ્મશાનના મિત્રોની બીજી કોઈ ગતિ નથી.) તે વખતે રમેન શ્મશાનમાંથી નદી કાંઠે આમતેમ લટાર મારવા જતો હતો. તેના લલાટમાં ચિંતાની રેખા દેખાઈ આવતી હતી. પાસેથી કોઈ જુએ તો તે અન્યમનસ્ક બની ગયો હતો એમ તુરત જ ખબર પડી આવે.

એકાએક એક માણસની નજર તેના ઉપર પડી. કંઈક અપરિચિત સ્વરે: " મહાશય, સાંભળો છો કે ? આ મહેશપુર ગામ છે ? " એ રીતે જોરથી કોઈને પૂછતો સાંભળી રમેને ચમકીને નજર તેના તરફ ફેરવી. અત્યાર સુધી તે નદીકાંઠાની રેતમાં પગના અંગૂઠા વડે ખોતરી ખોતરીને જાણે પોતાની ચિંતાને દાટી દેવા માગતો હતો. હવે તેણે આવનાર તરફ નજર કરી પણ તુરત જવાબ આપી શકયો નહિ. આવનાર માણસ તે ગામમાં તદ્દન નવીન હતો તે તેણે પૂછેલા પ્રશ્ન ઉપરથી જ માલુમ પડી આવતું હતું. તે ઉપરાંત આવી હેટકોટધારી વ્યક્તિઓ રમેને આજ પહેલાં બહુ ઓછી જોઈ હતી. આવનાર જો બંગાળી ભાષામાં વાત ન કરતો હોત તો રમેન તેને " સાહેબ લોક " તરીકે જ માની લેત.

રમેન પોતાની તરફ મૂઢની પેઠે જોઈ રહ્યો છે એ જોઈને

આવનારે હસીને રમેનના ખભે હાથ મૂકીને પૂછ્યું: "કેમ મહાશય? ખરેખર સાંભળતા નથી કે શું? ચમકીને આમ શું જુઓ છો? હવે હચમચાવ્યા પછી પણ ઉત્તર આપશો કે નહિ?"

રમેનના મનમાં વિસ્મયનો એક તરંગ ઊઠ્યો. આ તે સહૃદયતા હતી કે અવિવેક? પણ પેલી મૂર્તિના મોં પર હાસ્યની સાથે એક જાતનો સ્નિગ્ધ ભાવ પથરાયેલો હતો. વયમાં પણ તે રમેનથી કંઈક મોટો જણાતો હતો. ખભા પરનો હાથ બહુ જ મૃદુભાવે મૂકેલો હતો. હવે ઉત્તર આપતાં વાર થશે તો તે પોતાની જ અભદ્રતા ગણાશે એમ રમેનને લાગ્યું. કંઈક મુગ્ધ વિસ્મયની સાથે જ રમેને પ્રતિપ્રશ્ન કર્યો.

"શું કહ્યું તમે?"

"આટલી બધી વાર પછી આવો ઉત્તર? આપ કંઈ વિચારમાં ડૂબી ગયા હતા. અરે પણ, તમે શબદાહ માટે આવ્યા લાગો છો ખરું?"

"આપ મને અડવાથી અભડાયા છો, હું શબદાહ કરનાર તથા ઉપાડનાર પૈકીનો જ એક માણસ છું."

"અને હું તો તેનાથી પણ હલકું કામ કરનાર છું. તેમની વચ્ચે જ આહાર નિદ્રા પણ પતાવી લઉં. એ બદલ આપે જરાય સંકોચ રાખવાનો નથી..."

"એ શું? આપ ક્યાં રહો છો? શું કરો છો?"

માથાની હેટ એક હાથમાં હતી તે બીજા હાથમાં અફાળતાં ખૂબ હસીને પેલો માણસ બોલ્યો: "હું ડૉકટરનો ધંધો કરું

છું, બીજું શું વળી ? મને કંઇ આભડછેટ હોય ખરી ? ચમાર, મડદાં ચીરનાર ગમે તે નામથી મને ઓળખી શકો છો."

સરલ ગ્રામ્યયુવક વિસ્મય તથા શરમથી માથું નમાવી બોલ્યો: "છટ્, એ શી વાત કરો છો તમે ? આપ ડૉકટર છો એટલે ભગવાનના પ્રતિનિધિ ગણાઓ. તમે તો સર્વદા સ્વતઃ શુદ્ધ છો, તમે મનુષ્યને જીવન બક્ષનાર છો."

"અને તેમના ધનના અપહર્તા ! છતાં અમારામાં બ્રહ્મજ્ઞાન એવું સહજ પ્રાપ્ત છે કે તેટલા પ્રમાણમાં આપણા ઋષિમુનિઓમાં પણ હશે કે કેમ એ શંકા છે. વિકાર જેવી વસ્તુ જગતમાં અમે જાણતા જ નથી એટલે એટલા પૂરતા અમે બ્રહ્મને અનુરૂપ છીએ. કેમ ખોટું કહું છું ?" આમ બોલી આગંતુકે અર્ધી સળગી ગયેલી સીગારેટ મોંમાં મૂકી પોતાના હાસ્યને દબાવી દઈને દમ લગાવવા માંડયા. રમેનની હવે ઉત્તર આપવાની ઇચ્છા ન થઈ. આ સાહેબવેશધારી વ્યક્તિ સાથે આ રીતના બ્રહ્મજ્ઞાનના પરિચય માટે તથા વ્યંગભર્યા વાર્તાલાપ માટે તેને સમય પણ ન હતો. તે વ્યગ્ર બનીને બોલ્યો: "એ બધી વાત આપ જવા દો. આપ... આપ... આપનું..."

"ઓહો...શું નામ ? ક્યાં વાસ ? એ પૂછવા માગો છો ને મહાશય ? આપ જુઓ છો કે હું એક માણસ છું, છતાં હું જાતે જ થોડું કહીશ. સાંભળો, મારું નામ રાજેન્દ્રરાય, રહું છું ઘણો જ દૂર એટલે સ્થાનનું નામ કહેવાથી તમે ઓળખી શકશો નહિ. ધંધો તો તમે જાણી જ ચૂક્યા છો."

"આ ગામમાં આપનું કોઈ ઓળખીતું છે ?

"હા, આપ પોતે જ. તે સિવાય બીજા કોઈને પણ ઓળખતો નથી. હવે આપના મનમાં જરૂર એ પ્રશ્ન ઉઠશે કે

અહીં ત્યારે આવ્યો છું શું કામ? તેનો પણ ઉત્તર—મારો ધંધો તો તમે જાણી ચૂકયા છો. એ શ્રેણીના લોકો કોઈ નવીન જગોએ શા માટે જાય છે, એ અટકળ કરવાથી જાણી શકશો."

રમેનનું વિસ્મય હવે તેની પરાકાષ્ઠાએ પહોંચી ગયું હતું. તે જરા વિચાર કરી ધીમે ધીમે બોલ્યો: "પ્રેકટીસ માટે? ને આ ગામડા ગામમાં?"

"હા, મહાશય! આજ કાલ શહેરમાં અમારી લોકોની એટલી બધી ભીડ છે કે, મને ગામડું પસંદ કરવાની ફરજ પડી છે."

"તો ગામડું પસંદ કરવા નીકળ્યા લાગો છો? આઘે પેલી બોટના જેવી નૌકા દેખાય છે તેમાં બેસીને આવ્યા છો ખરું?"

થોડીવારે રમેન જરા મ્લાન હાસ્ય કરી બોલ્યો: "પણ તમે ખરે વખતે જ આવ્યા છો. કોલેરાથી હાલ આ તરફનાં ગામેગામ હેરાન થઈ રહ્યાં છે. અને ગામડાના વૈદની એક બે પડીકીઓ સિવાય કોઈના પેટમાં કાંઈ જ ઔષધ જતું નથી. અમારા સદ્ભાગ્યે જ તમે આ તરફ આવી ચઢ્યા છો. એથી ઘણા લોકોનો જીવ બચી જશે. આટલામાં પાંચ કોશમાં પાસ થયેલો કોઈ જ ડોકટર નથી."

આવનાર યુવાન પણ કંઈક ગંભીર ભાવથી હસીને બોલ્યો: "મિત્ર, તમે મને જાણ્યા ઓળખ્યા વગર ઘણું જ ઉચ્ચપદ આપી દીધું છે. ભગવાનની કૃપાએ તેમજ થશે. ઈશ્વરેચ્છાએ મારા મિત્રની ઉચ્ચ આશાઓ હું સફળ કરીશ."

“ તેમજ થવાનું છે. આપને જોતાં જ મારા મનમાં તેની ખાત્રી થઈ ગઈ છે. ”

આગંતુક વ્યક્તિએ કંઈ પણ ઉત્તર આપ્યા વગર સ્નિગ્ધ કોમળ મુખ ઉપર રમેનનો હાથ એવા ભાવથી ધરીને છોડી દીધો કે, રમેનને વિસ્મયને બદલે એક જાતનો ગૂઢ આનંદ થઈ ગયો. આ માણસ આટલી જ વારમાં જાણે મિત્ર જેવો બની ગયો હતો.

જાણે તે રમેનનો કેટલાય વખતનો પરિચિત હોય તેમ લાગ્યું. તેનો દીર્ઘ સુગઠિત દેહ અને વસ્ત્રાદિક, તેની માર્મિક વાતચીતની ભંગિમા વગેરેથી તે સમાજની ઉચ્ચ શ્રેણીનો માણસ હતો તે સમજતાં રમેનને વાર લાગી નહિ. છતાં પ્રથમ મુલાકાતે જ રાજેન્દ્રના સ્નેહાળ સહૃદય ભાવોથી રમેનનો તમામ સંકોચ દૂર થઈ ગયો અને તે મનમાં જ તેના મધુર સરળ સ્વભાવની તારીફ કરી રહ્યો.

દૂરથી રમેનના કોઈ સાથીદારે તેનું નામ દઈ બૂમ પાડી કહ્યું: “ ચાલ રે, હવે સ્નાન કરવા જઈએ છીએ, ” “ આવું છું. ” કહીને રમેન પોતાના નવીન મિત્રની સામે જોવા લાગ્યો. તેજ વખતે મૃદુ મૃદુ હાસ્ય કરતો માથું હલાવતો આગંતુક મિત્ર બોલ્યો: “ તો જાઓ. પણ મારા મિત્રનું નામ રમેન છે ખરું ને ? ”

રમેન શરમાઈને બોલ્યો : “ મિત્ર ! ”

આવનાર વ્યક્તિએ પૂછ્યું : “ ઠીક, જેની અંત્યેષ્ઠી ક્રિયા માટે આવ્યા છો તે તમારા આત્મજનો પૈકીના જ કોઈ સબંધી હશે ખરુંને ? ”

જોતજોતામાં રમેનના મુખ પર જરા ઉદાસીનતા છવાઈ ગઈ. આ નવીન માણસ સાથેની વાતચીતમાં તે જે વ્યથા ભૂલી ગયો હતો તે પુનઃ તેના અંતરમાં જાગૃત થઈ. તે ધીમે સ્વરે બોલ્યો : "હા, ના – એ ગામના જ માણસ ગણાય."

ડૉકટર રાજેન્દ્રરાય રમેનના મુખ તરફ અપલક દૃષ્ટિએ તાકીને ફરી પૂછવા લાગ્યાઃ "તેમનું નામ શું – એ પૂછી શકું ખરો ?"

"શ્રી. રતનચંદ્ર બસુ."

"શ્રી. રતનચંદ્ર બસુ ! મહાશય, આ મહેશપુર ગામ જ છે ને ?"

"હા, શું આપ તેમને ઓળખતા હતા કે ?" રમેને પૂછ્યું.

"ના, પણ નામ સાંભળ્યું હતું. તે શું કૉલેરાથી જ મરી ગયા ?"

"હા, અહીં કૉલેરાથી જ બહુ માણસ મરી ગયા. તેઓ થોડા જ કલાકમાં માર્યા ગયા." બોલતાં બોલતાં રમેનનો સ્વર જાણે ઘેરો થઈ જવા લાગ્યો. પોતાનું લાલચોળ મોઢું તેણે બીજી તરફ ફેરવી દીધું. રાજેન્દ્રરાય થોડીવાર ચૂપ રહીને પછી અન્યમનસ્કભાવે બોલ્યો :

"આપે કહ્યું કે મરનાર આપના સંબંધી નથી. પણ આ ગામના લોકો કદાચ એક બીજા પ્રત્યે અસાધારણ સહાનુભૂતિ રાખતા હશે. શ્મશાનમાં પણ ઘણા આવ્યા છે અને આપના હૃદયને તો ભારે આઘાત પણ થયો લાગે છે. એ રીતે જોતાં આ ગામ બીજાં ગામડાં જેવું તો નહિ જ હોય."

"હાલ તો ઘેર ઘેર બધાં જ આ વિપદમાં પડ્યાં છે. તે સિવાય અમારા ગામમાં કાંઈ ખાસ વિશેષતા છે એવી ભૂલ-ભરેલી ધારણા બાંધવાનું કારણ નથી. આપ જ્યારે અહીં વાસ કરશો ત્યારે માલુમ પડશે કે, અમે પણ બીજા ગામડાના લોકો જેવા જ સાધારણ ગ્રામ્યજનો છીએ."

"તો રમેનબાબુ, તમે આ મૃત વ્યક્તિના કંઈ થોડાઘણા પણ સબંધી હોવા જોઈએ. મારી તે બાબતમાં ભૂલ થાય છે કે કેમ તે જણાવી શકશો?"

આ ક્ષણપરિચિત વ્યક્તિની તીક્ષ્ણ દ્રષ્ટિથી શરમાઈને રમેન ધીરા સ્વરે બોલ્યો :

"હું તેમની જ જાતનો છું અને ઘર પાસે પાસે હોવાથી તેમના સુખદુ:ખમાં રસ લઉં છું. તેથી તમે મને ચિંતાતુર જુઓ છો. જે ગયા તે તો ગયા પણ જે પાછળ રહ્યાં છે તેમની દશા બહુ બૂરી થશે."

"કેમ તેમને કોઇ પુત્ર કે બીજો નજીકનો સગો નથી? તેમને પાછળ કોણ કોણ છે વારું?"

"એમની વહુ, સાસુ, બે નાની દીકરીઓ, અનાથ ભત્રીજી એ બધાંની સંભાળ લેનાર કોઈ જ નથી. સ્થિતિ પણ એવી નથી કે પુરુષ વગર ઘરનો ભાર ચાલી શકે. મને પેલા લોકો બૂમાબૂમ કરે છે માટે હું હવે જઈશ."

ડૉકટરે માથુ હલાવી સંમતિ આપી. રમેન જતાં જતાં વળી ઉભો રહીને ડૉકટરને કહેવા લાગ્યો: "પણ તમે આ ગામમાં કોઈને ઓળખતા નથી એમ કહ્યું – તમે નવીન જ છો તો પછી આપની..."

રમેનને બોલતો અટકાવી વચ્ચે જ ડૉકટરે કહ્યું : "પેલી બોટમાં જ મારે માટે બધી વ્યવસ્થા છે. આપ તે માટે ચિંતા ન કરશો." પછી ડૉકટરે બે હાથ જોડી શીર નમાવી નમસ્કાર કર્યા. તેનો તેવી જ રીતે અનુકરણ કરી જવાબ આપતાં રમેન બોલ્યો : "આશા રાખુ છું કે, આપણે ફરી મળીશું."

"હા, આપના ગામમાં જ રહેવા આવ્યો છું – પછી નહિ કેમ મળીએ ? આપની પાસેથી તો મારે થોડી મદદ પણ જોઈશે."

રમેને માત્ર શીરડોલનથી જ તેનો જવાબ આપ્યો. પાછો વળી વળીને તે આ વિદેશી પોષાકધારી ડૉકટરને ખીસ્સામાં હાથ નાંખી મોટી ફલાંગે ચાલ્યો જતો જોઈ રહ્યો. છેવટે તે પોતાના સોબતીઓમાં સામેલ થઈ ગયો.

●

પ્રકરણ ૪થું

ડૉક્ટરની ફી

એ ગામના એક શ્રીમંતે જ પ્રથમ ખાલી કરેલી એક હવેલીમાં ડૉકટરનો નિવાસ રાખવામાં આવ્યો. ગ્રામ્યલોકો સમુદ્રમાં ડૂબતો માણસ જે રીતે લાકડાને વળગી પડે તે રીતે આ ડૉકટરને અપનાવી રહ્યા. ગામમાં તે વખતે મહામારી ભયંકર રીતે ચાલી રહી હતી. ગ્રામ્યલોકો કોઈ કોઈ મરતા હતા અને કોઈ કોઈ ડૉકટરની ચિકિત્સા તથા પ્રયાસથી પાછા બેઠા થતા અને જીવનભર પર્યંતના ડૉકટરના ઋણી બનતા. ડૉકટર પણ ગામ લોકો પ્રત્યે હદપાર લાગણી તથા આંતરિકતા બતાવવા લાગ્યા. પરિણામે ગામલોકો તેમને બહુ જ ભાવથી ચાહતા તથા માન આપવા લાગ્યા.

તે દિવસે સવારમાં એક પ્રહર વીતી ગયો હતો. તે વખતે ડૉકટર હાથમુખ ધોઈ પ્રાતઃક્રિયા સમાપ્ત કરી રહ્યા હતા. ડૉકટર ઝટપટ તૈયાર થઈ જાય તે માટે નોકર ખડે પગે ઉભો રહી એક પછી એક ચીજ લાવી આપતો હતો. તે વખતે રમેન મ્લાન મુખે આવીને ઉભો રહ્યો. તેના તરફ જોયા વગર મુખ ધોતાં ધોતાં જ ડૉકટર બોલ્યાઃ " અરે આ ભસ્મ દૂતના

પંજામાંથી તો નહિ બચાય, કહો અત્યારે કોણ રણમાં પડયું છે ?"

રમેન જવાબ આપતો નથી જોઈને ડૉક્ટર ફરી હસીને બોલ્યા: "કેમ રે વોલિન્ટીયર, અથવા ૧૯મી શતાબ્દિના નાઈટ, જવાબ કેમ નથી આપતા ?" એમ કહી ડૉક્ટરે રમેનના મુખ તરફ નજર કરી અને તેનું હાસ્ય અટકી ગયું.

"મજુમદાર વાડીમાંથી પાછા ફરીને તમે જરાયે ઉંઘ્યા નથી ખરું ! આટલી બધી ધાંધલ ન કરશો, સમય ઘણો ખરાબ છે. તમારાં મુખ, નેત્ર વગેરે બદલાઇ ગયાં છે. મને લાગે છે કે તમને થોડા દિવસ નર્સિંગમાંથી બાતલ કરવા પડશે. હવે હાલની શી ખબર છે તે કહો ? આટલી વારમાં કોને કોને ઘેર આંટા મારી આવ્યા ?" ડૉક્ટરે ગંભીરતાથી કહ્યું.

"મૃત રતનબોઝનું નામ યાદ છે કે શ્મશાનમાં જેના મૃતદેહને અગ્નિ દાહ દેવા ગયેલા અને ત્યાં આપને હું પ્રથમ મળેલો તે ?"

"ડૉક્ટર ઝટપટ ઉભા થતા બોલ્યો : "તેઓને શું થયું છે ? શું સમાચાર છે ?"

"તેમની સ્ત્રીને કૉલેરા ગઈ કાલ રાતનો થયો છે. જલદી ચાલો."

"ચાલો." ડૉક્ટર ઝટપટ કપડાં પહેરવા લાગ્યા. નોકર વિનયપૂર્વક બોલ્યો: "જરા ચા પીતા જાઓ બાબુ !"

"તું તૈયાર કરી રાખ. હું ઝટપટ પાછો આવું છું."

રસ્તે ચાલતાં ચાલતાં શુષ્ક મુખે હસતાં રમેન બોલ્યો : "આ તમારી ભૂખી ડૉક્ટરી આ ગામમાં તો આવીજ ચલે

છે ખરુને? એને લીધે તો તમારી આટલી બધી પ્રખ્યાતી થઈ છે. ખૂબ પ્રેકટીસ કરવા આ ગામમાં આવ્યા હતાને?"

ડૉકટર પણ હસીને બોલ્યા: "અરે એ બધી તો શરૂઆતમાં ધંધાની જાહેરાત કરવા માટેની ચાલાકી છે. પછી ડૉકટરનું ખરું સ્વરૂપ પ્રગટ થશે."

"કેટલાક મહીના તો થઈ ગયા! વિઝિટની વાત તો દૂર રહી પણ મફત દવા આપવાનું પણ કયાં સુધી ચાલે? દવાઓ કંઈ દરીયાપારથી મફત તો નથી આવતીને?

તે દેશમાં તે દેશના લોકોને પણ કોઈ વગર પૈસે દવા આપીને ઉપકાર કરતું નથી. આ ગામડાં ગામમાં તમે વાઘ જેવા હોવા છતાં એ પ્રદેશમાં તમારી કાંઈપણ કિંમત..."

"શું એક નેટિવ મુર્ખ છોકરાના હાથે એક યુરોપમાં પાસ થયેલા ડૉકટરનું આવું મોટું અપમાન? નેટિવ અને તે પણ ઈન્ડીયન? એના કરતાં તો એ દેશના ચમારથી અપમાનિત થવું વધુ સારું છે."

"તે તદ્દન ખોટું નથી—આ એ લોકોનું ઘર આવ્યું—"

ડૉકટર અત્યાર સુધી બહુ વેગથી ચાલતા હતા. તે વેગ અટકાવીને બોલ્યા "આ ઘર? તમે મફત ચિકિત્સાની વાત કરો છો. પણ કહો જોઈએ અહીંથી શું લઈ શકાય તેમ છે?"

"આ લોકોની અવસ્થા રતનકાકા મરી ગયા પછી બહુ ખરાબ થઈ ગઈ છે એ વાત પહેલા જ દિવસે મેં તમને કરી હતી તે યાદ નથી? પરંતુ જ્યાં પુરતા પૈસા હોય છે ત્યાં પણ લોકો દવા સુદ્ધાં મફત લેવા......"

"રહેવા દો એ વાત, રોગની પ્રથમ અવસ્થા તમે કેવી જોઈ હતી?"

"રોગનું પ્રથમ આક્રમણ અથવા રોગીની સ્થિતિ મેં બહુવાર જોઈ નથી. મજુમદાર વાડીમાંથી પાછો ફરીને ખાઈને જરા સુઈ ગયો તે વખતે સવાર થવા આવ્યું હતું. જરા ઉંઘ પણ આવવા લાગી હતી. પણ તેજ વખતે માએ મારી ઉંઘનો ભંગ કરી કહ્યું: "આ દુનિ મણિ રોઈ રોઈને વાજ-આવ્યાં છે, ઊઠીને તેમને માટે તારા ડૉકટર બોલાવી લાવને! રતન ઠાકુરનાં વહુ પણ કદાચ ચાલ્યાં જશે." રમેન જરા હસીને મ્લાન મુખે બોલ્યો: "માની નજરે તમે મારા ડૉકટર બની ગયા છો."

"ડૉકટરે તે વાતનો ઉત્તર ન આપતાં પ્રશ્ન કર્યો: "દુનિ મણિ તેમનાં છોકરાં છે? રોગીને ત્યારે તમે નજરે જોઈજ નથી?"

"હા, જોઈ છે પણ કલાક એક પહેલાં, બીજા બધા કેસોમાં થાય છે તેવી જ સ્થિતિ છે, આ દરવાજો આવ્યો. તમે જરા ઉભા રહો હું ખબર આપું." રમેન ઘરની અંદર ચાલ્યો ગયો અને થોડીવારે પાછો આવીને બોલ્યો: "આવો."

ગામડા ગામમાં ગરીબના આંગણામાં જે વાળવા ઝૂડવાનું કામ દરરોજ સવારે થાય છે તે પણ આજે થયું નહોતું. એ ઉપરથી પણ જાણે તે ઘરની ભીતિ–વિહ્વલતા દેખાઈ આવતી હતી. બે બાલક બાલિકા ડૉકટરનું આગમન સાંભળીને જાણે આશાભર્યાં મુખે ઘરમાંથી બ્હાર આવ્યાં. ડૉકટર રમેનની તરફ જોઈને બોલ્યો. "આ ઘરમાં જ રોગી છે ને?"

"હા."

"છોકરાં છોકરીઓને બીજે ક્યાંક મોકલી કેમ દેતાં નથી? તમારી ભૂલ નથી?"

રમેન મોં ઢાળી બોલ્યો: "ક્યાં મોકલાવી દઉં ? તેઓ રોગીને માટે ચિંતાતુર રહે છે અને તેમની ખબર લેનાર પણ બીજું કોણ છે ?"

"તમારી મા પાસે મોકલી દો."

"પણ તે ત્યાં જશે નહિ."

"તે ચાલશે નહિ. મારા દેખતાં સાંભળતાં તેમને ત્યાં મોકલાવી આપો."

બન્ને જણા ઘરમાં દાખલ થયા. ગરીબ ઘરની મલિન શય્યામાં તેથી પણ અધિક ગરીબ, મલિન રોગિણી સૂતી હતી. તે રોગના તીવ્ર આક્રમણથી છટફટ કરતી હતી. ડૉક્ટર તેની પથારી પાસે જમીન ઉપરજ બેસી ગયા અને એકાગ્ર તીક્ષ્ણ નજરે દર્દીની અવસ્થાનું અવલોકન કરવા લાગ્યા. એક કંપતો ભગ્નસ્વર કાને પડ્યો: "આસન ઉપર બેસો બાબા, જમીન..."

હાથ હલાવી ગૃહસ્થાઇની એ ચેષ્ટાને નિવારતાં ડૉક્ટરે પ્રશ્ન કર્યો: "ક્યે વખતે કેવી રીતે દર્દ શરુ થયું તે કહો જોઈએ ?"

"નિરંજના, ડૉક્ટર બાબુને કહે—

"રમેનદાદા, તમે તો બધી વાત સાંભળેલી છે." નિરંજના બોલી.

"રહો, કંઈ ખાવાપીવામાં અપથ્ય ચીજ તો નથી આવીને ?"

એમ કહીને ડૉક્ટરે રોગીના મુખ પાસે ઝૂકીને તેને જ થોડા પ્રશ્ન પૂછી લીધા. પછી ખીસ્સામાંથી કાગળ પેન્સીલ

બ્હાર કાઢી પ્રીસ્ક્રીપ્સન લખવા માંડયું. તે પુરું થતાં જ રમેન તે લઈને દોડતો ચાલ્યો ગયો. થોડી વારે નિશ્વાસ નાંખી ડૉક્ટરે ચારે બાજુ નજર ફેરવવા માંડી, પેલાં બાળક બાળકી બારણા આગળ ચિંતાતુર મુખે ઉભાં હતાં. બહુ નજીકમાં જ એક વૃદ્ધ આંખો લૂછતી બેઠી હતી. ડૉક્ટરે તેને કહ્યું: "આમને આ વખતે ઘરમાં રાખવાં ઉચિત નથી. અને આ ઓરડામાં તો બીલકુલ આવવા દેવાં ન જોઈએ, આપનું કોઈ નજીકનું સગુ સંબંધી હોય તો તેને ત્યાં..."

"કોઈજ સગુ–વ્હાલુ નથી બાબા! તમે કૃપા કરીને એમની માને સાજી કરો–તમારા આખું ગામ ગુણ ગાય છે. તમારા હાથની દવાની ઘણી વાતો સાંભળી છે. તમે બાબા..."

"સાંભળો, ભગવાન પર આધાર રાખો. મનુષ્યના હાથમાં કંઈજ નથી. પરંતુ યથાસાધ્ય પ્રયાસ કરવો એજ મનુષ્યના હાથની વાત છે. આ છોકરાંને રમેનની મા પાસે મૂકી આવો."

"આહા, એ તો ગયો છે દવા લેવા. આજ સુધી અમારી કેટલી ચાકરી કરી છે એણે! માને દીકરો બધાં સરખાં જ છે. અભાગણી છોડીનું નશીબ નહિ એટલે એ બન્યું નહિ. એવા છોકરા માટે તો તપ કરવાં પડે તો'યે ન મળે–એ જો બન્યું હોત તો આજે આટલી ચિંતા શાની હોત!"

ડૉક્ટર હવે આજ્ઞાસૂચક સ્વરે બોલ્યો: "છોકરાંને તેમની પાસે મોકલી આપો. જરા પણ વિલંબ ન કરો."

વૃદ્ધા વ્યગ્રતાથી બોલી: "જા નીરુ, ત્યારે મૂકી આવ..."

ઘરના એક ખૂણામાં બહુજ સંકોચપૂર્વક નિરંજના બેઠી હતી. અત્યાર સુધી તેના ગૂંથાઇ ગયેલા રૂક્ષ કેશોમાંથી તેના

કાનનો કંઈક અંશ અને તેની રક્તવર્ણી કાન્તિ માત્ર દેખાતાં હતાં. હવે તે સંકોચસહ માથે છેડો ઓઢી લઈ ઉભી થઈ તેજ વખતે રોગીણી દુઃખિત સ્વરે બોલવા લાગીઃ "ના, નીરુને મોકલશો નહિ મા. તેની અહિં જરૂર પડશે. તમે જ જાઓ !"

"હુંજ જાઉ છું. ચાલો છોકરાં !" પણ છોકરાં બારણાની સાખ પકડી "ના" કહીને ઉભાં જ રહ્યાં. વૃદ્ધા વ્યસ્ત બનીને નિરંજના તરફ જોઈને બોલીઃ "શું કરું હવે ? એ કાંઈ મારું કહ્યું કરવાનાં છે ? તુજ..."

ડૉક્ટર પોતે ઊઠીને બારણા પાસે જઈને તેમના માથે હાથ મૂકીને મૃદુ સ્વરે બોલ્યાઃ "ટૂની મણિ, તમે બહુ ડાહ્યાં છો ખરું ને ? તમારા રમેનદાદાનું ઘર મને જરા સાથે આવીને બતાવશો ? તમારી મા થોડીજ વારમાં સાજી થઈ જશે. ચિંતા જેવું નથી માટે ચાલો !" છતાં બાળક બાલિકા જવા તૈયાર થયાં નહિ. તેમને ખેંચીને બહારના ખંડમાં લઈ જતાની સાથેજ ઘરમાંથી એક જ્વલંત રૂપજ્યોતિની મૂર્તિ આવી ડૉક્ટરની આગળ ઉભી રહી. મૃદુસ્વરે તે બોલીઃ "હું તેમને મૂકી આવું છું. આપ તસ્દી લેશો નહિ."

ડૉક્ટર બાળકોનો હાથ છોડી દઈને સ્તબ્ધ બની ઉભો રહ્યો. નિરંજનાએ હાથ પ્રસારી બંને બાળકોને પોતાની પાસે ખેંચી લીધાં. તે તેમના માથે હાથ ફેરવતી ફેરવતી મુખ તેમના મુખ પાસે ધરી ધીમે ધીમે તેમને શું કહીને યંત્રની પેઠે ચલાવતી બહાર લઈ ગઈ તે ડૉક્ટરને ખબર પડી નહિ. માત્ર આ દૃશ્ય દેખાય ત્યાં સુધી એકાગ્રદૃષ્ટિએ તે જોઈ રહ્યો. પછી તે રોગિણીના ઓરડામાં ચાલ્યો ગયો.

નિરંજના તુર્તજ પાછી આવી. પણ હજી રમેન દવા લઈને આવ્યો ન હતો. નિરંજના ગયા પછી ડૉક્ટરે વૃદ્ધાને કહ્યું: "હું તમારા રમેનનો મિત્ર છું. તમારા પુત્ર જેવો ગણાઉં. મારાથી સંકોચ શા માટે રાખો છો?" એમ કહીને તે દર્દીના ગોટલા ભાગવા લાગ્યો તથા જીભ પર પાણી સિંચવા લાગ્યો. વૃદ્ધા વચ્ચે વચ્ચે "બાબા, આટલા માટેજ લોકો તમને વખાણે છે—તમે તો દેવતા..." વગેરે કહીને પોતાની કૃતજ્ઞતા દર્શાવતી હતી. રોગિણી ઉચ્ચ સ્વરે "નિરંજના—નિરંજના ક્યાં ગઈ? નિરંજના ક્યાં:" એમ વ્યગ્રતા બતાવી રહી હતી. નિરંજનાને આવેલી જોતાં જ સૌને નિરાંત થઈ. ડૉક્ટર પણ હાથ ધોઈને સરકીને દૂર બેઠા, નિરંજના વ્યાકુળતાપૂર્વક રોગીની સેવામાં લાગી ગઈ.

રમેનના આવ્યા પછી રોગિણીને દવા પાઈને ડૉક્ટરે કહ્યું: "એ ત્રણ વાર દવા પેટમાં પડયા પછી તેની શી અસર થાય છે તે ખબર મારે રાખવી પડશે. રમેન, તું ત્યાં સુધીમાં બહારના ભાગમાં કોલટાર અને ગંધક છંટાવવાની વ્યવસ્થા કર. ફીનાઈલ કે યુકલેપ્ટિસ લાવ્યો છે ને?"

"ના, હું તો દવા લઈનેજ ઉતાવળે ચાલ્યો આવ્યો છું."

"નોકરને કહ્યું હોત તો તે પણ મોકલી આપત? કોઈ ચીઠ્ઠી લઈને જાય એવું માણસ છે?"

"ના, હુંજ ફરીને જઈશ."

"થોડો પરમેંગનેટ પોટાસ પણ લાવજે. આવા સમયે એન્ટીસેપ્ટીક પદાર્થો ચારે બાજુ છાંટવાની ખાસ જરૂર રહે છે. પણ ફરીને તુર્ત દોડીશ પાછો?"

" હા. "

વૃદ્ધા બોલી ઊઠી: " હમણાં જ આવ્યો ને વળી તુજ જઈશ બેટા? તારી મા ભયથી ફફડી મરે છે અને તું તો પારકાને માટે રાતદહાડો દોડાદોડી કરી રહ્યો છે!"

રમેન ઉત્તર આપ્યા વગર બહાર ચાલ્યો. એ વખતે નિરંજના મૂખ ઉંચું કરી બોલી: "સાંભળો, આટલી વાર તો થઈ ગઈ છે. હવે એકાદ કલાક થવા દો. એક કલાક પછી તમે જાઓ એટલે એ ચીજો મોકલી દેજો. કેવી રીતે ઉપયોગ કરવાનો છે તે મને કહો એટલે હું તે વ્યવસ્થા કરી લઈશ. "

નિરંજના રમેનને ધીમેથી આ કહી રહી હતી તે ડૉક્ટર પણ સાંભળતા હતા. રમેને ડૉકટરની તરફ નજર કરતાં જ જોયું કે ડૉકટર નિઃશબ્દ બની તેમની તરફ જોઈ રહ્યા હતા. રમેનની સાથે દ્રષ્ટિ સંધાતાં જ ડૉકટરે રમેનને કહ્યું : " તો પછી થશે. બેસ, બહું થાકી ગયો હઈશ." "ના ઘરમાં તથા બહાર બધે ખરાબ હવા જામી ગઈ છે. એમાં રહેવું બધાંને માટે જોખમકારક છે. ઢીલ કરવી ઉચિત નથી. હું હમણાં જ જાઉં છું."

ના પાડ્યા છતાં રમેન ફરી ચાલ્યો ગયો. ડૉકટર દવાની અસર તપાસવા નિસ્તબ્ધભાવે બેસી રહ્યા હતા. તે કદી રોગિણીની તરફ અને કદીક બહારના દરવાજા તરફ જોતા હતા. નિરંજના કાકીની પીડાને ઓછી કરવા માટે પ્રાણપણે સુશ્રુષા કરી રહી હતી.

કલાકમાં બે ત્રણ વખત દવા આપવાથી ફાયદો જણાવા લાગ્યો. વચ્ચે વચ્ચે દર્દીને તંદ્રા આવવા લાગી. રમેન પાછો

આવ્યો અને દવાઓ છાંટવાનું કામ કરી રહ્યા પછી તે ડૉક્ટરને કહેવા લાગ્યો: "હા, તમે હવે જાઓ. મજૂમદાર વાડીમાંથી બોલાવવા માણસ આવીને બેઠો છે, તે હું જોઈને આવ્યો." ડૉક્ટર ઊઠીને ઉભા થયા અને બોલ્યા : "તમે?"

રમેન નીચી નજર રાખીને જ બોલ્યો: "હું અહીં જ છું."

ડૉક્ટર ગંભીર સ્વરે આજ્ઞાસૂચક રીતે બોલ્યા: "હું ડૉક્ટર તરીકે કહું છું કે, તમારે ખાવાની તથા બે કલાક ઉંઘવાની હાલ જ જરૂર છે. ભૂખ્યાપેટે તમારે આજે અહીં વધુ વાર રોકાવું ન જોઈએ. બે કલાક તમારે ઉંઘવું જ જોઈએ, કારણ કાલ આખી રાત તમે જાગ્યા છો."

વૃદ્ધા બોલી: "ખરી વાત છે! જા ભાઈ, જા તારી માતાનો એકનો એક આધાર છે. ખાઈને ઉંઘી ઊઠ્યા પછી આવજે."

રમેન હવે કંઈ ન બોલતાં ડૉક્ટરની સાથે બહાર જવા લાગ્યો. તે વખતે મૃદુ અવાજ આવ્યો: "રમેન દાદા,"

રમેન નીચી નજરે જ નિરંજના પાસે જઈને ઉભો રહ્યો. વસ્ત્રના છેડેથી કાંઈક વસ્તુ છોડીને નિરંજનાએ તે રમેનના પગ પાસે મૂકી, પછી તે એવા ધીમા સ્વરે રમેન સાથે કંઈક વાત કરવા લાગી કે ડૉક્ટર તે સાંભળી શક્યા નહિ. પછી કર્તવ્યવિમૂઢની પેઠે રમેને જ્યારે સોનાનાં બે નાનકડાં કર્ણફુલ ભોંયથી ઉચકી લીધાં અને તેણે ડૉક્ટરની સામે જોયું ત્યારે ડૉક્ટરને શી હકીકત હતી તે સમજતાં વાર લાગી નહિ. ડૉક્ટરનું ઋણ ફેડવા માટે જ તે ફુલ નિરંજનાએ રમેનના હાથમાં મૂક્યાં હતાં. રમેન કંઈક કહેવા જતો હતો પણ તેને તેમ કરવાની તક મલે તે પહેલાં જ ડૉક્ટર તેને "ચાલો" કહીને

ખેંચીને ઓરડામાંથી બહાર નીકળ્યા. તે પછી તેના હાથમાંથી પેલાં બે ફુલ ઉપાડી લેતાં બોલ્યાઃ “આ શું છે? કાનનાં ફુલ?” “હા” કહીને રમેન લુખ્ખુ હસ્યો. તે પછી ફરી બોલ્યોઃ “પણ તમે તો...”

એટલી વારમાં તો એ બેઉ ફુલ ડૉક્ટરે પોતાના ખીસ્સામાં મૂકી દીધાં. “હું મજૂમદાર વાડીમાં જાઉં છું. તમને કહ્યું તે સમજ્યાને! ઘેર જઈ ખાઈને બે કલાક ઉંઘી જાઓ!”

રમેન સડક થઈ ગયો. પોતે બેઉ કર્ણફુલ નિરંજનાને પાછાં આપી શકશે એમ તેની ધારણા હતી. પરંતુ રાજેન્દ્રે તે લઈને ખીસ્સામાં મૂકી દીધાં એ કેવી નવાઈની વાત? ભુલથી તો એમ નહિ થયું હોય? ઠીક છે, પાછળથી જોઈ લેવાશે. રમેન નમ્રતાપૂર્વક મિત્ર તરફ જોઈને બોલ્યોઃ “હું કલાકેક પછી જ જઈશ. એમનામાં જરા હિંમત આવે ત્યાં સુધી બેસવાની મને જરૂર લાગે છે.”

“એક કલાક બેસીશ તો’યે બહુ સુધારો નહિ થાય. કેસ સામાન્ય નથી રમેન. છોકરવાદી ન કરીશ. તું એ લોકોની બુદ્ધિ, હિંમત બધું જાણે છે. માટે તું હાલ જ આરામ લેઈ સ્વસ્થ થાય એ ઈષ્ટ છે.”

રમેન ડૉક્ટર તરફ થોડીવાર જોઈ રહ્યો અને પછી બોલ્યોઃ “તો પછી દર્દ એકદમ અસાધ્ય છે?”

“અત્યારે કાંઈ કહેવાય નહિ. પણ હજી તેવું જ લાગે છે. ચાલ, તું અત્યારે ઘેર ચાલ!”

ડૉક્ટરના હાથમાંથી હાથ છોડાવી દઈને રમેન હાથ જોડીને બોલ્યોઃ “તો પછી મને જવાનું ન કહો ભાઈ! આવા સમયે એમને વિપદમાં એકલાં ન મૂકાય.”

ડૉકટર હસીને થોડીવારે બોલ્યો : " પણ જો, તું અહીં રહી તો નહિ જ શકે. મેં એમના કાનમાં એવો બીજમંત્ર મૂકયો છે કે તેઓ તને ભગાડી જ દેશે. માટે કહું છું હવે ચાલ..."

" ઠીક, તે તો જોઇશ. ત્યારે તમે પેલાં બે ફુલ..."

" હા, હું લઈ જાઉં છું. "

" તે લઈને નકામાં શું કરશો ? લાવોને પાછાં આપી દઉં."

" નકામાં શા માટે ? મારી વિઝિટનો બદલો છે."

" રસિકતા દર્શાવવાનું સ્થાન ને સમય બહુ સારાં મળી ગયાં ભાઈ! હવે આપી દોને..."

" માત્ર યોગ્ય સ્થાન ને સમય નહિ, યોગ્ય પાત્ર પણ મળ્યું છે " એમ કહીને ડૉકટર સડસડાટ કરતો ચાલ્યો ગયો. રમેન તદ્દન અવાક્ બનીને ડૉકટરની આ અપૂર્વ લાગતી રમૂજ સમજવા મિથ્યા પ્રયાસ કરતો હતસ્વભાવથી નિરંજનાના ઘરની ઓસરીમાં જ્યાં ઉભો હતો ત્યાં જ જડાઈ ગયો.

પ્રકરણ ૫ મું

ડૉક્ટરની વ્યથા ?

રોગનુ પ્રથમ આક્રમણ પસાર થઈ ગયા છતાં પણ નિરંજનાની કાકી મરડાને લીધે થોડા દહાડા પથારીવશ રહ્યાં. ડૉક્ટરને તેથી બહુ સંતોષ થયો નહિ. કારણ આવા કેસ તેણે ઘણા જોયા હતા. એકી સાથે રોગનું મુખ ફર્યું તો ફર્યું પણ વાઘની પેઠે પૂછડી પટપટાવતું બેસી રહે તે શુભલક્ષણ ન ગણાય, એમ તે માનતો હતો. કોઈ પણ સમયે દર્દી અસાવધ રહે તો તુરત રોગ ભયાનક રીતે હુમલો કરે. પરંતુ સૌના મનમાં થવા લાગ્યું કે, રોગ ધીમો પડ્યો છે એટલે હવે ડોશી બચી જશે. પાડોશીઓ કહેવા લાગ્યા કે હજારો ઘા પડે તોયે વિધવાના જીવનને તો કાંઈજ થાય નહિ. રતન બોઝ કેવા સારા માણસ હતા, તે ચાલ્યા ગયા! પૂન: પૂન: સાવધાનતા રાખ્યા છતાં રમેને પણ હવે માન્યું કે હવે ભય નથી. રોગીનાં સગાં સબંધીની પેઠે તે પણ આશાન્વિત બની જવા લાગ્યો.

તે દિવસે રમેન ડૉક્ટરને ધીમેથી કહેવા લાગ્યો: “ હવે,

તમે તેમને ત્યાં નહિ જાઓ તો પણ ચાલશે." ડૉક્ટર જરા વિસ્મયપૂર્વક બોલ્યો: "કેમ વારું ? મેં તને કહ્યું નથી કે હજી મારા મનની ભીતિ ટળી નથી ? અત્યારે..."

"પણ એ તો તમારો મિથ્યાભય છે. હવે તો બહુ સારું છે. ઉઠે બેસે છે ને વાતચીત પણ બરોબર કરે છે. મારા મત પ્રમાણે હવે ચિંતા જેવું નથી. આ વખતે બચીજ ગયાં."

"ચાલ જો, એકવાર જોઈ આવીએ."

"પણ જુઓ, તમારા સમયના પૈસા પડે છે. માટે હવે ત્યાં ન જાઓ તો પણ નભશે."

"મારા સમયના પૈસા પડે છે એમ ?" ડૉક્ટર ખડખડાટ હસ્યો. "હા. મારા સમયની ઘણીજ કિંમત લેવાઈ ગઈ છે. હવે વધુ હું લેવા ઇચ્છતો નથી."

રમેન ગંભીર મુખે બોલ્યો: "રમુજ ન કરો. ગરીબના ઘરનાં પેલાં બે ફુલ પેટે તમારી મહેનત પાંચ સાત દિવસની દોડાદોડી અને ચિકિત્સાનું ઋણ વળી ગયું છે એમ કોઈ માનતું નથી. ઔષધના પૈસાની વાત તો દુર જ રહી. આથી તે લોકો સંતાપ પામે છે કે, તેમની હવે કાંઈ પૈસા ખર્ચવાની તાકાત નથી. તમે હવે તેમના માટે તમારો આટલો બધો સમય નષ્ટ કરશો નહિ."

ડૉક્ટરે હસતાં હસતાં જ કહ્યું : "તું તો આ થોડા માસથી જોતો આવ્યો છે રમેન, કે મારી પાસે જે દર્દી આવે છે તેને હું સંપૂર્ણ આરામ થતાં સુધી જોયા વગર છોડતો નથી. તેઓ જે કહેવું હશે તે કહેશે, હું મારું કામ કર્યે જઈશ."

"હું પણ તેઓને એજ કહું છું પણ તેઓ બહુ સંકોચ અનુભવે છે. જરા જુઓ, આજે મને શું કામ સોંપવામાં આવ્યું છે તે?"

ડૉક્ટર હસીને બોલ્યા—"હા, હવે તારા મુખ પરના ભાવોનું કારણ સમજવામાં આવ્યું. જોઉં, શી વસ્તુ છે વારુ?"

"જોઈને શું કામ છે? તે વેચીને જે કંઈ આવશે તે તમારા દવાના બીલ પેટે જમા કરાવવું પડશે."

"વેચીને?" અરે બતાવો તો ખરા એવી શી વસ્તુ છે?"

"હા, બતાવું અને ટપ દઈને તમે ગજવામાં નાંખી દો. પરિણામે શું કિંમત ઉપજે તે વાત પણ તેમને કરી શકું નહિ." ડૉક્ટર મોટેથી હસીને બોલ્યા—"તમારો તે ગુસ્સો હજી શમ્યો નથી? ના દેખાડો તો શું તે છે મોઢેથી કહો."

"એક પદક છે."

ડૉક્ટર થોડીવાર ચૂપ રહીને બોલ્યા—"પહેલા દિવસે તો મને પુરતું આપ્યું છે, પછી?"

"તે બે સામાન્ય ફુલથી તમારું બીલ શી રીતે પુરું થાય?"

"સામાન્ય તો મેં કહ્યાં નથી. મને લાગે છે કે આ પદક ટુનીમણીનો હશે."

"હોઈ શકે, હું તે સોનીની દુકાને વેચવા જાઉં છું."
"પણ હું તમને ત્યાં જવા દઈશ નહિ. તમે સ્વેચ્છાસેવક તરીકે કામ કરો છો તો પછી દલાલી કરવાની શી જરૂર છે? પદક મને આપી દો."

"તેઓ મારા ઉપર ગુસ્સે થાય. વળી તમને તે આપવામાં સંકોચ પણ શાનો હોય? પણ તમે તે લઈજ..."

"પેલાં બે ફુલ તુર્ત લઈ લીધાં હતાં તેથી એમ ધારે છે? એક વસ્તુ લઈ લેવાની લાલચ જન્મી તેથી દરેક વસ્તુ લઈ લઈશ, એવો તારો તર્ક બરાબર છે? પણ એ એક જાતની જુદી જ વસ્તુ હતી. મારી ઇચ્છા હતી કે આવાં બીજાં ફૂલ ઘડાવીને તેમાં નંગ જડાવીને એક આખો સેટ મિત્ર પ્રેમની નિશાની તરીકે જતી વખતે તને ભેટ આપવો. હવે સમજ પડી?" હાસ્યપૂર્વક નયન નચાવતાં ડોક્ટરે રમેન તરફ જોઇને આ વાત કરી. તેજ વખતે રમેનનો ચહેરો લાલચોળ થઈ ગયો. "આ શું કહો છો તમે" કહીને રમેને ચકિત થઈને પોતાનું મોં બીજી દિશામાં ફેરવી લીધું. રાજેન્દ્ર સ્થિર નજરે તેના તરફ જોતાં જોતાં ગંભીર ભાવથી બોલ્યો–"હાંસી કરતો નથી. તે દિવસ માટે જ એ બે ફૂલ મેં લઈ લીધાં હતાં રમેન."

રમેનનું મુખ તથા આંખ આટલી વારમાં ફિક્કાં પડી ગયાં હતાં. તે ધીમા સ્વરે બોલ્યો–"માજી પાસે તથા બીજી વૃદ્ધ ડોશીઓ પાસેથી એક પુરાણી ઘટનાનો આભાસ મલવાથી તમે મારા માટે એક હાસ્યજનક વિચાર કરી બેઠાં છો. પણ તે તમને શોભતું નથી. એથી મારા ઉપર નિર્દય કટાક્ષ..."

વિસ્મીત થઈને રમેનનો ધ્રૂજતો હાથ પોતાના હાથમાં ખેંચી લઈને જોરથી દબાવી રાજેન્દ્ર ગંભીર સ્વરે "રમેન" એમ બોલ્યો. પણ રમેન આગળ બોલ્યો નહિ. થોડીવાર ચૂપ રહ્યા પછી રમેન કરૂણ સ્વરે બોલ્યો–"હું મારી પ્રત્યેના તમારા સ્નેહને નથી સમજતો એમ માનશો નહિ. જેથી આઘાત થાય એવી કોઈ વાત તમે ન કરો એમ હું જાણું છું પણ તમને ખબર નથી—તમને મેં કદી કહ્યું પણ નથી કે મારા અંતરમાં કેટલી કેટલી વેદના ભરેલી છે. તેથી કહું છું..."

તેને અટકાવીને શાન્ત ગંભીર સ્વરે રાજેન્દ્ર બોલ્યો–" તે હું જાણું છું રમેન. તું ન કહે છતાં તારી વેદના હું જાણું છું, પણ તે કેટલી અને કેવી છે તે નથી જાણતો. તેથી તારા તે રૂંધાયેલા પ્રવાહનું મુખ ખુલ્લુ કરવા માગું છું.

" મારી પાસે તારા જીવનની બધી વાતો તેં કરી છે તો આ સર્વોત્તમ વાર્તા શામાટે ગુપ્ત રાખે છે?" રાજેન્દ્રના હાથમાં હજી પણ રમેનનો હાથ કંપી રહ્યો હતો. રાજેન્દ્ર ગૂપચૂપ તેનો હાથ પોતાની પાસે ખેંચી લાવ્યો અને બંને જણ એક પાટલી ઉપર બેસી ગયા. એક હાથે રમેનનો એક હાથ પકડી બીજે હાથ તેના ખભે મૂકીને રાજેન્દ્ર પણ ગૂપચૂપ બીજી તરફ નજર રાખી બેસી રહ્યો. રમેનને વેદના થાય તેમ ધારીને તેણે તેની સામે જોવાનું ઉચિત માન્યું નહિ. આ નિઃશબ્દ સહાનુભૂતિથી રમેનને ઘણી શાંત્વના મળી. તે ધીમે ધીમે બોલ્યો : " પણ તેથી શું લાભ થશે? એ વાત પોતાના મનની આગળ પણ ખોલવા જેવી નથી. જે વાત અંતરાત્મામાં ઉતરીને મનને પણ અસ્પર્સ્ય અને અગમ્ય બની ગઈ છે તેને મનમાં પાછી ખેંચી લાવવી એ પણ પાપ છે. એ વાત હવે શા માટે સંભાળવી ભાઈ? મારી પોતાની સમક્ષ પણ જે અસ્પૃસ્ય, તે તમારી પાસે પણ તેવું જ કેમ ન રાખવું?"

ડૉકટર થોડીવાર ચૂપ રહ્યા પછી એકાએક બોલ્યા : " પણ શા માટે? જે વાત આત્મામાં જડાઈ ગઈ છે તેને મનમાં લાવવી એ પણ શું પાપ ગણાય? તે તો આપણી તૃષ્ણાનું જલ, ક્ષુધાનું અન્ન, સર્વકામનાની તૃપ્તિ અને સર્વવ્યથાની શાન્તિ સમાન ગણાય. એ કેવો ધર્મ? જે આત્મમાં એકત્વ પામ્યું છે તેને અધર્મ કહેવો એ ક્યાંની વાત? એ માનવીનો સાચો

ધર્મ નથી પણ આત્મા ઉપરનો અત્યાચાર છે. એનું નામ સમાજ ? એનું નામ દેશાચાર ?"

"મનુષ્યને સમાજ સિવાય રહેવાનું ઠેકાણું નથી. તેથી તે વિષયનું મનમાં ચિંતન કરવું એ પાપ છે. કદાચ તે સધવા છે—કદાચ તેનો સ્વામી હયાત હશે."

"હશે, તેથી શું ? તે સ્વામી સાથે તેને શું ? તેની સાથે તેના અંતરનો કોઈ જાતનો યોગસૂત્ર છે ખરો ? અને જેની સાથે તે આટલી એકાત્મ બની ગઈ છે તે તેનો કાંઈજ ન થાય ?"

રમેન લજ્જાપૂર્વક વચ્ચે બોલી ઊઠયો : "તેને ઉદ્દેશીને આ બધી વાત ન કરશો ભાઈ. તેની વાત હું જાણુતો નથી. જે વખતે વિવાહની વાત ઉપડી હતી ત્યારે તેની તે બાબતમાં સંમતિ હતી. પણ તે પછી આ ચાર પાંચ વર્ષની કાંઈ વાત હું જાણુતો નથી. તે વખતે તે તેર ચૌદ વર્ષની બાલકી હતી. તે વખતના રમવા ખેલવામાં આ વાત કદાચ તેણે યાદ પણ નહિ રહી હોય."

રાજેન્દ્ર જરા હસીને બોલ્યો—"શું બકે છે પાગલની પડે ? છોકરીની જાત કદી એ વાતને ભૂલે ? તે તમારો તે દિવસનો સ્નેહ ભૂલી છે એમ કહેલા માગો છો ! અને તે પણ તેના જેવી સ્થિતિમાં ! જો તેનો સ્વામી તેને મળ્યો હોત અને સ્નેહનું આદાનપ્રદાન થયું હોત તો તેમ બનત. કારણ આવી ઘટનાઓ વિરલ નથી. પરંતુ આ બાબતમાં એ બનતું શક્ય નથી. ?"

રમેન જાણે ભયભીત થઈ બોલી ઊઠયો "ના, ના, હું

એના વિષે કશું જાણુતો નથી, એની કંઈ વાત હું કહી શકું તેમ નથી. ના...તે..."

રાજેન્દ્ર થોડીવાર સ્તબ્ધ બની રમેનની તરફ જોઈ રહ્યો, પછી મૃદુ સ્વરે બોલ્યો–"તેની સાથે તો તમે વાતચિત કરો છો અને એક બીજાને મલી શકો છો..."

રમેન વચ્ચે જ બોલ્યો–"હમણાં જે રીતે રોજ મલવાનું થાય છે અને વાતચિત થાય છે તેવી આજ સુધી નો થતી નહતી. તે વાત બન્યા પછી વાટે ઘાટે ક્યાંક અકસ્માત મલતાં તે પણ સરકી જતી અને હું પણ તેમજ કરતો. તેમને ઘેર ચાર વર્ષ પછી રતનકાકાની મરણપથારી વખતે જ હું ગયેલો અને આ ડોશીના મંદવાડ વખતે હાલ જાઉં છું. તે સિવાય તે પછી તેની સાથે મારે કોઈ દિવસ કાંઈ વાતચિત થઈ નથી."

"વાતચિત ન થઈ તેથી શું થયું રમેન? મનુષ્યનું અંતર શું માત્ર વાતચિતની જ અપેક્ષા રાખે છે? સોસો વાતોથી જે વાત પ્રગટ ન થાય તે વાત એકાદ દ્રષ્ટિપાતથી અગર કોઈ એક રીતભાતથી પ્રગટ થઈ શકે છે?"

"રમેન થોડીવાર વિચાર કરીને બોલ્યો–" ના તેમ નથી." જરા મ્લાન હાસ્ય કરીને ફરી બોલ્યો–" મારામાં તેવી તદબીર નથી એમ માનો. તેથી તો એને મનને માટે અગમ્ય લેખું છું."

"પણ તમે લગ્ન કર્યા વગર આ રીતનું જીવન ગાળો છો –આ તમારો સંન્યાસીનો સાજ–એ કોને માટે છે, તેનો એ કદીપણ વિચાર નહી કરતી હોય એમ માનો છો? તમે તે પાગલ છો કે શું?"

"રમેન થોડીવાર સ્તબ્ધ બની વિચારમાં પડી ગયો. કંઈક આશા નિરાશામાં ઝોલા ખાતાં તેણે પ્રત્યુત્તર આપ્યો–" શું ખબર કંઈ ચોક્કસ કહેવાય નહિ. મેં મારું લગ્ન કરવા એક સંન્યાસીએ હાથની રેખા જોઈ મને મના કરી છે તે વાત માને કહેલી છે. તે કદાચ તે જાણતી હશે."

"પણ આગળની વાત તે કંઈ ભૂલી જાય ખરી?"

"પણ તેવી જ રીતે તે વિવાહિત હતી અને કદાચ તેનો સ્વામી જીવે છે એ વાત તે કાંઈ ભૂલી જઈ શકે?

'ન ભૂલે પણ તે વાત ખરી નથી. એ તો ઉપજાવી કાઢેલી વાત છે. હું ખરી અસલ વાત જાણવા માગું છું કે જેથી તેનો સ્વામી છે કે નહિ તે વાતનો સદાને માટે નિર્ણય થાય."

"અરે! પણ તમે સાહેબ લોક છો એ વાત ભૂલી ન જશો. નાનપણમાંથી યુરોપમાં રહીને તમે જેને ધર્મ માનતા થયા છો તે અમારા દેશમાં કબુલ થશે એમ માનો છો? તમારી એ નીતી સર્વત્ર લાગુ પડશે નહિ."

"થોડી એવી નીતિકથાઓ છે જે સર્વદેશમાં, સર્વકાલમાં, સર્વ હૃદયમાં એક સરખી હોય છે. તેની રચના જેનાથી થાય તેજ દેશ કાલ પાત્ર કહેવાય. જુઠ્ઠી કૃત્રિમ વાતો પછી થશે પહેલાં અસલ વાતની ખોજ કરવા માંગુ છું."

"તે ખોજ આ દેશમાં શક્ય બનશે કે કેમ તે શંકા છે. અહીં તો કુદરતે બક્ષેલી વસ્તુઓનો પણ વંશપરંપરાના ક્રમે લોપ થઈ જાય છે. સ્વાધીન હૃદય–નીતિનું રાજ્ય વનના પશુ-ઓમાં જ રહ્યું છે. – મારી આ વાતથી ગુસ્સો ન કરશો

ભાઈ. આ દેશના જન્મગત સંયમના સંસ્કાર જ એવા છે કે નિરંજના તેના લગ્નની વાત અને સ્વામીની વાત જરૂર મનમાં ચિંતવ્યા કરતી હશે. તેથી...”

આ વખતે રાજેન્દ્ર અસહિષ્ણુભાવે ઉભો થઈ બોલી ઊઠ્યો : “ એ વાત છોડ હવે, અસહ્ય લાગે છે. એ વિવાહ તે વિવાહ કહેવાય ને સ્વામી તે ખરો સ્વામી કહેવાય કે જેની નિરંજનાને કશી ખબર જ નથી ? એવા કલ્પિત સ્વામીને માટે આ તું આટલી બધી ભાંજગડ ને ખેંચતાણ શાનો કરે છે ? મારું કામ પણ એ ભાંજગડમાં ભૂલાવી દીધું. ચાલ તારી બૂઢ્ઢી કાકીની ખબર કાઢવા જવાનું છે.”

રમેન નિરૂપાય બની ધીમે ધીમે રાજેન્દ્રની પાછળ ચાલ્યો. ઘરના બારણા પાસે પહોંચતાં આજ તેના પગ ભારે થઈ ગયેલા લાગ્યા.

“ તમે જોઈ આવો, હું જઈશ. ” તેને જતો જોઈને રાજેન્દ્રે તેના હાથમાંની સોનાની વસ્તુ પડાવી લેઈ કહ્યું : “ ભલે જાઓ ! ”

દર્દીને જોઈને રાજેન્દ્ર જરા શાંત થયો. આરોગ્યનાં ચિન્હ જણાતાં હતાં – છતાં હજી એક બે દિવસ સાવધ રહેવાની સૂચના કરીને રાજેન્દ્ર બોલ્યો: “ હજી હું એક બે દિવસ આવીશ, તેથી તમે સંકોચ પામશો નહિ. ડૉકટરને આવું ફરજીયાત કહેવાનો અધિકાર પણ છે. ” સ્ત્રીઓ આ સાંભળી માંહેમાંહે ગૂપચૂપ વાતો કરી રહી. શું ઉત્તર આપવો તે કોઈ નિશ્ચિત કરી શક્યું નહિ. છેવટે વૃદ્ધા સંકોચપૂર્વક બોલી : “ તમે કાંઈ ડૉકટરની પેઠે ઓછા વર્તો છો ભાઈ? તમને ગમે તે કહેવાનો હક્ક છે, તમારા જેવા છોકરા તો ભાગ્યે... ”

" મને ઘરનો માણુસ માનો છો તેથી જ તમે આ મણીના ગળાનો પદક મારી વિજિટ ફી માટે વેચવા મોકલ્યો હશે માજી ? " આમ કહીને રાજેન્દ્રે પેલો પદક વૃદ્ધાના પગ પાસે મૂકી દીધો.

વૃદ્ધા આ જોઈ વધુ સંકોચ પામી બોલી : " હું એમાં કાંઈ જ જાણતી નથી બાબા. એ બધું નિરંજના જાણે. તમારું ઋણ, તમારો પ્રયાસ એ બધાંનો તો કંઈ બદલો વળી શકે તેમ છે બાબા ? અમારું તેવું ગજું પણ શું છે કે..."

" જો બદલો વળે તેમ નથી તો શા માટે બદલો વાળવા મથો છો માજી ? આપ રમેનનાં દિદિમા હોઈ મારાં પણ દિદિમા થાઓ."

દિદિમા લજ્જિત થતાં બોલ્યાં " એ તો મહા ભાગ્યની વાત છે ભાઈ, તમે મારા પૌત્ર છો. બદલો વાળવાની વાત મને ન કહેશો. હું એમાં નથી જાણતી." આમ કહીને દાદીમાએ પોતાની જાતનો બચાવ કરી લીધો.

હવે નિરંજનાનો જવાબ દેવાનો વારો આવ્યો. તે મુખ ઉંચે કરી દાદીમાની વાતનો તંતુ પકડી લઈ કંઈ કહેશે એ આશાથી ડૉક્ટરે નિરંજના તરફ દ્રષ્ટિ કરી. બંનેની દ્રષ્ટિ એક થતાં નિરંજનાએ જોયું કે ડૉક્ટર તેનો પ્રત્યુત્તર સાંભળવા કાન માંડી ઉત્સુક બની ગયો હતો. સંકોચથી નિરંજનાનું ગળું રૂંધાઈ જવા લાગ્યું. છતાં કર્તવ્યનો ભાર ઉઠાવવાની ફરજ માની તે મૃદુ સ્વરે બોલી : " અમે તમારા ઋણનો બદલો વાળવા પ્રયાસ નથી કરતાં. માત્ર દવાના પૈસા આપવા જોઈએ તેથી..."

" તે શું મણીનો દાગીનો વેચીને જ આપવાના છે ? બાળકોની જણુસ ઉપર જગતમાં કોઈનો પણ અધિકાર નથી

તે ખબર છે ને ? તમારાં કર્ણફુલ જ્યારે મને આપ્યાં ત્યારે તે મેં પાછાં નહોતાં આપ્યાં – લઈ જ લીધાં હતાં."

"પણ તે કેવડી નજીવી જણસ હતી ? એથી કંઈ..."

"તે બસ હતી. આજે જે ચીજ મોકલી તેથી મને મોટો અન્યાય થયો છે."

લજ્જાથી કૂણિઠત બનેલી નિરંજના રમેનને શીર પોતાની લજ્જાનો ભાર નાંખતી બોલી : "એ તો રમેનદાદાને આપી હતી – આપને તો નહોતી જ આપી. તેમણે આપને એ શા માટે કહી દીધું ?"

"તેને પણ અન્યાય કરવાની જરૂર નથી. તેની પાસેથી મેં ખરીદી લીધું છે. મણીની ચીજ મણીના ગળામાં ફરી પહેરાવી દો. હજી બે દિવસ વધુ તમે મારો દુરાગ્રહ સહન કરી લેશો એમ આશા છે. કાકીજીને હજી એક બે દિવસ બાદ બરોબર નિરોગ જોયા પછી જ હું નિશ્ચિત થઈશ. આપે હજી મને બે ત્રણ દિવસ વધુ આવવા દેવો પડશે."

સહુને એક પ્રકારના ઉચ્ચ વિચારોમાં મંત્રમૂગ્ધ કરી રાખીને ડૉકટર માથુ ઝૂકાવી ગૂપચૂપ ચાલતો થયો. માત્ર નિરંજના મનમાં વારંવાર વિદ્યુતશક્તિની પેઠે ચમકી ઉઠતી હતી કે, ડૉકટરના વિચારોમાં આજ આવો પલટો ક્યાંથી આવ્યો ? તેની વાતચિત આજે જાણે ઉંડી વેદનામાંથી બહાર આવતી હોય એમ તેને લાગ્યું. એનું શું કારણ ? નિરંજનાએ પેલો પદક મોકલ્યો તેના લીધે ? ગરીબ માણસો ડૉકટરનું મહત્વ સમજી તેનું ઋણ ન વાળી શકે એવો ખ્યાલ હોવાથી આમ બન્યું હશે ? તેથી ડૉકટરના મુખની ઉજ્વળ કાન્તિ મ્લાન શા માટે બને ? આશા આવી વેદનાભરી શી રીતે બને ? અને વિદાય

થતા પહેલાં એક બે વાર આવી જવાની સૂચના કરી તે વખતની દ્રષ્ટિ ! એ દ્રષ્ટિનું સ્મરણ થતાં જ નિરંજનાના અંતરની વિદ્યુત વધુ ને વધુ ચમકારા મારતી તેના હૃદયને સ્પર્શતી તેને ઘડી ઘડી અધિર કરવા લાગી. એ દ્રષ્ટિ કેવી વિષાદભરી હતી ! કેવી મ્લાન હતી ! કેટલી કાતરતા એમાં ભરેલી હતી ! પણ એનું કારણ શું ?

નિરંજના ઉંડા વિચારમાં ઉતરી ગઈ. ડૉકટરની વાતચિતમાં અને મનોભાવમાં આજે એકાએક મહા પલટો શી રીતે આવ્યો અને એના હૃદયમાં એવી ઉંડી વેદના કેમ જાગી તે તેને ઝટ સમજાયું નહિ. શું ડૉકટર તે લોકોની અકૃતજ્ઞતા જોઇને હૃદયમાં વ્યથા પામ્યા હશે ? તેઓના આવા વ્યવહારથી એ મહા પ્રાણને શું પોતાનું અપમાન લાગ્યું હશે ? અરે, તેઓ શું આવી ભૂલ કરે ખરા ? ગરીબ હોવા છતાં પોતાનામાં એક જાતનું મનુષ્યત્વ તો છેજ. તે જાણીને તો તેમણે બે કર્ણફુલ લઈ લીધાં હતાં. એ વાતને તેમણે પોતાના ઔદાર્ય તરીકે ગણાવી પણ એથી એમને આટલું બધું દુઃખ શા માટે થવું જોઈએ ? પોતાને થયેલા અન્યાયને લીધે ? તેમના જગજાહેર મહત્વનું અપમાન થવાને લીધે ? અને એ અપમાન પણ અમારા દ્વારા સંભવિત છે ? તેમને રમેન દાદા મારફતે નિરંજના કહેવડાવી દેશે કે ગરીબ નિરંજનાએ તેમનું અપમાન કર્યું નથી.

•

પ્રકરણ ૬ઠ્ઠું

રમેનની માતા

ડૉકટરની આશંકા ખરી પડી. નિરંજનાની કાકીનો રોગ ફરી ચડી આવ્યો. નિરંજના વગેરેએ એક ભૂલ પણ કરી હતી. રોગીણીની માએ દિકરીને નિરોગી માની ડૉકટરની જાણ બહાર એક બે અપથ્ય વસ્તુઓ ખવડાવી દીધી હતી. નિરંજના અને રમેન તે જાણતાં હોવા છતાં તેનાથી કંઈ નુકશાન થશે એમ તેમને પણ લાગ્યું નહિ. પરિણામે જે થવાનું હતું તે થયું. પૂર્ણ વિકાર પામેલો રોગ સંપૂર્ણ બળથી ચડી આવ્યો. અને ડૉકટરના બધા પ્રયત્ન વિફલ કરીને બે દિવસમાં જ રોગીની સ્થિતિ આખર દશાએ આવી. શુશ્રુષામાં પડેલી હતાશ નિરંજના રમેન અને ડૉકટર સમક્ષ રડતી રડતી બોલી – "કાકીમાને અમે જાણી જોઈનેજ મારી નાખ્યાં. તમારો વખતો વખતનો નિષેધ સમજ્યા વગર હવે ભય નથી એમ અમે માની લીધું. આતો હવે રોગનો નહિ પણ નસીબનો જ દોષ છે. રોગને તો આપે મારી જ હઠાવ્યો હતો. આ વખતે તો મેંજ કાકીને મારી નાખ્યાં."

અવસાદગ્રસ્ત રમેને ધીમે ધીમે નિરંજનાની વાતનો વિરોધ કરતાં કહ્યું : "એ ભૂલ કરવાનો તમારો અધિકાર છે. ખરેખર મોટી ભૂલ તો મારી થઇ. મેં દિદિમાને બરોબર ખખડાવીને સમજ ન પાડી એ મારી જ ભૂલ થઈ. રાજેનબાબુએ તો મને આ વાત કહી જ હતી. એટલે મેં જ એમને માર્યાં, બીજું શું ?"

નિરંજના તેનો પ્રતિવાદ ન કરતાં અશ્રુ લૂછવા લાગી.

ડૉકટર તેમની વાતચીતમાં ધ્યાન આપ્યા વગર રોગીની ચિકિત્સા કરવામાં મશગૂલ બન્યા. થોડીવારે નિઃશ્વાસ નાંખી ડૉકટર વ્યગ્રતાપૂર્વક ઉભા થયા. તેજ વખતે રમેને પૂછ્યું : "તમે અત્યારે જાગો છો ?"

ડૉકટરે ઉત્તર ન આપ્યો પણ રમેન તરફ એવી દ્રષ્ટિથી જોયું કે હવે ડૉકટરની જરૂર રહી નથી, એમ રમેન સમજી ગયો. બારણા તરફ જતા ડૉકટરને જોઇને નિરંજના વ્યાકુળ સ્વરે બોલી : "આપ ખરેખર ચાલ્યા જશો ? હજી થોડીવાર શું થાય છે તે જુઓ, થોડીવાર બેસવા કૃપા કરો. આવી સ્થિતિમાંથી પણ કોઈ કોઈ વાર દર્દી બચી જાય છે, એમ સાંભળ્યું છે. આપ હમણાં જશો નહિ."

ડૉકટર ગૂપચૂપ થોડી વાર બારણાની સાખ પકડી ઉભો રહ્યો. પછી રમેન તરફ જોઈ બોલ્યો : "તમે તો અહીં રહો છો ને ? મારું કામ પતી ગયું છે એટલે હું હવે જઇશ."

શોકથી વ્યાકુળ બનેલી વૃદ્ધા અત્યાર સુધી ચૂપ હતી તે હવે રડતી રડતી બોલી ઉઠી : "તમે હવે શું કરો ભાઈ? હાથે કરીને જેઓ મરવા માગે છે તેમને દેવતા પણ બચાવી શકતા નથી તો તમે શી રીતે બચાવી શકો ? તમે હવે શું કરો ?"

"વૃદ્ધાના રૂદનના સ્વરની વચ્ચે ડૉક્ટર રમેનના મસ્તકને સ્પર્શ કરીને ધીમા સ્વરે બોલ્યો : "ટૂની મણી તમારી મા પાસે છે ખરું ને?"

"હા" રમેને જવાબ આપ્યો.

"હું તેઓને લઈ જાઉં છું અને તમારી માને આ લોકોની પાંસે મોકલી દઉં છું."

"હા, મોકલાવી આપો."

વૃદ્ધા ફરી રડવા લાગી. "માત્ર ટૂની મણી નહિ પણ અમે ચારે જીવ મા વગરનાં થયાં. મારા ઘડપણમાં આ હત-ભાગી દીકરીની આ દશા!...આ જગતમાં મારું હવે કોણ છે?"

ડૉક્ટરના ગયા પછી થોડીવારે રમેનની માતા ત્યાં આવી અને એ લોકોમાં સામેલ થઈ ગઈ. થોડી જ વારમાં દર્દીની બધી જ આધિવ્યાધિનો અંત આવી ગયો. એ લોકોના કરૂણ આર્ત્તનાદથી ગામના લોક સમજ્યા કે વિધવાના જીવનનું પણ મૂલ્ય છે, અને તેને પણ મરણ હોય છે.

થોડીવાર પછી સ્મસાન યાત્રાની તૈયારી માટે રમેન બહાર ચાલ્યો ગયો. થોડી જ વારમાં પાછા આવીને તેણે માતાને કહ્યું કે બધું જ તૈયાર છે. માતા આશ્ચર્યથી બોલી : "એટલી વારમાં જ? આગળથી જ તૈયારી કરી રાખી હતી કે શું?"

"રાજેન બાબુએ બધી ગોઠવણ કરી રાખી હતી."

શબવાહકોના ગયા પછી વૃદ્ધા આર્ત કંઠે બોલી? "અરે રમેન, મણીને સાથે લઈ જા. તેને પાંચ વર્ષ થઈ ગયાં છે, માટે તેના હાથના અગ્નિદાહથી તેની માતાને વંચિત ન કરીશ."

"ડૉક્ટર તેને લઈને ગયા છે"—રમેન રડતી ટૂનીને

પોતાની માતાના ખોળામાં બેસાડી ચાલવા લાગ્યો. માતા તેજ વખતે બોલી : "અરેરે, એ દુધિયા બાળકને અગ્નિદાહ થઈ ગયા પછી હૈયા આગળ ઘાલીને કોણ સાચવાને ઘેર લાવશે?"

નિરંજના ઊઠીને બોલી: "હું જાઉં જેઠાઈમા રમેનભાઈની સાથે?"

"તે ન બને. તું તારી દિદિમા અને ટૂનીની ખબર રાખજે હું જઈશ."

રમેને વિરોધ કરતાં કહ્યું : "કોઈને આવવાની જરૂર નથી. રાજેનબાબુ તેને સાથે જ લઈને જ ગયા છે." એમ કહી તે ચાલતો થયો.

માતા નિસાસો નાંખીને બોલી : "દૈવ આગળ કાઈનું ચાલતું નથી. દૈવ ચારે તરફ દ્રષ્ટિ રાખે છે. ડૉકટરને હાથે કેટલાકેટલા લોક બચી ગયા! પણ જેનું આયુષ્ય ન હોય તેને કોણ બચાવી શકે? પહેલાં તો સારું પણ થઈજ ગયું હતું. પણ આટલા આટલા પ્રયાસે પણ ન બચે તેમાં ડૉકટરનો શું દોષ? ડૉકટર બિચારો ભારે દિલગીર થઈ ગયો છે! એને બહુ જ નિરાશા થઈ લાગે છે."

કોઈએ કહ્યું–"નિરાશ થાય જ ને? કેટલી મહેનત કરતા હતા બિચારા? છતાં ન બચે તેમાં ડૉકટરનો દોષ કહેવાય નહિ આવરદા નહિ બીજું શું? ગરીબના ઉપર તો ડૉકટર બહુ જ મહેરબાની રાખે છે. પરાણુની માને કેટલી મહેનત કરીને બચાવી! ડૉકટરનો આવો જશ ક્યાંય સાંભળ્યો નથી."

આ સાંભળીને શોકાકુળ નિરંજના નિશ્વાસ નાખી વિચાર કરવા લાગી કે, પોતાની મૂર્ખતાથી જ ડૉકટરના શુભ્ર યશમાં

આ એક કાલો ડાઘ પડયો. ડૉકટરની આઠ દશ દિવસની ભારે મહેનત બરબાદ થવાથી ડૉકટર જરૂર તેના ઉપર ગુસ્સે થઈ ગયા છે.

યોગ્ય સમયે બધું કામકાજ પતી ગયા પછી રમેનની માએ નિરંજનાને કહ્યું–"તમારે એ દિવસને માટે મારે ઘેર આવવાનું છે. રાજેન્દ્ર ત્યાં સુધીમાં ઘરને ધોવડાવી રાખશે."

વૃદ્ધા વચ્ચે બોલી ઉઠી–"અમને હવે શું થવાનું છે બેટા? અમારું જે થવાનું હોય તે થાય પણ આવા કાલરોગ પછી તમારે ઘેર શામાટે આવીએ!"

"રોગ તો ગામના ઘેર ઘેર પહોંચી ગયો છે. અને જેના આધારે હું આ સંસારમાં જીવું છું તે તો રાતદહાડો ગામમાં કેવી રીતે રખડે છે તે તો તમે જાણો છો. પછી ચિંતા કોને માટે રાખવી? અને તમારે માટે નહિ પણ આ છોકરાંને માટે તો ખાસ કાળજી રાખવી જોઈએ."

વૃદ્ધા નિસાસો નાંખીને બોલી: "નશીબ કરે તે ખરું. જે ઠીક લાગે તે કરો બેટા!"

નિરંજના વગેરે રમેનની માને ઘેર ગયાં છે. તેમનું ઘર ધોઈને સાફ કરવામાં આવ્યું છે. તે સુકાય તેની રાહ જોવાતી હતી. તેવામાં જ એક દિવસ ઉન્માદની પેઠે રમેન દોડતો રાજેન્દ્રની પાસે જઈને બોલ્યો–"આ વખતે રાક્ષસીએ મારા ઉપર હલ્લો કર્યો છે. ચાલ ભાઈ, હવે મારા ભાગ્યની સાથે પણ યુદ્ધ કરવું પડશે."

ચમકીને રાજેન્દ્ર માત્ર રમેનની સામે જોઈ રહ્યો. એકપણ પ્રશ્ન પૂછી શકયો નહિ. રમેને પોતે જ તેને સમજ પાડી. "સમજ ન પડી?—મારી માને કૉલેરા થયો છે."

ફરી જીવનયુદ્ધ શરુ થયું. ડૉકટરને થોડી જ વારમાં ખબર પડી કે આ યુદ્ધ લાંબો વખત ચાલશે નહિ અને અંતમાં પોતાનો જ પરાજય થશે. પારકાની વિપદમાં રાતદિવસ આથડનાર રમેન પોતાની આફત વખતે નિરાશાથી ભાગી ગયો. માતાની સેવા અગર ડૉકટરને સહાય કરવી એ કાંઈ જ તેનાથી બનતું નહિ. પ્રથમથી જ ઘોર નિરાશામાં ઘેરાઈને તે પડ્યો રહેવા લાગ્યો. રાજેન્દ્ર કોઈ પણ પ્રયાસથી તેને હિંમત આપી શક્યો નહિ.

રોગીની અવિરત ચાકરીમાં અને ડૉકટરને મદદ કરવામાં એક માત્ર નિરંજનાનો જ સાથ હતો. વૃદ્ધ દિદિમા પૌત્ર પૌત્રીને પાસે ખેંચી લઈ માત્ર અશ્રુપાત કર્યાં કરતાં હતાં. તેમનાં જેવાં હતભાગીને પોતાને ઘેર લાવીને રમેનની માએ આ વિપદ શામાટે ઉભી કરી? વૃદ્ધા લજ્જાના દુઃખથી ડૉકટર કે રમેનની સામે આવી શકતી પણ નહતી.

બપોરના ન્હાવા ધોવાના તથા ખાવા પીવાની વખતે રાજેન્દ્ર રમેનને ખેંચતાણ કરવા લાગ્યો, રમેન તિરસ્કાર દર્શાવતાં બોલ્યો : “મારી મા મરી રહી છે અને હું અત્યારે તારે ઘેર ખાવા આવીશ?”

“મારી સાથે ના આવે તો ઘરમાં જ પતાવી દે.”

“તે કરવું હશે ત્યારે કરીશ. તું તારે જે કરવાનું હોય તે કર.”

રાજેન્દ્ર નિરંજનાની તરફ જોઈને બોલ્યો : “આનો શું ઉપાય થાય? ઘરમાં આ વ્યવસ્થા શી રીતે બની શકશે? તમારાથી રોગીને છોડીને પળવાર પણ દૂર જવાશે નહિ. પછી રમેન, ટુની, મણી વગેરેને ખાવા પીવાનું શી રીતે...”

"દિદિમાને હું તૈયાર કરી આપીશ અને તે ભાત બનાવી દેશે." "તો તે પ્રમાણે કરો. હું ત્યાં સુધી મા પાસે બેઠો છું. તમે જઈને તે વ્યવસ્થા કરી આપો."

નિરંજના ઉઠીને ગઈ અને થોડી વારે પાછી આવીને બોલી ; "આપ હવે જાઓ!"

"જાઉં છું. રમેન, તું સ્નાન કરવા ઘાટ ઉપર તો ચાલ!" ડૉકટરે રમેનને ઉદ્દેશીને કહ્યું.

"ઘરના કુવા પર સ્નાન કરીશ. તમે જાઓ."

"આપ જરાવાર બેસો" એમ ડૉકટરને કહીને નિરંજના ફરી ઉભી થઈ. તે થોડીવારે પાછી આવીને બોલી : "કુવાના પાણીથી જ સ્નાન કરી લ્યો ત્યારે."

"જલ તૈયાર થઈ ગયું છે. હવે વિલંબ શીદ કરે છે રમેન, ઉઠ જલદી," ડૉકટરે પણ આગ્રહ કર્યો.

ઘોર વિરક્તિપૂર્વક રાજેન્દ્રની સામે જોઈને રમેન બોલ્યો : "તમે મારે માટે આમ કેમ કરો છો? જે સમય મારે માટે બગાડો છો તે રોગીને માટે વાપરો. હું કાંઈ રોગી છું?"

"તેથી પણ અધિક–તું શોકી, તું આર્ત છે. ઉઠ ભાઈ!" "ના." રમેન બોલી ઊઠયો.

રાજેન્દ્ર નિરૂપાય બની નિરંજના તરફ જોઈ રહ્યો. એ મહાન બલીષ્ઠ યુવકને આજ નાના બાળક જેવો બની ગયેલો જોઈને જાણે ડૉકટરની આંખમાં આંસુ આવી જશે એમ લાગ્યું. નિરંજના રમેન તરફ આગળ વધીને બે હાથ જોડી રૂંધાયેલા સ્વરે બોલી : "અમારી ખાતર પણ એટલું કરો. તમે હવે વધુ સજા ન કરો."

ચૂપચૂપ બની રમેન ઉભો થયો—આંખો લૂછતી નિરંજના હવે ડૉકટરની નિસ્તબ્ધતાનો ભંગ કરતી બોલી: "હવે આપ જાઓ!"

જાઉ છું. તમે રમેનને થોડી હિંમત આપજો. નહિ તો તેને પોતાને માટે ભારે મૂશ્કેલી ઉભી થશે. એ શું કરશે તેની મને તો સમજ જ પડતી નથી."

નિરંજના સંક્ષોભપૂર્વક બોલી: "મને હિંમત આપવાનું કહો છો? કોને લીધે તેમના ઉપર આ વિપદ આવી છે તે નથી જાણતા? અમને આ ઘરમાં લાવવામાં ન આવ્યાં હોત તો માજીને આ રોગ કદીપણ ન થાત."

ડૉકટર શાંત ગંભીર સ્વરે બોલ્યો: "એવા અંધવિશ્વાસથી તમારા મનને વિષાદગ્રસ્ત ન કરશો. તમારી કાકીની બાબતમાં પણ તમારા મનમાં એવો ક્ષોભ છે, એમ લાગે છે. પણ જાણી લ્યો કે તેમના રોગમાં જે બન્યું તે બનવાની પૂરેપૂરી આશંકા હતી જ. એટલે તમારો દોષ નથી. તેવી રીતે આ કેસમાં પણ પોતાનો દોષ માની લઈ મનમાં કષ્ટ ભોગવશો નહિ. આ રોગનાં બીજ આ આખા ગામના જળ, સ્થળ, હવા સર્વમાં ફેલાઈ ગયાં છે; અને સમય મળતાં તે રોગ બધે ફેલાઈ રહ્યો છે."

ફરી એક વખત રોગીની પરીક્ષા કરીને ચિંતાતુર ભાવે ડૉકટર ચાલ્યા ગયા. જતાં કહેતા ગયા: "તમારાં પોતાનાં સ્નાન આહારમાં પણ નિષ્કાળજી કરશો નહિ. યાદ રાખજો કે શરીર સ્વસ્થ રાખશો તો જ રોગની સાથે યુદ્ધ કરી શકાશે. રમેન પાછો આવે એટલે તેને બેસાડીને તમે ઉઠજો."

અશ્રુભર્યાં નેત્રે માથુ નીચે નમાવી નિરંજના બોલી : "સારું."

ડૉકટરની વાત કેટલી મહત્ત્વની હતી તેનો તે મનમાં જ વિચાર કરી રહી. તેના મનનો મહા અનુતાપ ડૉકટરના કથનથી થોડો શાંત થયો.

ડૉકટરને થોડી વારમાં જ પૂનઃ દર્દીની ખબર લેવા આવવું પડ્યું. આવીને જોયું તો રમેન બહુ જ આશાવાદી બની માતા પાસે ગયો હતો અને ગૂપચૂપ નિરંજનાને મદદ કરતો હતો. ડૉકટર આનંદથી બોલી ઊઠયો : "આજ રીત બરાબર છે !" પછી નિરંજના તરફ જોઈયે બોલ્યો : "મેં તો તમને કહ્યું જ હતું કે, તમે દઢતાથી કહેશો તો જરૂર રમેનને હિંમત આવશે."

ડૉકટરની આ વાતથી નિરંજનાને થોડો સંકોચ થતો હોવા છતાં તે અણુગમો બતાવી શકી નહિ. કારણકે ડૉકટર રમેનને સગા ભાઈથીએ અધિક બની ગયો હતો એ નિરંજના જાણતી હતી. તેઓ પોતે પણ તેનાં બહુ જ આભારી હતાં. આથી તેને ગંભીરપણે વાત કરવાનો અધિકાર છે, એમ નિરંજનાએ માની લીધું.

રોગિણી રાજેન્દ્ર તરફ જોઈ ક્ષીણ સ્વરે બોલી : "પાછા અહીં દોડી આવ્યા ભાઈ? મારા જેવાના જીવન માટે આટલી મહેનત શા માટે કરો છો? મને હવે સારું થયું છે. ખાવાનું આપીને થોડીવાર ઉંઘવા દો !"

રાજેન્દ્ર તેની પથારી પાસે બેસતાં બોલ્યો : "આપને જ જોવા માટે નહિ, પણ બીજે એક બે સ્થળે જોવા જવાનું હતું એટલે અહીં આવ્યો મા. આપને જોઈને બીજે જઈશ." તે પછી નિરંજના તરફ જોઈને પૂછ્યું : "કેમ લાગે છે?"

મ્લાન મુખે નિરંજના બોલી: "છે તેમનું તેમજ છે, કેમ રમેન દાદા?"

રમેન અત્યાર લગી માથુ નીચે નમાવી ચૂપચૂપ બેઠો હતો. તે ધીમેથી બોલ્યો: "મારા કરતાં તમને વધુ ખબર પડે તેમ છે."

પછી ડૉકટર રોગીની પથારી પર ઝૂકીને તેને જુદા જુદા પ્રશ્ન પૂછવા લાગ્યો. તે વખતે રમેને નિરંજનાને ધીમેથી કહ્યું: "અત્યારે તમે ઊઠો હવે!"

નિરંજનાએ ઇશારતથી સમજાવ્યું: "થોડીવાર પછી"

ડૉકટર થોડીવારે સ્થિર બેઠા અને રમેનને કહેવા લાગ્યા: "બહુ તાપ છે. કલાક પછી જ જઈશ. અહીં જ જરા વિશ્રાંતિ લઈશ, માને બરાબર જોઈ પણ લેવાશે."

રમેન બોલ્યો: "પણ આ ઘરનાં બિછાનાં તમારા કામમાં આવે તેમ નથી..."

રાજેન્દ્ર વચ્ચે જ હસીને બોલ્યો: "કેવી નવાઈની વાત! ઘોડા ઉભા ઉભા ઉંઘીને આરામ લેતા નથી?" પછી નિરંજના તરફ ફરીને તે બોલ્યો: "ટૂની, મણી, દિદિમા વગેરેનું ખાવાનું પતી ગયું છે?"

નિરંજનાએ માથું હલાવ્યું.

"પણ તમે તો સ્નાન પણ કર્યું લાગતું નથી."

નિરંજનાએ જવાબ આપ્યો નહિ. દર્દી આ વખતે નિરંજના તરફ જોઈને બોલી: "બીજું શું? અમારું નશીબ! રમેન તું કેમ આગ્રહ કરીને ઉઠાડતો નથી?" રમેન કંઈ બોલ્યો નહિ. રોગિણી ફરી બોલી: "બીજું શું થાય? કેટલા વાગ્યા..."

"ત્રણ વાગ્યા છે." ડૉકટરે વચ્ચે જ વાત ઉપાડી લીધી.

નિરંજના હવે ચૂપચૂપ ઊઠી. તેની અર્ધા કલાકની ગેરહાજરી દરમ્યાન જ રમેનની માતાની તબિયત ગંભીર બની ગઈ. પુત્રની શુશ્રુષા અને રાજેન્દ્રના યત્નોથી કાંઈ જ ફેરફાર જણાયો નહિ એટલે રાજેન્દ્રે નિરંજનાને બોલાવી. "તમે આવો, મારી ભૂલ થઈ. ખાવાપીવાનું પછી જ થશે. અમે હાજર છીએ એમ સમજી ઢીલ ન કરશો, તુરત આવો!"

નિરંજના તુરત આવી. તેને પાસે આવેલી જોતાં જ આવેગપૂર્વક રોગિણીએ તેનો હાથ પકડી લીધો અને આર્ત કંઠે રડી પડી: "માડી રે, તારા જ હાથે ભગવાને મને છેલ્લી વિદાય આપવાનું નિર્મેલું હતું તો પછી તું અમોને કેમ ન મળી? તને હું કેમ ન મેળવી શકી મા? એમ થયું હોત તો આજ મને કશું જ દુઃખ ન હોત, અને હું આજે સુખથી આંખ મિંચત."

રોગિણીના આ આર્તનાદથી પરિચર્યા કરનારાં ઉદ્વિગ્ન બની ગયાં. રાજેન્દ્ર બોલ્યો: "શાન્ત થાઓ, શાન્ત થાઓ!" પણ એથી રોગિણી બમણી ઉત્તેજિત થઈ બોલી: "તમે શાંત રહો બેટા, મને એ વાતો કહેવા દો! અત્યારે બે વાતો ન કરું તો પછી શું ગૂં ગૂં કરતી મરી જાઉં? જે મારા મનમાં છે તે મને બોલવા દો!"

"ના, જેઠાઈ મા, તમને દર્દ વધુ થશે. માટે તમે ચૂપચૂપ પડ્યાં રહો..."

નિરંજનાની આ નમ્ર વિનતિનો વિરોધ કરતી રમેનની મા બોલવા લાગી: "દર્દનો હવે મને શું ભય છે વારુ? આજ જો રમેન પરણ્યો હોત તો હું કેટલી સુખી હોત? તારો હાથ

તેને સોંપીને રવાના થાત. હવે તેનું શું થશે? કોણ તેની ખબર લેશે?"

ડોકટર આ વખતે ડોકટરને યોગ્ય રીતે બોલ્યા: "આપ શાંત નહિ થાઓ, બોલતાં બંધ નહિ થાઓ તો એને આ ખંડમાંથી બહાર લઈ જવામાં આવશે. હવે એક પણ શબ્દ બોલશો તો એને અહીંથી બહાર કાઢીશ હા!"

રોગિણી ચૂપ તો થઈ ગઈ. પણ તેની બેઉ આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. રમેન અને નિરંજના ગુપચૂપ તેની શુશ્રૂષા કરી રહ્યાં હતાં. ડોકટર પણ નીરવ બની રોગિણીનો શ્વાસ હેઠો બેસે એટલે નાડી પરીક્ષા કરવા ઉત્સુક બની ઉભો રહ્યો.

થોડી વાર પછી ઔષધ બદલ્યા પછી તથા જોઈતી શુશ્રુષાની વ્યવસ્થા કરાવ્યા પછી ડોકટર ઉભા થયા અને બોલ્યા: "હું હવે થોડીવાર બહાર જાઉં છું. આપ, એ બધી વાતો હાલ સંભાળશો નહિ. તમને એવું કશું થયું નથી. સારાં થઈ જશો..."

રોગિણી મૃદુ સ્વરે બોલી: "એ બધી વાત તો મારી જપમાળા બની ગઇ છે. તમે તો બધી વાત નથી જાણતા બાબા! આજ મારો રમેન શું આમ સન્યાસી બની રહ્યો હોત? એ કયા દુઃખે..."

રમેન અસ્થિર બની માતાના મુખે લગભગ આડો હાથ ધરીને વચ્ચે જ બોલી ઉઠ્યો: "મા, ચૂપ થા, ચૂપ થા! એમ કરીશ તો તબિયત વધુ બગડશે મા! આમ શું બકે છે?" આમ કહેતાં કહેતાં રમેન રડી પડ્યો. માતા તે વખતે અશ્રુપાત કરતા પુત્રને લગભગ છાતી પાસે ખેંચી લઇને બોલી. "ના ભાઈ ના, હવે નહિ બકું. હવે ચૂપ થાઉં છું."

ડૉક્ટર બહાર આવીને ટૂની મણી અને દિદિમા સાથે વાત કરી ચાલ્યો જતો હતો. તે વખતે નિરંજનાને પાસે આવતી જોઈ ઉભો રહ્યો. નિરંજના મ્લાન મુખે વિષાદભરી દૃષ્ટીથી ડૉક્ટર તરફ ફરીને બોલી – "જેઠાઈને અત્યારે કંઈ સારું હોય એમ આપને લાગે છે ?"

"સારું ? ના, સારું હોય એમ કંઈ લાગતું નથી."

"તો ખરાબ લાગે છે ?"

ડૉક્ટર પ્રથમ કંઈ બોલ્યો નહિ. પછી ધીમા શાન્ત સ્વરે બોલ્યો – "જુઓ, જે રોગીની સેવાનો ભાર માથે લે છે તેઓએ તે વાતમાં બહુ જીજ્ઞાસા ન રાખવી જોઈએ. જો તેઓ તેમ કરે તો રોગીની સેવા બરોબર થઈ શકે નહિ – ઉત્સાહ ન રહે તો કોઈ કામ બરોબર થઈ શકે નહિ. માટે તમારે તે ઉત્સાહ હંમેશાં સાચવી રાખવો જોઈએ. સારૂં છે કે ખરાબ છે તે ચિંતા ડૉક્ટર ઉપર છોડવી — "

નિરંજના લગભગ રડવા જેવી થઈને બોલી ઉઠી – "મને ખબર પડી છે કે જેઠાઈમાને વિકાર થયો છે; અને તેઓ બચવાનાં નથી."

ડૉક્ટર થોડી વાર અનિમિષ નેત્રે નિરંજના તરફ જોઈ રહ્યો અને પછી બોલ્યો – "વધુ પડતું બોલે છે ખરાં પણ જ્ઞાનનો વિકાર થયો છે કે નહિ તે બરાબર સમજાતું નથી."

"થયો જ છે. તેમનો સ્વભાવ તમે બરાબર જાણતા નથી પણ હું જાણું છું. તેમનું મગજ ઠેકાણે નથી."

"તેમ હોય તો પણ વિકાર કાપી શકાય છે. માટે અત્યારે એટલાં બધાં નિરાશ થવાની જરૂર નથી. રોગીની પાસે જાઓ. તે આપને નહિ જુએ તો વ્યગ્ર બનશે."

નિરંજના આંખ લુછતી લુછતી તે તરફ ગઈ અને ડૉકટર પોતાના કામ માટે ચાલતો થયો.

એ દિવસ સુધી ડૉકટરે આહાર નિદ્રાનો ત્યાગ કર્યો અને બીજાં કામકાજ નામ માત્રમાં જ પતાવી રમેનની બાને બચાવવા ભારે મહેનત કરી પણ કંઈ જ અસર થઈ નહિ. રોગ થયા પછી ચોથા દિવસની સવારે રમેનની માએ પ્રાણત્યાગ કર્યો.

શોકથી જડ બની ગયેલા રમેનની પાસે માતાની ઉત્તરક્રિયા કરાવી લીધા પછી ડૉકટર તેને છાતી આગળ ખેંચી લઈ બોલ્યો – " આજથી હું પણ ડૉકટરનો ધંધો છોડી દઉં છું રમેન, એ નકામી ચેષ્ટા હવે હું નહિ કરું. તારી પાસે જ મને કેટલાક દિવસ માટે જગ્યા આપ ભાઈ. પછી હું પોતાની મોટાઈનો ભાર ફગાવી દઈને..."

રમેન ધીમે ધીમે તેની તરફ જોઈને ક્ષીણ અવાજે બોલ્યો " આ ગામમાંથી ચાલ્યા જશો ? મારે માટે ગામને આવડી મોટી ક્ષતિ કરી શકાય ? ચાલ, હું થોડા દિવસ તારી પાસે જ રહીશ. મા વગરના આ ઘરમાં મારાથી રહેવાશે પણ નહિ. આ લોકો પણ મારી ચિંતામાં તેમને ઘેર જઈ શકશે નહિ. માટે તુંજ મને તારી પાસે લઈ જા. "

" તો ચાલ, પણ હવેથી મને ડૉકટરાઈ કરવાનું કહીશ નહિ. મારા શપથ છે. "

સમવેદનાના શિતળ લેપથી જગતની તિવ્રમાં તિવ્ર વેદનાઓ પણ કંઈક શાંત થાય છે. રમેન પણ તેનો કંઈક અનુભવ કરવા લાગ્યો.

પ્રકરણ ૭ મું.

રમેનનો શોક

માતાના મૃત્યુ પછી કેટલાક દિવસ વિતી ગયાં છતાં રમેનની શોકજન્ય જડતા કંઇક ટકી રહી હતી. કોઈ પણ વાતમાં તે રસ લેતો નહિ કે ઉત્સાહ બતાવતો નહિ. પોતાને ઘેર જવાની ઇચ્છા પણ બતાવતો નહિ. રાજેન્દ્રના ઘરના એક ખુણામાં તે પડ્યો રહેતો અને બારી પાસે કોઈ કોઈ વાર ઉભો રહીને આકાશ તરફ અન્ય મનસ્ક ભાવે જોઈ રહેતો. તેને કેવી રીતે મૂળ પ્રકૃતિ ઉપર લાવવો તેની ડોકટરને સમજ પડતી ન હતી.

રાજેન્દ્ર પોતાની પ્રતિજ્ઞા પાળી શક્યો નહિ. તેણે પોતાના કાર્યમાં ફરી જોડાવું પડયું. પોતાના સ્વભાવને લીધે કે લોકોની દયાથી, ક્યા કારણથી તેણે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો તે કરી શકાય નહિ. રમેનની માતા તથા નિરંજનાની કાકીને ન બચાવી શક્યો છતાં પણ ગામમાં તેનો યશ કમી ન હતો. તેનું હૃદય કોમલ અને પરોપકારી હોવાથી શપથ લેવા છતાં તે ચૂપ થઈને બેસી રહી શક્યો નહિ.

તે દિવસે બહારથી પાછા આવીને ડોકટર બોલ્યા—“અરે તમારા ચેટરજીનો છોકરો બચશે નહિ એમ લાગે છે.”

રમેન ઉદાસીન ભાવે જરૂખામાંથી બહાર જોઇને બોલ્યો—
"કોણ યંતિશ ?"

"હા, આ હતભાગી રોગ આ ગામમાંથી શું નહિ જ જાય ? માના ગયા પછી કેટલાક દિવસ અટકી ગયો હતો. મેં ધાર્યું કે માની છેવટની આહુતિ હતી. છોકરો માબાપનો એકનો એક પુત્ર છે, ભર જુવાન છે. ખબર છે ને ?"

રમેન જરા વિચાર કરીને બોલ્યો—"મારો બચપણનો મિત્ર છે. અમે એક સાથે રમત રમતા, ખેલતા તથા માછલાં પકડતા."

"તો પછી ? આમ એકદમ ચૂપ થઈને કેમ બેઠો છે ? તેને જોઈ આવ તો ખરો !"

"જોઈ આવવાથી શું થશે ?"

"શું થશે ? જે રમેન ગામના ચંડાલ અને મોચીના ઘરમાં પણ રોગીની સેવામાં જતો હતો તે રમેન તું નથી ? નવાઈની વાત છે ! આજ મિત્રનો જીવનદીપ બુઝાવાની ઘડીએ તારા મુખમાં આ વાત ?"

રમેનમાં કંઇ ચેતના પ્રગટી નહિ. માત્ર તે ધીરેથી બોલ્યો—
"હા". રાજેન્દ્ર થોડી વાર તેની તરફ જોઈ રહ્યો. પછી ઉભો થઈને બોલ્યો : "તને હું તેવો નહિ થવા દઉં, ચાલ ઉઠ !" રમેન છતાં હાલ્યો ચાલ્યો નહિ એટલે રાજેન્દ્ર અચકાઈને ઉભો રહ્યો. અને તેનો હાથ છોડી દઈને પોતાની જગ્યાએ બેસી ગયો. રમેનનું મુખ અને દષ્ટિ જોતાં તેને લાગ્યું કે એવો પ્રયાસ કરવો નિરર્થક છે.

થોડીવાર પછી રાજેન્દ્ર બોલ્યો—"એકવાર મણી ટૂનીની

ખબર તો લઈ આવ, શું કરે છે તે બધાં!" રમેને ધીમે ધીમે ઉત્તર આપ્યો–"જરૂર સાજાં સમાં હશે નહિં તો તુર્ત તને બોલાવત."

"શું કહેવાય? મારી કેવી કૂશલતા છે તે તેઓ બરાબર જાણી ચૂક્યાં છે."

રમેને હવે કંઇ ઉત્તર આપ્યો નહિ. બન્ને જણા ગુપચૂપ બેસી રહ્યા. તેવામાં એકાએક ડૉક્ટરનો વાતચિતનો અવાજ રમેનને કાને પડયો–"અરે એ, તમે સારાં તો છો ને? શું સમાચાર છે?" રમેને દૃષ્ટી ફેરવી જોયું તો બાલિકા ટૂની ભાઈનો હાથ પકડી ઉભી હતી. રમેનની તરફ જોઈને તેમણે પ્રશ્નનો ઉત્તર આપ્યો. "બેન રમેનદાદાને બોલાવે છે." થોડી વાર ચૂપ રહીને રમેન બોલ્યો. "કેમ?" રાજેન્દ્ર પણ અત્યાર સુધી ચૂપ હતો તે હવે જોરથી બોલી ઊઠયો–"કેવી નવાઈ! એમને એ સવાલ પૂછ્યા વગર જાતે જઈને જાણી આવતો કેમ નથી? એ છોકરાં શું સમજે?" ટૂની ડૉક્ટર તરફ જોઈને બોલી "દિદિએ આપને પણ કહેવાનું કહ્યું છે. જેઠાઈમાનું— રમેનદાદાની માનું શ્રાદ્ધ કરવાની હવે બહુ દિવસની વાર નથી."

ડૉક્ટર ચમકી ઊઠયો–"અરે તો તો રમેન, હાલ જ જા, જરા પણ વિલંબ કરીશ નહિ. અરે સોબતની અસર પણ કેવી થાય છે! તું પણ જાણે સાહેબ બની જવા લાગ્યો છે! જલદી ઘરે જા."

"તું પણ ચાલ નહિ તો હું ઘરમાં પગ પણ મૂકી શકીશ નહિ." "ચાલ" કહીને રાજેન્દ્ર ઉભો થયો. ચારે જણ રમેનને ઘેર જઈને ઉભાં. રાજેન્દ્રે જોયું કે રમેનની ગેરહા-જરીમાં એ પંદર વીસ દિવસમાં ઘરની જે દશા થવી જોઈએ

તેવી થઈ ન હતી. આંગણું સફાઈથી વાળેલું હતું. રમેમની મા જીવતી હતી અને એ ગામડાના ગૃહસ્થના આંગણામાં તે વખતે જેવી શોભા હતી તેવી જ અત્યારે પણ હતી. રાજેન્દ્રે બારીક નજરે જોયું કે તુલસીક્યારા ઉપર ગઈ રાતે જ મુકેલું દીપકનું કોડીયું તાજું પડેલું હતું. ધાન્ય ભરવાની કોઠીઓ અને વાસણ પણ સાફસૂફ હતાં.

ટૂની–મણીની દિદિમા ધીમે ધીમે આવ્યાં અને બોલ્યાં: "હવે તમારે આમ કર્યે ચાલશે નહિ ભાઈ! માના કામને માટે હવે દશ બાર દહાડા જ રહ્યા છે. ગામડા ગામનું કામ એટલે અત્યારથી જ તૈયારી ન થાય તો..." રમેને ઉત્તર આપ્યો નહિ.

રાજેન્દ્ર અગ્રસર થઈને બોલ્યો: "એની દશા તો તમે જુઓ છો! તમે બધું જાણો છો એટલે એ બોજો તમારે જ શીર છે. બોલો શી શી ગોઠવણ કરવી પડશે? અત્યારે આપણે શું કરવાનું છે?"

"તમે યોગ્ય પુરુષ છો. તમે શું નથી જાણતા? અમારામાં શી બુદ્ધિ છે? નિરૂને પૂછો તે બધી..."

"પણ તે તો આવ્યાં નથી, અમે તમારે ત્યાં આવીએ ત્યારે?"

"તેને બિચારીને ઘડીની ફુરસદ નથી. આ ઘરમાં પણ તે સવાર સાંજ આવીને વાળી ઝૂડીને સાફ રાખે છે. અમારે ત્યાં પણ બધી વિધિ કરવી જ પડશે ને?" વૃદ્ધા આંખ લૂછતી બોલી.

રાજેન્દ્ર સતર્ક બની બોલ્યો: "તો પછી તમે રમેનને શી રીતે સહાય કરી શકશો?"

"અમારે શું કામ છે? ભટ્ટાચાર્યને બોલાવીને માત્ર મણીને તિલકાંચનથી શુદ્ધ કરી લેવાનો છે, એટલે નિરૂ એકલી છે પણ કામને પહોંચી વળશે. હું તો શું કરું બાબા? આ કામને માટે તે મને પાછળ મૂકી જશે એ કોણ જાણતું હતું? મારી એકની એક દીકરી આજ ક્યાં છે? તે મારા શ્રાદ્ધની વ્યવસ્થા કરે તેને બદલે આજ હું તેનું..." વૃદ્ધા જેમ તેમ કરી નિશ્વાસને દબાવવા પ્રયાસ કરી રહી.

રાજેન્દ્ર મૃદુ સ્વરે બોલ્યો: "ચાલો, તેમની સાથે એક વાર બધી વાતચીત કરી લઈએ." બહારના બારણાની એક બાજુ બેસતાં રમેન બોલ્યો: "તમે જ, જઈ આવો!"

× × ×

"નિરંજનાની સામે સંકોચપૂર્વક ઊભેલો રાજેન્દ્ર જ્યારે બોલ્યો: "તમને પૂરતો વખત નથી" ત્યારે તેને બોલતો અટકાવીને નિરંજના બોલી: "ઘણો છે, તે માટે તમે વ્યસ્ત થશો નહિ. હવે બહુ વાર નથી. ભટ્ટાચાર્યજીને બોલાવીને ગોઠવણ કરી લ્યો. શ્રાદ્ધમાં કંઈ કંઈ ચીજ કેટલી જોઈશે તથા બ્રહ્મ-ભોજનની સામગ્રીનું પણ પૂછીને લીસ્ટ તૈયાર કરી લાવો. ગામના મોટેરાઓને વાત કરશો એટલે એ લોકો જ બધું ઠીક કરી આપશે."

દિદિમા બોલ્યાં: "રમેન તેની માતાનો વૃષોત્સર્ગ કરી શકશે? કરે તો સારું – તેની માને..."

"રમેન પાસે તમે એક વાર ચાલો! આવી શકશો ને? તમારી..." નિરંજના તરફ સંકોચભરી નજરે રાજેન્દ્ર બોલ્યો તે જ વખતે નિરંજના બોલી: "એ સામાન્ય વાતમાં

મારે બહુ માથાકુટ કરવા જેવું નથી. દિદિમા, તમે તેમની સાથે જાઓ, હું પણ ત્યાં આવું છું."

બહારથી બૂમ પડી : "ડૉક્ટર બાબુ, જલદી ચાલો ! બે ત્રણ ઠેકાણે શોધ કરી ત્યારે તમારો પત્તો પડ્યો. વિલંબ ન કરો."

"જાઉં છું." કહીને નિરંજના તરફ ફરી ડૉક્ટરે કહ્યું : "હું ક્યારે પાછો ફરીશ તે ચોક્કસ કહેવાય નહિ. રમેન આપને માટે ચિંતા ન કરે તે છતાં તેની ચિંતા તમારે રાખવાની છે. તેને ઘેર જઈને બધી વ્યવસ્થા કરાવો. રમેન પાસે જે શોભતું હોય તે કરાવો, આ કામનો બધો ભાર તમારે જ ઉઠાવવો પડશે. આ કાર્યમાં મારાથી રમેનને કાંઈ મદદ થાય એમ લાગતું નથી."

રમેનની માના શ્રાદ્ધના ૭ સાત દિવસ પહેલાં જ નિરંજનાની કાકીનું તિલકાંચનનું શ્રાદ્ધ પતી ગયું. માતાના વૃષોત્સર્ગ શ્રાદ્ધ માટેની વિપૂલ સામગ્રી ખરીદીને રમેન હજી શહેરમાંથી પાછો ફર્યો ન હતો. ડૉક્ટર પણ ચેટરજીના છોકરાના જીવનની આશામાં ત્યાંથી બહુ વાર દૂર જતા ન હતા. રમેનને તે સહાય ન થઈ શક્યા, પણ તેના બાળમિત્રને બચાવી શક્યા હતા.

શ્રાદ્ધ પતી ગયું. ગામ લોકો માંહેમાંહે કહેવા લાગ્યા : "છોકરાએ કેવું કર્યું ? સર્વસ્વ હોમીને માનું વૃષોત્સર્ગ કર્યું. પોતે સંસારી જેવો તો છે જ નહિ, જેમ તેમ વૈરાગી પેઠે દિવસો ગાળે છે. હવે માતાના મરણથી તદ્દન વિરક્ત બની ગયો છે. આ ખર્ચમાં જે માલમતા રહી છે તે બધી જ હોમાઈ

જશે, એમ લાગે છે. મિત્તર વંશનો આ છોકરાને હાથે જ અંત આવશે, એમ લાગે છે."

સૌના ઉપદેશ અને નિંદ્રામાંથી બચવા માટે રમેને પોતાના ઘરનો જ આશ્રય લીધો. રાજેન્દ્રનો અત્યાગ્રહ પણ તેને ઘર બહાર કાઢી શક્યો નહિ. નિરંજનાની દિદિમા બે ચાર દિવસ તેના ખાવાપીવાની ગોઠવણ માટે ગયાં હતાં તેમને પણ મીઠાશથી પાછા વિદાય કરી દીધાં. "તમારે આટલી દોડાદોડી કરવાની જરૂર નથી. હું પોતે જ પોતાની વ્યવસ્થા કરી લઈશ."

દિદિમા બિચારી રમેનની આ વાતથી મનમાં ખૂશી હતી એટલે તેને દુઃખ લાગ્યું નહિ. તે એક તો વૃદ્ધ હતી, વાના દર્દથી અશક્ત અને વળી શોકાર્ત હતી એટલે બીજાને માટે બહુ દોડાદોડી કરવી તેને પસંદ ન હતી. થોડા દહાડા પોતાનું કર્તવ્ય બજાવ્યા પછી હવે રમેનના ઉપકારનો બદલો વળી ગયો એમ તે મનમાં માનવા લાગી. તે વૃદ્ધ બાઈ હવે ક્યાં સુધી આવું બધું કરી શકે? અને નિરંજના – ન તો સધવા ન તો વિધવા – તેની વય તથા અવસ્થા એવી હતી કે રમેન સાથે તેનો બહુ સંબંધ રાખવામાં આવે તો આબરૂને કલંક લાગે. રમેને પોતે જ થઈને તેમને આ કઠણ કર્તવ્યમાંથી મૂક્ત કર્યાં હતાં એટલે વૃદ્ધા ખૂશી થઈ અને તેણે નિરંજનાને પણ બધી વાત સમજાવીને ચૂપ કરી દીધી.

ગામમાં ધીમે ધીમે શાંતિ થવા લાગી. મહામારી આસ્તે આસ્તે પોતાનું ખપ્પર લઈને પ્રસ્થાન કરી ગઈ. એક દિવસ રાજેન્દ્રે રમેનને કહ્યું : "હવે તમારા ગામમાંથી દવાખાનું ઊઠાવી લેવું પડશે. મારા મિત્રે તો ગામને છોડયું જ છે, હવે હું તેની તૈયારીમાં છું."

રાજેન્દ્રના આ રહસ્યથી રમેન હસ્યો નહિ. ગંભીર મુખે થોડો વિચાર કરીને બોલ્યો : “ હા, આવી જાતની પ્રેકટીસ તરફ હવે મન ક્યાં સુધી ટકી રહે? આટલું ટક્યા તે આ ગામનાં ભાગ્ય! પરંતુ તમે માત્ર ડૉકટર જ નથી, પણ આ ગામના સુખદુ:ખ સાથે જડાઇ ગયા છો, તેથી આ વાત સાંભળીને જ લોકોને શુંનું શું થશે તેનો હું વિચાર કરૂં છું.”

ડૉકટર પણ ગંભીર મુખે બોલ્યા : “ હા, અનેકનાં સુખ-દુ:ખ સાથે હું જડાઈ ગયો છું ખરો – સિવાય કે શ્રીયુત રમેન્દ્રકુમાર મિત્ર, જે આ ગામમાં મારા સૌથી મોટા મિત્ર અને સ્વજન છે.”

રમેન રાજેન્દ્ર તરફ અનિમિષ નેત્રે થોડી વાર જોઈ રહ્યો અને જોતજોતામાં તેનું પાંડુવરણું મુખ વધુ ફીકકું પડી ગયું. છેવટે જમીન તરફ નજર રાખી તે ધીમેથી બોલ્યો : “ મારે હવે સુખદુ:ખ રહ્યાં છેજ ક્યાં કે આ ઠપકો આપે છે ભાઈ?”

“ જ્યાં સુધી તું પોતે છે ત્યાં સુધી તારાં સુખ દુ:ખ ન હોય એ ન બને. અતીત સુખદુ:ખ પણ હોઈ શકે છે. તારી વિક્ષેપહીન અવસ્થાની વાત તો તેં કોઇ જ દિવસે મને કરી નથી ભાઇ! આટલા દહાડા પોતાની ખરી અવસ્થા મારાથી ઢાંકી રાખી હતી કે શું!”

રમેનનું પાંડુવરણું મુખ જાણે રંજિત બની ગયું. “ ઢાંકવા કે ઉઘાડવા જેવું મારે કંઈ છે જ નહિ એ તને કહેવાની જરૂર જ મને આજપર્યંત લાગી નથી.”

ડોક્ટર ગંભીર મુખે બોલ્યો: "રમેન, મનુષ્યનું મન જે ઇચ્છે તે સિવાય તેનામાં મનુષ્યત્વ નામે બીજું કાંઈજ નથી? સુખની આશામાં નિરાશ થયો તેથી મનુષ્યત્વ કેમ છોડે છે? આટલા દિવસ તું તેજ રમેન–મનુષ્ય રમેન હતો–ફરી તેજ થવા પ્રયાસ કર! દુઃખ સુખ નહિ હોય તો પણ શાંતિ દુર્લભ નહિ લાગે, આત્મસ્થ રહેવું એ તો મનુષ્યનું સામાન્ય મનુષ્યપણું છે."

રમેને પ્રતિવાદ ન કર્યો ને ચૂપ રહ્યો તે રાજેન્દ્રને ઠીક ન લાગ્યું. આ ઉતેજનાહીન ઉદાસીનતાજ સૌથી વધુ ભયંકર હતી એમ તેને સમજાયું. રાજેન્દ્ર ઉઠીને બોલ્યો: "ચાલ ટૂનીમણીની જરા ખબર લઈ આવીએ. દિદિમાને મારા જવાની વાત પણ કરી આવીએ."

"ચાલ!"

બંને જણા નિરંજનાના જીર્ણ ઘરના આંગણામાં આવીને ઉભા. ઘરની શું દશા હતી તે તેમને સમજાયું. ભયભીત સ્વરે રાજેન્દ્રે "ટૂનિ" કહીને બૂમ પાડી તેવી જ નિરંજના બહાર આવી. તેના મલીન મુખ ઉપર કંઈક ચિંતાની છાયા હતી તે દેખીને રાજેન્દ્ર જિજ્ઞાસુભાવે તેના તરફ માત્ર જોઈ રહ્યો. પ્રશ્ન પૂછવાની હિંમત કરી શક્યો નહિ.

નિરંજના ક્લિષ્ટ હાસ્ય સાથે બોલી: "આવ્યા છો? આપને બોલાવવા વિચાર કરી રહી હતી. આપનું ઋણ કંઈક અંશે વાળવાનો જે અહંકાર એક દિવસ દેખાડ્યો હતો તેનું પ્રાયશ્ચિત કરવાનો દિવસ ભગવાને આણ્યો છે. દિદિમાને આવીને જરા તપાસો!"

" દિદિમા ! તેમને શું થયું છે ? "

" કેટલાક દિવસથી પ્રબળ જ્વર આવે છે. આજ હવે જોઉં છું કે તેમના શરીરનું પાસું ફેરવી શકતાં નથી. "

બરાબર પરીક્ષા કર્યા પછી રાજેન્દ્રે જાણ્યું કે વૃદ્ધાનો અશક્ત દેહ પક્ષઘાતથી ગ્રસ્ત બન્યો છે. હવેથી બરોબર ચિકિત્સાની જરુર હતી, તેમ થાય તો જ અશક્ત દેહમાં શક્તિ આવી શકે. વૃદ્ધાના જ્ઞાનમાં કાંઈ વિકાર થયો ન હતો. તાવ પણ તે વખતે ન હતો. "

નિરંજના જિજ્ઞાસુભાવે તેના મુખ તરફ જોઈ રહી છે એ દેખીને રાજેન્દ્ર બોલ્યો: " એકદમ નિરાશ ન થશો. બરોબર ચિકિત્સા અને પ્રયાસ કરીએ, પછી જોઈશું. પછી..." એ વખતે ડૉકટર જરા ક્ષોભથી હસીને બોલ્યા: " પછી કંઈ નહિ બને તો તમારી દરેક વિપદમાં કંઈજ કરી શકતો નથી એ વિચારથી ચાલ્યો જઈશ. પણ કંઈક તો કરવું જ પડશેને ?"

વૃદ્ધા દુઃખિત સ્વરે બોલી: " જુઓ ભાઈ, જો પાંગળી થઉં તેમ ન હોય તોજ દવા આપો. નહિ તો એવી રીતે બચવું તે મરવા કરતાં પણ બૂરું છે. માટે એવી દવા આપો ભાઇ, તમને શપથ..."

ડૉકટર મીઠાશથી બોલ્યા: " જો ન બચો તો આ બધાની સંભાળ કોણ લે પછી ? એનો વિચાર જ નથી કરતાં ? "

" વિચાર છે જ તો દાદા! વિચારીને શું કરું ? પણ આ જન્મથી જ હતભાગી છોકરીને માથે મારો ભાર નાંખીને જીવવું પસંદ નથી. ત્રણ અપંગોનો ભાર એ શી રીતે ઉડાવે બાબા ?: મારાં પૌત્ર પૌત્રી કરતાંય મને એની ચિંતા વધારે છે. "

વૃદ્ધા અશ્રુપાત કરવા લાગી. પોતાને પક્ષઘાત થયો છે એ વાત વૃદ્ધા સમજી ગઈ છે, એમ રાજેન્દ્રને સમજાયું. તેને ઘટતું શાન્ત્વન આપી રાજેન્દ્રે રમેનને કહ્યું: "પહેલાં થોડા દિવસ દવા આપી જોઈએ. છેવટે કદાચ બેટરીની પણ જરૂર પડશે– નહિ તો મારા એકલાથી આ બનશે નહિ તે કહી દઉં છું."

રમેને માથું નીચે નમાવ્યું. વૃદ્ધા બોલી: "તે તમારે કહેવું નહિ પડે ભાઈ! ઘણા સમયથી તેની મા અમારી વિપદમાં સાથ આપતી હતી. તેનો સ્વભાવ તો તમે જાણો જ છો. માતાના મરણથી શોક થવાથી હમણાં અમારી સંભાળ લઈ શક્યો નથી. નહિતર બધી વિપદોમાં તે તો હાજર હોય જ. એનો મને ભરોસો છે. આજે એ તો અમારો..." બોલતાં બોલતાં વૃદ્ધાએ બે હાથે કપાળ કૂટી રડવા માંડયું.

"કયી કુપળે હું કાશી ગઈ હતી! હું જ એમના આ બધા અનિષ્ટનું મૂળ છું. છેવટે એજ નિરંજના અને એજ રમેન હું અંધના સંસારની લાકડી બન્યાં. તેમનો સર્વનાશ કરવાનો હતો તે તો મેં કરી જ નાંખ્યો. સમજ્યા વગર એ થઈ ગયું અને પછી તે ફેરવવાનો કંઈજ ઉપાય ન રહ્યો."

નીચાં માથાં કરી ઉભેલાં રમેન તથા નિરંજના તરફ જોઈને રાજેન્દ્ર જરા દઢ સ્વરે બોલ્યો: "ઠીક, પહેલાં તમે સાજાં થઈ જાઓ. પછી મારે પણ તમારી સાથે એ બાબતમાં કંઈક વાત કરવી છે. ચાલો, હવે અમે ઉઠીએ છીએ. ચાલ, રમેન દવા લાવીએ." તે પછી એકાએક નિરંજના તરફ જોઈને ડૉકટર બોલી ઉઠયો: "પણ દિદિમાની ચિકિત્સા માટે મારે રોજ સવારે આવવું પડશે. કદાચ દિવસમાં બેત્રણ વાર પણ આવવું પડે એટલું તમારે સહન કરી લેવું પડશે. રમેનની

સાથે એકાદ દિવસ એકાએક કંઈ મોકલાવી દઈને મને આવતો બંધ કરશો તે નહિ ચાલે. મારું કામ પૂરું થઈ ગયા પછી હું પોતે જ ચાલ્યો જઇશ. તે માટે તમારે વ્યગ્ર થવાની જરૂર નહિ પડે." એકાએક ડૉકટરની આવી તીક્ષ્ણ વાણીથી બધાં વિસ્મીત થયાં અને શરમથી શું કરવું તે નક્કી કરી શક્યાં નહિ. નિરંજનાનું મુખ ફિક્કું પડી ગયું. માત્ર વૃદ્ધા રૂંધાયેલા અવાજે બોલી. "આતે કેવી વાત ભાઈ? તમે—તમારું આવવાનું બંધ થાય? નિરંજના નાનું છોકરું છે. અને દુ:ખથી કોઈ દિવસ કંઈ કરી બેસે—તે બદલ—તેનું મગજ ઠેકાણે નથી ભાઈ." વગેરે બોલતી વૃદ્ધાને ડૉકટરે અટકાવીને કહ્યું "દિદિમા, તમે નચિંતપણે સુઇ રહો. મણી દુનીને પાસે બેસાડી વાર્તાલાપ કરો. અને દવા લેવામાં ખામી રાખશો નહિ, સમજ્યાં? તમને બચાવવયાં જ છે. પણ શરુના તાવ વખતે મને એકવાર બોલાવ્યો હોત તો—ચાલો હવે હું જાઉં છું."

ડૉકટર અને રમેનના ગયા પછી શરમથી સ્તબ્ધ બનેલી નિરંજના ડૉકટરની આ તીક્ષ્ણ વાણી અને તેથી પણ તીક્ષ્ણ વાતચિત તેના કામકાજ સાથે મેળ ખાતી નહતી, તેનો વિચાર કરતી બેસી રહી. ખરેખર તેણે એક દિવસ તે મહાત્માનું અપમાન કર્યું હતું ખરું, પણ તે તો પોતાની આત્મમર્યાદાના રક્ષણ ખાતર. ડૉકટર જેવા વિચારક પણ તે બદલ ક્ષમા ન આપી શકે? ક્ષમા તો આપી જ હતી. કારણકે તેમના કામકાજમાં જરાપણ ખામી તે વખતે પણ નહતી. તો પછી આજે ફરીને વિપદગ્રસ્ત નિરંજનાને એ વાત યાદ આપવાનું શું પ્રયોજન? શું તે પણ વેર લે છે? મનુષ્ય એટલો લોભ પણ નથી છોડી શકતો? તેણે જરૂર અપમાન મનમાં રાખ્યું છે. તે દિવસની ત્રુટીનો સ્વીકાર કરતાં પણ તેમના મનમાં

લજ્જા પ્રગટતી નથી. ડૉકટર જ્યારે તે નથી ભૂલી શકતા તો નિરંજના તે ભૂલી શકે એવી આશા રાખવી તે પણ અન્યાય છે. તે દિવસની ડૉકટરની વાતચિતમાં નિરંજનાએ તેને દુઃખિત માની લીધો હતો. તે તેનો ભ્રમ હતો. અને આજે આ વળી કેવી વાત? પહેલાંનું અપમાન યાદ કરીને તથા તે અપમાન કરનારી નિરંજના માત્ર હતી તે જાણીને ડૉકટર વિરકત બન્યા હતા? તેથી જ નિરંજનાને ઉદ્દેશીને આજે આટલી તીક્ષ્ણ વાણી તેઓ સંભળાવી ગયા? આમ વિચારતી વિચારતી નિરંજનાનું મોં વધુને વધુ મ્લાન બની ગયું.

પ્રકરણ ૮ મું

મનની વાત

કેટલાક દિવસ દવાથી જ દિદિમાની ચિકિત્સા ચાલી પરંતુ તેનાથી જોઈએ તેવું ફળ મળ્યું નહિ. તેથી રાજેન્દ્ર બેટરીની સહાયથી દર્દીનાં થીજી ગયેલાં ગાત્રોને સચેતન કરવા પ્રયાસ કરવા લાગ્યો.

તે દિવસે ડૉકટરનું કામ ચાલતું હતું રમેન પણ મદદ માટે પાસે જ હતો. દિદિમાનું મુળ દર્દ મટયું ન હતું. છતાં બીજી રીતે તેમને આરામ હતો. ત્રણે જણ માંહોમાંહે વાર્તાલાપ કરતાં હતાં. રમેન બોલ્યો: “ખબર છે દિદિમા, તે દિવસે તો ડૉકટર આ ગામમાંથી બીસ્તરા પોટકાં બાંધીને ચાલ્યા જવા તૈયાર થયા હતા. આપને મળવા આવ્યા અને આપની સ્થિતિ જોઈને થોડા દિવસ અટકી પડયા છે. નહિ તો તેઓ આજ પહેલાં તો આ અકૃતજ્ઞ ગામમાંથી ચાલ્યા ગયા હોત.” ડૉકટર રમેનની વાતથી ઉચ્ચ સ્વરે હસીને દિદિમાને સાક્ષી બનાવતા બોલ્યા: “કહો જો દિદિમા, આ અકૃતજ્ઞતા ન કહેવાય? આપને કોઇ પણ ઉપાયે બિછાનામાંથી બેઠાં કરી શકતો નથી, એ આપની કેવળ લુચ્ચાઈ નથી? હું એને મારી પોતાની

અણુઆવડત બીલકુલ માનતો નથી સમજ્યાં ? મને ગામ છોડાવવા માટે જ એ તમારી બધાંની તદબીર નથી ? પછી આ અકૃતજ્ઞ ગામનાં ગુણોનું પ્રદર્શન ન કરૂં તો શું કરું ? "

બંને મિત્રોના એ હાસ્યમાં દિદિમાએ પણ સાથ આપ્યો. પણ તે માત્ર વિવેક ખાતર જ. કારણ તે તુર્તજ ઉદ્વિગ્ન બની બોલ્યાં: "હે, ભાઈ, એ સાચી વાત છે ? તમે આ ગામ છોડી જવા માગો છો ?" ડૉક્ટર ઉત્તર આપે તે પહેલાં રમેન બોલ્યો: "સાંભળ્યું ને ? પોતે રોગ બરોબર મટાડી શકતા નથી, તેના ગુસ્સામાં ચાલ્યા જવા માગે છે."

"પણ ભાઈ, એ કાંઈ તમારી ખામી છે ? આ ગામના મોટા ભાગના લોક તો તમારી ચિકિત્સાથી બચ્યા છે. પછી જેનું આયુષ્ય ન હોય તેમને માટે તમે શું કરો ભાઈ ? બીજું કાંઇ કારણ હોય તો તો જૂદી વાત. તમારા જેવા કુશળ યુવાન આવા ગામડામાં કેટલા દહાડા રહે તે હું પણ સમજું છું. પણ ભાઈ, આ ગામને અકૃતજ્ઞ ન ગણશો. તમે ચાલ્યા જશો તો સૌ કોઈ નિરાશ થશે."

ડૉક્ટરે વાત પલટાવતાં કહ્યું: "ઠીક, તમે સારાં થઇ જાઓ તો એ વાત ખરી માનીશ. નહિતર માત્ર..."

રાજેન્દ્રના સંકોચને રોકતી વૃદ્ધા બોલી: "એ તો ભગવાનના હાથની વાત ભાઈ ! તમારા જેવા વિદ્વાનને તે કાંઈ સમજાવવું પડે ? તમે ચાલ્યા જશો એ વાતથી જ મનમાં ભય લાગે છે. અને થાય છે કે તે પછી આ જગતમાં અમારો વિપદનો મિત્ર કોઇ રહેશે નહિ."

રાજેન્દ્ર હવે મસ્તક નીચે નમાવી ગાઢ સ્વરે બોલ્યો–

"પરંતુ હું તો આપને કોઈ પણ કામે ઉપયોગી થઈ શક્યો નથી." બોલતાં બોલતાં માથુ ઉંચુ કરીને યત્નપૂર્વક હાસ્ય ફરકાવતાં તેણે ફરી કહ્યું—"ચિંતા શા માટે કરો છો દિદિમા ? હજી જવાની વાર છે. અને હું જઈશ તો પણ આપની ચીરકાલની સોબતી આપની પૌત્રી તો આપની પાસે છેજ. અને તમને ખબર છે કે રમેન પણ હવે એક નાનો ડૉક્ટર બની ગયો છે ?"

દિદિમા નિશ્વાસ નાખી બોલ્યા—"રમેન, હા પણ હંમેશાં તેની પાસે તે સેવા લેવાનો અમને શો અધિકાર છે ? જો રમેન આજે—"

ડૉક્ટર કોઈ ન જુએ તેમ નિરંજના તરફ જોવા લાગ્યો. નિરંજનાનું મોં રાતુંચોળ થઈ ગયું હતું. તે ગૂપચૂપ ઊઠીને બીજા ખંડમાં ચાલી ગઈ અને દિદિમા પણ ચમકીને બોલતાં બંધ થઈ ગયાં.

એ ત્રણેની વચ્ચે એ દિવસ બીજી કંઈ વાતચિત થઈ નહિ. દરેક પોતપોતાની ચિંતામાં મગ્ન હતાં. રમેન અને ડૉક્ટર જ્યારે પોતાનું કાર્ય પતાવી વિદાય થયા તે વખતે નિરંજના ઘર કામમાં હોવાથી તેમને મલી શકી નહી. ટુનીને દિદિમા પાસે બેસાડી બંને જણા ચાલતા થયા. રમેન પોતાના ઘેર જઈ બારણા આગળ પહોંચતાં રાજેન્દ્રને વિદાય આપવા ઉભો રહ્યો. પણ તેણે જોયું કે રાજેન્દ્ર પણ તેની સાથે બારણા આગળ આવ્યો અને બોલ્યો:—"ઉભો કેમ રહ્યો છે ? અંદર ચાલ." "ચાલ" કરી રમેન આગળ થયો. અંદર જઈ ઘરની સ્થિતિ જોતાં રાજેન્દ્ર બોલ્યો:—"ઘરમાં કેવી અવ્યવસ્થા થઈ ગઈ છે ? આમ ક્યાં સુધી ચાલશે ?" રમેન કંઈપણ

ઉત્તર આપ્યા વગર આગળ ચાલ્યો; અને ધૂળથી ભરાઈ ગયેલા એક ખાટલામાં સૂઈ જતાં મિત્રને ઉદ્દેશીને બોલ્યો "બેસો."

"ક્યાં ? તારા પેટ ઉપર કે માથા ઉપર?"

"જ્યાં મરજી આવે ત્યાં, ઇચ્છા હોય તો પેલી જલ ચોકી ઉપર પણ બેસી શકાય."

જલ ચોકી ઉપર ન બેસતાં રાજેન્દ્ર રમેનના ખાટલામાં જ તેના દેહની પાસે એક બાજુ બેસી ગયો, અને પોતાના મનનો પ્રશ્ન ફરી રમેનને પૂછવા લાગ્યો. "આમ ક્યાં સુધી ચલાવીશ ?"

"જ્યાં સુધી ચાલે ત્યાં સુધી."

"એનું નામજ અચલ. કંઈક તજવીજ તો કરવી પડશે."

"શું કરવા માગો છો ?"

"ગૃહલક્ષ્મીની આ ઘરમાં પ્રતિષ્ઠા કરવી પડશે."

"આ ઘરની ગૃહલક્ષ્મી ? આ જગતમાં તે છે ખરી ? તેનું વિસર્જન થઈ ગયું છે ભાઈ."

રમેને બે હાથે મુખ ઢાંકી દીધું. ડોકટર ગંભીર મુખે કપાળે બે હાથ રાખી બોલ્યા:–"મા હવે સ્વર્ગમાં ગઈ છે, પુરાતનનું સદાનું વિશ્રામસ્થાન એજ છે. આપણે હંમેશાં પુરાતનને વિદાય કરી નવીનની સ્થાપના કરીએ છીએ. આ ઘરમાં પણ જે નવીન લક્ષ્મીનું સ્થાન પ્રાપ્ત કરશે તેને—"

"તે આ જગતમાં કોઈ પણ સ્થળે નથી."

"છે. મેં તેને જોઈ છે. આ ઘરમાં તેના હાથ અને ચરણ સ્પર્શથી ઘણી વાર વૃદ્ધિ થઈ છે." રમેન ચમકી ઊઠ્યો.

છતાં ફરી બે હાથે મુખ ઢાંકીને આર્ત કંઠે બોલી ઊઠ્યોઃ–
"ફરી તેનો તેજ પરિહાસ?"

રાજેન્દ્ર કોમળતાથી હસ્ત સ્પર્શ કરી બોલ્યોઃ "આંખ ખોલીને મારી તરફ જો. હવે વિલંબ કરવો ઉચિત નથી. સાંભળ, તારી સાથે થોડી વાત કરવી છે."

થોડીવાર રમેને આંખ ખોલી. મુખની ફિક્કાશ જાણે કપડા વડે લૂછવા પ્રયાસ કરતો હોય તેમ મોં લૂછીને મિત્ર તરફ જોઈ બોલ્યો–"શી વાત?"

"સ્થિરતાથી સાંભળ! કોની વાત તે કદાચ તને ખબર પડી ગઈ હશે."

"બોલ સાંભળું છું. પણ પોતાની કલ્પના પ્રમાણે જ બધી વાત ન ચલાવે એવી વિનંતી છે. જગતમાં બધાના મનના વિચાર જાણે તું જાણી શકે છે, તારી ધારણા પ્રમાણે બધું બરાબર જ ચાલે છે એ જાતનો અહંકાર કમી કરીને જ કંઈક વાત કરજે, સમજ્યો?"

"તે પ્રમાણે જ કરું છું. પરંતુ હિદિમાની વાતમાં વિષાદ ઉપરાંત બીજો કોઈપણ ભાવ હોઈ શકે છે."

"શપથ છે ભાઈ. ફરી કહું છું કે અંદાજ કરીને વાત કરવાનો રોગ છોડી દે. આ બધી આલોચના શા માટે? તને ખબર નથી કે તે પરણેલી છે?"

"ના, હું તે ખબર રાખવા માગતો નથી. નિરંજનાને કદી હું વિવાહિતા ગણીશ નહિ."

"તારા માનવા ન માનવાથી કંઈ ફેર પડવાનો નથી. તે પોતે જાણે છે કે તે ન તો સધવા છે."

"ઠીક, જો વિધવા જ હોય તો એ જાતની વિધવા સાથે લગ્ન કરવાની હિંમત તારામાં નથી ?"

"રમેન મ્લાન હાસ્ય કરીને બોલ્યો:–"મારી વાત એમાં શા માટે ખેંચી ખેંચીને લાવે છે ? એ કંઈ ખુશી હશે ?

"જો મારો અંદાજ ખરો હશે, જો તે તને—વળી તેનો તે સ્વામી જીવતો નથી તે તેને બરાબર ખબર પડે—તો જરૂર ખુશી હશે."

"તમારું પાશ્ચાત્ય જ્ઞાન અહીં હાર ખાય છે. તે જ્યારે વિવાહિતા છે એવું જાણે છે ત્યારે વિધવા કે સધવા ગમે તે હોવા છતાં ફરી લગ્ન કરવા તૈયાર થશે નહિ."

રાજેન્દ્ર ખાટલાની ઇસ ઉપર જોરથી મુઠી પછાડતાં બોલ્યો "મને સમજાવ–એમાં શું વાંધો ?"

રમેન હસીને બોલ્યો:–"હાથે વાગશે. ફરી કહું છું કે મારી તારી વાત જવા દે પણ તેને આ કોણ સમજાવે ?"

"હું."

"તું ?" એમ કહીને વિસ્મયને દબાવતો રમેન નિરાશ ભાવે બોલ્યો "એ કામ કરવા ન જઈશ ભાઈ, સારી ખોટી વાત મારી અને તારી વચ્ચે જ રહેવા દે ! દેશમાં વ્યાપી ગયેલા અને લોહીમાં ઉતરી ગયેલા રૂઢી રીવાજોને તારા કરતાં ચાર ઘણા બળવાળા પુરુષો પણ કોઈ દેશમાં ઉથલાવી શક્યા નથી. આથી તો હું અને તું બંને તેની આગળ હલકા પડીશું. તે કદાચ એમ ધારશે કે હું જ તારી પાસે આ બધું કહેવડાવું છું. ના ભાઈ, મારાથી એ સહન નહિ થાય."

"તે જો તારા પર સ્નેહ રાખે છે તો પછી ગમે તે

કારણે ગુસ્સે તો નહિ જ થાય." રમેન ફરી બે હાથે કાન ઢાંકી દઈ બોલ્યો "હું કંઈ જ નથી જાણુતો—બીલકુલ નથી જાણુતો. આ વાત મને કરીશ નહિ. હું તે નથી સહન કરી શકતો."

રાજેન્દ્ર ગૂપચૂપ રમેન તરફ જોતો બેસી રહ્યો, પછી ધીમેથી બોલ્યો. "ખરેખર તું કંઈ જ નથી જાણુતો ! તારો હૃદય પૂર્વકનો વિશ્વાસ છે કે તે તારા—"

"થોડીવારે કંપતા અવાજે રમેને ઉત્તર આપ્યોઃ—"મારા મનમાં તેજ છે. નહિ તો—"

"કોઈ વાર કંઈ સાબીતી મલી નથી એમ કહે છે ? કેવું આશ્ચર્ય ! આવી પવિત્ર ને સંયમી છોકરીને માટે આ ઘણું સંભવિત છે. પોતાના મનની વાત તું જે રીતે તારા મનને પણ જાણુવા નથી દેતો તેવી જ રીતે—તેથી પણ અધિક રીતે તે પણ—"

"હું નથી જાણુતો—હું કંઈ નથી જાણુતો ભાઈ.

"તેના મનમાંથી તેનો સ્વામી જીવતો હોવાની આ શંકા દૂર કરાવવી પડશે. તેમ કરવાથી—"

"કયી સાબીતી વડે તે કરીશ ? શી રીતે જણાવીશ કે તે વિધવા છે ?"

"કેવું આશ્ચર્ય ! એની તે કંઈ સાબીતીની જરૂર પડતી હશે ? જો જીવતો હોત તો આ બાર તેર વર્ષ સુધી સ્ત્રીની ખબર ન લેત ?"

"એટલા ઉપરથી જ વિધવા સાબીત ન થાય. તેના લગ્નની

ગૂંચ કેવી છે તે જાણે છે ને! નિરંજનાની પેઠે તેને પણ કદાચ ખબર નહિ હોય કે તેને સ્ત્રી છે—ક્યાં છે—જીવે છે કે મરી ગઈ છે."

"કેવી નવાઈની વાત! છતાં પણ તે સ્વામી અને નિરંજના તેની સ્ત્રી?"

"તું નહિ માને તો પણ સમાજ, દેશ અને નિરંજના તો તે માનશે."

"હું નહિ માનવા દઉં. હું તેને સમજાવીશ કે તેનું લગ્ન થયુંજ નથી—તે કુમારી છે."

"તારા મત પ્રમાણે ને? તે વાત એ માને શાની વળી ધર્મ, સમાજ?"

"રમેન, તારા મનની જે બાધા છે તે તેના કરતાં કમ છે એમ મને નથી લાગતું."

"માનું છું. પણ તેનું લગ્ન ખરેખર થયું હોય તો તેનો સ્વામી જીવતો નથી એમ કોણ કહી શકશે? મારી તરફની એજ મોટી બાધા છે. અને જો તે વિધવા જ હોય તો પણ તેના સંસ્કારની વિરૂદ્ધ, વિશ્વાસની વિરૂદ્ધ, પોતાના સુખને માટે તેને ગ્લાનિમય જીવનમાં ખેંચી લેવાની મારી ઇચ્છા નથી. એ કરતાં તો મારું જીવન નષ્ટભ્રષ્ટ ભલે થઈ જાય, પણ હું મારા જીવનને તેના સન્માનના આસેનથી ગબડવા તો નહિ જ દઉં."

"અને જો તે પણ તને આટલા જ વ્હાલથી ચાહતી હોય તો પછી કોની ખાતર બે જણનાં જીવન આમ બરબાદ કરવાં? હું તે જાણી બુઝીને થવા દઉં તો મને પાપ લાગે.

વળી દિદિમા મરી જાય તો પછી આ બે બાળકો સાથે તેનું શું થાય? લોકનિંદાના ભયથી તારો આશરો લેઈ શકે નહિ. એકલી અસહાય અતુલ સુંદરી—તેને માટે ઘોર આપદો શિવાય બીજું શું હોઈ શકે? તું છે, પણ જો તું તેની સાથે ઘનીષ્ટતા રાખે તો જરૂર લોક નિંદા થાય, તેના પરિણામે કદાચ બિચારાંને જીવ પણ ગૂમાવવો પડે. દુનિયામાં એમ ઘણે ઠેકાણે થાય છે જ ને! અને કદાચ કોઈ બનાવટી માણસ તેનો સ્વામી બની આગળ આવે તો સમાજ તેને પૂર્ણ વિશ્વાસથી ખરો સ્વામી માનશે? નિરંજના પણ તેને પૂર્ણ નિખાલસ મનથી સ્નેહદાન કરી શકશે? કદાચ એથી તેના હૃદયની વેદના છે તેથી પણ વધુ ગાઢ બનશે. તે કરતાં તો તેના આ મિથ્યા લગ્નની વાત તેના મનમાંથી ઉડાવી દેઈને જો તમે બંને…"

રમેન બેઠો થઇ જતાં ઉન્મત્તની પેઠે બોલ્યો: "શું કરીએ? એ મિથ્યા વાત ખોટી ઠરી શકે એમ છે? મારા મનની એક વાત કહું તે સાંભળ! મારૂં મન કહે છે કે તેનું લગ્ન થયું જ નથી, પણ તેની કાંઈ સાબીતી હું મેળવી શક્યો નથી. કાશી નિરંજનાના બાપની પીસી પાસે ગયો હતો. તેણે દિદિમાને જે કહ્યું હતું તેથી વધુ કંઈ જ કહી શકી નહિ. માત્ર દઢતાથી કહેતી હતી કે લગ્ન થયું છે એ ચોક્કસ! અલ્હાબાદમાં જ્યાં નિરંજનાના બાપ પ્રથમ રહેતા હતા ત્યાં પણ હું શોધ કરતો કરતો ગયો હતો. પાડોશી માત્ર એટલું કહી શક્યા કે તે છોકરીને સાથે લઈને કોઈ બીજા દેશમાં ચાલ્યા ગયા હતા. છોકરીનું લગ્ન થયું કે ન થયું તે કોઈ જાણતું ન હતું. આ લગ્ન થયાનું અગર ન થયાનું કાંઈજ પ્રમાણ ન મળવાથી મારા મનમાં એ લગ્નની વાતને હું ખોટી માનું છું, એ વાતનો આજ તારી પાસે સ્વીકાર કરૂં છું."

રાજેન્દ્ર ગૂપચૂપ બધું સાંભાળી રહ્યો. તે છેવટે બોલ્યો: "તો પછી નિરંજનાનું મન પણ એમ જ માનતું હશે, એમ માને છે?"

"હું કહું છું કે મને તેની કાંઈ જ ખબર નથી."

"પણ તે તારે પ્રથમ જાણવું પડશે. તે પછી હું તને નિરંજના પરણેલી છે કે કુંવારી તે સમજ પાડીશ."

"શી રીતે સમજ પાડશો? વિધાતા સિવાય એ વાત સમજાવવાનો ઇલાજ જગતમાં બીજા કોઈની પાસે નથી, એમ માનું છું."

"તો આ વિષયમાં મને વિધાતા જ માની લે. મારા વિધાન પ્રમાણે જ તમારે ચાલવાનું છે."

"રમેન સ્તબ્ધ બની થોડી વાર રાજેન્દ્ર તરફ જોઇ રહ્યો. પછી તે ક્ષીણ સ્વરે બોલવા લાગ્યો: "તું મને જે બાબતમાં જાણવાનું કહે છે તે બાબતમાં હું અગ્રસર નથી થઈ શકતો. પણ કહે, તું મને શું વિધાન કરે છે? બોલ, મારું મન જે કહે છે તે સત્ય છે? નિરંજના કુમારી છે? મારા મનના એ રહસ્યની ચાવી તારી પાસે હોય તો મને ખબર નથી. ખરે-ખર જ, તેમ હોય તો તું વિધાતા! ખરેખર, તું નિરંજનાના જીવનની કંઈ વાત જાણે છે? શંશય ન રાખ! સ્પષ્ટ વાત કહે ભાઈ–તું કંઈ જાણે છે?"

"જાણું છું."

રમેન્દ્ર પળવાર સ્તંભિત બની ગયો. પછી ધીમેથી જડા-યેલા સ્વરે બોલ્યો: "પણ મને જાણે ભય લાગે છે કે તું શું કહીશ? બોલ ઝટ! રહેવા દે, પણ એ વાત શક્ય નથી. તું

મને પાગલ માનીને બનાવે છે? તું શી રીતે એ વાત જાણે? તું તારા મનના વિશ્વાસ ઉપર જોર દઈને મને એ વાત સમજાવવા માગે છે. હવે વળી મારા મનની વાત જાણ્યા પછી તને એ બાબતમાં સુગમતા થઈ ખરી."

"રમેન, આ શું જેમ તેમ બકે છે તું? સાંભળ, તે જે રીતે ખોળ કરવી જોઈએ તે રીતે કરી નથી. નિરંજનાના પિતા હરિશ ઓઝના પ્રયાગના ગોરની શોધ તેં તેના પાડોશીઓ પાસેથી કેમ ન કરી? તે પંડા પાસે જ પેલા મોટા લોકો હતા કે જેમના દોહિત્ર સાથે નિરંજનાનો સંબંધ થયો. તેમના પંડાનું નામ કેમ મેળવી ન લીધું? તેમ કર્યું હોત તો તેના ચોપડામાંથી પેલા મોટા માણસનું નામ ઠામ બધું જ મળી આવત. પછી તે દેશમાં જઈને બધી ખરી ખબર મેળવવામાં કંઈ જ હરકત પડત નહિ. દોહિત્રનો દેશ કે ઠેકાણું જલદી ન મળત તો પણ ખરી વાત તો જરૂર માલુમ પડી આવત."

રમેન એટલો સ્તબ્ધ થઈ ગયો કે હવે તે કાંઈ જ બોલી પણ શક્યો નહિ. બહુ વાર રહીને તે મહા મહેનતે બોલ્યો: "હવે તેનો ઉપાય છે કંઈ? હવે જઈને નિરંજનાના બાપાના પંડાને ખોળી કાઢું એમ?"

"ના, હવે તે મરી ગયા છે. હવે એ કોયડો જટીલ બની ગયો છે. અને તે ગૂંચ તમે હવે ઉકેલી શકશો નહિ."

"પણ તમને શી ખબર પડી કે એ પંડો મરી ગયો છે? તમે તેને ઓળખો છો? નિરંજનાની વાત તો તમે ખરેખર જાણતા હશો."

"હા, જાણું છું."

રમેન કંઈ બોલી શકતો નથી, એ જોઈને રાજેન્દ્ર તેનો

વાંસો પસવારતો હોય તેમ આઘાત કરીને બોલ્યોઃ " મનમાં ખોટી બાધા રાખશો નહિ. જાણી લ્યો કે નિરંજનાનું લગ્ન થયું નથી. કદાચ થયું હોય તો પણ એ લગ્નને હું ' લગ્ન ' માનતો નથી. માટે તું નિશ્ચિંત થા કે તેનું લગ્ન થયું નથી. થયું હોય તો પણ પાત્રના બાપની અસંમતિથી બધી વાત ઉંબળી જાય. નિરંજનાના પિતા અપમાનિત બની છોકરી લઈ ક્યાંક ચાલ્યા ગયા – વૃંદાવનમાં ખરું ને? તે પછીની બધી વાત તો તું જાણે જ છે."

રાજેન્દ્ર થોડી વાર ચૂંપ બેસી રહ્યો. થોડીવાર રહીને તે રમેનનો ખભો પકડી તેને જોરથી હલાવતાં બોલ્યોઃ " હવે, નિરંજનાના મનની વાત જાણુવામાં તને હરકત નથી, તારી પોતાની વાત પણ તે જાણતી નથી એમ તું માને છે. તો હવે તે વાત પણ તેને જણાવવી જોઈએ. સમજ્યો ? "

રમેન બેઉ હાથે મુખ ઢાંકી દઈને માથુ નમાવી બોલી ઉઠયોઃ " ના, ના. હું તે કાંઈ કરી શકીશ નહિ. જે કરવું હોય તે તુજ કર ભાઈ ! "

રાજેન્દ્ર જોરથી હસી પડયોઃ " એ બધી વાત પછી. તારે કશું જ પ્રયાસપૂર્વક કરવાનું નથી. જે આપમેળે થવાનું હશે તે થશે. હું મારે જે જાણુવા જેવું હશે તેજ ઝટ તારી પાસેથી જાણી લઈશ એમ આશા રાખું છું. "

આમ કહીને રમેનને વિચારોમાં ડૂબેલો જ રહેવા દઈને રાજેન્દ્ર ઉભો થયો અને ઘરની બહાર નીકળી ચાલતો થયો.

●

પ્રકરણ ૯ મું.

રાજેન્દ્રની પ્રવૃત્તિ

પણ રાજેન્દ્રની આશા સફળ થાય તેવાં કાંઈ ચિન્હ જણાયાં નહિ. રમેન દિવસમાં એક અગર બે વાર તેની સાથે નિરંજનાની દિદિમાને જોવા આવતો એટલું જ માત્ર. પહેલાંના કરતાં પણ હવે તે વધુ સંકોચ અનુભવવા લાગ્યો. નિરંજના સામે દ્રષ્ટિપાત કરીને વાત સરખી પણ તે કરતો નહિ. એક દિવસ રાજેન્દ્રે છેવટે પરિહાસપૂર્વક કહ્યું : " અરે, તું સાંભળ ! આવી બાબતમાં લોકો દૂતીનું શરણુ સ્વીકારે છે. તું પણ છેવટે મને દૂત બનાવીને બીજું મેઘદૂત કાવ્ય રચાવીશ કે શું ? "

રમેન વિષાદભર્યું હસ્યો. પહેલાંની પેઠે એ વાતથી ઉત્તેજિત થઈ ગયો નહિ. તે ધીમેથી બોલ્યોઃ " પણ આ કામમાં કદાચ તને ભમદૂતની ખ્યાતિ જ મળે તેમ છે. તે તને નરકનો યમદૂત ન ગણી બેસે તેનો જ મને વિચાર થાય છે. "

" જોઈ લેવાશે. પરંતુ બહુ સંગીન કેસ છે. આવી જાતનો ઐતિહાસિક પ્રસંગ કોઈ દેશના ઈતિહાસમાં બન્યો હશે કે કેમ એ શંકા છે. "

"હાંસી છોડી દે. તે કુમારી છે એટલું જ તેને જણાવી દે બીજી બધી વાત જવા દે."

"અર્થાત બીજો બધો ભાર તારે માથે એમ ને? તો પછી બરાબર છે. અને ખરી રીતે મારા જેવી અજાણી ત્રીજી વ્યક્તિ એથી વધુ બીજી વાત કરી પણ શી રીતે શકે? આટલું કહેવામાં પણ ડર તો લાગે જ છે."

"પણ તુંજ આ વાતનો પુરાવો છે, તો તે વાત કહેવાનો તને અધિકાર છે."

"કબૂલ, પણ તે તો છેવટની વાત. પહેલાં આ ખબર તું આપે તેજ ઠીક કહેવાય."

પરંતુ રમેન કોઈ રીતે તે કામ માથે લેવા તૈયાર થયો નહિ. છેવટે રાજેન્દ્ર બોલ્યો. "ઠીક. દિદિમાને કહીનેજ આ વાતનો આરંભ કરવો. પણ તેથી લોકોમાં વાત ફેલાવવાનો ભય રહે છે. ખરી વાત ન જાણવાથી–"

"લોકોને ખબર પડે તેની તો ખાસ જરૂર છે ભાઈ, સૌથી પહેલાં પછી નહિ."

રાજેન્દ્ર વિચારમાં પડી ચૂપ રહ્યો. તેણે ઉત્તર આપ્યો નહિ. છેવટે બોલ્યો. "જે કરવાનું હશે તે હુંજ કરીશ. તારા અને નિરંજના સિવાય બીજા કોઈના કાને આ વાત જવા દઈશ નહિ."

"આ બાબતમાં હું કંઈ કરી શકીશ નહિ તે જાણી લે. આરંભથી તે અંત સુધી બધું તારે જ કરવું પડશે."

"ભલે, હમણાં બે ત્રણ દહાડા મારી સાથે તું તેમના ત્યાં આવીશ નહિ. બે જણને સાથે જોઈને નિરંજનાને ષડ્યંત્રનો વહેમ જાય ને બેઉને બદનામ થવું પડે."

રમેન મ્લાન મુખે બોલ્યો: “ તમારી વાતમાં તેને વિશ્વાસ નહિ આવે તો તેઓ શું નો શું વિચાર કરશે તે કહી શકાતું નથી. જુઓ ભાઈ, હું તેઓને મોં દેખાડી શકું તેટલી બારી તો જરૂર રાખજો ! એ શરમ મારાથી સહન નહિ થાય.”

“ જા જા હવે, એ શરમ તો બહુ ગુણકારી થઈ પડશે. પાછળથી જોજે ને તું ! આજે મારે બીજે ગામ જવું છે માટે હવે જાઉં છું.”

એ દિવસ પછી રમેનને રાજેન્દ્રની સાથે ન જોતાં નિરંજનાની દિદિમાએ પ્રશ્ન કર્યો ? “ રમેન આજ પણ આવ્યો નહિ ? સારો તો છે ને ?”

“ હા.” ડોક્ટરે જવાબ આપ્યો.

“ પોતાનાં ખેતર પાદરની સાચવણીમાં પડ્યો લાગે છે ! સંસારની બાબતોમાં ધ્યાન આપતો થાય તો સારુ. લગ્ન કર્યું નહિ. હવે એ છોકરાનું ભાવિ કેવું થશે ?” રાજેન્દ્ર ગંભીર મુખે બોલ્યા: “ આત્મીય સ્વજનો એવી ચિંતા કરે તે યોગ્ય જ છે.”

“ અહા, એનું આત્મીય સ્વજન કોણ છે ભાઈ— એક તમારા સિવાય ? તમે આ ગામમાંથી ચાલ્યા જશો એટલે આ ગામમાંથી તેનો સૌથી શ્રેષ્ઠ મિત્ર તે ગૂમાવશે. એના પર તમારો કેટલો બધો સ્નેહ છે તે અમે જાણીએ છીએ.”

“ હું કેટલા દહાડાનો મિત્ર દિદિમા ? એનાં ચિરકાળનાં સુખ દુ:ખનાં ભાગી તો તમે જ છો.”

“ અમે ? અમો કમભાગી તરફ નજર તો કરો ભાઈ ! અમે તો ઉલટાં એને ભાર રૂપ છીએ. કયી વિપદ વખતે અમારે તેની જરુર નથી પડી ? આ તમને પ્રાપ્ત કર્યા છે. એ પણ તેના મિત્ર તરીકે જ ને !...”

બેટરી પ્રયોગ વખતે દિદિમાને ઉંઘ આવતી – તે દિવસે ઉંઘ આવવાની થતાં વાતચીત ધીમી પડવા લાગી. પણ રાજેન્દ્રે ડોશીની વાતનો તંતુ પકડી લઈ કહ્યું: "આપના હાથે તેને ઘણો આઘાત પણ થયો છે, ખરુને ?" દિદિમા નિશ્વાસ નાંખી બોલ્યાં: "એ વાત જવા દો ભાઈ, નિરંજના ગુસ્સે થશે."

રાજેન્દ્ર અટકી ગયો. થોડી વારમાં દિદિમા નિદ્રાધિન થઈ ગયાં. નિરંજના ત્યાં આવી રોજની માફક દિદિમાને આરામ છે કે નહિ તે પૂછવા લાગી. તેણે આજે એકાએક પ્રશ્ન કર્યો: "આપશું આ ગામમાંથી થોડા જ વખતમાં ચાલ્યા જવાના છો ?"

આજ નિરંજનાનો આ ઓચિંતો પ્રશ્ન સાંભળી રાજેન્દ્ર મનમાં વિસ્મય પામ્યો. સંભ્રમપૂર્વક તેણે ઉત્તર આપ્યો: "તેવો મનમાં વિચાર તો છે..."

સંકોચપૂર્વક નિરંજના ધીરે ધીરે બોલી: "દિદિમાના રોગને લીધે જ અટકી પડ્યા છો, એમ તે દહાડે રમેન દાદાને કહેતાં સાંભળ્યા હતા."

"એ તો રમેન જરા વધારીને બોલે છે. પણ હવે શીઘ્ર જવું પડશે." "આપે તો તે દિવસે દિદિમાને કહ્યું હતું કે હજી વાર છે."

"વાર છે ? ના, હવે બહુ વિલંબ કરવાની જરુર નથી." "દિદિમા, તેટલીવારમાં સાજાં થઈને ઉઠશે નહિ ?"

રાજેન્દ્ર નત મસ્તક ચૂપ રહ્યો. પછી થોડી વારે માથુ ઉંચે કરી નિરંજના તરફ જોઈ બોલ્યો: "જો દિદિમા બને તેટલાં સારાં થઈ જાય અને મને જવાની રજા આપે તો

મનમાં સુખી થાઉં કે, આપને એટલો પણ ઉપયોગી થઈ શક્યો. પણ કોણ જાણે આ મને એમ કહેશો ?"

નિરંજના જાણે આજે એ વાતને માટે પ્રસ્તુત થઈને જ આવી હતી. તે નીચી નજરે મૃદુ સ્વરે બોલી: "હું સમજી, આપે મને અકૃતજ્ઞ માની લીધી છે. એક દિવસે કાકીના રોગ વખતે તમે મારા વ્યહવારથી અપમાન માની લીધું છે..."

"મેં કોઈ દહાડો તમારા કોઈ પણ વ્યહવારથી અપમાન માન્યું નથી." "તમે ભૂલી ગયા લાગો છો. તે દિવસે પણ તમે તમારા વારંવાર આવવાથી વિરક્ત ન થતાં સહન કરવું પડશે, એમ કહેલું. અને દિદિમાનો રોગ જોઈને પણ તે દિવસે તેજ વાત કરી હતી. મને લાગે છે કે મારી અકૃતજ્ઞતાને મનમાં રાખીને જ તમે બોલ્યા હતા."

"ભૂલ્યો નથી. આપને મેં એવું કહ્યું હતું તે કબૂલ કરુ છું. પણ તમે જે કહ્યું તેને માટે નહિ. માત્ર આપની સંમતિ જ એ રીતે માગી હતી."

"પણ શા માટે ? અમારી વિપદમાં બધી રીતે અમોને સહાય કરવા તમે આવો છો, પછી મારી સંમતિની જરુર જ ક્યાં રહી ? એ પરથી તમે મને કેટલી બધી કૃતઘ્ન માની હશે તેનો ખ્યાલ આવે છે." બોલતાં બોલતાં એકાએક નિરંજનાનો સ્વર રુંધાઈ ગયો.

રાજેન્દ્ર જરા વિલો પડી ધીમેથી બોલ્યો: "ના, મેં તેવો વિચારજ નથી કર્યો. ઘડી ઘડી આપની વચ્ચે આવવું પડે તેથી સંમતિની જરૂર માની હતી, એજ એક કારણ હતું."

નિરંજના આ ખુલાસાથી સંતુષ્ટ ન થઈ હોય તેમ રૂંધાયેલા સ્વરે બોલવા લાગી: "હમણાં જ તમે મને એવા ભાવનું કહ્યું કે, હું, તમે અમને ઉપયોગી થઈ પડ્યા તેમ કદાચ ન એ કહું. તમે કાકીના મંદવાડ વખતથી આજ પર્યંત જે જે કર્યું છે તે કહેવાની મારામાં તાકાત પણ નથી. આ વખતે દિદિમા માટે વળી પોતાનું જવાનું બંધ રાખીને પણ રોકાઈ ગયા. છતાં આપને હું અમને તમે ઉપયોગી નીવડ્યા એમ ન કહું એ તે બને? એવો અંધ–અજ્ઞાન મનુષ્ય કોઈ પણ હોઈ શકે? પશુ પણ તેવું તો ન જ હોય?"

રાજેન્દ્ર ક્ષણવાર ચૂપ બની ગયો. તેણે નિરંજનાને આત્મસંયમ માટે પૂરતો સમય આપ્યો. પછી તે ધીમે ધીમે બોલ્યો: "હું ખાસ રોકાઇ ગયો છું એમ માનશો નહિ. દિદિમાને કંઇક આરામ થયા પછી હું જઈ શકીશ."

"પરંતુ તમે મને કૃતઘ્ન માનો છો છતાં પણ કહું છું. આપની મહત્તાનું મને ભાન છે. તેના ઉપર બળજબરી કરવાનો શું કોઇનો અધિકાર હોઇ શકે? જે દેવતા છે તે પોતાનાં સ્વભાવથી જ છે. સામાન્ય મનુષ્યો તેને પોતાના જેવો માની તેને વધુ માન ન આપે તેથી કાંઈ તેનું અપમાન કર્યું કહી શકાય?

"આપે મારું એક દિવસ પણ અપમાન કર્યું નથી. છતાં કબુલ કરું છું કે, કદાચ થોડું ઘણું કષ્ટ તમોને થતું હશે. તેનું કારણ એ નહિ કે તમે મારું અપમાન કર્યું છે. આપની સાથે આટલો ગાઢ સંપર્ક હોવા છતાં હું તમારો આત્મીય નથી એ વાત તમે પણ ભૂલ્યાં નથી અને મેં પણ તે વાત મનમાં રાખી હતી, તેથી આપના કાનનાં બે કુલ આપે

આપ્યાં તેવાંજ માનપૂર્વક લઈ લીધાં હતાં. પણ મણીના ગળાની જણસ નષ્ટ કરવામાં તો આપત્તિ જ જણાઇ. પારકા મનુષ્યને પણ એટલું તો લાગે જ. આશા રાખું છું કે તે પાછી આપવામાં તમે મારો અહંકાર માની લેશો નહિ. આત્મીય મનુષ્ય ઉપરજ બધો હક્ક ચાલે પારકા ઉપર ન ચાલે તે કોણ નથી જાણતું? માટે કાંઈ ખોટું કોઇને લાગવું જોઈએ નહિ."

નિરંજના ડૉકટર સાથેની આ બાબતની વાતચીતમાં કાંઈ યથાર્થ ઉત્તર ન મેળવી શકવાથી અપ્રસ્તુત ભાવે બોલી–"આપ પારકા હોવા છતાં આજે તમારાથી વધુ મોટો મિત્ર અમારે કોણ છે?"

ડૉકટર ઉભા થઈ એવું જ મ્લાન હાસ્ય કરી બોલ્યા: "રમેનનો મિત્ર આપનો પણ મિત્ર હોય એ કંઈ નવી વાત નથી. આપ કૃપા કરી મારી પ્રત્યેની આભારની લાગણી ફગાવી દઈને મને મિત્ર માની સંકોચ વેગળો મૂકશો તો મને સૌથી વધુમાં વધુ આનંદ થશે. એથી વધારે કાંઈ મારે દાવો કરવો નથી. દિદિમાને ઘણો જ ફાયદો થતો હોય એમ લાગે છે–આજ હવે હું જાઉં છું." નિત્યની પેઠે નિરંજના તરફ માથુ નમાવીને ડૉકટર ચાલ્યા ગયા. તે દિવસે રમેનને મળવા તેને ઘેર મુદ્દલ ગયા નહિ.

બીજે દિવસે પણ રમેનને ન જોતા ખૂઢ્ઢી વ્યગ્ર બની ગઈ. તે ઘર સંસારીક કામમાં પડ્યો છે એવી વાત રાજેન્દ્રના મુખે સાંભળીને પણ તેને શાંતિ થઈ નહિ. નિરંજનાને વારંવાર તેની ખબર લેવા કહેતાં નિરંજના "ઠીક, ટૂની મણીને મોકલી ખબર કઢાવું છું," એમ કહી ઉઠીને ચાલી ગઈ. તેના ગયા

પછી રાજેન્દ્રે વૃદ્ધાને કહ્યું : "રમેન હવે થોડા જ વખતમાં નોકરી માટે શહેરમાં જશે દિદિમા ! તે સિવાય તેના માતૃ શ્રાદ્ધનું કરજ ફેડી શકાય તેમ નથી. અને પુરુષ થઈને એમને એમ ઘેર બેસી રહેવું તે પણ યોગ્ય ન ગણાય. હવે આપને ઘણી મૂશ્કેલી પડશે એમ લાગે છે. આપની અવસ્થા થઈ એટલે શરીર પણ એવું જ રહે ! કેટલું જીવન બાકી રહ્યું તે પણ શું કહેવાય હવે ? પછી આ બધાનું શું થશે ? કોઈ ખબર રાખનાર ન હોય તો પછી..."

વૃદ્ધા આ સાંભળતી ચૂપચૂપ પડી રહી હતી. હવે તે લગભગ રૂદન કરતી બોલી : "ને માટે જ રમેન ચિંતાતુર બન્યો હશે, એમ લાગે છે. ત્યારે તો આ બે બાળકોને લઈને નિરંજના સમુદ્રમાં જ જંપલાવશે બીજું શું ? આ દુઃખમય જીવનમાં પણ મરવાનું મન થતું નથી તે તેમની ખાતર જ. કારણ તેમનું પાલન પછી કોણ કરે ? પણ હું તો નામનું માણસ છું. રમેનના ભરોંસે જ જીવવાનું છે તે હવે ગામમાં ન રહે તો પછી..."

"પણ વિચાર કરી જુઓ. આપના મરણ પછી રમેન તેમની સાથે એટલો ઘનિષ્ટ સંબંધ રાખી શકશે ? તેને લોકનિંદાનો ભય નહિ લાગે ?"

નિશ્વાસ નાંખી આંસુ લૂછતી વૃદ્ધા બોલી: "લાગશે જ. એનો શું ઉપાય થાય તેજ સુઝતું નથી. ભાગ્યના લેખ પણ કેવા ભાઈ ? હુંજ કાશીથી એક ઉડતી ખબર લાવી અને રમેન તથા નિરંજનાના વિવાહ બંધ રખાવ્યા. તેથી એ કામનું ફળ મારે જ ભોગવવું પડયું. આજ નિરંજના ગૃહસ્થ–વધુ બની હોત તો ? પણ ચાર પાંચ વર્ષ બિચારીનાં આજ દશામાં વહી

ગયાં. મારે માટે તે કેટકેટલું કષ્ટ ઉઠાવે છે ભાઇ ! મેં તેનો સર્વનાશ કર્યો છે છતાં તે મારી માતાથીયે અધિક ભાવે સેવા કરે છે. મને કેમ કરીને સારું થાય તેને માટે કેટકેટલા પ્રયાસ કરે છે ! વખતો વખત તેની સાથે વાત કરતાં પણ મને લાજ આવે છે. અને રમેન આગળ તો મને એથી ય સો ગણી લાજ આવે છે. છોકરો હજી લગ્ન પણ કરતો નથી !"

દિદિમા આંખો લૂછવા લાગ્યાં. રાજેન્દ્ર ધીમે ધીમે બોલ્યો: "પણ તે ઉડતી વાતની જો બરોબર તપાસ થાય તો તેમાંથી જરૂર કંઇક સત્ય હકીકત નીકળી આવત. નિરંજનાના બાપની પીસી માત્ર પોતાના અંદાજ ઉપર જ ભાર મૂકે છે. કાંઈ સાબીતી તો આપી શકતી નથી. એટલે આ બાબતમાં પાકી તપાસ થાય તો ભૂલ જરૂર સુધારી શકાય."

"શી ભૂલની વાત કરે છે ભાઈ? નિરંજનાનું લગ્ન કદાચ નહિ થયું હોય એમ કહેવા માગે છે?"

રાજેન્દ્ર નીચી નજરે બોલ્યો: "હા."

વૃદ્ધા વ્યગ્રતાપૂર્વક બોલી ઉઠી. "અહા, ભગવાન શું એવું બને? કોઈ કોઈ વાર મારા મનમાં પણ એવું થાય છે ભાઈ. અને ધારો કે એવું લગ્ન થયું હોય તો પણ તે લગ્ન કહેવાય? જે લગ્નની વાત કોઈ જાણતું નથી — નિરંજના પોતે પણ જાણતી નથી તે લગ્ન સાથે શું લેવા દેવા? સમાજમાં આવા પ્રસંગે દિવ્ય કરીને પણ માણસને શુદ્ધ કરી લેવાનો રિવાજ છે. પણ હવે શું થાય? મેં જ જો આ વાત કોઈને ન કરી હોત તો કોઇ પણ જાણી શકત નહિ. તે વખતે મને પણ એ ખ્યાલ ન આવ્યો કે ભવિષ્યમાં છોકરીની શી દશા થશે! મારા કર્મનું ફળ ભોગવવા હું જ પાછળ રહી. આ છેવટના

દિવસોમાં મારી આંખ ખુલી પણ હવે તેનો શો ઉપાય થાય? હવે હું લગ્ન નથી થયું એમ કહું તો પણ કોણ માને? અઢાર ઓગણીસ વર્ષની તેની ઉંમર થઈ. આ ચાર પાંચ વર્ષથી તે આજ સ્થિતિમાં છે. અને સૌ કોઈ માને છે કે તેનું લગ્ન થઈ ગયું છે. હવે આ વાત કરવાથી માત્ર કલંક સિવાય બીજો કંઈ લાભ થાય તેમ નથી."

નિશ્વાસપૂર્વક વૃદ્ધા બોલતી અટકી ગઈ એટલે રાજેન્દ્ર બોલી ઉઠયો. "પણ રીતસરની શોધ કરી સાબિતી રૂપ પુરાવો મળી આવે તો લોકો કેમ ન માને? એમાં કલંક શાનું લાગે વારૂ?"

"એવી શોધખોળ અમારે માટે કોણ કરે? એવું માણસ અમારી પાસે કોણ છે?"

"જો તમે સંમત થાઓ તો રમેન જ તેવી શોધ કરવા પ્રયાસ કરે."

વૃદ્ધા થોડીવાર વિચાર કરીને બોલી: "રમેન તેના સગપણનો ભંગ થયા પછી થોડા દહાડા પશ્ચિમ તરફ ગયો હતો. તે વખતે તેણે કાંઈ શોધ નહિ કરી હોય? મને તો લાગે છે કે કરી જ હશે. સારી ખબર મળી હોત તો તે ચુપ રહે ખરો? પાછો આવ્યા પછી તે કંઈ જ બોલ્યો ન હતો. વધુમાં તેને કોઈ સંન્યાસીએ લગ્ન કરશે તો અશુભ થશે એવી ભીતી બતાવેલી તેથી તે તેની માને લગ્નનું નામ પણ લેવા દેતો નહતો."

"રમેનની તે શોધ બરાબર ન હતી. તે વખતે તેની બાળક બુદ્ધિ હતી. હવે તપાસ કરે તો કદાચ ખરી વાત જાણવામાં આવે."

"નિરંજનાના બાપની પીસી તો મરી ગઈ છે. હવે કોની પાસેથી ખબર મળે ?"

રમેને પણ તેની પાસે જ પ્રયાસ કર્યો હતો. પણ તેની પાસેથી બરોબર ખબર મળે તેમ નથી. પ્રયાગમાં જે પંડાઓ રહે છે તેમની પાસેથી ખબર મેળવવી જોઈએ. નિરંજનાના બાપના પંડાને શોધી કાઢવામાં આવે તો તેની પાસેથી ઘણી હકીકત મળી આવે તેમ છે.

ઘોર નિરાશા સાથે રાજેન્દ્રના મુખ તરફ જોઈને વૃદ્ધા બોલી: "નિરંજનાના બાપનો પંડો કોણ તે આટલા વખત પછી શી રીતે ખબર પડે ? કદાચ તે મરી પણ ગયો હોય ! ના ભાઈ એ વાત હવે સંભવિત નથી. પુરતી સાબિતી મળ્યા વગર અહિં લોકો માનશે નહિ. તમે જેવા રમેનના મિત્ર છો તેવા અમારા પણ છો. સાબિતી વગર અમને આવી લજ્જામાં ન ધકેલશો."

"પૂરતી સાબીતી આપવામાં આવશે જ. માત્ર આપની સંમતિ છે કે નહિ તે જાણવા માગુ છું."

વૃદ્ધા એકદમ આનંદથી આભી બની ગઈ. "મારી સંમતિ ? તે કંઈ પૂછવાની હોય ?– પણ એથી જે અસંભવિત તે કંઈ સંભવિત બની જશે ? જો તેમ બને તો તે તમારે લીધે જ બને. તમે જ તે સ્વપ્ન વ્યાપારને સત્ય બનાવી શકો. પણ ભાઈ, આગળથી બહુ વિચાર કરવાનો છે. શોધ કરતા પહેલાં એ વાત છાની રાખવી જોઈએ. કારણ કે પાછળથી કંઈ બીજી વાત નીકળે તો લોકમાં હાંસી થાય."

રાજેન્દ્ર ગંભીર ભાવે માથુ ધૂણાવી બોલ્યો ! "આપ જો

સંમત થાઓ તો લોકની હાંસીનો એટલો બધો ભય રાખવાની જરૂર ન રહે. અને સાબીતી મળી આવ્યા પછી નિંદા કરનારની જીભ કંઈ ઓછી બંધ થવાની છે? હું હમણાં થોડા દહાડા રોકાઈ જઈશ અને તમે સંમત થશો કે તુરત હું તૈયાર રહીશ. અને હવે બહુ વિલંબ કરવાની જરૂર નથી, એમ હું તો માનું છું."

વૃદ્ધા નવાઈપૂર્વક રાજેન્દ્રના મુખ તરફ જોતી બોલી: "તમારી વાતથી એમ લાગે છે કે તમે બધી સાબીતી – પત્તો મેળવી ચૂક્યા છો. તો તમે શોધ કરીને પછી જ આ વાત ઉપાડી છે ખરું?"

"હા."

"તો ખરેખર નિરંજનાનું લગ્ન થયું નથી? મેં તેણે ખોટી રીતે જ આટલા વખતથી સન્યાસિની બનાવી રાખી છે? એના બાપે ખરેખર લગ્ન કર્યું જ નથી? આ બધી વાત મિથ્યા છે ત્યારે?"

રાજેન્દ્ર ધીર ભાવે બોલ્યો "જે સત્ય છે તેને કોઇ રીતે બાધા નડી શકતી નથી. આપે આ સમાજમાં અશિક્ષિત જીવન ગાળ્યું છે અને વૃદ્ધ થયા છો છતાં એ જુના સંસ્કારને દૂર કરીને તમે સત્યને ઓળખી લીધું છે તેનું મોટું મૂલ્ય છે. નિરંજના કુમારી છે અને તેના લગ્નમાં કાંઈ હરકત નથી. વળી આપની પૌત્રીને પણ હવે આ બધી વાત જણાવવાની જરૂર છે. આપ તેને જણાવીને મને વાત કરજો એટલે હું મારા પુરાવાઓ વડે સમાજને ચોકકસપણે નિરૂત્તર કરીશ. તો હવે હું જાઉં છું."

વૃદ્ધાએ અસ્ફુટ આશીર્વાદ આપ્યો તે નીચે માથે ઝીલતો રાજેન્દ્ર બહાર નીકળ્યો ત્યાં તેણે જોયું કે, નિરંજના દરવાજાનું એક કમાડ પકડી નિર્વાક્ નિશ્ચળ પ્રતિમાની પેઠે ઉભી હતી. એ ભાવહીન પાંડુવરણા મુખ તરફ જોઈને રાજેન્દ્ર પળવાર સ્તબ્ધ બની ગયો. પછી ચકિત ભાવે નીચી નજર કરી રોજની માફક નિરંજના તરફ માથુ નમાવી તે રોજના કરતાં વધુ વેગથી બહાર ચાલ્યો ગયો.

રમેન તે દિવસે પણ રાજેન્દ્રની જોડે નિરંજનાની દિદિમાની ખબર જોવા આવી શકયો નહિ. તે બોલ્યો : "તેં આ નવું કાન્ડ ઉભું કર્યું. મારે તારી પણ પહેલાં આ ગામ છોડવું પડશે. જતા પહેલાં તેમને એક દિવસ મળી આવીશ. તે પહેલાં હવે તેમને મોં બતાવી શકીશ નહિ."

"તે ઠીક છે. તું એક તરફ બીસ્તર બાંધે, ને હું મારૂં કામ કર્યે જાઉં."

"હાંસી નથી કરતો. નિરંજના કોણ જાણે કેવો વિચાર કરશે એ ખ્યાલને લીધે કાલથી આ ગામમાં હું મોં પણ બતાવી શકીશ નહિ. ખરેખર, હું અંતરથી થોડા દહાડા માટે ક્યાંક ચાલ્યો જવા માગુ છું. મને છોડી દો..."

"ઠીક, આજ પાછો આવીને તને જે તે જવાબ આપીશ. તે વખતે તારી જવાની જ ઇચ્છા હશે તો રોકીશ નહિ."

રાજેન્દ્ર રાએતા મુજબ નિરંજનાની દિદિમાની ચિકિત્સામાં લાગી ગયો. તે દિવસે તેણે ધારેલું કે ડોશી પોતે જ એ વાત ઉપાડશે. પણ બૂઢ્ઢીએ તે વાત સંભાળી જ નહિ. બેટરીના પ્રયોગ પછી જ્યારે વૃદ્ધા રોજની પેઠે ઉંઘવા માંડી ત્યારે

રાજેન્દ્રનું ધૈર્ય ટકી શક્યું નહિ. તે વખતે તેણે પોતે જ પ્રશ્ન કર્યો "આપના પછી શું સમાચાર છે દિદિમા?"

દિદિમાએ ચમકીને આંખ ખોલી હાથની ઈશારતથી રાજેન્દ્રને ચૂપ રહેવા સૂચવી ધીમેથી કહ્યું "ચૂપ રહે ભાઈ, એ બધી વાતનો કશો અર્થ નથી. કાલે નિરંજના બહુ ગુસ્સે થઈ ગઈ હતી, મારી સાથે તેણે ભારે ઝઘડો કરી ખાધું પીધું પણ ન હતું. તે કહે છે કે એ વાત જો ઉખેળશો તો તે જળમાં જંપાપાત કરશે. જેને માટે ચોરી કરીએ તેજ આપણને ચોર કહે તે આનું નામ. મારાં જ કર્મનું આ ફળ છે, બીજું શું ભાઈ? આ વિચાર તેના મનમાં મેં જ ઘૂસાડયો છે ને?"

રાજેન્દ્રે જરા વાર રહીને પૂછ્યું "તે શું સાબીતી નથી તેથી વિશ્વાસ નથી કરતી?"

"તે એ બધી વાત કાને સાંભળવા પણ માગતી નથી. સાબીત બીન સાબીતની વાત તો દુર જ રહી. તે પોતે જેમ છે, તેમ રહેશે, કોઇની વાત તે સાંભળવા માગતી નથી.

"આપના જીવનની અનિશ્ચિતતા તથા ભવિષ્યની ચિંતા, એ બધી વાત તેને સમજાવી હતી?"

"હું તે શું સમજાવું, એ કાંઈ મારા કરતાં ઓછું સમજે તેવી છે? પરંતુ આટલા બધા દિવસ પછી આ વાત ઉપાડવાથી ગામના લોકો હાંસી કરે–મુખે સાબીતીને સ્વીકારે પરંતુ મનમાં હસે એ બધું તે સહન કરી શકે નહિ."

"આને માટે જ! કેવું આશ્ચર્ય! એક મોટું અન્યાયનું કામ થઇ ગયું છે અને હવે એક ત્રીજી વ્યક્તિ વચમાં આવી તેનો ઉપાય બતાવે છે તેમાં લોક લજ્જા ક્યાં રહી? આતો

રમેન પોતે થઇને પ્રયત્ન કરતો નથી–કરે તો પણ ખોટું નથી. કારણ કે આ તેનું પોતાનું કામ છે. પણ એ વાત જવા દો. હવે તો એક બીજી વ્યક્તિ બધી વાત જાણીને—"

" તમે રમેનના મિત્ર છો ભાઇ, તેથી લોક આ રમેનનુંજ કામ છે એમ કહેશે. પુરાવામાં કદાચ વિશ્વાસ જ રાખશે નહિ. માત્ર લોક લજ્જા જ ઉભી થશે."

" મેં કહ્યું નહિ કે લોકો વિશ્વાસ કરે તેવો પુરાવો લાવવાનું કામ મારે માથે છે. તેને લોકસમાજ આગળ લજ્જીત તો નહિ જ થવું પડે! મારા ઉપર તમે એટલો વિશ્વાસ નથી રાખી શકતાં? તેને બોલાવો, આ વાત હું પોતે તેને સમજાવું."

વૃદ્ધા નિરંજનાને બોલાવવા લાગી પણ તે આવી નહિ. ફરી ફરીને બૂમ પાડ્યા પછી થાકીને દિદિમા કહેવા લાગ્યાં. " જવા દો આ વાત ભાઈ, તેમના નસીબમાં હશે તે થશે. તમે હવે હેરાન થશો નહિ."

રાજેન્દ્ર પોતાનું કામ પુરૂં કરીને બહાર આવ્યો તે વખતે આજે તેણે નિરંજનાને જોઇ નહિ.

રમેન બધી વાત સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. રાજેન્દ્રે પ્રશ્ન કર્યો. " હવે શું કરવું છે, બિસ્તરા બાંધવાનું નક્કી જ કર્યું છે?"

" જરૂર, એ સિવાય બીજું શું થઈ શકે, કહે જો? હવે મુખ શી રીતે દેખાડી શકાય? અને ગામમાં રહું તો તેમ કર્યા વગર ચાલે નહિ."

" તું ગામમાંથી ચાલ્યો જઇશ એટલે પછી હું તને પકડી નહી શકું એમ માને છે? હું શું મારો સંકલ્પ એમ સહેજ

છોડી દઈશ એમ માને છે? હવે હું પોતે તારી સામે વૉર ડીક્લેર કરીશ."

રમેન હાથ જોડીને બોલ્યો: "ભાઈ, હવે મને બચાવ! સર્વનાશ ન કર! ઘણું ઘણું થઈ ગયું છે. હું આવતી કાલે જ જઇશ."

"દિદિમાને ભેગો થઇને પછી જઈશને?"

"ના, હવે તો મારાથી નહિ થઈ શકે તે પણ."

પરંતુ બીજે દિવસે સવારે જ જ્યારે હુની મણી આવીને "દિદિમા બોલાવે છે રમેનદાદા, તમારે હાલ જ આવવું પડશે." કરીને બેઉ જણ બે હાથ પકડી ખેંચીને ચાલવા લાગ્યાં તે વખતે કાંઇપણ દલીલ ટકી શકી નહિ. ધીરે ધીરે જઈને દિદિમાની પાસે જઇને બેસવું પડયું. દિદિમા જાણે કંઈ ન બન્યું હોય તેવી રીતે બોલ્યાં. "આવા વખતે ચાકરી માટે કેમ જાય છે ભાઇ, આ તો ફસલનો સમય છે. પોતાની ખેતીવાડીમાંથી જે કંઈ ઘરમાં આવશે તેથી વધુ ચાકરીમાંથી શું મલવાનું છે ભાઈ? એવી ભૂલ કેમ કરે છે?"

રમેન સંકોચપૂર્વક બોલ્યો : "દેવું થયું છે તે ભરવું"–

"તે શું પોતાના ખેતરમાં ભરેલો પાક બરબાદ કરવાથી ભરાઈ જશે? આ બહાર જવાનો વખત નથી એ વાત કેમ ભૂલી જાય છે? મારી પણ તારા વગર કોણ ખબર લેશે? મારો તો એક પગ રહી ગયો છે. તું ખબર લેનાર નહી હોય તો અમે લોકો મરી જઈશું ભાઈ."

રમેનની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં મહામહેનતે આંસુ રોકીને તે ઘેરા અવાજે બોલ્યો, "મને અત્યારે તમે આ વાત કહેશો એમ હું નહોતો ધારતો."

"કેમ શું થયું છે? તે શું કર્યું છે? આંખમાં આંસુ કેમ લાવે છે ભાઈ—છટ્! આ શું? તું તો અમારી—" દિદિમાની વાત આગળ ચાલી શકી નહિ. પથ્યની કટોરી હાથમાં લઈને નિરંજનાએ પ્રવેશ કર્યો. તે પ્રથમની જેમ પ્રસન્ન મુખે સંકોચ વગર બોલી ઉઠી. "રમેનદાદા, દિદિમાને ઘણો ફાયદો થયો છે નહિ વારૂં? ડાબી બાજુ હલાવી ચલાવી શકે છે અને પડખું પણ ફેરવી શકે છે."

રમેન પોતાનું મુખ છુપાવવા માટે દિદિમા તરફ ઝુકીને અર્ધસ્ફુટ સ્વરે બોલ્યો. "હા, ડૉકટર તો આશા રાખે છે કે થોડી ઘણી હરવા ફરવાની પણ શકતી આવશે." દિદિમા કૃતજ્ઞ બની ગદ ગદ સ્વરે બોલ્યાં: "આ ઉંમરે આ રોગના હાથમાંથી કોઈ બચી શકે ખરૂં? જે થયું છે તે બધું તારા ડૉકટરના પ્રતાપે. તેથી તો તારી આ ગામમાંથી જવાની વાત સાંભળી છાતીનું લોહી સુકાઈ જાય છે અને થાય છે કે આ અનાથોનું પછી શું થશે?"

નિરંજના એકાએક રમેનના મુખ તરફ જોઈને બોલી: "તમારે હવે ક્યાં જવું છે? તમારી સંપત્તિ, ઘરબાર બધું કોણ સંભાળશે? એ બધી ભાંજગડ છોડી દો, પરદેશ કોને માટે જવું છે વારૂં?" રમેન કંઈ બોલી શક્યો નહિ. ઉંમરલાયક થયા પછી નિરંજના કોઈ દિવસ તેની સાથે આ રીતે બોલી ન હતી. આજે આ તેનો કેવો ભાવ—જાણે તે મનથી જ બધો સંકોચ દબાવી દેવાનો બળપૂર્વક પ્રયોગ તો નહિ કરી રહી હોય! કે પછી એ વાતને તે બહુ વજુદ નહિ આપતી હોય?

આ વાત યાદ આવતાં જ રમેનનું કાળજું કોરાઈ જવા લાગ્યું. શું નિરંજના તે બાબતમાં ખરેખર આટલી બધી

ઉદાસીન હતી? બીજું કાંઈ નહિ તો તેના મુખ ઉપર થોડી ચિંતા, વિષાદ કે બીજો ભવાન્તર સરખો પણ માલમ ન પડે એ તે કેવી વાત? તો શું ચાર પાંચ વર્ષ પહેલાંની વાત તે તદ્દન ભૂલી જ ગઈ હશે? ગમે તેમ હોય, પણ તે દિવસોની વાત યાદ આવતાં મનમાં થોડુંઘણું કષ્ટ પણ ન થાય? રમેનના જીવનનો તે મહા વજ્રઘાત-તેના ગુરૂત્વના અનુભવથી નિરંજનાને શું કોઈ દિવસ જરાપણ વ્યથા નહિ થતી હોય? તેમ ન હોત તો આજે તે વાત યાદ આવવાથી તેનું મુખ જરાયે મ્લાન ન બન્યું હોત? અને તેજ દિવસની વાતજ શા માટે? રમેનના ચાર પાંચ વર્ષના ચિર અવિવાહિત જીવનની વાત પણ નિરંજના કોઇ દિવસ મનમાં નહિ લાવતી હોય? તે જો મનમાં આવતું હોય તો પછી તે એ વિષે તેની સાથે હસતા મુખે વાત કરી શકે ખરી?

રમેનને નિરૂત્તર જોઈ નિરંજના ફરી બોલી: "ઉત્તર કેમ નથી આપતા? તમારે જવાનું નથી સમજ્યા?"

હવે લગભગ રૂંધાયેલા સ્વરે રમેન બોલ્યો: "જવું જ પડશે."

"શા માટે? ભારે કરજ વાળવાની વાત છોડીને સાચે સાચી વાત કહી દો." દિદિમા નિરંજનાની કડકાઇથી વ્યગ્ર બની રમેનને આશ્વાસિત કરતાં બોલ્યાં: "શું બોલે છે તું આ? ભારે કરજ એ પુરૂષને માટે નાની સૂની ચિંતાનો વિષય છે?"

"દિદિમા, તમે ચૂપ રહો! પુરૂષને માટે તે કંઈજ નથી. રમેનભાઈ તેને જ માટે ચાલ્યા જતા નથી, એ હું નક્કી કહું

છું. કેમ નહિ રમેનભાઈ? સાચુ કહો !" રમેને નીચી નજરે માથું હલાવી કબુલ કર્યું. પછી નિરંજના જરા સમાલીને બોલીઃ "પરંતુ તમારે ગામ છોડવા જેવું કાંઈજ કારણ નથી, એ જાણી લ્યો."

આ વખતે રમેન પોતાની દ્રષ્ટિ નિરંજના તરફ ફેંકી રૂંધાયેલા અવાજે બોલ્યોઃ "કારણ થયું છે. હું મોં બતાવી શકતો નથી."

નિરંજના રમેનનો દ્રષ્ટિપાત થતાં જ નીચી નજર કરીને મૃદુ સ્વરે બોલીઃ "કેમ નથી બતાવી શકતા? તમારો કંઈ દોષ નથી, તે અમે જાણીએ છીએ..."

થોડીવાર ચૂપ રહ્યા બાદ રમેન બોલ્યોઃ "દોષ હોય, પણ કેવો? બીજા ઉપર મિથ્યા દોષારોપણ કરવું તે ઠીક કહેવાય? એ બધું મારે જ માથે છે-તેથી હું ચાલ્યો જવા માગુ છું-"

નિરંજના હવે વધુ બોલી શકી નહિ. ચૂપચૂપ એક વાડકામાંથી બીજીમાં દિદિમાનું દૂધ નાંખી ઠંડુ કરતી તે બેસી રહી. રમેન થોડીવાર ચુપ રહીને ઉભો થતાં નિરંજના તેના તરફ જોઈને બોલીઃ "ગમે તે હોય, તે ખાતર તમારે ગામ છોડીને જવાનું નથી." રમેન દિદિમાની હાજરી ભૂલીને એક વાર હાથ જોડીને રૂંધાતા સ્વરે બોલી ઉઠયોઃ "મને માફ કરો. હવે હું અહીં કોઈ પણ રીતે રહી શકીશ નહિ-રહી શકીશ નહિ-" નિરંજનાએ માથું નીચે કર્યું. દિદિમા જોરથી બોલી ઉઠયાંઃ "કેમ નહિ રહી શકે ભાઈ, તને શાની શરમ આવે છે? જેને માટે તે તારૂં સોના જેવું જીવન આમ કરીને

વહાવી દીધું, જેના દુઃખે તું વિરાગી બન્યો—આજ તેને કુમારી જાણ્યા છતાં પણુ..."

નિરંજના જોરથી દિદિમાને ધમકાવતી બોલી:—"શું બકો છો તમે દિદિમા? ચુપ કરો કહું છું." પછી તે રમેન તરફ જોઇ શાન્ત મૃદુ સ્વરે બોલી: "પણ જે આધારે તમે એ વાત માનો છો તેને હું સત્ય માનતી નથી. લોકલાજની વાત દુર રહી. મારો વિશ્વાસ જે વાતમાં બેઠો છે તે સાચીજ છે." રમેન ઉત્તર આપી શકતો નથી એ જોઈને દિદિમા ફરી ધીમેથી બોલ્યાં: "રાજેન કહે છે કે, જોઈતી સાબીતી તેની પાસે છે—"

"તે સાબીતી હું માનતી નથી." દિદિમા હવે બોલ્યાં નહિ. પીડા થતી હોવા છતાં બીજી તરફ પાસું ફેરવીને સુઈ ગયાં. રમેન થોડીવાર સ્તબ્ધ બની બેસી રહ્યો. પછી ક્ષીણુ અવાજે બોલ્યો: "મેં રાજેનને તે કહ્યું હતું."

"શું કહ્યું હતું?"

"હજારો પુરાવાઓ વડે પણુ તારી તરફની હરકત કોઈ દૂર કરી શકશે નહિ." નિરંજનાએ ઉત્તર આપ્યો નહિ. કોઇ એક ગુપ્ત આઘાતથી આજ રમેનનું હૃદય તેના સ્વભાવ વિરૂદ્ધ ચંચળ અને અધિર બની ગયું હતું. તેનો હંમેશનો સંકોચ અને સંયમ એક બની જઇને આજે વેદનાદાયક વેગથી જોર-પૂર્વક બહાર નીકળવા લાગ્યો. તે વેગને રોકવાની રમેનમાં શક્તિ ન રહી, તે બોલી ઉઠયો. "જગતમાં એ બધી હર-કતોની સામે યુદ્ધ કરવા માટે જે બળની જરૂર હોય

છે તે જો તારામાં હોત તો નિરંજના, તું આજ આ ખબર સાંભળી આટલી બધી વિરક્ત ન બની હોત. આ ખબરમાં કંઇ ભૂલ છે કે કેમ તેવો સંશય થયા છતાં તેને માટે તારા મનમાં જીજ્ઞાસા પ્રગટી હોત. હું જાણું છું-ફરી જાણું છું-"

"જો જાણો છો તો એને માટે આલોચના શી કરો છો ? એ તુચ્છ વાતને છોડી દો !" "તારી આગળ એ તુચ્છ હશે નિરંજના, પણ બીજાઓ માટે એ જીવન ભરનો પ્રશ્ન છે. એ ચાર પાંચ વર્ષ પહેલાંની વાત-તે દિવસની વાત જો તારા મનમાં જરાપણ હોત-" નિરંજના આ વખતે ઉઠીને ઉભી થઇ અને વેગપૂર્વક બોલી: "ચાર પાંચ વર્ષ પહેલાંની વાત ચાર પાંચ વર્ષ પહેલાં જ ચૂકી ગઈ છું. હવે ફરી તે વાતને શા માટે આગળ લાવો છો ? તમે ભૂલી કેમ જાઓ છો કે, આ ગરીબ પ્રાણીઓના તમે સબંધી કરતાં પણ અધિક છો, તેમના એકના એક અભિભાવક છો ? તેમાંના એક હતભાગીના તમે એક હતભાગી ભાઇ છો."

નિરંજના હવે ત્યાં ઉભી ન રહી. "દુધ એકદમ ઠંડુ થઈ ગયું છે દિદિમા ! ફરી જરા ગરમ કરી લાવું." એમ કહીને દુધની કટોરી ઉપાડી લઇ તે રસોડા તરફ ચાલી ગઈ ! સ્તબ્ધ રમેન ગૂપચુપ ઉભો ઉભો જાણે ધરતીને માર્ગ આપવા વિનવી રહ્યો. જે આજ સુધી અસ્પષ્ટ હતું, સંદેહ રૂપમાં હતું, તે કયી દુર્બુદ્ધિ થવાથી સ્પષ્ટરૂપે જાણવા તે અહીં આવ્યો ? નિરંજના તેને એ ભાવથી ચાહતી નથી, એમ તેના મનમાં ઘણી વાર ઉગી આવતું હતું પણ તે વાત સ્પષ્ટ જાણવાથી થતી વેદના કેવી મોટી હતી ? એ વેદનાનો અંત હવે ક્યાં આવવાનો ? રાજેન્દ્ર સાથે આલોચના કરવાને લીધેજ તેનો

શુદ્ધ પ્રેમ આજ નિરંજના સમક્ષ ધૂળમાં લીંપાઈ ગયો, પણ નિરંજનાના હાથની ધૂળ પણ વિભૂતિ જ ગણાય? તેણે તેનું અપમાન કર્યું ન હતું. સન્માનપૂર્વક તેને પ્રણામ કરીને તે દૂર ઉભી રહી કહેતી હતી કે, તે અનાથનો એક માત્ર આશ્રય-દાતા સર્વોત્તમ આત્મીય પોતે હતો. નિરંજનાની એ નિર્ભરતા પાછી ઠેલી રમેન દૂર ચાલ્યો જઈને શું કરશે? એ અવસ્થા ગમે તેટલી અસહ્ય હોય તો પણ તે નિરંજનાના આદેશની ખાતર જ રમેને સહન કરી લેવી જોઇએ.

●

પ્રકરણ ૧૦ મું

પરિચય

રમેન વ્યથાપૂર્વક પૂછવા લાગ્યો: “ખરેખર, તમે આ ગામમાંથી ચાલ્યા જશો?”

રાજેન્દ્ર હસીને બોલ્યો: “એ વાત ખોટી છે એમ તને શા ઉપરથી લાગે છે?”

“કોણ જાણે કેમ? તમે ચાલ્યા જવાની તૈયારી ધીમે ધીમે કરો છો તે જાણું છું, છતાં મનમાં થાય છે કે, તમે નહિ જઈ શકો—અમને છોડીને નહિ જઈ શકો. એનું કારણ સમજાતું નથી.”

રાજેન્દ્રે મ્લાન મુખે, કરુણ ચહેરે મિત્રનો હાથ પકડી ઉદાસ સ્નેહનું નિદર્શન કરી જોરથી છોડી દીધો. પછી તે બોલ્યો: “હજી તો વાર છે ભાઈ! હાથ પર કેટલાક દર્દી છે તેમને ઠીક થઇ જાય પછી એ વાત છે.”

“ગમે તેમ, પણ એ વાત કોઈને કોઇ દિવસ સાચી

તો પડશે જ ને ? અને તે દિવસ આવતાં વાર પણ શું લાગશે ? ”

“ અરે, રમેન તું આ જગતમાં સૌને ચિરસ્થાયી કરવા માગે છે ખરૂં ! તમારા દેશનો એક તત્વજ્ઞાની રાજવી લખી ગયો છે : “ તમે કોનાં છો ને તમારૂં કોણ છે ? જાતજાતનાં પક્ષીઓ રાત પડતાં એક વૃક્ષ પર ભેગાં થાય અને પ્રભાતમાં પોતપોતાના માર્ગે ચાલ્યાં જાય તેવો જ આપણો બંધુ બાંધવોનો આ સંબંધ છે. સમય આવતાં કોઇને પણ આપણે રોકી શકવાના નથી.’ સમજ્યો ? અમારા કવિ માઈકેલ મધુસુદન પણ કહે છે: “ ચિર સ્થિર કરે નીર હાય રે જીવન દે ! ”

રમેન મ્લાનમુખે જરા હસીને બોલ્યો: “ મારે કાંઇ તત્વજ્ઞાનની કથા સાંભળવી નથી. છતાંય ‘ અમારા ’ તત્વદર્શી રાજવીની અને ‘ તમારા ’ કવિની કથા તમે સંભળાવી દીધી. એ ‘અમારા’ અને ‘તમારા’ એમ ભાગ કરવાથી જ એમની કવિતા કે તત્ત્વકથા બરોબર ઉપભોગ્ય થતી હશે ખરૂં ને ! પણ એ આલોચના કરવાનો મને હાલ સમય નથી. હું તો માત્ર જાણવા માગું છું કે...”

“ શું કહે છે ? આજનું કામ તો પતી ગયું છે. બધા દર્દીઓની વીઝીટ થઈ ગઈ છે—હવે એ ઘડી કેદારની ઠાંગ છોડીને સાહિત્યાલોચનાની બે વાતો કરવાનો અવકાશ પણ જો ન મળે, તો આ જીવન વ્યર્થ જ ગણાય. મેં જે બે પૂજનીય વ્યક્તિઓનો ‘ તમારા ’ અને ‘ અમારા ’ કહીને ભેદ પાડ્યો, એમાં મારી ભુલ થઇ છે તે પહેલાં બતાવ ! પછી જ બીજી વાત કરવા ઇચ્છશ. ”

રમેન હસ્યો અને ઇચ્છા ન હોવા છતાં તેણે પ્રશ્ન કર્યો: "માઇકેલ તમારો શી રીતે થયો? અર્થાત પશ્ચિમનો શી રીતે ગણાય?"

"નામથી, કર્મથી, જીવનથી બધીજ રીતે. માત્ર કાવ્યની દૃષ્ટિએ જ તે તમારો ગણાય, એજ ને?"

"કેવી નવાઈની વાત? કવિનું કાવ્ય સિવાય બીજુ સ્વતંત્ર અસ્તિત્વ કયું હોઇ શકે? એજ તેનું કાર્ય, એજ તેનું જીવન. વહેવારીક જીવનમાં તે સાહેબ લોક ભલે હોય અને તેવું નામ પણ ભલે ધારણ કરે. તે અમારા બંગાલનો મધુસુદન, તે મેઘનાદ, વિરાંગનાનો કવિ–એજ માત્ર તેનો પરિચય, તમારો પશ્ચિમનો તે કાંઇ જ નથી."

બોલતાં બોલતાં રમેન કંઇક જુસ્સામાં આવી ગયો હતો. તેણે જોયું કે તેનો જુસ્સો જોઇ રાજેન્દ્ર ધીમે ધીમે હસી રહ્યો હતો. તે જોઇ જરા અપ્રસ્તુત હાસ્ય કરી રમેન બોલ્યો "મને શું ખબર કે મને ખીજવવા માટે જ તારી આ બધી વાક્ચાતુરી હશે? પણ હવે વાત ઉપાડી છે તો હું તે એમને એમ છોડી દઇશ નહિ. આ હું અને તમે એ બેમાં શું ભેદ છે તે કહો જોઇએ? તમે બાર તેર વરસની ઉંમરથી પિતાની સાથે યુરોપ ચાલ્યા ગયા હતા, ત્યાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું અને અમેરિકા જઇ મોટા ડૉકટર થયા, છતાં શા માટે મારા જેવા અશિક્ષિત માણસ સાથે ભળીને બંગાલની સેવા કરવા આવ્યા છો? આ સુખ, સંપદહીન રોગગ્રસ્ત દુર્ભાગી દેશની સાથે તમારો શો સંબંધ છે વારુ? એટલા બધા સુખમાં ઉછર્યાં છતાં એના રક્તના આકર્ષણને કેમ ભુલી શકતા નથી? જે દેશને તમારો કહીને હંમેશાં વ્યંગ કરો છો તે દેશ

તમારો નથી. તમે તો અમારા જ છો એ જાણવાનું અમારે કંઇ બાકી છે? આટલી બધી અસમાનતા હોવા છતાં પણ લોકો તમને મારા મિત્ર કહે છે. કેવી રીતે હું તમારો મિત્ર? વિદ્યામાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, ઉંમરમાં—કેવી રીતે? એ મિત્રતા માત્ર બંગાલની નાડીમાં, બંગાલના રક્તમાં નથી કે?"

રાજેન્દ્ર ઉત્તેજીત બની ગયેલા રમેનની પીઠ ધીમે ધીમે પંપાળતાં શાંત ગંભીર સ્વરે બોલ્યો, "બસ, બસ. અરે છોકરા! હવે નહિ, મારો ઘાટ થઇ ગયો! છતાં પણ કહું છું કે જે જે યશ મને આપ્યો તેને યોગ્ય પણ હું નથી. હું માત્ર દેશ-સેવા કરવા માટે જ દેશમાં આવ્યો નથી. લોહીના આકર્ષણની સાથે સાથે પોતાની સુખ શાન્તિનું આકર્ષણ પણ મને બાર વર્ષ પછી પાછો દેશમાં ખેંચી લાવ્યું છે."

"આ દેશમાં જ તમારું સુખ અને શાન્તિ છે એમ તમને કહ્યું કોણે? જે ભાગ્યશાળી દેશના તમે નિવાસી બન્યા હતા તે દેશમાં જીવનને ઉચ્ચ બનાવવાનો એટલો બધો અવકાશ હતો કે તે છોડીને આ દેશમાં આવવાનું શું કારણ હતું? પિતાનો અઢળક પૈસો મલ્યા છતાં તમે અનાયાસે જન્મભૂમિનું આ બંધન કેમ ન છોડી શક્યા?"

"અનાયાસની વાત જવા દો, આયાસપૂર્વક પણ તેમ કરવાનો ઉપાય નહતો. જન્મભુમિએ બાર તેર વર્ષની અંદર જ મને એવા બંધનથી બાંધી દીધો હતો. પણ આ દેશ જન્મભૂમિ હોવા છતાંય આ તપોવનનું વાતાવરણ મારામાં નથી એ તો ચોક્કસ! તે દેશનું રક્ત મારા રક્તમાં ઘણું ઘણું મળી ગયું છે. આ સુખી જીવનની પાછળ એક જીવનના આપઘાતનો ભય રહેલો છે. એનો કંઈક દાવો મારી ઉપર

છે, તેવો ભય મારા મનમાં હતો. તે પાપના ભયથી પાછો આવ્યો છું. પરંતુ તમારામાં રહેલી અદ્દભૂત તપશ્ચર્યા જોઈને ચમકી ગયો છું,"

"બસ ભાઇ! માફ કર-હવે એટલું! હવે મને વધુ અસંયત ન કરીશ, તને શપથ છે. મને છેવટે નિરંજનાના શ્રદ્ધા અને વિશ્વાસનું પાત્ર તો રહેવા જ દે. પણ તેં પોતાના વિશે શી વાત કરી? તારા ઉપર પણ કોઇનો દાવો છે? અને શા માટે તું દેશમાં પાછો ફર્યો? કોઈ એક જીવનના આપઘાત–મૃત્યુનો તને ભય હતો એ વળી શું? પોતાની વાત બરાબર વિગતે કોઇ દિવસ કહીશ કે નહિ?"

"તે વાત પછી કહીશ. પહેલાં આગળની વાત સાંભળ! નિરંજના પાસે પોતાની શ્રદ્ધા અને વિશ્વાસનું સ્થાન અટૂટ રાખવા માગે છે પરંતુ મારૂં સ્થાન ક્યાં તે બદલ સ્વાર્થ છોડીને જરાય વિચાર કર્યો છે ખરો? અને કંઈ હક્ક દાવો ન હોય તોપણ શ્રદ્ધા જેવી વસ્તુની એક મનુષ્ય બીજા મનુષ્ય પાસેથી અપેક્ષા રાખે જ. જે વાત મેં ઉપાડી છે તેના યોગ્ય કારણો તેમની આગળ રજુ કરૂં તો મારા વિષે શું મત બંધાય તેનો જરા વિચાર કરીજો!"

રમેન લજ્જાપૂર્વક મિત્રનો હાથ પકડી બોલ્યોઃ "મારી પાસે તારા ખુલાસાનો શો અર્થ છે! પણ નિરંજના પાસે ક્યાં યોગ્ય કારણો બતાવીશ તું? મિત્રને માટે બંધુકૃત્ય કરે છે એમ સાબિત થઈ જ ગયું છે. પરંતુ તું એમ કહેતો હતો કે આ દેશનાં મુખ બંધ કરી દે તેવી સાબીતી પણ તારી પાસે છે તેનું શું? કયી સાબીતીના આધારે નિરંજનાનું લગ્ન

થયું નથી એમ તું અંદાજ બાંધે છે ? કયા કારણે નિરંજનાના પિતાના પંડા સાથે તારે ઓળખાણ પીછાણ થઈ અને તેને ઓળખતાં પહેલાં તેના જીવનનું રહસ્ય તેં શી રીતે જાણી લીધું ? એ બધી વાત મેં હજી સુધી તારી પાસેથી સાંભળી નથી. તે દિવસે આ વાત સાંભળીને મારા જીવમાં એવી લાગણી થઈ ગઈ હતી કે મને આ બાબતમાં પ્રશ્ન પૂછવાની સ્થિરતા મલી નહતી. આજે તે બાબતમાં નિશ્ચિંત બનીને—"

"તમે નિશ્ચિંત થયા છો પણ હું હજી નથી થયો. તેમ થયા પછી બેઠા બેઠા તમારી સાથે વાત કરીશ. તારી પાસે ખિસ્સામાં એડિસનની ડીસ્પેન્સરી છે. તેથી ફાવે તેમ ચલાવી શકશે. હું જરૂરી કામ માટે જવાનો છું. કાલ મળસ્કે નેપાળા જવું પડશે-પાછા ફરતાં કેટલો વખત લાગશે તે કહી શકાય નહિ—"

"તું ખરો માણસ છે ! અડધી વાત કરવાની આ પદ્ધત કેવી ? એ શું તારી પાશ્ચાત્ય સંસ્કૃતિનું અંગ છે ? ક્યારે નચિંત મને બે ઘડી વાતચિત કરીશ તે સમજાતું નથી. જો તને પંદર મીનીટ પણ સ્થિરતા મલે તો વાતચિત કરેને !"

રાજેન્દ્ર હસીને વિદાય થયો. સંધ્યા સમયે નિરંજના જયારે મણી ટુનિને પાસે બેસાડોને તેમને ઉંઘાડવા માટે રસાયન સ્વરૂપ ચકલા ચકલીની વાત કહેતી તે વખતે ઝાંખા દિવાના પ્રકાશમાં જણાયું કે, ડૉકટર આવીને બારણામાં ઉભા છે. નિરંજનાએ વિસ્મિત નજરે બારણા તરફ જોયું. તે નજરનો ઉત્તર આપતાં ડૉકટર બોલ્યા: "ટુનિ મણી, તમે વાતમાં એવાં લીન થઈ ગયાં છો કે મારી બૂમ પણ સાંભળી શકયાં નહિ ?"

નિરંજના મૃદુસ્વરે બોલીઃ " ટુનિ ઉંધે છે. પણ હું સાંભળી શકી નહી, એ ખરી વાત."

"કાલ સવારે ઘણું દૂર જવાનું છે. પાછા ફરતા કેટલો સમય લાગશે તે કહી શકાય નહિ. દિદિમાને—"

"પણ દિદિમા તો ઉંઘે છે."

"ઉંઘે છે? હમણાં તેમની ઉંઘ ઉડે તેવો સંભવ નથી?"

"છે, હવે થોડીવાર રહીને કદાચ જાગશે—ત્યારે દૂધ આપીશ."

"હું તેટલીવાર બેસું છું ત્યારે. કહીને ઉત્તરની અપેક્ષા રાખ્યા વગર એક મૂડો ખેંચી લઈને ડૉકટર બેસી ગયા. નિરંજના કેવું કારણ બતાવી ઉભા થવું તેનો વિચાર કરતી હતી તેટલામાં ડૉકટર બોલ્યા. " મણીની વાત પુરી થઈ ગઈ હોય એમ લાગે છે. હવે મારી એક વાત તમારે સાંભળવી પડશે. ઉઠીને ચાલ્યાં જશો તે નહિ ચાલે. જે વાત મેં દિદિમાને તે દિવસે કરી હતી તેની સાબીતી અગર ખુલાસો તમે હજી સુધી મારી પાસે માગ્યો નથી."

નિરંજના જરાવાર ચૂપ રહી. પછી મૃદુસ્વરે બોલીઃ " મને તેની જરૂર ન હોવાથી જ સાબીતી માગી નથી."

"પરંતુ તે રજુ કરવાની મારે જરૂર છે. નહિ તો હું તમારા વિશ્વાસને પાત્ર ન રહી શકું. હું તમારી નજરે પશુ જેવો ગણાઉં."

"હું તમને કહું કે હું તમને તેવા નથી ધારતી તો પણ તમને સંતોષ નહી થાય ?"

"ના."

"તો કહો. પરંતુ રમેનભાઈની પણ એવી ઇચ્છા છે કે આ વાતની ચર્ચા થાય ?"

"રમેનને ખબર પણ નથી કે હું અત્યારે આ વાત આપને કહેવા આવ્યો છું. એ વાત વિશ્વાસપૂર્વક માનજો કે રમેન શરૂઆતથી જ આ વાતની કોઈની પણ પાસે ચર્ચા કરવા મને મના કરતો આવ્યો છે. પણ મેં તેનું કારણ સાંભળ્યું ન હતું."

"કેમ ન સાંભળ્યું ? સાંભળવું એજ તમારે માટે ઉચિત હતું."

"મારી ધારણા અને વિશ્વાસ એવાં હતાં કે તે ઉચિત નથી એમ મેં માનેલું. ફક્ત મિત્રને માટે જ આ વાત મેં ઉપાડી છે એમ ન ધારશો. ઘણાં કારણ હતાં કે જેને લીધે હું તમને આ વાત ન કહું તો તે પાપ ગણાય."

"આપ શામાં પુણ્ય અને શામાં પાપ માનો છો તે હું ખરેખર જાણતી નથી. પરંતું તમારાં અનેક કારણોમાં એ પણ એક કારણ હશે કે અમને આશ્રયહીન–નિરાધાર માનીને જ આ વાત તમારા મનમાં આવી હશે. પણ તમને કદાચ ખબર નહી હોય કે આ ગામડા ગામની ગરીબ ઘરની છોકરીઓ મારા જેવી દશામાં આવી પડતાં આપોઆપ પોતાનો ભાર પોતાને માથે ઉપાડી લઈ શકે છે. તે પોતાના દિવસ ગમે તે રીતે પસાર કરી શકે છે. ભગવાન ઉપર જ તેઓ આસ્થા

રાખે છે. તેમને માટે આપે આટલી ચિંતા બતાવવાની જરૂર નથી.” નિરંજનાની માનભરી છતાં તેજસ્વી વાણીથી રાજેન્દ્ર એકદમ સ્તબ્ધ બની ગયો. પરંતુ થોડી જ વારમાં તે ભાવ દૂર કરીને રાજેન્દ્રે ઉત્તર આપ્યોઃ “જ્યાં સુધી મારી પાપ પૂણ્યની વાત તે કર્તવ્યની વાત છે એમ તમે જાણતાં નથી ત્યાં સુધી મારી તે વાતથી ગુસ્સે થવાનું કંઈ કારણ નથી. આપને અનુકૂળ વાત આપે કહી છે, પરંતુ હું પણ મેં આરંભેલું કામ પુરૂં કરીને જ જવા માગું છું. જ્યાં સુધી મારો આત્મા તમને કુમારી તરીકે જ માને છે ત્યાં સુધી તે વાત તમને સમજાવવા હું બંધાયેલો છું. તે પછી આપ જે ઇચ્છા કરશો તેના ઉપર કોઈનું જોર ચાલવાનું નથી.”

“ઠીક, આપ જ આ વાત મને સમજાવવા બંધાયા છો એમ શા ઉપરથી માની લ્યો છો? જગતમાં આટલા બધા મનુષ્યો હોવા છતાં આપના જ હાથમાં આ ભાર કોણે સોંપ્યો? કહો છો કે રમેન દાદાએ સોંપ્યો નથી, મેં પણ સોંપ્યો નથી, તો પછી આ પાપ પૂણ્યની કથા કોને માટે આપે ઉપાડી છે?”

રાજેન્દ્ર થોડીવાર ચૂપ રહ્યા પછી બોલ્યોઃ “હું જ્યારે જાણું છું અને માનું છું ત્યારે હું તે વિષયમાં બંધાયેલો છું એવી મારી ધારણા છે.”

“આપ શું આપની ધારણા પ્રમાણે જ આખા જગતને ચલાવવા માગો છો?”

“ના પણ એટલો સ્વીકાર કરીશ કે આપને ચલાવવા માગું છું. કારણ કે રમેન મારા નાના ભાઈ જેવો મિત્ર છે. અને તમારો પણ હું મિત્ર હોવાનો દાવો કરૂં છું.”

નિરંજના થોડીવાર નીચું જોઈ રહી પછી બોલીઃ “પરંતું આ વિષયમાં એવો હક્ક ચાલી શકે ખરો?”

“ચાલી શકે એમ ધારીને જ પ્રસ્તાવ કરૂં છું. પરંતુ તમે તે સાંભળવા પણ તૈયાર નથી.”

“ઠીક, પહેલાં મારા એક પ્રશ્નનો ઉત્તર આપો, તમે આ વાત શી રીતે જાણી?”

“જે રીતે લોકો જાણે છે તે રીતે. શોધખોળ કરીને.”

“કોની પાસેથી ખોળ કરી છે? મારા પિતાના પંડા પાસેથી? તે કોણ છે? તેનું નામ શું?”

“પ્રયાગનો એક ધજ્જાધારી પંડો છે. તેનું નામ શિવશરણ દારા-ગંજમાં તે રહે છે.”

“હજી તે જીવતો છે?”

“ના, થોડા દિવસ ઉપર મરણ પામ્યો છે.”

“તેને શી રીતે ખબર પડી કે આ વાત સાચી છે કે ખોટી છે?”

“તે કેમ ન જાણે? તે જ એ મોટો માણસ કે જે તેના દૌહીત્ર સાથે તમારા પિતાને કન્યા દાન દેવા સંમત કરીને પોતાના દેશમાં લગ્ન કરવા માટે લઈ ગયો હતો. વરના બાપ સાથે બોલાચાલી થતાં તમારા પિતા કન્યાને લઈ પાછા ફર્યા. એજ જમીનદારના પંડા એ શિવશરણ હતા. તેથી જ તે બધું જાણતા હતા.”

“આ બધું તમે તેના પોતાના મુખેથી જ સાંભળ્યું છે?”

“હા.”

“તે ક્યારે મરણ પામ્યા?

"લગભગ એક વર્ષ પહેલાં."

"તો આપ આ ગામમાં આવતાં પહેલાં એ વાત જાણુતા હતા ને? રમેનભાઈની માતાને મુખે મેં સાંભળ્યું છે કે કાકા મરી ગયા તે વખતે તમે આ ગામમાં આવ્યા હતા. આ છ મહીના દરમ્યાન તમે બીજે કયાંય ગયાનું પણ સાંભળ્યું નથી. તો મને ઓળખતા અગાઉથી જ આ વાત આપ જાણુતા હતા?"

એકાએક ચમકીને ગુંચવાઇ ગયેલા રાજેન્દ્રે ઉત્તર આપ્યો: "હા!" "પણ એ નવાઇની વાત નથી કે આપ મને ઓળખતા ન હોવા છતાં મારી જે વાત બીજું કોઈ જ જાણુતું નથી તે માત્ર તમે જ જાણુતા હતા? તે દિવસે જ્યારે તમે આ વાત દિદિમા આગળ ભારપૂર્વક કરી રહ્યા હતા ત્યારે મારા મનમાં થયું હતું કે તમે આ વિષયમાં કંઈક જાણુતા હશો. પરંતુ આ શી રીતે બન્યું તે હું સમજી શકતી નથી."

રાજેન્દ્રે ધીમે ધીમે ઉત્તર આપ્યો: "તે પંડો અમારો પણ ગોર છે, તેની પાસેથી મેં આ રહસ્યમય વાત સાંભળી હતી. તમારા પિતાનું નામ — તે પછી ક્ષોભથી કન્યાને લઈ તે ગમે ત્યાં ચાલ્યા ગયા — એ બધી વાત સાંભળી હતી. બંગાળીઓના વ્યવહારની નિંદા કરતાં કરતાં ખૂબ તાનમાં આવી જવાથી આ વાત તેણે મને કહી હતી. તે પછી દૈવ-સંજોગે આ ગામમાં આવી ચઢતાં રમેન પાસેથી આ વાતનો તંતુ હાથમાં આવી ગયો. એમાં અસંભવ અથવા નવાઈ પામવા જેવું શું છે?"

"તો આપ અલ્હાબાદના રહીશ છો? ત્યાંથી દૈવયોગે

એટલે બધે દૂર બંગાલના આ અઘોર ગામડામાં આવી પડચા! આ પણ જો દૈવની વાત હોય તો તે દૈવ કરતાં વધુ નવાઈ-ભર્યું જગતમાં બીજું શું છે?"

"દૈવ એવું આશ્ચર્યજનક જ હોય છે. હું અલ્હાબાદનો નથી. એકાદ વર્ષથી જ માત્ર હિંદુસ્તાનમાં આવ્યો છું. મારે નાત જાત નથી. હું સાહેબલોકના દેશનો માણસ છું. થોડા કામ માટે અલ્હાબાદ ગયો હતો અને ત્યાં આ વાત સાંભળી હતી. આપના પિતાનું નામ ખાસ ધ્યાનમાં રહી ગયું હતું, નહિ તો કંઈજ યાદ આવત નહિ."

"એ આપે કઈ રીતે ધ્યાનમાં રાખ્યું હતું તેની મને સમજ પાડશો? એ વાતમાં ધ્યાન આપવા જેવું આપને શું જણાયું હતું? કદાચ, લગ્ન થયા છતાં મારા પિતા ગૂસ્સે થવાથી છોકરીને લઈને પાછળથી ક્યાંક ચાલ્યા ગયા, એમ વાત સાંભળી હોત તો ખાસ ધ્યાનમાં રહેત. વળી આ વાત યાદ રાખવા જેવી નથી એમ તો આપ પણ કહો છો. જો આપ એમ જાણતા જ હોત કે......"

"મારી વાતમાં તમને થોડો ઘણો પણ વિશ્વાસ આવે છે? કેટલો વિશ્વાસ આવે છે તે કૃપા કરી કહેશો? આપ એમ તો નહિ જ માનો કે હું કશું જ નથી જાણતો — આ બધી જુઠી જ વાત બનાવી કાઢી છે! મિત્ર રમેનનું ભગ્ન હૃદય જોડવા માટે મારી આ બધી મિથ્યા જાળ છે એમ તો નથી માનતાં ને?"

"ના, તમે કંઈક જાણો છો એ તો હું સમજું છું. પણ બધું જ જાણો છો કે નહિ તે શંકા છે. કદાચ બધું

જાણતા હશો તો કંઇક છુપાવી રાખીને વાત કરો છો. બધું જ કહેવા ઇચ્છતા નથી."

"કયી રીતે તમને શંકા રહે છે તે કહો! તમારી શંકા હું નિર્મૂળ કરી શકુ તેમ છું કે કેમ તે તો ખબર પડે!"

"આપ એક જ વાત માત્ર સાચેસાચી કહી દો. તે જાણ્યા પછી વધુ કંઇ જાણવાની જરૂર નથી. પણ મારા આ વિશ્વાસનું મૂલ્ય તમે રાખશો અને સત્ય જ કહેશો એમ માનું છું. કહો, તમે જે વાત મારા મનમાં ઠસાવવા માગો છો તે સાચી છે?"

"હા, મારી વિદ્યા, બુદ્ધિ અને ધારણા પ્રમાણે મારો વિશ્વાસ છે કે, તમે કુમારી છો. રમેન સિવાય જગતમાં તમારો......"

"એ વાત તમે શા માટે કરો છો? કદાચ તમારી અને મારી ધારણા એક ન હોય. કહો, હું મારા ધર્મની સમક્ષ, સમાજની સમક્ષ અને બીજા બધાની સમક્ષ કેવી ગણાઉ? રમેનભાઇની વાત તમે વારંવાર કરો છો, તેમની સાથે મારૂં સગપણ થયું હતું. પણ જ્યારે ખબર પડી કે, મારે એક સ્વામી છે ત્યારથી તે એક ભાઇની માફક અમને દુઃખ વખતે મદદ કર્યાં કરે છે. તેમનું નામ તમે આવા ભાવથી મારી આગળ લાવશો નહિ. માત્ર સત્ય રીતે મને કહો કે જેને પાંચ વર્ષથી હું 'છે' એમ માનું છું તે છે કે નહિ? વળી તે હાલ હયાત ન હોય તો પણ એક દિવસ હતા કે નહિ, એજ માત્ર હું જાણવા માગુ છું, બીજું કંઈજ નહિ."

થોડી વાર ચૂપ રહ્યા પછી નિરંજના ફરી બોલી: "મારો સંદેહ પણ હું તમને જણાવી દઉં. દિદિમા પાસે જે

દિવસે આપે આ વાત કરી તે દિવસથી મને સંદેહ છે કે, આપ તેમને ઓળખો છો. આપ કદાચ તેમના કોઇ સબંધી છો. બધું જાણી સાંભળીને જ તમે આ ગામમાં આવ્યા છો. આટલી બધી હકીકત તેમના કોઇ સબંધી સિવાય બીજો કોઈ જાણે એ સંભવિત જ નથી. તેમ ન હોત તો રમેનદાદા અને મારા પિતાની પીસી પણ આ માહિતિ મેળવી શક્યા હોત. મારા પિતા જે વાતને રહસ્યમય કરી ગયા છે, તે તેમના સિવાય બીજો કોઈ સ્પષ્ટ કરી શકે તેમ નથી. તમે મને કહો, મારી આ શંકા શું ખોટી છે ?"

નિરંજનાની સ્થિર, સંકોચરહિત, વિમળ દ્રષ્ટિના તેજથી પોતાનાં નેત્ર નીચે ઢાળી રાજેન્દ્ર ધીમે ધીમે બોલ્યો : "આપની પાસે અસ્વીકાર કરવાનો કાંઇ ઉપાય જ નથી, ત્યારે સ્વીકાર કરૂં છું. કે, હું તે અભિમાની વંશની જ એક વ્યક્તિ છું. તમારા ઉપર જે મહા અન્યાય થઈ ગયો છે તેના નિવારણ માટે જ તમારી શોધમાં હું આ ગામમાં આવ્યો છું એ વાત સત્ય છે. જેની સાથે તમારો આંતર અથવા બાહ્ય કોઈપણ સંબંધ કોઈ દિવસ થયો નથી તેને માટે જ સમાજ તમારા ઉપર આવો મોટો અત્યાચાર કરે—"

"પરંતુ આપે તે શી રીતે જાણ્યું ? એક જણ ગરીબ આપના કુટુંબમાં કન્યા દેવાની આકાંક્ષાથી આવેલો અને તે પછી અપમાનિત બની પાછો ગયેલો તેજ વાતને ! તે છોકરીને પણ તે ગરીબ માણસ સૌની આગળ કુમારી તરીકે ગણાવતો હતો. તે પછી તેના જ નસીબે આવી વિડંબના બની છે— આપના વંશમાં તેનું લગ્ન થયું ન હોવા છતાં પણ તે એવા મિથ્યા સબંધથી બંધનમાં પડી ગઇ છે એ આપને શી ખબર પડી ? આપના વંશમાં ખરેખરી રીતે લગ્ન ન થયાં છતાં

તેની શોધમાં આટલો બધો શ્રમ લઇ આપ આ ગામમાં આવ્યા એ વાતમાં પણ મને વિશ્વાસ મૂકવાનું કહો છો ?"

રાજેન્દ્ર માત્ર ચુપચૂપ નિરંજના તરફ જોઇ રહ્યો, તે કંઇ ઉત્તર આપી શક્યો નહી. નિરંજના પણ જરાવાર ચૂપ રહ્યા પછી ધીમેથી બોલી : "હું ફરી કહું છું કે તમે આ બધું જાણો છો છતાં કહેતા નથી."

"મેં કબુલ તો કર્યું જ કે હું તે જ વંશની એક વ્યક્તિ છું."

"આપની સાથે મારો કોઇપણ સબંધ ન હોત તો આપ કદી પણ આ શોધ કરવા નીકળત નહી, પરંતુ આવી સ્થિતિમાં લજ્જા પ્રદર્શિત કરવા જેટલો પણ મને અવકાશ રહ્યો નથી. હું આપના ચરણમાં પ્રણામ કરી શકું ?"

રાજેન્દ્ર તેને રોકતાં રૂંધાયેલા સ્વરે બોલ્યો. "આ શું કરો છો નિરંજના — આપ આ શું કહો છો ? ક્યા સબંધને તમે આ રીતે સ્વીકારી લ્યો છો તેની કંઈ સમજ પડે છે ? જેને આપે કદી જાણ્યો નથી ઓળખ્યો નથી, બહુ નાની ઉંમરે અજ્ઞાનમાં આપના પિતા આપને યજ્ઞના બલિના પશુની પેઠે સમાજની વેદી પર હોમી ગયા, તે સબંધનો સ્વીકાર કરવો યોગ્ય છે ? તેઓ તમારા કાંઈ જ નથી — કંઇ સંબંધ રાખતા નથી. બીજી તરફ જેને તમારા અંતરજ્ઞાનની વૃદ્ધિ સાથે ચાહીને સ્નેહનું આદાન પ્રદાન કર્યું છે તેનો તમે અસ્વીકાર કરો છો એ કેવી વાત ?"

"હુ માત્ર તેમનો જ સ્વીકાર કરૂં છું કે જે મારા સ્વામી છે. જે તે નથી તે મારા આત્મીય હોઇ શકે પરંતુ તેથી

અધિક કંઈ જ નહી. આપ મારી સાથેના સબંધને સ્વીકાર ન કરો તેની હરકત નથી. આપનો પરિચય હું માગતી નથી. માત્ર એટલું હૃદયમાં સ્થિર કરી રાખીશ કે તેઓ મારા સર્વ પ્રકારના સ્વીકારને પાત્ર છે. હું આશા રાખું છું કે હવે પછી તમે મને એ કંઈ વાત કહેશો નહી. જો કહેશો તો હું આપની પાસે આવીશ જ નહી. આપની ઓળખાણ બધાને આપીને હું આપનું અપમાન કરીશ એ ભય પણ રાખશો નહી. રાત ઘણી થઈ ગઈ છે માટે આપ જાઓ, આટલી રાત્રે શું દિદિમાને ખેટરી આપવી છે!"

રાજેન્દ્ર સ્તબ્ધ નેત્રે નિરંજના તરફ જોતાં બોલ્યો : "તમારી સાથેનો સબંધ સ્વીકારવામાં મારૂં અસન્માન થાય એમ માનો છો નિરંજના! ના, એને તો હું સન્માન માનું છું, પરંતુ આજ તમારી આગળ હું શું પરિચય આપી શકું ?"

"જે સત્ય હોય તે. અસન્માન ન થતું હોય તો આટલા દિવસ છુપા કેમ રહ્યા? આ બધું કાન્ડ શા માટે ઉપસ્થિત કર્યું? મને એટલી બધી લજ્જા—"

"કેમ કર્યું તે આજ તમને સમજાવી શકતો નથી. જે પુરૂષ હોવા છતાં પણ રમેન જાણી શક્યો નહી, સંદેહ માત્ર પણ કરી શક્યો નહી તે કેવી રીતે આમ — તેનો મને સ્વપ્ને પણ ખ્યાલ નથી...

એ લજ્જા તમારી નથી નિરંજના, એ લજ્જા મારી એકલાની છે. એ ભય મને કદી પણ ન હતો કે તમે મને ઓળખશો. તેથી મારી ઇચ્છા હતી કે જો તમે પરસ્પરને ચાહતાં હો તો મારે જ તમને એક કરી આપવાં. મારા પરિચયથી પણ આજ મને કેટલી લાજ—"

"પરિચયમાં આપને લજ્જા! ભય! શા માટે? આપ કોણ?"

નિરંજનાના શુષ્ક રૂંધાયેલા ગળામાંથી આપોઆપ શબ્દો નીકળી ગયા. તે પછી બંને ગૂપચૂપ એકબીજાની તરફ જોઈ રહ્યાં. અને તેજ સ્થિતિમાં નિરંજનાના ખોળામાં સૂતેલા મણીનું માથું ભોંય ગબડી પડયું અને નિરંજના એકદમ દિવાલ પકડી ઉભી થઈ ઓરડામાં ચાલી ગઇ. તે પછી ધપ્ થઇને અવાજ થયો, જાણે કોઇનો દેહ પછડાયો અથવા કોઈ જોરથી જમીન ઉપર ગબડી પડ્યું. માથું ભોંય પડવાથી બહાર મણી જાગી ઉઠી અને સાથે સાથે ચીસો પાડવા લાગી "ઓ દિદિ, તું ક્યાં ગઈ? ઓ દિદિ!" ઘરની અંદરથી વૃદ્ધ દિદિમા "અરે નીરૂ, આમ કેમ ઉંઘી ગઈ છે? ઉઠ નિરંજના! એમ બુમાબુમ કરવા લાગ્યાં.

કોઇને ભૂતનો ભય બતાવીને જે રીતે ચોર ગૂપચૂપ પલાયન કરી જાય તે રીતે રાજેન્દ્ર ગૂપચૂપ અંધકારમાં ભળીને પલાયન કરી ગયો.

•

●

પ્રકરણ ૧૧ મું

આઘાત

બે દિવસ પછી રાજેન્દ્ર ડૉકટરના ઘરના આંગણામાં જ્યારે તેના ઘોડાનાં પગલાં ગાજી ઉઠયાં ત્યારે ડૉકટરના નોકરો બે દિવસ પછી ઘેર પાછા ફરતા ડૉકટરને સત્કારવા ચમકીને બહાર આવ્યા. રમેન બાબુ તેમની મોખરે આવી ઉભા હતા અને તેમણે ઘોડાની લગામ પકડી લઇ માલીકના હાથમાંની ચાબુક લઇ લીધી. ઘોડો નોકરને સોંપી બંને જણા વાતો કરતા ઘર તરફ ચાલ્યા તે જોઈને મુખ્ય નોકર દવાની બેગ ઉપાડી લઇને તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

તેની સાથે વાત કરતાં કરતાં કપડાં ઉતારીને રાજેન્દ્રે ઘરના કુશળ સમાચાર નોકરને પૂછી લીધા. પછી રમેન તરફ જોઈને બોલ્યો : " પછી ? ગામના શું ખબર છે ? "

" અહીં બધું બરાબર છે, પરંતુ પહેલાં તમારી પોતાની ખબર કહો જોઇએ ! નોપાડા તો અહીંથી ત્રણેક કોશ જેટલું જ દૂર છે — ત્યાં જઇને પુરા બે દિવસ રહેવું પડયું એનો અર્થ શું ? "

" અર્થમનર્થમ્ — અર્થ જ અનર્થનું મૂળ છે તો! ત્યાં ગયા પછી ગોવીંદપુરનું એક મોટું તેડું આવ્યું. મોટી રકમ મળે તેવો કેસ હોવાથી ઘણા કોશની જાઆવની મુસાફરી થઈ ગઈ."

" ગોવિંદપુર? હા, અહીંથી પૂરા સાત કોશ દૂર આવેલું છે. આવી ખરાબ ઋતુમાં ખેડાણ જમીન, નદી, નાળાં વગેરે ઓળંગીને ઘોડદોડ કરવી અને તે ઉપરાંત ખાવા પીવાની અનિયમિતતા તો ખરી જ..."

" રસ્તાની જે વાત કહી તે તો ઠીક છે, પણ પોતાના દેશની બીજી વાત છુપાવવા કેમ માગો છો! સ્નાનાહારની શી વાત મહાશય! શત્રુને પણ તમારાં આ ગામડાંનો અપવાદ દઈ શકાય તેવું નથી. ઘણા માનપૂર્વક આ બે દહાડા પસાર થઇ ગયા છે. નહિતર હેવટે કાલે સાંજે પાછો આવી ગયો હોત. તમારે આ તરફ કોઈ મોટો ડૉક્ટર કે ઈન્સ્પેકટર જેના ઘેર ઉતરે તે પોતાને રાજનું સન્માન મલ્યા બરાબર માને છે. રોગીની વાત તો વેગળી જ પડી રહી, પણ પૅાઠા પુલાઉની મિજલસ કેવી મઝાની ચાલે છે!"

" અને તે પાંઠા પુલાઉના લોભથી જ રાતદિન ગાળી નાંખ્યાં એમ અમને કહેવા માંગો છો? રોગીને કેમ છે? હજી ફીસ્ટનો લોભ છુટયો છે કે નહિ?"

" કદાચ બે દિવસ પછી મને ફરી બોલાવવા આવે તો કેસ સુધરી ગયો છે એમ માનીશ. રહેવા દે એ ભાંજગડ, દિદિમાને કેમ છે! જૂનિયર ડૉકટર સાહેબે આ બે દિવસ..."

"દિદિમાંની તબિયત એકદમ બગડી બેઠી છે. ફરી તેમને તાવ આવવા લાગ્યો છે. આખા અંગમાં વાયુથી ભારે વેદના થઈ ગઈ છે. ડાબે પડખે પણ તે વેદના જણાય છે."

"પક્ષાઘાતના કેસમાં એ તો શુભ લક્ષણ જ ગણાય. આ રોગમાંથી આ ઉમરે જેટલો આરામ થવો શક્ય છે તેટલો આરામ જરૂર એમને થશે. નહિ તો આવા કેસમાંથી આ ઉમરે બચવું મૂસ્કેલ હોય છે. ઠીક, પછી શી ઉપચારની વ્યવસ્થા કરી છે?"

"વાત જ્વરમાં જે કરવું જોઈએ તે બધું જ કર્યું છે. બૅટરી હાલ બંધ કરી છે?"

"બરાબર છે. હવે હું ખાવા પીવાનું પતાવીને ઉંઘવા માગું છું. પારકાને ઘેર સારી પેઠે ખાવા છતાં નિદ્રા બરાબર નથી આવતી. આ બે રાત બરાબર આરામ લેવો પડશે."

"તો આરામ કરો, સવારે એમને એકવાર જોઈ આવજો. મારે પણ થોડી વાત કહેવાની છે."

"બધું કાલે અત્યારે હવે કંઈ નહિ."

બીજે દિવસે બહુ મોડેથી રમેન જરા વ્યગ્રતાપૂર્વક આવીને બોલ્યો: "હજી સુધી તમે નથી ગયા?"

રાજેન્દ્ર આળસ મરડતાં બોલ્યો "હમણાં જ પથારીમાંથી ઉઠયો છું. ચાપાણી ર્ક્યા વગર ચરણયુગલ ચાલવાની ના પાડે છે." હાથ મોં ધોઈને રાજેન્દ્રને માત્ર ચા પીતાં જોઈને રમેન બોલ્યો: "કંઈ ખાધું નહિ?"

"કંઈ જ નહિ, બે બિસ્કુટ ખાવાનું પણ મન થતું નથી."

"પરમ દિવસનાં પીડાં પુલાઉ હજી પચ્યાં નહિ હોય વારૂ?"
"સંભવિત છે. આખા શરીરે એવી વેદના થાય છે! લાવને જરા ક્વીનાઈન તથા સ્ટીમ્યુલન્ટ લઈ લઉં!"

રમેન ઉઠીને તેના કહ્યા પ્રમાણે કામ કરતાં કરતાં બોલ્યો: "ઘોડેસ્વારની છેવટે આજ દુર્ગતિ! ચૌદ પંદર કોશ ચાલવાથી થોડી ઘણી પીડા થાય બીજું શું?"

"ચાલ, જલદી બહાર નીકળી પડીએ. દિદિમાને જોઈને રાયજીને ત્યાં એકવાર જવું પડશે. ત્યાંથી તેડવા આવ્યું હતું."

નિરંજનાની દિદિમાનો તાવ ત્યારે શાંત થયો ન હતો. માલીશ અને ફોમેન્ટેશન પછી તે હાથે પગે ફલાનીલ લપેટી સૂઈ ગયાં હતાં. ડૉક્ટરને જોઈને જરા દુઃખપૂર્વક હસીને બોલ્યાં: "આ ભાંગેલું છાપરૂં હવે શી મરામત કરીને તમે ઉભું રાખી શકશો ભાઈ? રમેનને કહુ છું કે હવે દવાની જરૂર નથી, પણ તે ગણકારતો નથી. તમને પણ હાથ જોડીને કહું છું કે, હવે બસ, હવે તમે પણ આરામ લ્યો અને મને પણ છેવટનો લેવા દો."

આ વાત કાને ધર્યા વગર જ રાજેન્દ્ર દિદિમાના તાવની પરીક્ષા કરવા લાગ્યો અને તેણે બીજી કેટલીક હકીકતો રમેનને પ્રશ્નો પૂછીને જાણી લીધી. છેવટે કેવી વ્યવસ્થા કરવી તે કહેવા લાગ્યો તે વખતે દિદિમા દઢતાપૂર્વક બોલ્યાં: "ના દાદા, હું હવે તમારી દવા નહિ પી શકું. બે દહાડા રાબડી ખાઈ ભગવાનનું નામ લઈ છાનીમાની પડી રહીશ. તમારી વાત હવે હું બીલકુલ સાંભળીશ નહિ."

રાજેન્દ્રે તેનો પ્રતિવાદ કરતા કહ્યું: "તેમ કરશો તો

આટલા દિવસની બધી જ મહેનત બરબાદ થઈ જશે. હજી થોડો સમય તમારે દવા પીવી જ પડશે." રમેન પણ આ વાતને અનુમોદન આપવા લાગ્યો, પણ દિદિમા જોરથી બોલી ઉઠયાં: "ના ભાઈ, તમે હવે મારે માટે પોતાનું કામ ખોટી થશો નહિ. પારકાને માટે બીજા રાતદિવસ આ પ્રમાણે કરે તો લોક શું કહે! પોતાના કામે જાઓ. દિદિમા માનીને તમે આવો છો, પણ લોક તો તેમ ન જ માને."

રાજેન્દ્રે જરા વિસ્મયપૂર્વક પ્રશ્નસૂચક દૃષ્ટિ રમેન તરફ ઢાળી, તેજ વખતે રમેને નીચું જોયું. રાજેન્દ્રને લાગ્યું કે કંઈક નવું થયું છે, પણ તે વિષે અનુમાન કરવું સહેલું નથી. પણ બિચારા રમેન્દ્રને આ વાતથી કેટલો બધો અન્યાય થઇ રહ્યો છે? અથવા તો આ રીતે રાજેન્દ્ર પોતેજ આ આક્ષેપનું લક્ષ્યસ્થાન હતો! રમેનને ઉદ્દેશીને રાજેન્દ્રને જ એમ જણાવવામાં આવે છે કે, પારકાની આટલી બધી આત્મીયતાથી લોકોની નજરે તેમને હાનિ થાય છે! આ નાનકડા ઘરમાં કોઈ બહુ વાર છૂપાઈ રહી શકે તેમ ન હતું. બીજા કોઈ કામમાં પડેલું માણસ પણ ઘરમાં કોણ આવ્યું છે તે જાણી શકે એવું નાનું ઘર હતું. પરંતુ આજ નિરંજના તેમના આવતા અગાઉથી જ એવી સરકી ગઈ હતી કે તેનો કંઇ પત્તોજ ન હતો. પરંતુ બિચારો રમેન! નિર્દોષ ઉપર આટલું બધું દૌરાત્મ્ય શા માટે!

રાજેન્દ્ર શુષ્કભાવે જરા હસીને બોલ્યો: "ઠીક, રમેનની જોડે જ તમને એ હરકત છે, મારી જોડે તો નહિને દિદિમા? ડૉકટર તો કદી પોતાનો કે પારકો હોતો નથી: એટલે મારી દવા લેવામાં તમને હરકત ન હોય."

દિદિમા ગંભીરતાથી બોલ્યાં: "તમને અમે ડૉક્ટર તરીકે નહિ પણ રમેનના મોટા ભાઈ તરીકે જ જાણીએ છીએ. તેથી જ આટલું દૌરાત્મ્ય–આટલો અવસાદ દર્શાવીએ છીએ ભાઈ! એ રમેનને પણ જો પારકો માનીને અમારે ચાલવું પડે છે તો પછી તમારા ઉપર શી રીતનું જોર ચાલે? આ ગમ્મતની વાત નથી ભાઈ, હવે હું દવા લઈશ નહિ. વચ્ચે વચ્ચે એકાદ વાર ખબર કાઢજો, તેથી મને સંતોષ થશે."

"પણ તમે દર્દી છો. અત્યારે તમારા માથામાં તાવની ગરમી ધગધગી રહેલી છે. તમારી વાત ડૉક્ટર કબૂલ રાખે, એ બની શકે જ નહિ. આપ એમને એકવાર અહીં બોલાવો, તેમનો મત જાણી લેવો એ અમારી ફરજ છે."

"દિદિમા જોરથી બોલી ઉઠ્યાં: "આ તમે શું કહો છો! તેનો મત મારા મતથી કંઈ જુદો હોય? હું હવે દવા નહિ જ પીઉં."

રાજેન્દ્ર થોડીવાર ચૂપ રહ્યા બાદ બોલ્યો: "ઠીક, તો આજે અમે જઈએ છીએ. જરૂર પડયે ખબર આપી બોલાવજો." એમ કહીને તે ઉભો થયો, તેની સાથે સાથે રમેન પણ શુષ્ક મુખે ઉભો થયો. બેઉ ઘરમાંથી બહાર નીકળી આંગણામાં આવ્યા તે વખતે નિરંજના ઘરમાંથી બહાર આવતી દેખાઈ. તેના ઉપર દૃષ્ટિ પડતાં જ જાણે બંને મિત્રોની ચાલવાની શક્તિ મંદ થઈ ગઈ. નિરંજનાને આ વેશમાં કોઈએ પણ કદી જોઈ ન હતી. તે સાદું કપડું પહેરતી અને હાથમાં કાચની બંગડીઓ રાખતી–પણ તે જાણે હાથ ઉપર છે એમ દેખાતું જ નહિ. જાણે સંકોચથી નિરંજનાના દેહ સાથે જ તે મળી જતી, કોઈની નજરે જ પડતી નહિ. આજે તેણે એક સુંદર લાલ

કપડું પહેર્યું હતું. સદ્ય સ્નાન કરેલું હોઈ પોતાની શ્યામ વેણી છુટી મૂકી હતી અને તેને બે ભાગમાં વિભક્ત કરીને વચ્ચે સેંથીમાં સિંદુરની ચકચકિત રેખા કરી હતી. કપાલમાં પણ તેવી જ એક ટીપકી કરી હતી. નિરંજના સિંદુર વાપરતી કે નહિ તે ગામ લોકોને ખબર જ ન હતી. રાજેન્દ્ર અને રમેન નિર્વાક્ બની જોઈ રહ્યા હતા, તેવામાં જ નિરંજના તેમની પાસે આવી અને ઘૂંટણે પડી. પ્રથમ રાજેન્દ્રને તથા પછી રમેનને એમ તેણે એક પછી એક પ્રણામ કર્યા, અને તુરત જ તે ચાલી ગઇ. કોઇને એક શબ્દ પણ બોલવાનો અવકાશ મળે તે પહેલાં તો તે દિદિમાવાળા ખંડમાં ચાલી ગઈ. કોઇ કંઈ બોલી શકે તેમ જણાયું પણ નહિ. કારણ રાજેન્દ્ર અને રમેન બેઉ એકી સાથે સ્તબ્ધ બનીને જ ઉભા હતા.

રાયજીને ત્યાંથી પાછા આવીને રાજેન્દ્રે જોયું કે, રમેન તેની બેસવાની જગોએ બેસી જ રહ્યો હતો. રાજેન્દ્ર પણ તેની પાસે બેસી પૂછવા લાગ્યો : "ઘેર નથી જવું ?"

"જઇશ, થોડીવાર પછી."

"નહાવા ખાવાનો વખત થઈ ગયો છે. તારી રસોઈ બનાવવા બામૂન ઠાકુરણને કહું કે ?"

"કહે."

"તો, હવે સ્નાન કરી લે !"

"કરીશ, થોડી વાર પછી."

રાજેન્દ્ર જરા વાર તેની તરફ જોઈ પછી બોલ્યો : "આ બે દિવસમાં શું ઘટના બની છે તે કહી શકીશ ?"

"નજરે તો જોયું !"

"શું નજરે જોયું ? દિદિમાની અદ્ભુત રીતભાત ?"

"તેનું પણ એક કારણ છે. તે વાત કહીશ, પણ બીજું કાંઈ જ નથી જોયું ? નિરંજનાને નથી જોઈ ?"

"એણે પ્રણામ કર્યા તે વાત કહે છે ?"

"એ તો વિદાયના નમસ્કાર હતા. મારા મત અને પ્રમાણોની વિરૂદ્ધ તેની પોતાની લડાઈ આજે તેણે જાહેર કરી તે જોઈ શકે છે કે નહિ ? મને તેણે બરોબર જણાવી દીધું કે, તે કુમારી નથી પણ સધવા છે. મેં તેને આ બધી વાત કરી તે તેનું અપમાન કર્યું હતું, પાપ કર્યું હતું."

રાજેન્દ્ર ચૂપ જ રહ્યો. થોડીવારે યંત્રણાથી વિંધાયેલા સ્વરે રમેન બોલ્યો : "પણ આટલો બધો તિરસ્કાર શા માટે ! અણસમજથી એક વાર એક ભૂલ કરી દીધી, તેની શું ક્ષમા ન હોઈ શકે ? મેં તો તે દિવસ પછી — તે વાત જાણ્યા પછી — બીજું કાંઈ જ કર્યું નથી. કાંઈ પ્રસંગ પણ પડ્યો નથી. જેટલો અધિકાર તેણે મને સ્વેચ્છાથી આપ્યો હતો તેટલા પૂરતો જ તેને ઉપયોગી થવાની મારી ઈચ્છા હતી. તેમાં આટલી આપત્તિ શા માટે ? છેલ્લા કેટલાક દિવસોથી દિદિમા મને લગ્ન કરવા સમજાવી રહ્યાં હતાં. તે વગર તેમને શાંતિ થશે નહિ, એમ પણ કહેતાં હતાં. તમને કન્યા શોધવાનું કામ સોંપવાનું પણ કહેતાં હતાં. આ વાત એમણે એટલી ગંભીરતાથી ઉપાડેલી કે છેવટે મને મારો વિરોધ બતાવવાની ફરજ પડી. એ ક્ષોભથી દિદિમાએ આજ મને "પારકો" કહીને મારું અપમાન કર્યું. વળી ચોરના ભેગો, તને બીનઅપરાધીને પણ બંધનમાં નાંખ્યો."

રાજેન્દ્ર ચિન્તાતુર બની નિરસ ભાવે બોલ્યો : " એનો અર્થ એ જ! આપણે વારંવાર તેમના ઘેર જઈએ છીએ, તેથી ગામના લોકો કંઈ ટીકા કરતા હશે તે તેમના સાંભળવામાં આવી હશે! હું પણ અવિવાહિત અને તું પણ તેવો, વિશેષમાં નિરંજનાની સાથે વિવાહનો સબંધ તૂટી ગયા પછી તું પરણ્યો જ નહિ, એ વાત પણ હવે લોકોના મનમાં ખડી થઈ લાગે છે. મારી સાથે આવો ઘનીષ્ઠ સબંધ રાખવાથી એ લોકોને નીચું જોવું પડે છે, એમ લાગે છે. મારી વાત છોડી દો, હું ત્યાં ન જાઉં, એમ તે લોકોએ કહ્યું એટલે હવે મારી ફરજ પૂરી થઈ. હવેથી તેમની સાથે મારો કાંઇ જ સબંધ રહેશે નહિ. પણ તને તેઓ લાંબા સમયથી આત્મીય જેવો માને છે તેથી જ તારા લગ્ન માટે જીદ લઈ બેઠાં છે, સમજ્યો? તારું લગ્ન થયા પછી લોકો તે બાબતમાં ચર્ચા કરી શકે નહિ."

રમેન જોરથી બોલી ઉઠ્યો : " તેમજ જો હોય તો પછી નિરંજનાના આવા વેશપરિધાનનો અર્થ શું? તેણે શું મારા એ અપરાધના દંડ રૂપે જ આ શિક્ષાની વ્યવસ્થા કરી છે? મેં તેને એવી નજરે જોઈ — કુમારી માની લીધી, તેના પ્રાયશ્ચિત તરીકે જ મારે લગ્ન કરવું અને તેથી તે મારા મનને પણ અસ્પૃશ્ય છે, એ વાત મને સમજાવવા માટે તેણે પોતે આ વેશથી તે સધવા છે, તેને સ્વામી છે, એ વાત મારી સમક્ષ પ્રગટ કરી."

" રાજેન્દ્ર જડાયેલા સ્વરે બોલ્યો : " તેનું બીજું કોઈ કારણ પણ હોઈ શકે. અરે, આટલો કંપ કેમ? તાવ ચઢવા લાગ્યો છે કે શું? પહેરવાનો જામો લાવ તો વારું?"

રમેન કપડું રાજેન્દ્ર તરફ ફેંકીને બોલવા લાગ્યો: " બીજું

તે શું કારણુ હોઇ શકે, મને સમજ પાડ! હું લગ્ન ન કરું તો તેઓ મારી સાથેની આત્મીયતા પણુ ન નીભાવી શકે, એ તેઓનો હુકમ. આવો મોટો અન્યાય! આવો અત્યાચાર કરતા પહેલાં એકવાર વિચારી જુએ નહિ કે..."

રમેનનું ગળુ રુંધાઈ ગયું. રાજેન્દ્ર પણુ વસ્ત્ર હાથમાં જ રાખી ખુરશી પર પડી ગૂપચૂપ બની ગયો. વચ્ચે વચ્ચે તે, 'આહ! ઓહ!' એમ મંત્રણાસૂચક અવાજ કરવા લાગ્યો.

ક્ષણુ વાર પછી જરા સ્થિર થઈને રમેન બોલ્યો: "ઠીક, તું જે વાત કહીશ એમ કહેતો હતો તે હવે કહે. તારી વાત માનીને જ હું આ મહા લજ્જામાં પડ્યો, તેં મને એ વાત કયી સાબીતીના આધારે કહી હતી તે બધી વાત મને હવે સ્પષ્ટ રીતે કહે. આવેગમાં અંધ બની મેં આજ પર્યંત તે વાત તારી પાસેથી પૂરી સાંભળી પણુ નહિ. તેં કહ્યું કે, નિરંજના કુમારી છે, એ વાત સાંભળીને મારા અંતરના બધા બંધ તૂટી ગયા હતા. જગતમાં બીજી કંઈ વિચારવા જેવી વાત જ નથી, એમ મને થયું. હું પણુ કેવો મૂર્ખ! બોલ, હવે કહે, શી સાબીતીને આધારે તેં મને એ વાત કહી હતી? અને તે સાબીતી તું શી રીતે શોધી કાઢી શક્યો? અહીં આવતા પહેલાં જ — મારા જાણુતા પહેલાં જ તમે શું એ બધી વાત જાણુતા હતા? પણુ તે શી રીતે શક્ય હોઈ શકે?"

રાજેન્દ્ર શીતથી દાંતમાં દાંત ભીસી તેની વાતનો પ્રતિ-ધ્વનિ પાડી રહ્યો: "તે શી રીતે શક્ય હોઈ શકે?"

"પણુ તમે એમ કહ્યું હતું કે તે પંડા મરી ગયો છે. તેની સાથે તમારે એક વર્ષ પહેલાં રૂબરૂ વાતચીત થઈ હતી? અને તમે સાતેક માસથી તો અહીં જ......"

રાજેન્દ્ર આ સ્થિતિમાં પણ હસીને બોલ્યો : " આટલા બધા દિવસ પછી આ ઈન્કવાયરી•કરે છે ? હાયરે અંધ પ્રેમિક ! પરંતુ Too late, too late (બહુ જ મોડો પડ્યો ! બહુ જ મોડો પડ્યો !) એટલીવારમાં તો યોગ્ય દરોગાના હાથે પકડાઈ ગયો છે. "

" બરાબર વાત કર, સ્પષ્ટ સમજાય કે કોણ ક્યાં પકડાઈ ગયો ? કેવી રીતે..."

" આજ હવે નહિ. પછી, ફરી એક દિવસ..."

રમેન બૂમ પાડી ઉઠ્યો : " જે દિવસે એ વાત ઉપાડું છું; તે દિવસે તું એમ જ કહીને ઉડાવે છે. પણ આજે તને છોડવાનો નથી, તારે કહેવું જ પડશે આજે..."

રાજેન્દ્રે તેનો હાથ ખેંચી પાસે બોલાવી શાંત સ્વરે કહ્યું : " પાગલ, મારે માથે હાથ મૂકીને જરા જો તો ખરો, હવે વાત શી રીતે કહી શકાય..."

રમેન જરા સ્વસ્થ થયો અને તેણે ઉઠીને રાજેન્દ્રના કપાળે હાથ વડે સ્પર્શ કર્યો.

" ઓહ, આટલું ભયાનક ગરમ ! આટલો તાવ કેમ ચઢી આવ્યો ? "

" ત્યારે તો કહું છું કે મને ઠીક નથી. બિછાનામાં સૂઈ જવા દે, નહિ તો પછી તને પણ મૂશ્કેલી પડશે. "

જેમ તેમ રમેને રાજેન્દ્રને ખેંચીને શય્યામાં નાંખ્યો. જોતજોતામાં તો રાજેન્દ્ર ચઢતા તાવના વેગથી અચેતન બની ગયો.

●

પ્રકરણ ૧૨ મું.

દર્દીનો વિચારપ્રવાહ

એકાંત અજ્ઞાનાવસ્થામાં રાજેન્દ્રની કેટલી ક્ષણો અગર કેટલો સમય વીતી ગયો તેનું તેને સ્મરણ ન હતું. પણ તેને ભાન આવ્યું તેવો જ તે જડિત સ્વરે બોલી ઉઠ્યો : "રમેન–રમેન !"

રમેન પાસે જ હતો. તેણે તેના મુખ પાસે મુખ લઈ જઈને ઉત્તર આપ્યો.

"ક્યાં, ક્યાં છે તું ?" કહીને હાથ પ્રસારતા રાજેન્દ્રે તેને સ્પર્શ કર્યો. તેવા જ જડિત સ્વરે તે ફરી બોલ્યો : "માથામાં ભારે પીડા થાય છે — આખું અંગ ફાટે છે, મને ટાઈફાડ થયો હોય એમ લાગે છે."

રમેન જરા વાર નિરૂત્તર રહ્યો. પછી પોતાની જાતને સમાલી ગળું સાફ કરીને બોલ્યો : "ના, તમે નચિંત રહો. દેવગ્રામથી મહેશબાબુને બોલાવ્યા હતા, તેમણે કહ્યું છે કે, માત્ર હાઈ ફીવર જ છે. કાંઈ ચિંતા જેવું નથી."

અર્ધ બેશુદ્ધ જેવી સ્થિતિમાં હોવા છતાં રાજેન્દ્ર જરા હસીને બોલ્યો : "મને શું નાનું બચ્ચું જાણો છો ? તમે બધાં મારે લીધે બહુ દુઃખ ઉઠાવી રહ્યાં છો. હવે કોણ જાણે કેટલા દિવસ..."

"તમે એ બધો વિચાર બીલકુલ કરશો નહિ. નચિંત મને સૂઈ જાઓ !" બોલીને રમેને સ્નેહપૂર્વક તેના મસ્તક પોતાનો હાથ મૂક્યો. પણ રોગી નિશ્ચિત થયો નહિ. એકાએક ઉદ્વિગ્ન બની આમથી તેમ પડખુ ફેરવી જોવાનો પ્રયાસ કરતાં દર્દી બોલ્યો : "તું એકલો જ છે ! શું તું એકલો જ...?"

આવી બેશુદ્ધ હાલતમાં પણ તે જાણે કોઈના આગમનની પ્રત્યાશા કરી રહ્યો હતો. પોતાની જાતનું થોડુંક ભાન આવતાં જ તે વાત તેના મનમાં યાદ આવી હતી. અને તે વિચારથી જાણે તે વધુ અસ્થિર બની ગયો હોય એમ લાગ્યું. રમેન તેના પ્રશ્નના ઉત્તરમાં માત્ર તેને શાંતિથી સૂઈ રહેવાની સૂચના જ કરી રહ્યો. તે વખતે રાજેન્દ્ર એકાએક ફરી બોલી ઉઠ્યો : "મારી ખબર જોવા શું કોઈ જ આવતું નથી ? કોઈ પણ નહિ ?"

"કેમ ન આવે ! ગામના મોટાભાગના લોકો તને કેમ છે તે જાણવા કેટલાય દિવસથી થોકબંધ અહીં આવે છે. ડૉકટરને જલદી આરામ થાય તે માટે તે લોકોના ધાકધક્કા મારે ખાવા પડે છે."

"ગામના લોકો જ માત્ર આવે છે ? બીજું કોઈ નથી આવતું ? બીજું કોઈ જ નહિ ?"

"બીજું કોણ આવે ? કોની વાત કરે છે તું ?"

રાજેન્દ્રે મૂઢ ભાવે "દિદિમાને એ." એમ કહ્યું તે સાથેજ રમેને ઉત્તર આપ્યો : "દિદિમામાં ક્યાં ચાલવાની શક્તિ છે? એ વાત શું ભૂલી ગયો? તે ટુનિને મોકલીને એક વખત રોજ ખબર કઢાવે છે, બીજું શું કરે! એથી વધુ એ શું કરી પણ શકે?"

રાજેન્દ્ર જરા ચૂપ રહ્યો. પછી રમેનનો હાથ રોગની ઉત્તેજનાને લીધે દબાવીને વિભ્રાન્ત ભાવે બોલી ઉઠ્યો : "પણ તે, તે..."

"કોણ? કોની વાત કરે છે ભાઈ? આ ટુનિ મણીને દિદિમાએ તારી ખબર કાઢવા મોકલ્યાં છે. તે તને નજરે જોવા માગે છે?"

રાજેન્દ્ર તે વાત સાંભળ્યા વગર ઉત્તેજિત ભાવે બોલી ઉઠ્યો : "નિરંજના – નિરંજના"" રમેને તુર્ત જ તેના માથા ઉપર મૂકેલા પોતામાં શીતળ જળ સીંચતાં સીંચતાં કહ્યું : "શાંત થા, બહુ વાત ન કરીશ. ડૉકટરે મના કરી છે. એ બધા વિચાર હમણાં છોડી દે! આ દવાખાનામાં એ તે શી રીતે આવે?"

"ઓહ!" કહીને રાજેન્દ્ર ચૂપ રહ્યો. થોડી વાર પછી જ તે પુનઃ અચેતન બની ગયો.

ફરી કેટલા કલાક અગર દિવસો પછી રાજેન્દ્રે આંખ ઉઘાડી તેનું તેને ભાન ન હતું. તે આંખ ઉઘડતાં જ ક્ષીણ સ્વરે બોલ્યો : "રમેન!" ઉત્તર ન મલતાં ફરી બૂમ પાડતાં જ નજીકમાંથી જવાબ મલ્યો : "તે દવા તૈયાર કરી લાવવા ગયા છે, થોડી જ વારમાં આવશે."

રાજેન્દ્ર ક્ષણેક વાર સ્તબ્ધ બની પડ્યો રહ્યો. પછી ધીરે ધીરે તેણે અવાજની દિશામાં પાસુ ફેરવવા પ્રયાસ કર્યો. કોઈકે તેના ખભા તથા છાતીને ટેકો આપી તેને તે કાર્યમાં મદદ કરી.

"આપ આવ્યાં છો? કેટલી વારથી? ઠીક છે ને?"

"હા" કહીને નિરંજનાએ રાજેન્દ્રની સ્થિર નજર આગળ નીચું ઘાલી દીધું. રાજેન્દ્ર થોડીવાર તેના ઉજ્વળ લલાટ ઉપરની શ્યામ વેણીની મધ્યમાં શોભતી સીંદૂરની ટીપકી તરફ જોઈ રહ્યો. પછી તે એકદમ બોલી ઉઠ્યો: "શી રીતે આવ્યાં? કોઇ નિંદા નહિ કરે?"

"કરશે."

"તો પછી કેમ આવ્યાં?"

"તમે આવવાની રજા આપી હતી તેથી."

"રજા? મેં આપી હતી? નિરંજના..."

"મારી બોલવામાં ભૂલ થઈ છે. દર્દની પીડા વખતે મારું નામ લેતા હતા. પણ તમે ચિંતા ન કરશો, રમેનભાઈ આવ્યા, હું હવે જાઉં છું."

એમ કહીને નિરંજના ઉભી થવા લાગી, તેજ વખતે રાજેન્દ્રે તેનો હાથ પકડી લીધો અને તે કરુણ સ્વરે બોલ્યો: "ક્યાં જાઓ છો? ન જશો, હમણાં ન જશો. હું હજી સાજો નથી થયો." સાથે સાથે નિરંજનાનો દેહ તથા મન વાયુથી કંપતા કેળના પાનની પેઠે ધ્રૂજવા લાગ્યાં. તે પોતાની જાતને સંભાળી લેતી રુંધાયેલા અવાજે બોલી: "ડોક્ટર કહે છે હવે ભય નથી. તમે સાજા થઈ જશો."

એમ કહીને નિરંજનાએ જરા ખેંચતાં જ રાજેન્દ્રે તેનો હાથ છોડી દીધો. પછી તે ક્ષીણ અવાજે બોલ્યો: "ડૉક્ટર કહેતા હોય તો પણ હજી ભય છે. ટાઈફૉઇડને ઉથલો ખાતાં વાર નથી લાગતી. જરા નિષ્કાળજી કે બેદરકારી થતાંજ..." રાજેન્દ્ર હવે બોલતો અટકી ગયો.

હજી શું રોગની ઉત્તેજનાને લીધે આ બધું થાય છે? નિરંજના વિચાર કરવા લાગી. પછી કંપતા સ્વરે તે બોલી: "આપ નિશ્ચિંત થાઓ, રમેનદાદા હાજર છે એટલે તમારે માટે જરાપણ બેદરકારી થશે નહિ. તેજ બધું કરે છે. હું તો આ થોડા દિવસથી માત્ર સવારે આપની ખબર કાઢવા આવું છું."

રાજેન્દ્ર થોડીવાર અનિમિષ નયને તેના તરફ જોઈ રહ્યો. પછી ધીમેથી બોલ્યો: "માત્ર ખબર કાઢવા આવો છો એમ કેમ? મને યાદ આવે છે—હા, મને થોડું થોડું યાદ આવે છે! આખો દિવસ એ મારી પાસે એ કોણ રહે છે? એ કોણ તે...? હું વારંવાર વેદના થતાં માથું કોના ખોળામાં મૂકીને..." એમ કહેતાં કહેતાં રાજેન્દ્ર નિરંજનાના મુખ તરફ જોતાંજ બોલતો અટકી ગયો. એ લાલચોળ મુખ હવે કેવું ફીકકું પડી ગયું હતું! તે મ્લાન મુખ નીચે નમાવી નિરંજના બોલી: "માથાની વેદનાથી આપની ભૂલ થાય છે, એમ માનું છું. રમેનભાઈ વિલંબ કેમ કરે છે? દિદિમા અશક્ત છે, મારે હવે જવું જોઈએ."

હજી જરા વાર રહો,—રમેન આવે ત્યાં સુધી તો રહો! તો તમે હવે ફરી નહિ આવો? હું હજી સારો થઈ ગયો નથી. નિરંજના, હું બેશુદ્ધ થઇ ગયો છું જાણીને લોકલજ્જા

દુર કરી શકો તો પછી હું શુદ્ધિમાં આવ્યો છું ત્યારે–" બોલતાં બોલતાં શ્વાસોચ્છ્વાસથી રાજેન્દ્રનો કંઠ રુંધાઇ ગયો. દુર્બળ મગજનો રોગી આ ઉત્તેજના સહન ન થવાથી આંખ મીંચી ફરી બેશુદ્ધ જેવો બની ગયો' નિરંજનાએ તેની પાસે આવી તેના મુખ પર શીતળ લેપ કરી પવન નાંખવા માંડયો અને પછી તે વ્યાકુળ બની બૂમ પાડવા લાગી: " રમેનભાઈ!"

રમેન પાસે આવ્યો અને ધીરેથી રોગીના મુખમાં બલ-વર્ધક જળનું સિંચન કરવા લાગ્યો. આમ બેશુદ્ધ શી રીતે થયો તે અથવા બીજી કંઈજ વાત તેણે નિરંજનાને પૂછી નહિ. શરમાઈ ગયેલી નિરંજના તેની આગળ ખુલાસો કરતી હોય તેવા ભાવથી બોલી: " ના પાડ્યા છતાં પણ બહુ વાત કરવાથી આ પ્રમાણે થયું–પ્રથમ તો તમને જ શોધતા હતા." રમેને આનો કંઈજ ઉત્તર આપ્યો નહિ.

રાજેન્દ્રને શાંત અને શુદ્ધિમાં આવેલો જોતાંજ રમેન ઉભો થઈને બોલ્યો: " હવે ભય નથી. હવે જરા શાંત ચિત્તે વાત-ચીત કરવાથી કિંવા ઉંઘવાથી આરામ રહેશે. ઘણા દિવસથી ઘેર ગયો નથી. જરા જરૂરી કામ છે, તેથી હું હાલ ઘેર જાઉં છું–તમે તેટલીવાર એની પાસે બેસો. "

નિરંજના જરા ગભરાઈને બોલી : " હું ?...પણ આ હમ-ણાંજ શાંત થયા છે અને કદાચ બીજી કંઈ વસ્તુની જરુર પડશે તો ?..."

" હું કહું છું કે; હવે બીજી કાંઈ ચીજની જરૂર નહિ પડે. દવા તથા અનુપાનનો સમય થવાને હજી ઘણી વાર છે."

" પણ સંધ્યાકાળ થવા આવ્યો છે. મારે હવે જવું જ પડશે મણી પણ કયારનો બોલાવવા આવ્યો છે."

"એને જરા શાંત–સ્વસ્થ બનાવીને પછી જ જાઓ. હમણાં જશો તો ફરી કદાચ અસ્વસ્થ બની જશે."

લજ્જાથી લાલચોળ બની ગયેલી નિરંજના વિસ્મિત બની રમેનની તરફ જોવા લાગી. પોતાની જાતને સંભાળી લેવાની તેની પ્રવૃત્તિ ચાલુ હતી તેવામાં જ રમેન તરફ નજર જતાં તેનું મોં મૃત માણસની પેઠે ફિક્કું પડી ગયેલું જણાયું. એક દવાની શીશી તથા મેઝરીંગ ગ્લાસ નિરંજનાની પાસે લાવીને મૂકવા જતાં રમેનના કંપતા હાથમાંથી તે પડી ગયાં અને ગ્લાસ ફૂટી ગયો. તે તરફ ધ્યાન આપ્યા વગર જ રમેન રૂંધાયેલા સ્વરે "જો ફરી બેશુદ્ધ થાય તો આ દવાનાં થોડાં ટીંપાનું પાણી સાથે મેળવી ધીમે ધીમે હોઠ ઉપર સીંચન કરજો" કહીને તે જાણે તે ઓરડામાંથી ઝપપટ બહાર ભાગી ગયો.

વિસ્મયથી સ્તંભિત બની ગયેલી નિરંજનાને ગરમીથી જાણે પરસેવાના રેબઝેબ છુટવા લાગ્યા. રમેનનું એ યંત્રણાકાતર મડા જેવું ફીક્કુ મુખ તેના નવનિર્મિત સુખવિહ્વલ ભાવને જાણે વિષક્રિયા વડે નીલવર્ણું બનાવી રહ્યું. નિરંજના પ્રત્યેનો રાજેન્દ્રનો ભાવપલટો રોગની વેદનામાં પ્રગટ થયો, એટલે તેની પ્રતિક્રિયા થયા વગર કેમ રહે? નિરંજનાનું ચિર ઉદાસી મન પણ તેનાથી સો સો આશાના તરંગોથી તરંગિત બની ગયું હતું. રાજેન્દ્ર તેનો પોતાની 'સ્ત્રી' તરીકે સ્વીકાર કરતો હતો અને તે જો સૌની સમક્ષ કરે તો એકજ ક્ષણમાં શું શું ન બને! સ્વામી તેની પોતાની શોધમાં આ ગામમાં આવીને રહ્યા હતા, છતાં તે વાત સર્વ લોકોથી તથા નિરંજનાથી છૂપાવીને ગુપ્ત રહ્યા હતા એટલે પોતાનો પ્રગટ રીતે સ્વીકાર કરવાની તેમની ઇચ્છા હોય એ વાત નિરંજનાને અસંભવિત

લાગતી હતી. જો તેમ હોય તો તે રમેન તથા નિરંજના માટે પેલી અજુગતી ચેષ્ટા શા માટે કરત? નિરંજનાને જો પોતે પત્ની તરીકે સ્વીકારવા તે તૈયાર ન હોય તો તેમને એ રીતે વિપદમાં મૂકવાનો નિરંજનાને શું અધિકાર હતો? તેથી તે શુદ્ધિમાં આવે તે જાણુતાં જ નિરંજના ચાલી જવા માટે તૈયાર બની બેઠી. તેને મનમાં વળી થયું કે, દર્દીની વેદના તથા દર્દને લીધે તેના મગજમાં જે વિકાર થયો હતો તેનો પોતે પોતાને અનુકુળ અર્થ કરી લેતી હતી. છતાં પણ રાજેન્દ્રની વ્યાકુળતા નિરંજનાને જુદીજ જાતની જણાતી હતી. કદાચ તેમના મગજનો વિકાર શમ્યો નથી, અગર તો તેમણે પોતાનો મત બદલ્યો છે, એમ નિરંજના વિચારી રહી. કદાચ મત બદલે એ પણ સંભવિત છે. પણ, આ કોનું વિવર્ણ–મડા જેવું વેદનાકાતર મુખ નિરંજનાની આંખ સમક્ષ આવી ખડું થયું! આ શું થયું? લગભગ પાંચ વર્ષ પહેલાં તે તળાવની પાળે, આવી–આવી જ એક સંધ્યા વખતની વાત નિરંજનાના મનમાં ચિત્રની પેઠે ખડી થઈ ગઈ. તે દિવસની તે આકસ્મિત વાત નિરંજના પાસેથી સાંભળતાં જ રમેન વિરક્ત–ચિર જીવન માટે સન્યાસી બની ગયો. તે દિવસે પણ નિરંજના પાસેથી તે વાત સાંભળતાં જ રમેનનો ચહેરો તેવો બની ગયો હતો. તે દિવસે પણ તેનું મુખ આવું જ મૃતવત બની ગયું હતું! અને આજે કદાચ નિરંજના તથા રાજેન્દ્રના જીવનની ગુપ્ત વાત જાણુતો હોવાથી રમેન તે બંનેનો આવો વિચિત્ર સંબંધ જોઈ ભયંકર સંદેહ મનમાં ભરીને ચાલ્યો ગયો!

નિરંજનાએ ધીરે ધીરે માથું નમાવ્યું–રાજેન્દ્ર તે વખતે ક્ષીણુ સ્વરે બોલ્યો: "ચાલ્યાં ગયાં નથી?"

"ના." નિરંજનાએ જવાબ આપ્યો.

"હવે નહિ જાઓ ?" વ્યાકુળભાવે દર્શીએ પ્રશ્ન કર્યો.

ફરી માથુ ઉંચે કરી નિરંજના રૂંધાયેલા સ્વરે બોલીઃ "હા, રમેનદાદા પાછા આવશે એટલે જઈશ. આપના નોકરને તેમને બોલાવી લાવવા મોકલ્યો છે."

"નિરંજના, સ્વસ્થ તંદુરસ્ત હતો તે વખતે જે ન કરી શક્યો તે હું અત્યારે કરૂં, તેથી શું અન્યાય થયો માને છે ?"

"પરંતુ આ દુર્બળ અવસ્થામાં જે કરી બેસશો તેને માટે સાજા થયા પછી ભારે પસ્તાવો કરવો પડશે. કારણ કે, સાજો સમો હોય ને માણસ જે કરે તેજ સાચું હોય છે—અસુખ માણસને વ્યાકુળ બનાવી દે છે."

"ના, અસુખજ માણસને માણસની પાસે ખેંચી લાવે છે, તેજ વખતે તેમનો ખરો પરિચય થાય છે. સબળતાનો અહંકાર તે વખતે ચાલ્યો ગયો હોય છે અને મનુષ્ય કેટલો બધો નિર્બળ છે તે તેને અસુખ વખતેજ ખરૂં ભાન પણ થાય છે."

"આપે હવે બહુ વાત કરી. રાત પડવા આવી છે. હું હવે જઈશ. તમે એકલા છો એ જાણતાંજ હવે રમેનભાઈ આવી પહોંચશે."

"નિરંજના, તો તું મારો સ્વીકાર કરે છે. હું તારાથી આટલો બધો અપરિચિત હોવા છતાં પણ તું..."

"હા, આપ મારે માટે, ચિરજીવન માટે સ્વીકારને યોગ્યજ છો, પણ આપે મને ઓળખી હતી છતાં આટલા બધા

દિવસ મારો સ્વીકાર ન કર્યો એટલે હવે તમારા સ્વીકારની મને ખાસ જરૂર જણાતી નથી. આપે વગર કારણે ગુપ્ત રહીને મને કેટલી બધી લજ્જામાં નાંખી છે! એથી જ હું તમારી તરફના સ્વીકારની જરૂર નથી જોતી, હું જેમ છું તેમજ જીવનભર રહીશ."

રાજેન્દ્રને ઉત્તરનો અવકાશ આપ્યા વગર જ નિરંજના ઉઠીને ઉભી થઈ. પછી ઘરના નોકરને ત્યાં બોલાવી લાવી મણીની સાથે ઘેર ચાલી ગઈ.

થોડીવાર પછી રમેને આવી રાજેન્દ્રને દવા વગેરે પાયાં. પછી મ્લાન હાસ્ય કરી રાજેન્દ્ર બોલ્યોઃ "તમને મેં થકવી નાંખ્યા છે, એમ થાય છે. ઋણનો ભાર બહુ જ વધી ગયો છે હો! હજી કેટલા દિવસ પથારીવશ રહેવું પડશે તે સમજાતું નથી. શું ઉપાય કરવો હવે?"

રમેન થોડીવાર ચુપ રહ્યો. પછી બોલ્યોઃ "તમે સુઈ જાઓ, હવે બહુ વાત ન કરશો."

"એની જરૂર જ છે. માથુ પણ કેવું ફાટી રહ્યું છે! જરા આમ આવીને માથે હાથ તો મૂકી જો!"

રમેને પાસે આવીને રાજેન્દ્રના કપાળે હાથ મૂકયો. રાજેન્દ્ર બોલી ઉઠયોઃ "આહ, બરફની ગરજ હવે મટી ગઈ. રમેન, તારા હાથ ઠંડા શી રીતે કર્યા છે તેં?"

રમેને ઉત્તર આપ્યો નહિ. નિઃશબ્દપણે તે તેના માથે હાથ ફેરવવા લાગ્યો. રાજેન્દ્રે ફરી પૂછ્યુંઃ "અત્યાર સુધી ક્યાં ગયો હતો?"

"ઘેર."

"ઘેર? મને એકલો છોડીને તું ઘેર ગયો હતો?"

રમેન જમીન તરફ જોઈ ધીમેથી બોલ્યો: "એકલા તો નહોતાજ મૂક્યા."

રાજેન્દ્ર પળવાર ગંભીર વિષાદ અનુભવી પછી બોલ્યો: "પણ તે બહુ વ્યગ્ર બની ગઈ હતી. હવે કાલથી કદાચ તે આવી શકશે નહિ. તેને તેં બોલાવી હતી કે શું રમેન?"

"ના, તે પોતાની મેળે જ આવી હતી."

"શા માટે આવી? લોકો નિંદા નહિ કરે?"

રમેને તેનો કંઈજ ઉત્તર ન આપ્યો. તે ચુપ જ રહ્યો.

થોડીવાર ગંભીર બની ગયા પછી રાજેન્દ્ર એકાએક રમેન તરફ જોઈ બોલ્યો: "કહે, હવે ક્યાં સુધી હું બિછાનામાં પડ્યો રહીશ? તું તો પાસે છે ને? તું તો ચાલ્યો નહિ જાય ને?"

"જ્યાં સુધી કાઢી નહિ મૂકે ત્યાં સુધી હું છું જ. થોડાજ વખતમાં તને આરામ થઈ જશે, એમ મને ભરોસો છે."

"બસ, તો બસ છે."

તે પછી એકાએક રમેનનો હાથ છાતી સાથે દબાવી રાજેન્દ્ર ઉદ્વિગ્ન કંઠે બોલ્યો: "રમેન–રમેન બહુ દુબળો થઈ ગયો નહિ વારું? મારું તે બળ ક્યાં ગયું? હું હવે ફરી તેવો થાઉં નહિ?"

રમેને તેના આ વેદનાભર્યા પ્રશ્નનો કાંઈ જ ઉત્તર ન આપ્યો. કાંઈ હિંમત પણ આપી નહિ તે માત્ર જમીન તરફ જોઈને કાષ્ઠની મૂર્તિની પેઠે બેસી રહ્યો.

☆

પ્રકરણ ૧૩ મુ

" રમેન ક્યાં ? "

રાજેન્દ્રનો રોગ હવે વધતો અટકી ગયો તે ખરૂં, પણ તે જલદી કમી પણ થઈ શક્યો નહિ. આથી રાજેન્દ્રને ઘણા દહાડા પથારીમાં જ પડ્યા રહેવું પડ્યું.

રોગી અને શુશ્રુષા કરનાર માટે કંટાળાભરેલા આ દિવસોમાં કેવળ રમેને જ રાજેન્દ્રને મદદ કરી. રાજેન્દ્રનો સમય બીલકુલ પસાર થતો નહિ. રાત્રી દિવસ, પ્રહર, ઘડી અને પલક પણ રાજેન્દ્ર એક પછી એક ગણી ગણીને દાબી દાબીને જાણે પોતાની આગળથી ધકેલી રહ્યો હતો. રમેન પણ રાત્રી-દિવસ મારાત્મક ભાવથી જેમ તેમ વીતાવતો હતો. છેવટે એક દિવસ વિરક્ત બનીને રાજેન્દ્ર બોલી ઉઠ્યો: " હવે આ સહન નહિ થઈ શકે. "

રોગીના આક્ષેપથી અભ્યસ્ત બનેલો રમેન કાંઈ પણ બોલ્યો નહિ. ગૂપચૂપ પોતાનું કામ કરી રહ્યો.

રાજેન્દ્ર તેની આ મૂઢતાથી વધુ વિરક્ત બની ફરી બોલી ઉઠ્યો: "કેમરે, સાંભળતો નથી કે શું ?"

"સાંભળું છું." રમેન માત્ર ધીમેથી બોલ્યો.

"તો ચુપ કરીને કેમ બેઠો છે ?"

"તો શું કરૂં ?"

"બીજું કંઈ જ નહી, એક નૌકા તૈયાર કરાવીને તો મંગાવી શકીશ ને ?"

"નૌકાને શું કરશો ? કલકત્તા જવા માટે નૌકા જોઈએ છે ?"

રાજેન્દ્ર જરા તંગ બનીને બોલ્યો: "તો શું નૌકા–વિહાર કરવા જવું હશે ?"

રમેન તેવી જ રીતે બોલી ઉઠ્યો: "તેને માટે પણ હાલ સમય નથી. યોગ્ય સમય થતાં નૌકા દુર્લભ નહીં થાય."

"રહેવા દે તારૂં સમય અસમયનું ડહાપણ બધું ! જો કાલે તું મારે કલકત્તા જવા માટેની ગોઠવણ નહિ કરી આપે તો જોઇ લેજે ! હું પોતે જ જે થશે તે ગોઠવણ કરી લઈશ."

"હજી તમારામાં એટલી તાકાત નથી આવી." રમેને કહ્યું. "ભલે !" વ્યંગ્યપૂર્વક રાજેન્દ્ર તંગ બની બોલ્યો.

થોડીવારે તે શય્યામાં બેઠો થઈ જઇને ફરી બોલ્યો : "સહિસને મારો ઘોડો તૈયાર કરીને લાવવાનું કહે જો ! એક વાર ગમે તે રીતે ઉઠી શકું તો પછી કોશના કોશ ઝપાટાબંધ ઘોડા ઉપર જ કાપી નાંખીશ."

હવે રમેન જરા હસીને બોલ્યો: "સહિસને પણ એક બેને બોલાવવા પડશે અને ઘોડા પર જીનની સાથે તને તાણી બાંધવા માટે મદદ લેવી પડશે."

ગૂસ્સે થયેલો રાજેન્દ્ર હવે બોલ્યા ચાલ્યા વગર ઉઠીને ઉભો થવાની તૈયારી કરવા લાગ્યો. પણ તેજ વખતે રમેને તેને પકડી લીધો. તેને જોરથી બીછાનામાં સૂવાડી દઈ તિરસ્કાર-પૂર્વક રમેન બોલ્યો: "એકદમ પાંચ વર્ષનો બાળક બની ગયો જાણે! આટલા દિવસ કાઢ્યા છે તેમ હવે બે પાંચ દિવસ વધુ કાઢવાના બીજું શું!"

"ના, હું હવે એક દિવસ પણ સહન કરીશ નહિ. તું મને અહીંથી જવા દે—અગર તો મને અહીં પડ્યો રહેવા દઈને તું તારે કામે ચાલ્યો જા. બે પ્રાણીઓની આવી દુરવસ્થા હવે મારાથી સહન નથી થતી."

રમેન ફરીથી ગૂપચૂપ બની પોતાનું કામ કરવા લાગ્યો.

રાજેન્દ્ર આગળ બોલવા લાગ્યો: "શું હું નથી જાણતો કે, ભયાનક રોગની સામે યુદ્ધ કરવા માટે દર્દીમાં તેવી જ પ્રબળ ઉત્તેજના હોય છે. તેમ કરતાં રોગી રોગની આગળ હાર પામે તેજ ઠીક. પરંતુ મારા જેવો રોગી મરે પણ નહિ અને જલદી સાજો પણ ન થાય તે કેટલું ખરાબ! એનાથી બીજી ભયંકર દશા એના માટે તથા એની શુશ્રુષા કરનારા માટે બીજી એકે નથી. એ દશામાં બંનેને ધૈર્ય રહેવું કઠિન જ હોય છે."

આટલી લાંબી ચર્ચાનો પણ રમેને કાંઈ જ ઉત્તર આપ્યો નહિ, તેમ તેના મોં સામે નજર સરખી પણ કરી નહિ. તેનું અચળ ગાંભીર્ય જોઈને ઉત્તેજિત બનેલો રોગી અવસાદથી ભાંગી પડ્યો. શુષ્ક કંઠે તે બોલ્યો: "જરા પાણી આપ! ઓરે, બહુ પીડા થાય છે."

રમેન હવે વ્યગ્રતાપૂર્વક રાજેન્દ્રની પાસે આવ્યો અને તેના

શુષ્ક અધરોમાં જળ સિંચીને તેને માથે પવન નાંખવા લાગ્યો. રાજેન્દ્ર આંખ મીંચીને ગૂપચૂપ પડી રહ્યો. એ નિસ્તબ્ધતામાં રોગીના માથા આગળ દીવાલમાં ટાંગેલું ઘડિયાળ માત્ર ટીક્ ટીક્ કરી પ્રત્યેક વહી જતી વિપળ તે બંનેની આગળ શબ્દાયમાન કરી રહ્યું હતું.

એકાએક રમેન ધીમા સ્વરે બોલ્યો: "તેને બોલાવરાવી હતી." "કોને ? નિરંજનાને ?" રાજેન્દ્રે વિસ્મયપૂર્વક આંખ ઉઘાડી પૂછ્યું.

"હા !"

થોડીવાર નિસ્તેજ બની ગયા પછી, તે પ્રશ્ન મનમાંથી ન ખસતાં છેવટે રાજેન્દ્ર બોલી ઉઠ્યો: "શું કહ્યું હતું એણે ?"

"દવાખાનામાં શી રીતે રોજ રોજ આવે, લોક નિંદા કરે. અને..." અધીરતાથી રાજેન્દ્રે પૂછ્યું "અને શું ?"

"અને તે તો હવે સાજા થયા જ છે."

"બરાબર કહે છે. મનુષ્ય જ્યારે મરવા તૈયાર થાય છે ત્યારે જ તેને માટે બધા નિષેધો દૂર કરવામાં આવે છે. જે ધીમે ધીમે સારા થાય છે, બચે છે, તે મને માટે બીજું શું કર્તવ્ય હોય !"

રમેન ચૂપ રહ્યો. થોડી વારે રાજેન્દ્ર ફરી બોલ્યો: "પણ રમેન, તું તેનાથી ઉલટું કેમ કરે છે ? હું હવે ધીમે ધીમે સાજો થતો જાઉં છું, છતાં તું કેમ મને છોડીને જતો નથી ? તેં કહેલું કે, મારી નહિ કાઢે ત્યાં સુધી રહીશ. હવે તો મેં મારી કાઢવાનું પણ બાકી રાખ્યું નથી છતાં કેમ જતો નથી ?"

રમેન જરા હસીને નીચી નજરે બોલ્યો: "હવે બે ચાર દિવસમાં જ જઇશ."

"અર્થાત હું પથ્ય પ્રાપ્ત કરૂં તે પછી? પણ ત્યાં સુધી તારે તે કષ્ટ સહન કરવું નહિ પડે રે! હું તે પહેલાં બે ડગલાં ભરતો થતાં જ તને મુક્તિ આપીશ."

"પણ પોતે ઓછો મુક્ત થવાનો છે?"

"તેનો શું અર્થ?"

"અર્થાત આ ગામ છોડી તું જઈ શકશે કંઈ?"

સંદેહાકુલ નયને રમેન તરફ જોઈ રાજેન્દ્ર અધીર કંઠે બોલ્યો: "પણ તેનો અર્થ શું કરે છે તું? આ ગામ છોડીને હું નહિ જઈ શકું? કેમ, કોને ખાતર?"

ધીમે ધીમે રાજેન્દ્ર તરફ દૃષ્ટિ કરી સ્પષ્ટ અવાજે રમેન બોલ્યો: "હજી શું તું મારી પ્રતારણા જ કરવા માગે છે? હજી મને જાણવા નથી દેવું કે તું કોણ છે અને આ ગામમાં શા માટે આવ્યો છે? આ ગામમાં તને કોનું બંધન છે?"

રાજેન્દ્ર સ્તબ્ધ બની ગૂપચૂપ રમેન તરફ જોઈ રહ્યો. તે દૃષ્ટિ જાણે સંપૂર્ણ બોધશક્તિહીન બાળકની દૃષ્ટિ હતી. રમેન આગળ બોલવા લાગ્યો: "હું અંધ છું, હું મૂર્ખ છું, તેનો સ્વીકાર કરૂં છું. પરંતુ તારી પાસેથી મેં આટલી બધી પ્રત્યાશા નહિ કરેલી. ઓહ, મારે માટે તેં કયો ખેલ નથી કર્યો! મને એકદમ જાનવર માનીને, તું વાનરની પેઠે નાચ નચાવવા માંડ્યો હતો."

રમેને બે હાથે મોં ઢાંકી દીધું. એજ અવસ્થામાં થોડી વારે તેને ભાન થયું કે, એક શીતળ કંપતો હાથ તેના બે હાથને સ્પર્શ કરી અવાજ કરવા લાગ્યો: "રમેન, રમેન!"

રમેને એ વખતે પોતાના બે કાનનાં દ્વાર પણ બંધ કરી દીધાં અને રૂંધાયેલા સ્વરે તે બોલી ઉઠયો: "હવે બસ હવે તારી જાળને હું ભુલી જઈ શકું તેમ નથી. એક પણ વાત હવે મને કહીશ નહિ."

"રમેન, વિશ્વાસ કર! વિશ્વાસ કર......"

"ના." જોરથી બોલતો રમેન ઉઠીને ચાલ્યો ગયો. હવે અશક્ત–દુર્બળ રોગીની આંખો આગળ એક જાતનો અંધકાર જાણે શ્યામ પરદાની પેઠે એકદમ પથરાઈ ગયો.

કોણ જાણે કેટલા વખત પછી રાજેન્દ્રે: "રમેન, બહુ ટાઢ વાય છે, ઓ રે, બહુ વેદના થાય છે!" કહીને પાસુ ફેરવ્યું તેની તેને પોતાને પણ ખબર પડી નહિ. આંખ ઉઘાડી જોતાં જણાયું કે ઘરમાં દીવો બળી રહ્યો હતો, પણ પાસે કોઈ જ ન હતું. ફરી તે ભગ્ન સ્વરે બોલી ઉઠ્યો: "રમેન!" કાંઈ ઉત્તર મળ્યો નહિ.

પછી ધીમે ધીમે એક પછી એક રાજેન્દ્રને બધી વાત યાદ આવવા લાગી. રમેન તેનો ત્યાગ કરી ગયો છે, એ વાતમાં હવે સંશય રહ્યો નહિ.

તે તેને ઘોર અવિશ્વાસ કરી ગયો છે! તેને માટે રાજેન્દ્રે જે કર્યું હતું તેને કપટ જાળ માનીનેજ રમેન ચાલ્યો ગયો છે. રાજેન્દ્ર ધીમે ધીમે ઉઠીને બેઠો થયો.

તેને પાછો બોલાવવો જ જોઈએ! તેને બધી વાત સમજાવવી જોઈએ, એમ કરવા જતાં પોતાનો જીવ જાય કે રહે તેની પરવા નહિ. અંતિમ બળનો ઉપયોગ કરી રાજેન્દ્ર ધીમે ધીમે દીવાલને પકડી ઉભો થયો. પછી પા પગલી કરતાં કરતાં તેણે ચાલવાની શરૂઆત કરી.

શી રીતે અને કેટલી વાર પછી તે ક્યાં આવી પહોંચ્યો છે તેની તેને ખબર પડી નહિ. માત્ર એટલું જણાયું કે એ એક પરિચિત ઘરનું દ્વાર હતું. તે જ્યાં જવા માગતો હતો ત્યાં આવી પહોંચ્યો હતો. તે પછી તેની અંતિમ શક્તિના છેલ્લા કિરણે તે ઘર આગળ તેના મુખે એક બૂમ પડાવરાવી તે બારણામાં જ તેને મૂર્છિત બનાવી દીધો. "રમેન" શબ્દના ઉચ્ચારની સાથે જ પેલો કાળો પડદો ફરી આંખ આગળ ફરી વળ્યો. અંધકારે રાજેન્દ્રના મગજને ઘેરી લીધું.

ફરી જ્યારે તે ભાનમાં આવ્યો તે વખતે તરુણ અરુણના પ્રકાશમાં સમસ્ત જગત હસી રહ્યું હતું. એક ઘરમાં નવી પથારીમાં તે સૂઈ ગયો હતો એમ જણાયું. ભ્રમિતની પેઠે તે બોલી ઉઠયો: "હું ક્યાં આવ્યો છું?" પાસેથી જ શબ્દ સંભળાયા: "રમેનભાઈના ઘરમાં."

વિસ્મિત ભાવે મુખ ફેરવી જોતાં રાજેન્દ્રે જોયું કે તેની શુશ્રુષા કરનાર નિરંજના હતી. નવીનપ્રાણ, નવીન આનંદની એક જ્યોતિ ક્ષણવાર રોગીના મુખને ઉજ્વળ બનાવી રહી. પણ બીજી જ ક્ષણે તે સ્થાને એક અંધકારની કાલિમા આવીને છવાઈ ગઈ.

"રમેન, તે ક્યાં છે?"

"તે મહેશબાબુ ડૉક્ટરને તેડવા દેવગ્રામ ગયા છે."

"ફરી તેમની શી જરુર છે વારું? હું તો હવે સાજો થવા લાગ્યો છું."

"અમે પણ તેમજ માનતાં હતાં. પણ ક્યાં બરાબર આરામ થાય છે! આ શું તોફાન મચાવ્યું વળી! કદાચ માર્ગમાં જ આ રીતે બેભાન થઈને પડ્યા હોત તો?"

બોલતાં બોલતાં નિરંજના કંપી ઉઠી. રાજેન્દ્ર તેની તરફ જોઈ પૂછવા લાગ્યો: " તમને કોણે ખબર આપી ? "

" રમેનભાઈજ કાલ રાતે કહીને ગયા છે તે પછી હજી રાહ જોઈએ છે પણ આવ્યા નહિ. દિદિમા પણ લાકડી પકડી કંપતાં કંપતાં જેમતેમ અહીં આવીને બેઠાં છે. હાલ તે બહાર ઉંઘી ગયાં છે. "

રાજેન્દ્ર જરા પ્રફુલ્લ બની બોલી ઉઠયો: " ખરેખર, તો તેમને આરામ થયો જ છે ! મનની ઉત્તેજનાની સાથે શરીરમાં પણ તાકાત આવી જાય છે. તેમને એમ લાગ્યું હશે કે હું મગજના વિકારને લીધે અહીં આવી ઢળી પડ્યો હોઈશ. "

" બધાંય તેમજ માને છે. "

નિરંજનાના આનત મુખ તરફ જોઈ રાજેન્દ્ર ધીમેથી બોલ્યો: " પણ તેમ નથી નિરંજના ! હું સારી સજ્ઞાન અવસ્થામાં જ અહીં આવ્યો છું. માત્ર અશક્તિથી બેશુદ્ધ થઈ ઢળી પડ્યો હતો. "

" સાજા અને ભાનમાં હતા તો આવી રીતે અહીં શા માટે આવ્યા હતા ? એટલી ખબર ન રહી કે એથી કેટલી મૂશ્કેલી ઉભી થશે ? અત્યારે તો તમને ઘણો તાવ ચઢયો છે. "

" એ તાવ તો દેહ તથા મનની ઉત્તેજનાને લીધે જ છે. એથી ભય પામવા જેવું નથી. મને ખબર પડે છે કે હું હવે સંપૂર્ણ નીરોગી થવા લાગ્યો છું.

" પણ આવી રીતે અહીં શા માટે આવ્યા હતા ? આ ખ્યાલ તમને ક્યાંથી આવ્યો ? "

" ખ્યાલ ? રમેનને મારે ઘણી ઘણી વાતો કહેવાની છે.

તેના મનમાં થયું છે કે, મેં તેને લજ્જિત – અપમાનિત કરવા માટે જ તારી આ છલના કરી હતી. તારી બાબતમાં એક જાતની ચાલબાજી કરવાની મારી મતલબ હતી એમ…"

કંપતો કંપતો રાજેન્દ્ર વચ્ચે જ શ્વાસ ખાવા થોભ્યો. નિરંજનાએ તેને અટકાવતાં કહ્યું: "હવે એ બધી વાત જવા દો, પહેલાં જરા સ્વસ્થ થાઓ પછી વાત."

રાજેન્દ્ર ધીમે ધીમે બોલવા લાગ્યો: "તે પાસે ન હોવાથી સ્વસ્થ થઈ શકતો નથી. તે શું ડૉકટર બોલાવવા ગયો છે? બીજા કોઈને કેમ નહિ મોકલ્યો?"

"બીજાને મોકલે તો ડૉકટર વિલંબ કરે, તેથી તે જાતે જ તેડવા ગયા છે. તે કંઈ…"

"હાં, તેને બધી વાતની ખબર પડી ગઈ છે નિરંજના, પણ તેને શી રીતે આ ખબર પડી તે સમજાતું નથી. મેંજ શું બેશુદ્ધાવસ્થામાં એવી કંઈ વાત તને કરી હતી કે જેથી તે…"

"બેશુદ્ધિમાં જ નહિ પણ શુદ્ધિમાં જ તે દિવસે તમે બધી વાત તેમને સમજાવી દીધી હતી, એમ હું માનું છું."

"મેં? શુદ્ધિમાં હતો તેજ વખતે? ઓહ, તે દિવસે તમે ચાલ્યાં ગયાં અને ફરી આવ્યાં નહિ. તે દિવસની વાત કરો છો? પણ તમે જ બધી વાત તેને સમજાવી દીધી ન હતી? તે દિવસે સેંથે સિંદૂર લગાવી બંનેને પ્રણામ કર્યાં તે શું?"

"એટલું તેને જણાવવું યોગ્ય હતું, એમ મારા મનમાં થયું હતું.' પરંતુ તમે જે વાત છુપાવવા માગતા હતા, તે જાહેર થવાનો સંભવ તેમાં ન હતો."

"હું શા માટે તે વાત છુપાવવા માગતો હતો તે તું પણ નથી સમજી નિરંજના? તું પણ રમેનની પેઠે જ માને છે કે હું..." હતાશ અશક્ત રાજેન્દ્ર બોલતો અટકી ગયો.

નિરંજના તેને પવન નાંખતાં નાંખતાં બોલીઃ "રમેનભાઈ, કદી પણ તમારી ભૂલ માનશે નહિ. તમે શાંત થાઓ, હું પથ્ય લઈ આવું. ટુનીને તમારી પાસે બેસવા બોલાવું છું.

"હજી જરા બેસ, હજી જરા...પણ તું તો મારો ત્યાગ કરી આવી છે નિરંજના, તું તો ઇચ્છતી નથી કે લોક આ વાત જાણે તેથી તે દિવસે તું કહી ગઈ હતી કે, તું જે સ્થિતિમાં છે તેવી જ રહેવા માગે છે. મારા અપરાધનો દંડ દેવામાં તો તું પણ..."

"ડૉકટર બાબુ આવ્યા છે. એ બધી વાત હવે છોડો. શાંત થાઓ, નહિ તો ડૉકટરને તબિયતની બરોબર ખબર પડશે નહિ."

પ્રકરણ ૧૪મું

હૃદયસ્ફોટન

ડૉક્ટર આવ્યા અને દવા તથા અનુપાન વગેરેની વ્યવસ્થા કરાવી, દર્દીને બહુ કાળજીથી સંભાળવાનો ઉપદેશ આપી ચાલ્યા ગયા. ભયાનક પરિશ્રમથી દર્દીનું હાર્ટ તથા મગજ અત્યંત નબળું પડી ગયું હતું. વધુ ઉત્તેજના થાય એટલે બધું જ શક્ય બને.

ડૉકટર રમેનની રાહ જોઇ જોઇને ચાલ્યો ગયો. રાજેન્દ્રે મ્લાન મુખે નિરંજનાને કહ્યું : “હું સમજી ગયો છું કે, તે હવે મારી પાસે નહિ આવે.”

નિરંજના પળવાર નિરૂત્તર રહી. પછી તે બોલી : “તે જો આવી સ્થિતિમાં તમને છોડીને ચાલ્યા જઇ શકે છે, તો પછી તમે તેમને માટે આટલા બધા વ્યગ્ર શા માટે થાઓ છો?”

રાજેન્દ્ર થોડીવાર કંઇ બોલ્યો નહિ. થોડીવારે એકાએક બોલી ઉઠ્યો : “પણ તમે? તમારી લોકો નિંદા નહિ કરે!”

“કરશે કરવાના હશે તો!”

“તો પછી? તમે પણ જાઓ!”

"સમય થતાં હું જઇશ. તમે શા માટે ચિંતા કરો છો! ડૉક્ટર તમને શાંત રહેવાનું કહીને ગયા છે તે સાંભળ્યું કે નહિ?"

"કોને માટે એ નિંદા તું સહન કરીશ નિરંજના? હું તો તારો કોઈ જ નથી."

"થોડીવાર ચૂપ રહ્યા પછી નિરંજના મૃદુ સ્વરે બોલી: "જે નિંદા થવાની હતી તે તો થઈજ ગઈ છે, હવે નવીન શું થવાની છે?"

"ઓહ, મને ઝટપટ સ્વસ્થ બનવા દો, હું દરેકને સમજાવી દઈશ કે તું મારી કોણ છે!"

"હવે તે નહિ બની શકે. હવે લોકો તમારી વાત માને શાના?"

"એવી સાબીતીઓ મારી પાસે છે કે, યુગોના યુગો પછી પણ લોકોને તે વાત માનવી પડે. તેની મને ચિંતા નથી. માત્ર તારી સંમતિની જ મને જરૂર છે. તું મને કહે..."

"ના."

"ના?" રાજેન્દ્રનું મુખ અને દ્રષ્ટિ મૃતની પેઠે ફીક્કાં અને નિસ્તેજ બની ગયાં.

"તું મને ચહાતી નથી નિરંજના? અગર તારી એવી ઈચ્છા છે કે, હું તારો સ્વામી છું એ વાત લોકો ન જાણે?"

નિરંજના ગૂપચૂપ નીચી નજરે બેસી રહી હતી તે જોઇને થોડીવારે ભગ્નકંઠે રાજેન્દ્ર ફરી બોલ્યો: "સમજ્યો, તું તે નથી ઇચ્છતી તે. પણ શા કારણે? શા માટે નથી ઇચ્છતી તે મને કહી શકીશ!"

છતાં નિરંજના ઉત્તર આપતી નથી એ જોઈને તે આગળ બોલવા લાગ્યો : " જો એ વાતનો સ્વીકાર કરવામાં તને આટલી મોટી આપત્તિ છે તો મારી પાસે મારું આવરણ શા માટે ખુલ્લુ કરાવ્યું ? તેથી રમેન જેવો મિત્ર પણ મને કપટી માનીને ત્યાગ કરી ચાલ્યો ગયો. હું કર્તવ્ય માનીને આ ગામમાં તને શોધવા માટે આવ્યો હતો. પરંતુ અહીં આવીને મા અને દિદિમાના મુખે તારા શૈશવની કથા સાંભળીને આંતરિક સહાનુભૂતિની સાથે જ મારો મિથ્યા દાવો છોડીને તને રમેનની સાથે જોડવા મેં નિખાલસ પ્રયત્ન કર્યો હતો. છતાં તું તો સ્વીકાર નથી જ કરતી કે ..."

એ વખતે વેગથી રાજેન્દ્રને અટકાવી નિરંજના બોલી ઊઠી : " તો તેનું ફળ આપે ભોગવવું જ પડશે. અકૃત્રિમ આંતરિકતા હોવા છતાં અન્યાય તો અન્યાય જ રહે. આપની સમક્ષ જે મિથ્યા છે તે મારે માટે મારું સત્ય છે. હું મારી નિજની સમક્ષ મિથ્યા નથી જ."

અપલક નયને નિરંજના તરફ તાકીને રાજેન્દ્ર બોલ્યો : " તો એ ભૂલ બદલ — એ પાપ બદલ મારે માટે એ શિક્ષા ફરમાવે છે કે, હવે હું તને પ્રાપ્ત નહિ જ કરી શકું એમ ?"

નિરંજના નીચી નજરે જડાયેલા સ્વરે બોલી : " તેમ નથી."

" તેમ નહિ તો શું ? બોલ નિરંજના, જરા સ્પષ્ટ કરીને બોલ !"

બોલતાં બોલતાં રાજેન્દ્રે હાથ પ્રસારીને નિરંજનાનો એક હાથ પકડી લીધો. પોતાની સમસ્ત ક્ષીણશક્તિનો ઉપયોગ કરીને બેઉ હાથમાં તે હાથ દાબીને તે બોલ્યો : " બોલ !"

"આપ મને કલંકના દોષમાંથી તથા લોકલજ્જામાંથી બચાવવા પોતાની જાતને જરાય વિવ્રત કરશો નહિ. આપ મને ચાહતા તો નથી જ — હાલ મારી આવી સ્થિતિ જોઈ માત્ર દયા આવવાથી..."

"દયા આવવાથી? ઓહ, નિર્દય! નિર્દય!" ઉન્માદીની પેઠે રાજેન્દ્રે જોરથી નિરંજનાને પોતાની પાસે એવી રીતે તો ખેંચી કે તેને અટકાવવાનો નિરંજનાને અવકાશ જ ન મળ્યો. પોતે પણ તે સમયે કંપતી હતી. ઉન્મત્તની પેઠે રાજેન્દ્ર બોલવા લાગ્યો: "તારી દયાની ખાતર હું તને અત્યારે ચહાઉ છું? આજ એક માસમાં મારી તમામ શક્તિ કોણ જાણે ક્યાં ચાલી ગઈ છે, તે તું નથી જાણતી નિષ્ઠુર? જાણે છે છતાં મને કરેલા કર્મનો દંડ આપે છે? તને બરોબર જાણ્યા પછી મારામાં કેટલું કેટલું પરિવર્તન થયું છે તે હું તને કહી શકું તેમ નથી નિરંજના! હું જ્યારે પ્રથમ તને શોધવા આ ગામમાં આવ્યો ત્યારે હું એક જુદો જ માણસ હતો. કર્તવ્યનિષ્ઠ તને ખોળવાને ઉત્સુક એવો હું તે સમયે હતો. તને શી રીતે ઓળખીશ અને જોઇશ એવી એવી આશાઓમાં આથડતાં જે દિવસ તને પહેલી જ વાર જોઈ, ઓહ, તે દિવસ હજીપણ મારી નજર આગળ તરે છે! અંધકારની વચ્ચે જાણે જળહળિત શુક્તારા ઉગી નીકળી! કર્તવ્યના કઠીન ભાર નીચે મેં તને એ દિવસે પહેલીજવાર જોઈ. ને તારાં કાનનાં બે સોનાનાં ફુલ, તે મારા હાથમાં આવ્યા પછી હું તને પાછાં પણ ન આપી શક્યો. તે પછી જ દિદિમાની વાતથી, તું અને રમેન મનમાં એક બીજા સાથે બંધાઇ ચૂક્યાં છો એવી કલ્પના મારા મનમાં આવી. એ અમૃતમાં વિષ ભળવા જેવી ઘટના અને દિવસો હવે આપણા જીવન પરથી વહી ગયા છે નિરંજના! જ્યારે જ્યારે તને જોઉં, તારો પરિચય કરું છું, ત્યારે ત્યારે તું મારી

છે — અને મારી નથી, એ બે વાતના દ્વન્દ્વના આઘાતો હું સહન કરી શકતો નહિ. નિજના અંતરના એ યુદ્ધમાં તારા પરનો મારો દાવો જતો કરવાનો નિર્ણય કરીને મેં તને પણ અભિમાનમાં ઘણું ઘણું દુઃખ આપ્યું છે. તે કેવી વ્યથાના દિવસો હતા નિરંજના! આવી સમસ્યામાં પડવા માટે જ શું સાગર-પારથી હું અહીં દોડી આવ્યો હોઈશ નિરંજના! મારી અજ્ઞાનાવસ્થામાં વિધાતાએ મને જે અપૂર્વ રત્નનું દાન કર્યું હતું, તે રત્નને મેં સંપૂર્ણ જ્ઞાન હોવા છતાં અનધિકારની વસ્તુ માની લીધી. આથી તેના ઉપર જેનો ન્યાયસરનો અધિકાર છે તેના હાથમાં તે આપી દેવા હું પોતે જ ઉદ્યોગ કરવા લાગ્યો. એ કેવી પરીક્ષા! પણ તને આવી અપૂર્વ જોઈને, તને ચાહતો હોવાથી જ આ કાર્ય કરવા હું પ્રેરાયો હતો નિરંજના! તારા સુખની આગળ, મિત્ર રમેનના હક્કની આગળ મારી સર્વ આકાંક્ષા–સ્નેહને મેં દાબી દીધાં હતાં. તેનું કારણ તું મારા અન્તરમાં વસી હતી, હું તને ચાહતો હતો એજ હતું. નિરંજના, અધિકારથી પ્રાપ્ત થયેલી સ્ત્રીને તો આકાશની વિજળી કે કલ્પનાનું સ્વપ્ન ન કહી શકાય. તને અધિકાર દ્વારા પ્રાપ્ત ન કરી શકવાની વેદનાથી જ મારું અંતર એવું બની ગયું હતું. તને રમેન કેટલું ચાહતો હતો નિરંજના? આથી તું મારી છે, છતાં મારી નથી — એ વ્યથાથી મારું અંતર કોરાઈ જતું હતું. હવે તો રમેન પણ…"

આ વખતે બે હાથે રાજેન્દ્રનું મુખ દાબતી નિરંજના જોરથી બોલી ઊઠી : "તમને પગે લાગુ છું, હવે ચૂપ થાઓ! એ વાત હવે ન સંભાળો, ચૂપ થાઓ!"

"હજી થોડું કહેવા દે — હજી થોડુંક બાકી છે. તે ઉપરાંત તારો તે સૌથી ઉજ્વળ આત્મપ્રકાશ! એ પ્રકાશમાં

મારી સર્વ શક્તિ અને ચાતુર્યનો દંભ ક્યાંય ચાલ્યો ગયો. મારી બુદ્ધિ, ધારણા, સંસ્કાર બધામાં તેનાથી પલટો આવી ગયો. છેવટે હું તારી પાસે પકડાઇ ગયો, તે પણ મારા દિવસ! મારી એ મહાલજ્જાને યાદ કરીને મને અત્યારે પણ ભારે સંકોચ થાય છે. પરંતુ તે પછી તારી કેવી મૂર્તિ મેં જોઈ નિરંજના? ઓહ, મારા જ રાજ્યમાં હું આજ કેટલા બધા દિવસથી ભિક્ષુકની પેઠે ફરું છું! હજી કેટલો દંડ દેવો છે નિષ્ઠુર? હજી કહીશ કે હું તારી દયાની ખાતર જ તને ચાહું છું? મને મારા કલ્પનાતીત અધિકારમાં પૂનઃ પાછો મોકલી દે. હું જ તારી પાસે ભિક્ષા માગુ છું — દયા માગુ છું નિરંજના!"

નિરંજના આ સમયે કંપતી કંપતી સંજ્ઞાહીન બની હોય તેમ રાજેન્દ્રની છાતીમાં મસ્તક ઢાળી કેટલીકવાર ચૂપ પડી રહી. છેવટે એક નિશ્વાસ નાંખી, બેઠીને બેસતાં બોલી: "પણ રમેન દાદા?"

"જરા શક્તિ આવતાં જ તે જ્યાં હશે ત્યાંથી તેને લઈ આવીશ. તેને ન મળું ત્યાં સુધી મને પણ શાંતિ નથી થવાની નિરંજના તે મારો પ્રાણાધિક મિત્ર છે!"

"તો પહેલાં તેને શોધી લાવો, પછી આ વાત સૌને જણાવજો."

"એવી જ તારી ઇચ્છા છે?"

"હા,..." નિરંજના ધેરા સ્વરે બોલી.

"પરંતુ એથી જ્યાં સુધી તેને શોધી લવાય ત્યાં સુધી તારી નિંદા ચાલુ રહેશે. વળી એથી નિંદુકોને વધારે જોર મળશે એમ પણ મને લાગે છે. એટલું જ નહિ પણ દિદિમા પણ કદાચ તને..."

"તે ગમે તે થાય. હું તે બધું સહન કરી શકીશ, પણ તમે સૌથી પહેલાં રમેનને પાછા લાવો. તેને બધી વાત સમજાવ્યા પછી બીજી બધી વાત!"

"રાજેન્દ્ર પળવાર સ્તબ્ધ બની રહ્યો. પછી ધીમેથી બોલ્યો : "પણ તે કદાચ ન મળે તો નિરંજના?"

"ન મળે? ના — ના, એવું તે બને? જરૂર મળશે."

રાજેન્દ્ર જાણે પોતાના મનને ઉત્તર આપતો હોય તેમ બોલવા લાગ્યો : "નહિ જ મળે તો ચિરકાળ પર્યંત ખોળ કર્યા કરીશ, બીજું શું વળી! તું તો મારી પ્રતીક્ષા કરતી જ રહેશે ને નિરંજના? હવે તો હું તારે માટે માત્ર ધર્મ, સંસ્કાર કે કલ્પનાની વસ્તુ નહિ પણ જીવંત ખરેખરો સ્વામી છું. તેં મને જાણ્યો છે અને મેં પણ જાણી લીધું છે કે તું મારી છે..."

નિરંજનાનું મસ્તક ફરી રાજેન્દ્રની છાતી પર ઢળી પડવા લાગ્યું. પણ તેજ વખતે દિદિમાની કર્કશ બૂમ સાંભળી નિરંજનાની તે વિહ્વલતા દૂર થઈ ગઈ. નિરંજના ઊઠીને બહાર ચાલી ગઈ અને રાજેન્દ્ર મૂઢની પેઠે તેની પાછળ તેને જતી જોઈ રહ્યો. તે વખતે તે પોતાની સ્થિતિ શી છે તે વિષે સંપૂર્ણ ભાનમાં ન હતો.

× × × ×

રાજેન્દ્ર ધાર્યા કરતાં વહેલો સ્વસ્થ થવા લાગ્યો. સાધારણ શક્તિ આવતાં જ તેણે નિરંજનાની આગળ પોતાનો ઉપડવાનો પ્રસ્તાવ મૂક્યો. નિરંજના મ્લાન મુખે બોલી : "હજી થોડા દહાડા પછી જજો. હજી તમે અશક્ત છો."

"ના નિરંજના, તારી આ નિંદા હવે મારાથી સહેવાતી નથી. દિદિમા સુદ્ધાં પણ મારું મુખ જોશે નહિ. ગામના લોકોની સો સો આંખો વીંધતી તું મારે ત્યાં જાય આવે તે અને લોકો માંહેમાંહે હસે તથા ઈશારાં કરે તે મારાથી હવે સહન થઈ શકતું નથી."

"હું તો ટુની મણીને જ આપની પાસે રાખતી હતી. ઘણો ખરો વખત તો તેઓ જ..."

"તેથી શું થયું! લોકો તો જે ધારવું હોય તે ધારે જ છે. હું રમેનને શોધવા જાઉં છું નિરંજના, પણ તે પહેલાં મારો તથા તારો શું સબંધ છે તે લોકોને જણાવતો જાઉં. તું મને તેની અનુમતિ આપ."

"ના." દઢતાથી નિરંજના બોલી.

રાજેન્દ્ર હવે કંઈ બોલ્યા ચાલ્યા વગર પ્રવાસની તૈયારી કરે છે, એ જોઈ નિરંજના રૂંધાયેલા અવાજે બોલી : "તો પછી આજે જ જવું છે!"

"હા."

ક્ષણ પછી આજે નિરંજનાએ પોતે જ પૂછ્યું : "પણ ખરેખર જો રમેનભાઈને શોધી ન શક્યા તો?"

"તો પણ જીવનભર ખોળ્યા જ કરીશ."

"ઘણા દિવસ ખોળવા છતાં ન મળે તો પણ પછી પાછા નહિ ફરો?"

"કોણ જાણે, આજ એ વાત તો કહી શકાય નહિ નિરંજના!"

નિરંજના થોડી વાર ચૂપ રહ્યા બાદ છેવટે દઢ સ્વરે બોલી : “ ના, તે વખતે પાછા ફરવું જ પડશે. ”

રાજેન્દ્ર આગળ આવ્યો અને નિરંજનાનો એક હાથ હાથમાં લઈ દઢ ભાવે તેણે તે કેટલીક વાર પકડી રાખ્યો. તે પછી ધીરે ધીરે તે છોડી દેતાં નિશ્વાસપૂર્વક બોલ્યો : “ પણ રમેન પાછો ન આવે તો, તેથી શું આપણે સુખી થઈ શકીશું ? ”

“ સુખને માટે નહિ. પણ આપણા મરણ પહેલાં એક વાર આવીને સહુને અસલ વાત જણાવી કલંકમાંથી આપણે મુક્ત થવું જોઈએ. તે પહેલાં આજે આ વાત લોકોને તમે કહો અને પછી મને છોડીને જાઓ તો ઉલટી કલંકની વૃદ્ધિ જ થાય. લોકો ધારશે કે સ્વામીએ તેને શોધી કાઢી પણ કલંકને લીધે જ તેનો ત્યાગ કર્યો. અને રમેનદાદાના આમ ચાલ્યા જવાથી વળી લોકોના તે સંદેહની વૃદ્ધિ થશે. ચિરજીવન તમને પ્રાપ્ત ન કરી શકું, તે દુઃખ હું સહન કરી શકીશ, પણ તમે આવી રીતે ફરી મારો ત્યાગ કરી ગયા છો એ વાત મને મિથ્યા કલંક કરતાં પણ વસમી થઈ પડશે. ”

“ સમજ્યો, ત્યારે તેમજ થશે. તારા અને મારા જીવનના છેવટના દિવસોમાં આપણે એક થઈશું તેથી બહુ ચર્ચા નહિ થાય. પછી રમેન આગળ પણ એવો સંકોચ રહેશે નહિ કે, તેને આપણે દુઃખ આપી, અપમાન કરી ભગાડી દીધો અને પોતે સુખોપભોગ કરીએ છીએ. તે દિવસની પ્રતીક્ષામાં... ”

“ હું રાહ જોયા કરીશ. જેવી રીતે તમે એકાએક આવી ચઢ્યા હતા તેવી જ રીતે ફરી એક વાર મારે બારણે આવીને તમે ઉભા રહેશો... ”

રાજેન્દ્ર અભિભૂતની પેઠે ધીમે ધીમે બોલવા લાગ્યો : “ વિધાતાની તેવી જ ઇચ્છા હશે તો તેમ જ થશે. રમેનની

શોધ કર્યા સિવાય મને પણ ચેન પડવાનું નથી. દેશ વિદેશ બધે ફરીને તેને ઢૂંઢી કાઢીશ. ઠીક પણ તારા તથા મારા જીવનના રહસ્યની સાબીતી રૂપ આ કેટલાક કાગળો છે. તેમાં તારા પિતાની તથા પંડાની સહી અને હસ્તાક્ષરવાળા કાગળ-પત્રો પણ છે. તે ઉપરાંત મારા પોતાના વિષેની પણ બીજી ઘણી સાબીતીઓ તેમાં છે. આજ સુધી મેં તે સાચવી રાખ્યા હતા. એ બધા હવે મારી પાસે રાખવાની શી જરૂર છે? તે તારી પાસે જ રહેશે—"

નિરંજનાએ બે હાથની અંજલિ કરી તે કાગળ પત્રો લીધા. પછી ઘણા જ ભાવપૂર્વક તે કાગળપત્રો પ્રથમ મસ્તક ઉપર અને પછી છાતી સાથે દબાવ્યા. પણ તે જ પળે નિરંજના એકાએક સંજ્ઞારહિત બની ઢળી પડી.

પ્રકરણ ૧૫ મું

શુભ મિલન

લોકોથી નિંદાતી, ઘૃણા પામતી, ક્ષીણ નિરંજનાના જીવન ઉપરથી દીર્ઘ બે વર્ષ પસાર થઈ ગયાં. એ બે વર્ષ પહેલાં જેમણે તેને જોઈ હોય તેઓ તેને આજે એ પ્રથમની જ નિરંજના છે એમ ઓળખી શકે તેમ ન હતું. ઘરડી દિદિમા હજી જીવતી હતી, પરંતુ નિરંજના પર તે હવે પહેલાંના જેવું હેતુ રાખતી ન હતી. ટુનીની ઉંમર ધીમે ધીમે વિવાહયોગ્ય થવા છતાં નિરંજનાના કલંકને લીધે કોઈ સારા ઘરમાં તેનું ઠેકાણું પડે એવી દિદિમાને આશા ન હતી. એ બદલ તે હંમેશાં નિરંજનાને જ દૂભ્યા કરતાં. વળી કોઈ કોઈ વખતે ડોશીના મનમાં એમ થતું કે નિરંજનાના જીવનની એ દુર્ગતિ પોતાની દ્વારા જ થઈ હતી. અને તેનું ફળ ટુનીને પણ ભોગવવું પડે છે; અને પોતાને તે જ પાપે દુઃખી થવું પડે છે. આવી વખતે ખૂબ રૂદન કરતી બેભાન જેવી બની નિરંજનાના પગમાં જ માથું અફાળતી. બહુ જ ધૈર્યથી નિરંજના તે વખતે તેમને શાંત કરતી. રમેન અને રાજેન્દ્રને શાપ આપવામાં પણ ડોશી બાકી

રાખતી નહિ. તેઓએ તેને મૃત્યુમાંથી બચાવીને તેની ભારેમાં ભારે શત્રુતા કરી હતી એમ તે નિઃસંદેહ માનતી હતી.

તે દિવસે નિરંજના ઘરના કામમાં મશગૂલ હતી. ડુની અને મણી ગામમાં કામ માટે ગયાં હતાં. ઘરડી દિદિમા બહારના દરવાજા આગળ તડકો ખાતી હતી. તે વખતે નિરંજનાને ખબર પડી કે ડુની અને મણી પાછાં આવ્યાં છે અને તેમણે કંઈક વાતથી દિદિમાને ભારે ચંચળ કરી મૂક્યાં છે. દિદિમાના મોંઢામાંથી બે પરિચિત નામ એવા કઠોર અવાજથી ઉચ્ચારાયાં કે નિરંજનાના હાથમાંનું કામ ધીમે ધીમે છુટી ગયું. તેણે જાણ્યું કે દિદિમા પોતાને આવ્હાન કરીને જ બોલી રહ્યાં હતાં, "આ તે કંઇ સંભવિત છે! અરે, આ તે હું કેવું સ્વપ્ન જોઉં છું? ડૉક્ટર.

રાજેન્દ્ર—બધાં જ એવું કહે છે? નિરૂ, અલી અભાગણી આ તરફ આવ–મને કહે આ વાત સાચી છે? તું પણ ત્યારે તો જાણતી જ હશે ને? આટલે દહાડે આ વાત લોકોને કોણે કરી? અને જો તેમ જ હોત તો તે ભાગી કેમ ગયો? શા માટે મને આવડા મોટા કલંકમાં ડૂબાડી ગયો? એ ડૉક્ટર હવે ક્યાં છે, કોઈ જાણે છે? તો હવે શું થશે? ઓ નિરૂ, અભાગણી તું સાંભળે છે? કાને હવે પૂમડાં ઘાલી બેઠી છે કે શું?

લાકડી પકડી દિદિમાને પાસે આવતાં જોઈને નિરંજનાએ ફરીને પોતાનું કામ હાથમાં લીધું. દિદિમા પાસે આવીને લાકડી ફેંકી દઇ, પગ લાંબો કરી ભોંય બેસી ગયાં. તે ગંભીર મુખે બોલ્યાં. "તેં જાણ્યા સાંભળ્યા છતાં આવી વાત શા માટે છુપાવી રાખી હતી?"

નિરંજના ધીમેથી બોલી : "જેણે વાત જાહેર કરવી જોઇએ તેણે ન કરી એટલે હું શી રીતે કરું ?"

"મારી પાસે તો વાત કરવી હતી ? અરે તેં મને કહ્યું હોત તો હું તને આટલું દુઃખ તો ન આપત !"

"તમે મને કાંઈજ દુઃખ આપ્યું નથી દિદિમા ! પણ આજ આટલા દહાડા પછી એ વાત કોણે જાહેર કરી ? રમેનભાઈ શું પાછા આવ્યા છે ?"

"એ તો એ કહી શકતાં નથી. બધાં વાત કરે છે તે માત્ર હુની સાંભળી આવી. બોલ, એ વાત ખરી છે ? રમેન પણ આ વાત જાણતો હતો ?"

"હાલ એ વાત રહેવા દો દિદિમા, તેમના પાછા આવતાં સુધી આપણે રાહ જોવી પડશે."

"તેમની પાછા આવવાની રાહ જોવાની છે ? ડૉક્ટરની અને રમેનની ? તું બોલે છે શું નિરૂ ? એ વાત શું એક દિવસ પણ દાબી રાખી શકાશે ? તેઓએ આટલા દહાડા આપણને આટલું કષ્ટ આપ્યું એ તેમનો કેવો અન્યાય ! રાજેન્દ્રને પાછો આવતાં વિલંબ થશે અગર તો તેને ધર્માધર્મનો કંઈજ વિચાર ન હોવાથી તે તને લઈ જવા નહિ આવે તો તું શું આ કલંકનો ભાર માથે રાખીને જ મરીશ ?"

"ના, તે વખતે સૌને જણાવી દેવાની વાત તે વખતે થશે. પણ તેની હજીવાર છે, તે સમય હજી આવ્યો નથી. રમેન દાદાને લીધા વગર તો તે નહિ જ આવે. તેમના આવ્યા વગર આ ખબર લોકોએ જાણી શી રીતે ?"

વૃદ્ધા ઉત્તેજિત થઇ બોલી ઊઠી : "ઠીક ? કલંક ત્યારે તો તારે મન તુચ્છ છે ?"

"કલંકની વાત છોડીજ દો, મિથ્યા નિંદાથી કોણ ડરે છે?"

"હું એક વાર ગામમાં જઈ આવું ત્યારે."

નિરંજના દિદિમાની લાઠી પડાવી લઈ બોલી: "ના, જે આ વાત જાણે છે તેમણે જ કોઈને તે કહી હશે. તે કોઈ જો ગામમાં આવ્યા હશે, તો જરૂર પડતાં તેઓ જ અહિં આવશે. તમારે જવાની જરૂર નથી."

આથી દિદિમા ઘર આંગણું કરવા લાગ્યાં–કોઈ આવ્યું નહિ, પણ ગામનાં સ્ત્રી પુરુષો આવીને તેમને વિનાકારણ વ્યગ્ર બનાવી રહ્યાં. એટલું જ નહિ પણ ગામનો મુખી પણ આવ્યો અને નિરંજનાની દિદિમાને રોષથી પૂછવા લાગ્યો: "આ ખબર તમે આટલા દહાડા છુપાવી કેમ રાખી હતી? ડૉકટર જેવો મહા પરોપકારી માણસ આ ગામ ઉપર ભારે ઉપકાર કરીને ગયો તે. છતાં છેવટમાં તેની લોકમુખે નિંદા થાય, એ આપણા ગામને માટે પણ શરમજનક છે. કહો, તમે શા આધારે માનેલું કે તે જ નિરંજનાનો સ્વામી છે?"

વૃદ્ધા મહાન વિપદમાં પડી હોય તેમ બોલી: "હું કંઈજ જાણતી નથી, નિરંજના જાણે."

"તે જે જાણતી હોય ને જે સાબીતી મળી હોય, તે અમારી આગળ કહો."

નિરંજના પરંતુ કાંઈજ બોલી નહિ અને કાંઇ સાબીતી પણ તેણે બતાવી નહિ. તે ઘરમાંથી બહાર જ આવી નહિ. દિદિમા બહુ રડ્યાં ત્યારે તેણે એટલું જ માત્ર કહ્યું: "જે મુખ્ય સાબીતી રૂપ છે તે પાછા નહિ આવે ત્યાં સુધી તે કાંઇ જ કહેશે નહિ."

આથી ગામના લોકોએ હાર પામી છેવટે આ ખબર જેમણે વહેતી મૂકી હતી, તેમની ઉપર ચઢી ગયા. શા આધારે તેઓએ આવી વાત કરી? પરંતુ ત્યાંથી પણ તેઓને નિરાશ થઇને જ ફરવું પડ્યું. માત્ર મોંઢાની વાત સિવાય ત્યાં કાંઈ સાબીતી મળી નહિ. કલંકમોચન માટે આ બધી જ નિરંજનાની ચાલાકી હતી, એમ માનીને આખુંયે ગામ તેની નિંદાથી રણઝણી રહ્યું.

દિદિમાથી હવે આ સહન ન થઇ શક્યું, એટલે તે નિરંજનાની જાણ બહાર રમેન અને રાજેન્દ્રની તપાસ માટે તેમને ઘેર ગયાં. પણ તેમનો કોઇ કાંઇ પત્તો સરખો પણ આપી શક્યું નહિ. તેઓ બંનેમાંથી કોઇ ગામમાં આવ્યો હોવાની વાત પણ મળી નહિ. પરિણામે ઘરમાં તથા બહાર બધે નિરંજનાને માટે એક જ જાતની શરશય્યા તયાર થઈ ગઈ.

નિરંજનાના ક્ષીણ શરીરમાં તે દિવસે પ્રચંડ જ્વર ધમધમી રહ્યો હતો. છતાં પણ ભીંજેલા વસ્ત્રે દિદિમા માટે જળનો કલશ ભરી લઇને તે એકવાર કાલીસાગરનાં અતલ જળ તરફ જોવા લાગી. એ સરોવર અને તેના કાંઠા ઉપરની દેવીની વેદીપીઠ પહેલાં જેવાં હતાં તેવાં જ આજે પણ દેખાતાં હતાં, પરંતુ તેના પોતાના જીવનમાં કેટલું પરિવર્તન થઇ ગયું હતું! આવું પરિવર્તન બીજા કોનામાં થયું હશે! દીર્ઘ સાત સાત વર્ષ પહેલાંનો તેના બાલજીવનના કેટલાય દિવસોનો ઇતિહાસ એ તળાવના કાંઠે લખાયો હતો. આવી એક સંધ્યાના સમયે આ વ્યથિત બાલાની આંખનું જળ આજ કાલીસાગરમાં મળી ગયું હતું. એકાદ સુખ અને આનંદપૂર્ણ રમતનો કોઈ ભંગ કરી નાંખે, કોઈ સારી રમત અથવા સુંદર ઘરેણું કોઇ

બાલક પાસેથી છીનવી લેવામાં આવે અને જે રીતે બાળક રડતું રડતું ઘેર જાય તેજ રીતે તે સંધ્યાએ નિરંજના અહીંથી ઘેર ગઈ હતી. એ ઘટના બન્યા પછી તેનામાં ભારે પરિવર્તન થઇ ગયું હતું. બાલિકા વિધવાએ જ્ઞાન તથા વયની વૃધ્ધિની સાથે પૃથ્વીનાં સમસ્ત સુખ, ભોગ, આનંદ, આહાર, વિહાર, વસ્ત્રાદિક માટે જરા સરખી લાલસા પણ મનમાં પેદા થવા દીધી નહિ. એ બધી વસ્તુઓ તેના કામની નથી એમ તે મનમાં દૃઢ સંસ્કાર પાડવા લાગી. તેના અંતરમાં ધીરે ધીરે કોતરાઈ ગયું કે, દરેક બાબતમાં પોતાના હૃદયના આવેગને દાબીને જીવવું એ જ એનો ધર્મ હતો. આ નવીન જીવનમાં નિરંજના એવી તો ઓતપ્રોત થઇ ગઈ કે, રમેનની સાથે તેનો સંબંધ થવાનો હતો એ વાત કોઈ સંભારતું તો પણ તે લજ્જાથી મહા સંકોચનો અનુભવ કરતી. એ વાત કાને સાંભળવી એમાં પણ તે પાપ માનવા લાગી. તે પરણેલી છે અને તેને સ્વામી પણ છે, કદાચ જીવે છે. રમેન કેમ વિવાહ નથી કરતો તેના કારણની પણ તે પોતાના મનમાં બહુ આલોચના કરતી નહિ. લોકોની પેઠે તે પણ માનતી કે, અનેક મૂશ્કેલીઓને લીધે તે પરણ્યો નથી. સમવયની સખીઓનો વાર્તાલાપ સાંભળતી ત્યારે તેને પોતાનો અદીઠ સ્વામી સાંભળતો અને કદાચ કોઇ દિવસ તે પોતાની શોધ કરતો આવી પહોંચે એવી અસંભવિત આશા મનમાં સેવી તે રાહ પણ જોતી. એ આશા ફળવી કેવી અશક્ય હતી, એ તે સમજતી હતી, છતાં હૃદયમાંથી તે આશાનો ત્યાગ નહોતી કરી શકતી. યુગયુગાન્તરોની ચમત્કારી વાર્તાઓ કરતાં પણ તેની પોતાની વાત વધુ ચમત્કારી હતી. સ્વામી કદાચ જીવતા હોય એ તો સંભવિત હતું, પણ તે છતાં તે બંનેને એક બીજાનો પરિચય કોણ કરાવી શકે તેમ હતું? તે એક બીજાને મળે તો

પણ શી રીતે ઓળખી શકે? વિધાતા સિવાય બીજું કોઈ માનવ પ્રાણી તો તે કરી શકે તેમ ન હતું.

તે પછી તેના કુટુંબ ઉપર નાના પ્રકારની આપત્તિઓ આવવા લાગી અને રમેન તે વખતે તેમને ભારે કષ્ટપૂર્વક બનતી મદદ મિત્ર ભાવે કરવા લાગ્યો. તે જ સમયે આ નવીન મહાપુરુષ કોણ આવી પહોંચ્યા? જેમના પ્રત્યે નિરંજનાનું કૃતજ્ઞ હૃદય શ્રધ્ધા અને આભારથી ઢળેલું હતું તેમનામાં આ એકાએક કેવું રૂપાન્તર! એ અતીત યુગનાં બાળક બાલિકાના જીવનની ઘટનાઓની આલોચના કરતાં કરતાં જ તેમના મુખમાંથી નિરંજનાના પોતાના જ જીવનની વિચિત્ર કથાનો રહસ્યમય ભાગ પ્રગટ થવા લાગ્યો! એ જ જાણે તે વિધાતા હતા કે જે નિરંજનાને સમજાવી શકે—ઓળખાવી શકે, કે કોણ તેના સ્વામી હતા! તેના મનમાં એ વાત રહી જ નહિ હતી કે એક વખત પોતાનું સગપણ રમેન સાથે થયું હતું અને રમેન તેનો સ્વામી થવાનો હતો. જે દિવસથી તેણે જાણ્યું હતું કે, તેને એક સ્વામી હતા પોતાનું લગ્ન થયેલું છે, તે દિવસથી તેણે ધીમે ધીમે પોતાના મનને એ અદીઠ, અજાણ સ્વામી પ્રત્યે જ વાળ્યું હતું. તે માત્ર પોતાના સ્વામીને જાણવા માગતી હતી. તે તેને પ્રાપ્ત કરી શકે એવી આકાંક્ષા તો હતી જ નહિ—તે માત્ર તેને ઓળખવા માગતી હતી. નિરંજનાએ જ્યારે જાણ્યું કે, તેના સ્વામીને માત્ર એ એકજ વ્યક્તિ જાણે છે, ત્યારે નિરંજનાએ પોતાનાં ચિરસંકોચ અને લજ્જા છોડી દીધાં અને તે તેની તપાસ કરવા લાગી. તેને થોડી પૂછપરછ કરતાં અને સૂચક સવાલો પૂછતાં જ નિરંજના ચમકી ઊઠી. અરે, એ કોણ? ત્યારે એ પોતે જ છે! તેના પોતાના જ સ્વામી! અહો, આટલા બધા તેની નિકટ—

દૂર દૂર છતાં નિકટ! જગતમાં આ તે સંભવિત હોઈ શકે? નિરંજનાના વિસ્મય તથા આનંદનો પાર રહ્યો નહિ. તે કેવળ મહાપુરુષ નથી–દેવતા નથી–મહાપ્રાણ નથી. ભક્તિશ્રદ્ધાનું પાત્ર જ નથી, તે તેના સ્વામી છે! સ્વામી! ઓહો સ્વામી! નિરંજનાના પોતાના જ સ્વામી! જેની પોતે ચિર પ્રતિક્ષા કરતી હતી, જેને હૃદયના આસને પધરાવી એકાંત આરાધના કરતી હતી તે જ એ સ્વામી! નિરંજના ન પહોંચી શકે તેટલું ઉચ્ચ તેમનું સ્થાન હોવા છતાં પણ તે તેના સ્વામી હતા. અહા, પોતાના જ સ્વામી!

પણ તે જ સ્વામી પોતે–તે મહાસાગર પોતે જ્યારે તેના આંગણે આવી પડ્યો, તે પોતે જ્યારે નિરંજના પાસે સ્નેહની ભિક્ષા માગવા લાગ્યા–ત્યારે નિરંજના પોતે એ અગાધ જળમાં પોતાની જાતને ડૂબાડી દેવા તૈયાર ન થઈ. હાય, આ કોનું મૃતવત મુખ તેની આંખો આગળ તરવરે છે? આ રમેન તો કેટલાય વર્ષથી તેના પોતાના દ્વારની પાસે જ હતો. છતાં તેની વાત અગર વ્યથા કદિ પણ નિરંજનાને સ્પર્શ કરી શકતી ન હતી. જે દિવસે તેના પોતાના જીવનની સાર્થકતા થવા લાગી હતી, પોતાની કલ્પનાથી પણ અધિક સુખસ્વપ્ન તે દેખી રહી હતી, તે વખતે કોના આર્ત કંઠની વેદનાના સૂર વડે તેની મુખવિહ્વલતા એક ક્ષણમાં જ આમ ઉડી ગઈ? હવે કદાચ રમેન આ જીવનમાં તો પાછો નહિ જ આવે–અને, હવે પોતાને ચિર અપ્રાપ્ય એવો તે...તે... કદી પાછો નહિ આવે! તેને પ્રાપ્ત કરવાની તે જૂની વાત જાણે એક કલ્પનાની વસ્તુ જ બની ગઇ, જાણે સ્વપ્નજાળ! નિરંજનાનો તેની સાથેનો અલ્પ પરિચય માત્ર નિરંજનાને સદા માટે લોકનિંદાના મહાન કલંકમાં જ નિમગ્ન કરી ગયો.

એથી વિશેષ કંઈજ નહિ. તે હવે આ જીવનમાં તેને પ્રાપ્ત નહિ કરી શકે. હાય વિધાતા, રમેનને આવી રીતે ચાલ્યા જવાનું કારણ આપ્યા પછી, હવે તેની આશા રાખવી એ ફોગટ છે.

"નિરંજના!"

ચમકીને મુખ ફેરવીને નિરંજનાએ જોયું કે તેની સામે એક યુવક ઉભો હતો અને બીજો એક જુવાન વધુ નજીક આવીને વિસ્મિત નયને કહેવા લાગ્યો :

"આ શું નિરંજના? આ શું?"

તેજ ક્ષણે નિરંજનાના અશક્ત હાથમાંથી જળ ભરેલો કલશ સરકી ગયો અને તે સરોવરના જળમાં જઈ પડ્યો.

*

રાજેન્દ્ર નિરંજનાના કાનમાં બેઉ ફુલ પહેરાવી દેઈ તેના મુખ તરફ તાકી રહ્યો. ભૂતકાળની વાતોનું સ્મરણ કરીને બેઉ જણના મુખ ઉપર હાસ્ય તરવરી રહ્યું. તે પછી ધીમે ધીમે રાજેન્દ્ર બોલ્યો :

"આ કેટલા બધા દિવસ ગયા ત્યારે શરીર હવે ઠેકાણે આવ્યું!"

નિરંજના નીચી નજરે હસી રહી.

"ઓહ, રમેનને પ્રાપ્ત કર્યાના આનંદની સાથે સાથેજ મારા મનમાં એક ભય જાગી ઊઠ્યો હતો. પાછો આવીને તને જોઈશ કે કેમ એ સંદેહ મારા મનમાં ઉભો થયો હતો. મનમાં થતું હતું કે વિદાય વખતની વાત કદાચ સાચી જ પડશે. અને લગભગ તેવુંજ થયું. સદ્‌ભાગ્યે રમેન એકવાર ગૂપચૂપ..."

નિરંજનાએ પૂર્વવત હાસ્યસહ જવાબ આપ્યો : " કંઈ થવાનું ન હતું. મને ખબર જ હતી કે તમે જરૂર પાછા ફરશો. તેથી મારા મનમાં કંઈ જ દુઃખ ન હતું. સો સો નિરાશાઓમાં પણ મારો આત્મા મને એ વાતની ખાત્રી આપી રહેતો."

રાજેન્દ્ર મુગ્ધ મનથી પત્નીની વાત સાંભળી રહ્યો. પછી તે એકાએક બોલ્યો : "દિદિમાએ તેમની કાશી જવાની ઈચ્છા છોડી દીધી કે શું?" "છોડે શાનાં? ટુનીનો વિવાહ થયા પછી તે એક દહાડો પણ અહીં રહેવાનાં નથી."

"મને લાગે છે કે તેમનો મારી ઉપરનો ગુસ્સો હજી ગયો નથી. સદ્‌ભાગ્યે રમેન ઉપરનો ગુસ્સો તો ઉતરી ગયો છે. પરંતુ ટુનીની સાથે રમેનનો વિવાહ કરવાનો પ્રયાસ તેમણે ન કર્યો હોત તેજ સારુ થાત."

"એમ કેમ? તમે તો કહેતા હતા કે રમેનભાઈએ લગ્ન કરવાનું કબૂલ કર્યું છે, એથી તે ખરેખરા આપણા આત્મીય બનશે. વળી ટુની કંઈ નાપસંદ કરવા જેવી છોકરી તો નથી."

"નાપસંદ છોકરીની વાત છે જ નહિ. પણ મને કોણ જાણે તે ઠીક નથી લાગતું, તેથી કહું છું."

"રમેનભાઈએ તે વિષે કશું કહ્યું છે?"

"ના."

"તો પછી તમે હવે દિદિમાની વાતમાં બાધ ન કાઢશો."

"તે ઠીક, આ ઘરમાં એ કામમાં આજ પૂર્વે પણ મોટો બાધ નડયો હતો; અને હુંજ તેનું એકમાત્ર કારણ હતો."

"ભલે, પણ તે મનમાં રાખીને આ શુભ કાર્યમાં સાથ આપો. ટુનીના લગ્ન પછી આપણે તો અહીંથી જવાનાં છીએને?"

"ક્યાં જવાનાં છીએ નિરંજના?"

"કેમ વળી, આપણા પોતાને ઘેર—શ્વસુરગૃહે!" રાજેન્દ્ર નિરંજનાની પાસે આવી તેનો હાથ પોતાના હાથમાં લઈને બોલ્યો: "આ પણ એક સ્વપ્ન જેવી ઘટના નથી!"

નિરંજના નીચી ઢળેલી નજર સ્વામી ઉપર ફેરવી, સ્નેહ-પૂર્ણ ચક્ષુઓથી સ્વામીના મુખ પર અમીરેલ રેલાવતી જોઈ રહી. એ મુગ્ધ પ્રતિપૂર્ણ દૃષ્ટિ અનેક અનેક વાતો કહી રહી હતી. રાજેન્દ્ર તે સમજતો હોવા છતાં પોતાના સ્વપ્નભ્રમને તે દૂર ન કરી શક્યો.

બીજે દિવસે રાજેન્દ્રે ઉદાસ મુખે નિરંજનાના હાથમાં એક પત્ર મૂક્યો નિરંજના બોલી: "આ શું છે?"

"વાંચી જો, જેનો ડર હતો તેજ એ..."

નિરંજના પત્ર ખોલીને વાંચવા લાગી—

"ભાઈ, ફરી તમારે મને ક્ષમા આપવી જોઈશે. કુનીના લગ્નને માટે હું જરાય સંમત ન હતો. કારણ હું જાણતો હતો કે એક સુપાત્ર વરને તેનો હાથ અર્પણ કરવો એ તમારે માટે બહુ મુશ્કેલ કાર્ય નથી. હું મારી પોતાની વાતમાં જ મશગૂલ છું. તમે મને ફરી અકૃતજ્ઞ માની લેશો. આ બે વર્ષ સુધી દુર રહીને મેં તમને કેવી મહા વિપદમાં મૂકી દીધાં હતાં! ગામમાંથી ભાગી છુટયા પછી સદ્ભાગ્યે પૂનઃ એકવાર ગામનું દર્શન કરી શક્યો એ પણ સારી વાત છે. તેથી જ તમને હું આજે સંપૂર્ણ ઓળખી શક્યો છું અને નિરંજનાને પણ બચાવી શક્યો છું. પણ હવે હું જે કામ કરું છું તેને લીધે મારે માટે કોણ જાણે તમે શું યે વિચાર બાંધશો હું ગામમાંથી ચાલ્યો ગયો છું.

બીજી કંઈ કલ્પના ન કરશો. મને માત્ર નૂતન જીવન જીવવાની ઈચ્છા થઈ છે. હજી પુરાણી લજ્જા હૃદયમાં વખતો વખત શલ્યની પેઠે ખૂંચે છે. તેને કોઈ નવીન પાત્રમાં સંપૂર્ણ-પણે ડુબાવી દેવા માગું છું.

ટુનીની છોકરી—કહેતાં શરમ આવે છે—નો એક યોગ્ય મૂરતિયા સાથે વિવાહ કરજો. તેને મારા શુભાશીષ પાઠવું છું. બંગાળ જેવા દેશમાં મારા જેવા યુવાનો માટે લગ્નયોગ્ય કન્યાઓ બહુ દુર્લભ નથી એ સમજી લેજે. પ્રથમ હું જ્યાં ગયો હતો અને થોડા દિવસ રહ્યો હતો (તમે મારી શોધમાં ત્યાં આવ્યા હતા એમ જાણીને હું ત્યાંથી ભાગી ગયો હતો) ત્યાંજ એક ભદ્રલોકને ત્યાં બે વિવાહયોગ્ય કન્યાઓ છે—એક તેની પુત્રી અને બીજી ભત્રીજી છે. બંને છોકરીઓ સુંદર અને સુશિક્ષિત છે, તેઓ વળી મારી જ જાતની છે. તેજ જગાએ લગ્ન કરું તો કેવું? તો પછી એ નૂતન જીવનની અંદર પુરાતન લજ્જા યાદ આવે નહિ એમ માનું છું.

પરંતુ આ વાત જાણ્યા પછી, તું હવે પહેલાંની માફક ખાઈપીને મારો પીછો પકડીશ નહિ. તેમ કરીશ તો હું અદૃશ્ય થઈ જઈશ. ટુનીનું લગ્ન કરજે, મણીના વિદ્યાભ્યાસની વ્યવસ્થા કરજે, દિદિમાને નિશ્ચિંત બનાવજે અને પોતે હવે પોતાના સુખ અને સ્વસ્થતા તરફ મન લગાવજે. ચંદ્રસૂર્યની ઉપર હવે તો એ કલંક-કાલિમા નથી રહી. હવે સુખેથી ઘરસંસાર ચલાવજો. એકાએક એક દિવસ તમે જોશો કે, નૂતન જીવનમાં પ્રવેશ કરીને હું તમારી પાસે હાજર થયો હોઈશ. તે જીવન એકદમ નૂતન......

સકલ અભ્યાસરહિત શિશુ સમ!

હું નૂતન જીવન શરું કરું તે પહેલાં મને થોડી સ્વતંત્રતાની જરૂર છે. માટે મારો પીછો પકડીશ નહિ, તને શપથ છે.

ત્યારે હવે થોડા દિવસ માટે વિદાય થાઉં છું ભાઇ! ફરી જ્યારે તમે મને મળશો ત્યારે મારું જીવન નૂતન બની ગયું હશે, એવી આશા છે. આનંદની વચ્ચે જ આનંદ પ્રાપ્તિ માટે મેં શરુ કરેલી આ યાત્રાને આનંદરૂપ જ માની લેજો. પ્રણામ કરું છું. દિદિમાને પ્રણામ કહેજે. નિરંજનાને તેના ભાઈની શુભાકાંક્ષા તથા આશીર્વાદ કહેજે. મને પણ એવા આશીર્વાદ આપજે કે તમોને તથા તમારા સ્નેહને હું ન ભુલું. ઈતિ.

લી० તમારો

રમેન

પ્રકરણ ૧૯ મું

ભાઈ

દિદિમાએ હવે કાશીનિવાસ કર્યો હતો. રમેનની વાત જ સત્ય બની હતી. કુનીનો યોગ્ય પાત્ર સાથે વિવાહ થઈ ગયો હતો. મણી રાજેન્દ્ર તથા નિરંજનાની જોડે રહીને અભ્યાસ કરે છે. રાજેન્દ્ર નિરંજનાને લઈને પોતાના દેશમાં ગયો છે. દિદિમા તેમનો લાંબા વખતથી ઈચ્છેલો કાશીવાસ પ્રાપ્ત થવાથી આનંદમાં રહેતા હતાં. સારા વખતમાં માણસોનો પણ અભાવ નથી જણાતો. તેમની એક અનાથ ભત્રીજી હવે દિદિમાની સેવા ચાકરી માટે આવી પહોંચી હતી, એટલે નિરંજના તેમનાથી છુટી થઈ શકી હતી. આમ બધું બરોબર ચાલતું હોવાથી રમેનને બધાં જ લગભગ ભૂલવા લાગ્યાં હતાં.

દિદિમા તેમની ઈચ્છા મુજબ બધાં જ દેવદર્શન તો કરી શકતાં નહિ. માત્ર કોઈ યોગ-મેળાના દિવસે ભત્રીજીની મદદથી જેમતેમ કરી ગંગાસ્નાન કરવા જતાં અને નજીકના દેવતાઓનાં દર્શન કરી સંતુષ્ટ થતાં અને રાજેન્દ્ર તથા રમેનના મંગલ માટે આશીર્વાદ વરસાવતાં. આશીર્વાદ એટલા માટે કે,

એ બેઉની ક્ષમતા અને તેઓના જ મહાપ્રયાસ અને ચિકિત્સા વડે તે આ કંઈક સ્વસ્થ જીવન પ્રાપ્ત કરી શક્યાં હતાં. અને આટલી બધી મુશ્કેલીઓમાથી છેવટે બધો ભાર તેમને જ માથે નાંખીને તે આ શેષ જીવન ઈશ્વિર ભજનમાં ગૂજારી શકતાં હતાં. આથી વૃદ્ધા રોજ ગજેન્દ્ર તથા રમેનને સંભાળી તેમના કલ્યાણ માટે પણ પ્રભુ પ્રાર્થના કરતી.

થોડા ઘણા શ્રમથી પણ દશાશ્વમેધ ઘાટ ચઢી ઉતરી શકાય તેવો હોવાથી દિદિમાએ તે ઘાટની નજીકમાંજ નિવાસ કર્યો હતો. તે દિવસે સ્નાન કરીને દિદિમા ઘાટ ઉપર ચોકમાં જપ કરતાં બેઠાં હતાં. તેમની ભત્રીજી જળમાં સ્નાન કરી રહી હતી. તે વખતે "દિદિમા!" એવી બુમ સાંભળી વૃદ્ધા નખ-શીખ પર્યંત કંપી ઊઠી. ઉંચે નજર કરી જોયું તો કોઈક તેમની ચરણરજ લેતું જણાયું. જપ બાજુએ મૂકીને વૃદ્ધાએ તેનો હાથ પકડી લીધો.

"કેમ બેટા, તું કોણ છે?" તેમણે પ્રશ્ન કર્યો.

"દિદિમા, ઓળખી પણ ન શક્યાં મને?"

"રમેન! રમેન? અરે સાચેસાચ તું રમેન જ છે ભાઈ?"

"કેમ દિદિમા, તમારી આંખો તો હજી સારી જ છે. બરોબર જોઈ તો શકો છો ને?"

"અરે, પણ તું ખરેખર મારો રમેન છે? તેં આવો વેશ કેમ પહેર્યો છે? તું શું કન્સ્ટેબલ અગર જમાદાર થયો છે."

"હા દિદિમા હું જમાદાર નહિ પણ હવાલદાર છું."

"એ તો એકજ વાત કહેવાય. અરે પણ છેવટે તું પુલીસ થયો? તું પણ..."

"ના. દિદિમા, પુલીસ નહિ પણ કુલીસ. એ વાત હવે જવા દો, જરા બેસવા દો મને. તમારા જપ હવે હમણાં નહિ થાય. બધાં કેમ છે તે કહો, ટુની, મણી, નિરંજના, રાજેન્દ્રભાઈ..."

"અહીં ક્યાં બેસીએ બેટા, ઘેર ચાલ. કેટલા બધા દિવસે તું ફરી મને મલ્યો ભાઈ? તું હવે તો પાછો ઘેર આવી ગયો છે, ખરું ને રમેન?"

વૃદ્ધાનાં મ્લાન ચક્ષુ આંસુથી ઉજ્વળ બન્યાં અને સાથે સાથે રમેનનાં હાસ્યથી ઉજ્વળ ચક્ષુ નિસ્તેજ બની ગયાં. નીચી નજરે ઘેરા અવાજે તે બોલ્યો : "ઘેર! ના, આ તો અકસ્માત અહીં જ મારી તમારી ભેટ થઈ ગઈ દિદિમા! ઘર તો ઘણા વખતથી છોડ્યું છે."

"ક્યાં હતો ત્યારે? સાસરાને ત્યાં? અરે વહુ કેવી છે તેતો એકવાર પણ દેખાડી નહિ?"

એકાએક ખડખડાટ હસીને રમેન બોલ્યો : "હા દિદિમા, સાસરાને ત્યાં જ હતો, ખરેખર..." હાસ્યના વેગમાં તે વધુ ન બોલી શક્યો.

"પણ આટલું બધું હસે છે કેમ? કોઈની પેલી સુંદર છોકરીની વાત લખી હતી જેને લીધે ટુનીને પસંદ ન કરી હતી. તે છોકરી સાથે જ લગ્ન કર્યું છે ને? કેટલા બધા દિવસ થયા તે વાતને? ત્રણ વરસથી તો હું કાશીમાં આવી છું, તે પહેલાં દોઢ વર્ષ આગળની વાત. એટલે અત્યાર સુધીમાં તો એક બે બાળકો પણ થયાં હશે? વહુ હમણાં ક્યાં છે? વહુ કેવી સુંદર છે તે તો એકવાર બતાવ ભાઈ! હું જોઉં તો ખરી કે, તે મારી ટુની કરતાં કેટલી સુંદર છે..."

રમેન દિદિમાની આ વાતથી ખૂબ જ હસી પડ્યો હોત.

પરંતુ દિદિમાના હૃદયમાં શી વ્યથા હતી તે તેના સમજવામાં આવતાં જ તેનું હાસ્ય ઉડી ગયું. આથી વ્યથાપૂર્ણ અવાજે તે બોલ્યો: "તમે શું એમ જ સમજ્યાં છો દિદિમા? ટુનીને હું પસંદ નહોતો કરતો એમ માની લીધું તમે? પણ તેમ નથી. પરંતુ એ મારી નાની બેન છે."

"એ વાત જવા દે ભાઈ, કહે હવે વહુ ક્યાં છે? મને ક્યારે બતાવીશ?"

"શું બતાવું દિદિમા? આજથી ચાર વર્ષ પહેલાં યુદ્ધમાં ચાલ્યો ગયો હતો. આ એકાદ માસથી જ પાછો આવ્યો છું."

"તો શું તેં વિવાહ નથી કર્યો રમેન? લડાઈમાં ગયો હતો તું? આ કેવી વાત! તેઃ એ બધાં વાત કરે છે એ બધી ખોટી છે રમેન? આવી રીતે અમારી આંખમાં ધૂળ નાંખીને જ તું છેતરીને ભાગી ગયો રમેન?"

રમેન ચોરની પેઠે સંકોચ અનુભવતો ચૂપચાપ ઉભો રહ્યો. દિદિમાની વ્યથા દૂર કરવા જતાં પોતે શું ભૂલી બેઠો તેની હવે તેને ખબર પડી, અને તે મનમાં પસ્તાઈ ઉઠ્યો. દિદિમા પછી તેનો હાથ પકડી લઈ બોલ્યાં: "ચાલ ભાઈ મારા નિવાસ ઉપર ચાલ."

"આવીશ દિદિમા, પણ તે પહેલાં એક વાત સાંભળો. મને એક વાતની ખાત્રી આપો તે પછી જ હું ઘણા દિવસે આજે તમારા હાથની રસોઈ જમીશ." બોલતાં બોલતાં રમેનનો અવાજ રૂંધાઈ ગયો.

"કેમ ભાઈ, હવે શી વાત છે-શી ખાત્રી તારે જોઈએ છે?" "આ કાશી ધામમાં ગંગાતીરે મારે માથે હાથ મૂકીને તમે શપથ લ્યો દિદિમા, કે આ વાત તમે રાજેન્દ્રભાઈને કે નિરંજનાને કોઈને કહેશો નહિ?"

વ્યથાપૂર્વક દિદિમા ધીમે ધીમે બોલ્યાં: "કેમ ભાઈ? તારે માટે તો એ પ્રતીક્ષા કરી રહ્યાં છે કે, તું નૂતન જીવન સાથે ક્યારે તેમની પાસે હાજર થઇશ? તું શું તેમને હંમેશને માટે છેતરવા માગે છે?"

"તો બીજો શું ઉપાય છે દિદિમા! હું જાણું છું કે તેઓ તો મારે માટે ચિંતાતુર છે. પરંતુ આમ તેમને છેતરું નહિ અને સાચી વાત જણાવી દઉં તો તેમનું દુઃખ ઘણું જ વધી જાય. મારા રાજેન્દ્રદાદા અને નિરંજનાના હૃદયમાં હું દુઃખી છું એવી છાપ હું પડવા દેવાનો નથી. હું તેમનો મિત્ર છું. આથી તેમને મારી વાત કહીને દુઃખી કર્યાં કરતાં ચિર-જીવન તેમને છેતરીને જ ગાળી નાંખીશ. તેઓ હાલ હું ગમે ત્યાં નૂતન જીવન ધારણ કરીને રહેતો હઇશ, એમ સમજીને શાંતિમાં છે. તેમના આનંદમાં મારી ચિન્તાની છાયા સરખી ન પડે તેજ મારું પરમ સુખ છે. મારી બેન નિરંજનાનો હું ભાઇ છું. તમે જાણો છો કે, તે બે જણે મારે માટે કેવું ભીષણ પણ લીધું હતું? મારે માટે તેઓ શું ન કરે? એ વાત યાદ કરીને પણ હું કંપી ઊઠું છું. તમે ઝટ શપથ લ્યો દિદિમા!"

"શપથ લઉં કે ન લઉં તે સરખું જ છે. તું તેમના સુખને માટે જ આમ કરે છે તો હું શા માટે તેમના સુખનો ભંગ કરવા, નવેસરથી આવી વાત તેમને કહીશ?..."

"તમે શપથ લ્યો કે, ભૂલથી પણ કોઇની આગળ આ વાત ઉચ્ચારશો નહિ?"

"તેમજ થશે. ચાલ ભાઇ, બે દહાડા મારી પાસે રહે."

સમાપ્ત

શ્રી. જેઠાલાલ ત્રિવેદીની
અન્ય કૃતિઓ.

૧. કાચાં ફળ (નવલિકા સંગ્રહ)
૨. નયનમાં નીર (,,)
૩. પાટણનો પુનરૂદ્ધાર (નવલકથા)
૪. સુરેખા પ્ર૦ રમણલાલ દેસાઈ (નવલકથા)
૫. પાંખડી (કાવ્ય-મુક્તકો)
૬. સમ્રાટ વિક્રમ (નવલકથા)
૭. સોલંકીનો સૂર્યાસ્ત (નવલકથા)
૮. રંભા (નવલકથા)
૯. અચલા (અનુવાદ)

હવે પછી

૧. કુમારી સરલા અને બીજી વાતો
૨. કાવ્ય દર્પણ (લક્ષણ ગ્રંથ)
૩. કમલદલ (કાવ્ય સંગ્રહ)

શ્રેષ્ઠ નવલિકા સંગ્રહો

વાંકવિનાની અને બીજી વાતો	૨–૮
ધનીવણકર અને બીજી વાતો	૨–૮
નવલિકાઓ (મુનશી)	૨–૦
ઐતિ. કથામંજરી	૩–૮
કથામંજરી ભા. ૧	૨–૮
કથામંજરી ભા. ૩	૨–૮
હાસ્ય કથામંજરી ભા. ૧	૨–૮
સંદર ભા. ૨	૨–૮
હાસ્યમંદિર	૩–૦
કલ્પનાની મૂર્તિઓ	૨–૦
જીવનની ઝાંખી	૩–૦
બાલગોપાલ	૧–૦
સાલંકીયુગની કીર્તિકથાઓ	૩–૦
સુંદરીઓનો શણગાર ભા. ૨	૨–૦
મહાકવિ કાલીદાસની પ્રસાદી	૨–૮
સંસ્કૃત સાહિત્યની કથાઓ	૩–૦
ભા. ૨ જો	
કેટલીક નવલકથાઓ	૨–૦

— જીવનચરિત્રો —

વિભૂતિમંદિર [અશોક હર્ષ]	૨–૦
કમાલ (રમણિકલાલ દલાલ)	૩–૮
જંગીઝખાન (,,)	૨–૮
ટૉમસ એલ્વા એડીસન	૨–૦
પ્લુટાર્કનું જીવનચરિત્ર	૨–૮

જીવનલાલ અમરશી મહેતા
અમદાવાદ અને મુંબઇ-૨